BAOU
Education for all

स्वाध्यायः परमं तपः

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)


NAAC ACCREDITED A++ GRADE 3.55/4

**બી.એ. / બી.એ. ઓનર્સ - સમાજશાસ્ત્ર**

**કુટુંબ, લગ્ન અને સગપણ સંબંધો**

**(મુખ્ય વિષય)**

**(SOCM-308 / SOMJ-303)**



# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેની શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્ર બિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ !*


**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ.**

**સંપાદક:**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. ભાગ્યશ્રી રાજપૂત | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. પરેશ ચૌહાણ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. જયેશ પરમાર | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**વિષય સમિતિ:**

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ | (નિવૃત્ત) પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) મહેશ ગામીત | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) મહેશ ગામીત | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) જે. સી. પટેલ | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**લેખન:**

| | |
|---|---|
| ડૉ. હસમુખ પંચાલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, એમ.ડી. ગ્રામસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા, ગાંધીનગર. |
| ડૉ. ભાગ્યશ્રી રાજપૂત | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. ઈશ્વર સુતરિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મુળી. |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| પ્રિ.ઘનશ્યામ કે. ગઢવી | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા. |



**પ્રકાશક:**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** પુન: મુદ્રણ – 2025

**ISBN NO:** **978-93-5598-271-1**



: સર્વાધિકાર સુરક્ષિત :

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ./બી.એ. (ઓનર્સ) સમાજશાસ્ત્ર
કુટુંબ, લગ્ન અને સગપણ સંબંધો
(મુખ્ય વિષય)
(SOCM-308 / SOMJ-303)

વિભાગ

# 1

## કુટુંબ, લગ્ન અને સગપણ સંબંધો


| | | |
|---|---|---|
| **એકમ-1** | સગપણ સંબંધોના મૂળભૂત ખ્યાલો | **01** |
| **એકમ-2** | ભારતમાં સગપણ વ્યવસ્થાનો અભ્યાસ કરવાનો મુખ્ય અભિગમ | **06** |
| **એકમ-3** | સગપણ સંબંધોની શ્રેણીઓ | **22** |
| **એકમ-4** | સગપણ સંબંધોમાં આવતું પરિવર્તન | **28** |
| **એકમ-5** | સગપણ સંબંધોનું સંગઠન અને પ્રકારો | **39** |
| **એકમ-6** | સગપણ વ્યવસ્થાના પાસા | **65** |
| **એકમ-7** | ઉત્તર ભારતમાં અને દક્ષિણ ભારતમાં સગપણ વ્યવસ્થા | **73** |
| **એકમ-8** | ભારતમાં આદિવાસી સમુદાયોમાં માતૃવંશી કુટુંબવ્યવસ્થા | **84** |


## સગપણ સંબંધનો ખ્યાલ, શ્રેણીઓ અને તેના પાસાઓ - 1

બી.એ./બી.એ. (ઓનર્સ) સમાજશાસ્ત્ર

**SOCM-308 / SOMJ-303**

## વિભાગ – 1 'સગપણ સંબંધનો ખ્યાલ, શ્રેણીઓ અને તેનાં પાસાંઓ' વિભાગીય પરિચય

વિદ્યાર્થીમિત્રો, સમાજનો મુખ્ય આધાર 'કુટુંબ સંસ્થા' છે. સામાજિક નિયંત્રણ અને વ્યવસ્થા ટકાવી રાખનાર મુખ્ય સામાજિક સંસ્થા 'લગ્ન સંસ્થા' છે. વ્યક્તિઓ વચ્ચે રચાતા રક્ત, લગ્ન કે દત્તક આધારિત સંબંધો એ 'સગાઇ સંબંધો' છે. સમાજશાસ્ત્ર નાં વિદ્યાર્થી તરીકે સમાજની પાયાની સંસ્થા વિશે સમજવું આવશ્યક છે. આથી **TYBA** પાઠ્યક્રમ **SOCM – 308**માં 'કુટુંબ, લગ્ન અને સગપણ સંબંધો'નો સમાવેશ કરવામાં આવ્યો છે. પાઠ્યક્રમને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં પ્રથમ વિભાગ 'સગપણ સંબંધનો ખ્યાલ, શ્રેણીઓ અને તેનાં પાસાંઓ'માં એકમ – **1** થી **8**નો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય સમાજમાં વંશ, ગોત્ર, વારસાગત રક્ત સંબંધો, સપિંડ સંબંધો, પૂરક સંબંધો વગેરેને ખૂબ મહત્વ આપવામાં આવે છે. સગપણ સંબંધોના આ મૂળભૂત ખ્યાલોની ચર્ચા એકમ – 1માં કરવામાં આવી છે. સગપણ સંબંધોને વૈજ્ઞાનિક-સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સમજવા માટે જુદા-જુદા સમાજશાસ્ત્રીઓ, માનવશાસ્ત્રીઓએ સંશોધનો કર્યા છે તથા અનેક અભિગમો વિકસાવ્યા છે. તે પૈકી ભારતમાં સગપણ વ્યવસ્થાનો અભ્યાસ કરવાનો મુખ્ય અભિગમ - ઈન્ડોલોજીકલ અભિગમ અને માનવશાસ્ત્રનો અભિગમની વિગતવાર સમજૂતી એકમ - 2માં આપેલ છે. કુટુંબમાં કોઈ સભ્યના લગ્ન, જન્મ તથા મૃત્યુ થતાં પેઢીની સભ્ય સંખ્યામાં વધ-ઘટ થતી રહે છે, જેના પરિણામે પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ જુદી-જુદી વંશ પેઢીઓ, શ્રેણીઓ રચાતી જાય છે. જેને વિસ્તૃત સમજવા એકમ – 3માં સગપણ સંબંધોની શ્રેણીઓની ચર્ચા કરેલ છે. દિનપ્રતિદિન ઉદ્યોગીકરણ, શહેરીકરણ, વિજ્ઞાન અને ટેક્નોલોજી વગેરે જેવા અનેક પરિબળોને કારણે સગપણ સંબંધોમાં પરિવર્તન આવતું જાય છે, જેની સમજૂતી એકમ – 4માં કરેલ છે.

વિદ્યાર્થીમિત્રો, ભારતીય સમાજ બહુમુખી સમાજ છે, આથી સગપણ સંબંધો પ્રદેશે-પ્રદેશે જુદી અને આગવી કક્ષાની જોવા મળે છે. કુટુંબ અને લગ્ન સાથે જોડાયેલ પ્રથાઓ, રીત-રિવાજોમાં અનેકવિધતા જોવા મળે છે, જેને રાષ્ટ્રીય કક્ષા અને પ્રાદેશિક કક્ષાએ સમજવું આવશ્યક છે, આથી એકમ - 5માં સગપણ સંબંધોનું સંગઠન અને પ્રકારોની ચર્ચા કરેલ છે. સગપણ સંબંધો દરેક ધર્મ, જ્ઞાતિ, સમુદાયોમાં જોવા મળે છે. સગપણ વ્યવસ્થાના પાસાઓની માહિતી એકમ - 6માં આપેલ છે. ભારતનાં જુદા-જુદા ક્ષેત્રમાં ખાસ કરીને અલગ અલગ જ્ઞાતિ, ધર્મ, સમુદાયોમાં સગપણ વ્યવસ્થા આગવી ઓળખ ધરાવે છે. આદિવાસી સમુદાયોમાં સગપણ વ્યવસ્થા અલગ જ સંસ્કૃતિ ઉપસાવે છે. ઉતર ભારત અને દક્ષિણ ભારતનાં આદિવાસી સમુદાયોમાં સગપણ વ્યવસ્થા વિષયક ચર્ચા એકમ – 7માં કરવામાં આવશે. આદિવાસી સમુદાયો પોતાના સંસ્કૃતિની સાથે સાથે માતૃવંશીય કૌટુંબિક વ્યવસ્થાને આધારે પણ આગવું સ્થાન ધરાવે છે. સામાન્ય રીતે પિતૃસત્તાક સમાજ વ્યવસ્થા ધરાવતા ઉત્તર અને દક્ષિણ ભારતમાં માતૃવંશીય સમુદાયોમાં જોવા મળતી સગપણ વ્યવસ્થાની સમજૂતી એકમ - 8માં આપવામાં આવી છે.

એકમ 1

# સગપણ સંબંધોના મૂળભૂત ખ્યાલો

**-: રૂપરેખા :-**

**1.0** ઉદ્દેશો

**1.1** પ્રસ્તાવના

**1.2** સગપણ સંબંધનો અર્થ અને વ્યાખ્યા

**1.3** સગપણ-સંબંધનું સ્વરૂપ :-

**1.4** સારાંશ

**1.5** તમારી પ્રગતિ ચકાસો

**1.6** ચાવીરૂપી શબ્દો

**1.7** કેટલાંક ઉપયોગી પુસ્તકો

**1.8** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 1.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,*

- *સગપણ સંબંધોનો અર્થ અને વ્યાખ્યા કરી શકશો.*
- *સગપણ સંબંધોના મૂળભૂત ખ્યાલોની ચર્ચા કરી શકશો.*
- *સગપણ સંબંધોના સ્વરૂપને સમજી શકશો.*

## 1.1 પ્રસ્તાવના

*આપણે સૌ કોઈ ન કોઈ કુટુંબના સભ્ય છીએ. કુટુંબમાં આપણાં ભાઈ-બહેન છે. માતા-પિતા છે અને દાદા-દાદી પણ છે. કુટુંબમાં જ્યાં આપણા ભાઈ છે ત્યાં ભાભી અને કાકી પણ છે. આ બધા આપણાં સગાં છે. સચ્ચાઈ એ છે કે કુટુંબ એક સગપણ સમૂહ છે. અહીં આપણા ભાભી અને કાકી કોઈ અન્ય કુટુંબમાંથી આવ્યા છે. તેમના કુટુંબમાં તેમના ભાઈ-બહેન અને તેમનાં માતા-પિતા છે. તે પણ આપણા સગા છે. આપણા કેટલાંક સગા રક્તસંબંધથી જોડાયેલ છે અને બીજા સગાં લગ્ન સંબંધથી જોડાયેલ છે. આપણા ભાઈ અને તેમનાં બાળકો આપણી સાથે રક્ત સંબંધથી જોડાયેલ છે. તેમને રક્ત સંબંધી સગપણ કહેવાય છે. બીજી તરફ આપણાં ભાભી આપણાં સગાં તો છે પરંતુ તેમની સાથે આપણો સંબંધ લગ્નને કારણે થયો છે. આપણો ભાઈ તેમની સાથે લગ્ન કરીને આપણે ત્યાં લાવ્યા છે. તે આપણા લગ્ન સગપણનો સંબંધ છે. આ રીતે કોઈપણ કુટુંબમાં બે પ્રકારનાં સગપણ હોય છે – રક્ત સંબંધી સગપણ અને વિવાહ સંબંધી સગપણ. આ ઉદાહરણ ઉત્તર ભારતનાં સગપણ સંબંધને સમજાવે છે. સગપણ અંગેના નિયમો, ધોરણો અને તરાહોની*

*મદદથી કુટુંબ રચાતું હોય છે. કુટુંબનું સ્વરૂપ નક્કી થતું હોય છે. આમ ભારતમાં પ્રવર્તમાન વિવિધ પ્રકારના સગપણ સંબંધનાં સ્વરૂપો અંગે જાણવું આવશ્યક બને છે. પરિણામે કુટુંબ અને લગ્નમાં સમાવિષ્ટ થયેલા સંબંધોની અખિલાઈની સમજણ મળી શકશે.*

## 1.2 સગપણ સંબંધનો અર્થ અને વ્યાખ્યા :-(Meaning of Kinship)

*"સગપણ-સંબંધને અંગ્રેજીમાં "Kinship" શબ્દથી ઓળખાય છે તથા 'સત્ત-સંબંધ', 'સગાઈ-સંબંધ', 'નાતેદારી' જેવા વિભિન્ન શબ્દો ઉપયોગમાં લેવામાં આવે છે. આ સંબંધો સમાજમાન્ય રીતે કલ્પિત કે માની લીધેલાં લોહીના સંબંધો ઉપર રચાયેલાં છે. તેથી તેને સગપણ-સંબંધો પણ કહેવાય. કુટુંબના સભ્યોને એકબીજાનાં સગાં તરીકે ઓળખવામાં આવે છે. માતા-પિતાના કુટુંબીજનોને પરસ્પરના સગાં તરીકે ઓળખાવાય છે. આવા સગા વચ્ચેના પારસ્પરિક દરજ્જા ભૂમિકાના સંબંધો કે હક્કો-ફરજોના સંબંધો એટલે સગપણ-સંબંધો.*

*પ્રત્યેક સમાજમાં સગપણ-સંબંધો ઉપર રચયેલા માનવ સંબંધોની વ્યવસ્થા જોવા મળે છે. તે દરેક સમાજની અતિ મહત્ત્વની રચનાતંત્રીય ઉપવ્યવસ્થા છે. તે કુટુંબો અને અન્ય પ્રકારનાં સગાઈ જૂથો જેવા કે વંશ, ગોત્ર, જ્ઞાતિ વગેરેની બનેલી છે. આ સગપણ-સંબંધોની વ્યવસ્થામાં અમુક પ્રકારની એકતા હોય છે અને તે સમાજની અન્ય રચનાતંત્રીય ઉપવ્યવસ્થાઓ સાથે સંકળાયેલી છે. બીજુ કે સગપણ-સંબંધોનો સિદ્ધાંત પારસ્પરિક હક્કો અને ફરજોનો સિદ્ધાંત છે અને તે એક યા બીજી રીતે લોહી ઉપર રચાયેલ છે. તેથી આવા સગાઈ-સંબંધોને સગપણ-સંબંધો કે રક્ત સંબંધો તરીકે ઓળખવામાં આવે. આવા સંબંધો સાર્વત્રિક છે, કારણ કે કુટુંબ અને લગ્ન સંસ્થા સાર્વત્રિક છે. કુટુંબના સભ્યો પૂર્વજો અને વંશજો પરસ્પરના સગપણ-સંબંધીઓ છે. સ્ત્રી-પુરુષના લગ્નથી બંનેના કુટુંબીજનો પરસ્પરના સગપણ-સંબંધીઓ બને છે. આ રીતે કુટુંબ, લગ્ન અને પ્રજોત્પાદન સાર્વત્રિક હોવાથી સગપણ-સંબંધો પણ સાર્વત્રિક છે. તેની સાથે સાથ તેમાં વૈવિધ્ય કે બહુવિધતા રહેલી છે. સગપણ-સંબંધ વિનાનો સમાજ જોવા મળતો નથી.*

- **સગપણ સંબંધોની વ્યાખ્યા :- (Definition of Kinship)**

*પ્રત્યેક સમાજમાં લોકો વિવિધ પ્રકારનાં સંબંધો અને બંધનોથી બંધાયેલાં છે, જેમાં સૌથી વધુ સાર્વત્રિક બંધન પ્રજોત્ત્પાદન ઉપર રચાયેલાં છે. જેને સગપણ સંબંધ કહેવાય છે. વિવિધ વિદ્વાનોએ આપેલ વ્યાખ્યાઓ સમજીએ.*

- *ચાર્લ્સ વિનિક – સમાજમાન્ય કલ્પિત કે ધારી લીધેલા લોહીના સંબંધો ઉપર રચાયેલા સંબંધો સગપણ સંબંધોની વ્યવસ્થામાં સમાવિષ્ટ થાય છે.*
- *માનવશાસ્ત્રી લેમવેર – સામાજિક આંતરક્રિયામાંથી સર્જાતી લગ્ન તથા લોહીના સંબંધો ઉપર રચાયેલી અને વ્યક્તિઓને પરસ્પર ગાઢ રીતે સાંકળતી સમાજમાન્ય સંબંધોની વ્યવસ્થા એટલે સગપણ-સંબંધોની વ્યવસ્થા.*

- *એસ.એલ.શર્મા – સગપણ સંબંધોએ વ્યવસ્થાનું નામ છે જે સ્વજનોના પરસ્પર સંબંધોને નિયમિત કરે છે. આ સ્વજનએ વાસ્તવિક કે કાલ્પનિક હોઈ શકે છે.*

*સગપણ વ્યવસ્થા એ અમુક વ્યક્તિઓનું સંકુલ છે. જે લોહીની સગાઈને લીધે કે સગપણ સંબંધને કારણે સગપણ સંબંધીઓ તરીકે ઓળખાય છે. સમાજશાસ્ત્રીઓ લોહીના સગપણ માટે જે પારિભાષિક શબ્દ વાપરે છે, તથા લગ્ન દ્વારા થતા બધાં સગાં માટે "સંબંધ" શબ્દ તેઓ વાપરે છે. દા.ત. માતા અને પુત્ર/પુત્રી વચ્ચેના બહેન અને બહેન/ભાઈ વચ્ચેના પિતા અને પુત્ર/પુત્રી વચ્ચેના સંબંધો રક્તસંબંધ છે.*

*બધા જ સમાજોમાં કુટુંબ સગપણ સંબંધીઓનું બનેલું જૂથ છે. બીજુ કે સૈદ્ધાંતિક રીતે ગોત્ર* (Clan)*પણ એક જ સમાન પૂર્વજના વંશજો* (descent)*તરીકે સગપણ સંબંધીઓનું બનેલું જૂથ છે. આ પૂર્વજ કાલ્પનિક કે વાસ્તવિક હોઈ શકે. એટલે સગપણ-સંબંધોની વ્યવસ્થામાં કુટુંબ ઉપરાંત ગોત્રજૂથ, વંશ, જ્ઞાતિ જેવાં જૂથો પણ સગપણ-સંબંધ જૂથો છે. જ્ઞાતિ કે પેટાજ્ઞાતિ ગોત્રજૂથોનું બનેલું જૂથ છે. કુટુંબમાં જૈવિક સંબંધ રક્તસંબંધ નજીકનો હોય છે. કુટુંબ સિવાયના બીજા સગપણ સંબંધ જૂથોમાં તેના સભ્યો વચ્ચેનો સગપણ-સંબંધ કુટુંબની તુલનામાં દૂરનો હોય છે. સગપણ-સંબંધોને વધુ સારી રીતે સમજવા તેના સ્વરૂપને સમજીએ.*

## 1.3 સગપણ-સંબંધનું સ્વરૂપ

*સગપણ-સંબંધ અંગેની સમજ તેના અર્થ અને વ્યાખ્યા પરથી સ્પષ્ટ થાય છે. પરંતુ વધુ સ્પષ્ટતા ખાતર તેનો મુદ્દાસર પરિચય મેળવીએ.*

**(1) સગપણ-સંબંધો સમાજમાન્ય સંબંધો છે :-**

*પતિ-પત્ની, મા-બાપ અને સંતાનો. ભાઈ-બહેન, કાકા-કાકી, સસરો-જમાઈ, સાસુ-વહુ, દિયર-ભોજાઈ, મામા-ભાણેજ વગેરે સગપણ-સંબંધીઓ વચ્ચેના સંબંધો સમાજમાન્ય છે, આવા સંબંધોને સમાજનાં સામાજિક ધોરણો દ્વારા સ્વીકૃતિ મેળવી હોય છે તથા તેમની વચ્ચેના પરસ્પરના હક્કો અને ફરજો તેમજ વર્તન-વ્યવહાર નક્કી થયેલા હોય છે.*

**(2) સગપણ-સંબંધોની વ્યવસ્થા રચનાતંત્રીય ઉપવ્યવસ્થા છે :-**

*બધા સમાજમાં સગપણ-સંબંધો ઉપર રચાયેલા માનવ સંબંધોની વ્યવસ્થા જોવા મળે છે. તેમાં સગપણ-સંબંધો સમાજની અતિ મહત્ત્વની રચનાતંત્રીય ઉપવ્યવસ્થા છે. એટલે કે સગપણ-સંબંધો સમાજની મહત્ત્વનું અંગ છે અને તેમાં અમુક પ્રકારની એકતા જોવા મળે છે. સગપણ-સંબંધોની રચનાતંત્રીય ઉપવ્યવસ્થા સમાજની અન્ય રચનાતંત્રીય ઉપવ્યવસ્થાઓ જેવી કે અર્થરચના, વ્યવસાય, ધર્મ, રાજકારણ વગેરે સાથે-સાથે સંકળાયેલી છે. પરિણામે તે બાકીની ઉપવ્યવસ્થાઓ ઉપર પોતાનો પ્રભાવ પાડે છે અને બાકીની ઉપવ્યવસ્થાઓ દ્વારા પોતે અસર પામે છે.*

**(3) સગપણ-સંબંધો અંગેનાં સામાજિક ધોરણો હોય છે :-**

*સગપણ-સંબંધો નક્કી કરતાં સામાજિક ધોરણો હોય છે. આ ધોરણો દ્વારા સગપણ-સંબંધો વચ્ચેનાં પારસ્પરિક હક્કો અને ફરજો સ્થાપિત થાય છે. પરસ્પરનાં વર્તન પ્રણાલી, આપ-લેના સંબંધો, મિલકત, લગ્ન વગેરે આ સામાજિક ધોરણો દ્વારા નક્કી થાય છે.*

**(4) સગપણ-સંબંધો વાસ્તવિક કે કાલ્પનિક રીતે લોહીના સંબંધો ઉપર રચાયેલા છે :-**

*વિવિધ જ્ઞાતિઓ અને ગોત્રજૂથના સભ્યો એમ માને છે કે પોતે એક જ વંશના છે. જ્ઞાતિ બે વિભિન્ન ગોત્રજૂથોનાં કુટુંબોનો સમુહ છે અને માનવ કે દૈવી એવા કોઈ એક પૌરાણિક પૂર્વજમાંથી ઊતરી આવ્યાનો ગોત્ર જૂથનો દાવો હોય છે. આ મહદ્અંશે લોહીનો કાલ્પનિક સંબંધ છે. જ્યારે પિતા-પુત્ર, ભાઈ-બહેન વચ્ચે લોહીનો વાસ્તવિક સંબંધ છે. વંશજો અને પૂર્વજો વચ્ચે લોહીનો સંબંધ છે. આ કાલ્પનિક કે વાસ્તવિક લોહીનો સંબંધ સમાજ સ્વીકૃત છે.*

**(5) સગપણ-સંબંધો લગ્ન અને પ્રજોત્પાદન ઉપર આધારિત છે :-**

*લગ્ન દ્વારા સ્ત્રી-પુરૂષ બંને પતિ-પત્ની તરીકે સગપણ-સંબંધી બને છે. તેમનાં બાળકોનાં તેઓ પિતા-માતા તરીકે સગપણ-સંબંધીઓ બને છે. સંતાનો પરસ્પર તેમના ભાઈ-ભાઈ, ભાઈ-બહેન, બહેન-બહેન તરીકે સગપણ-સંબંધી બને છે. લગ્નગ્રંથિથી જોડાયેલા અને જોડાતાં સ્ત્રી-પુરૂષ બંનેના કુટુંબીજનો પણ પરસ્પર માટે સગપણ-સંબંધીઓ બને છે. પતિના પત્ની માટે સાસુ-સસરા, જેઠ-જેઠાણી, દિયર, નણંદ અને પત્નીના સગાં તેના પતિ માટે સાસુ-સસરા, સાળા, સાળી તરીકે સગપણ-સંબંધીઓ બને છે. આ બધા સંબંધો સમાજમાન્ય અને સમાજ-સ્વીકૃત હોય છે.*

*પ્રત્યેક સમાજમાં કોઈને કોઈ સ્વરૂપના સગપણ વ્યવસ્થા અસ્તિત્વ રહેલું છે. સગપણ-સંબંધોના સંપૂર્ણ અભાવવાળો સમાજ ક્યાંય જોવા મળતો નથી. કારણ કે સગપણ-સંબંધો કુટુંબ, લગ્ન અને પ્રજોત્પાદન ઉપર રચાયેલ છે અને આ ત્રણેય ઘટનાઓ સાર્વત્રિક હોવાથી સગપણ-સંબંધો સાર્વત્રિક છે. બીજુ કે વૈવિધ્ય-બહુવિધતા એ સગપણ સંબંધોની ખાસિયત છે.*

## 1.4 સારાંશ

*લગ્ન તથા લોહીના સંબંધો ઉપર રચાયેલી અને વ્યક્તિઓને પરસ્પર ગાઢ રીતે સાંકળતી સમાજમાન્ય સંબંધોની આ એકમમાં સગપણ-સંબંધોની અર્થ અને વ્યાખ્યા શીખ્યા તથા વ્યવસ્થા એટલે સગપણ સંબંધોની વ્યવસ્થા.*

*સગપણ સંબંધોના સ્વરૂપ દ્વારા તેના ખ્યાલની વધુ સ્પષ્ટતા સમજી શક્યા. સગપણ સંબંધો સાર્વત્રિક હોવા છતાં તેમાં વૈવિધ્ય કે બહુવિધતા રહેલી છે તે અંગેની સમજ પ્રાપ્ત થઈ.*

## 1.5 તમારી પ્રગતિ ચકાસો :

1. *સગપણ-સંબંધની માનવશાસ્ત્રી લેમવેર એ આપેલ વ્યાખ્યા આપો.*

   ..............................................................
   ..............................................................
   ..............................................................
   ..............................................................

**2. નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટા તે દર્શાવો સાચાં વિધાનો સામે (√) અને ખોટાની સામે (×) ની નિશાની કરો.**

1) *સગપણ-સંબંધ ને અંગ્રેજીમાં* Kinship *કહે છે.*
2) *સગપણ-સંબંધો લગ્ન અને પ્રજોત્પાદન ઉપર આધારિત છે.*
3) *લગ્ન દ્વારા સ્ત્રી-પુરુષ બંને પતિ- પત્ની તરીકે સગપણ સંબધી બને છે.*

## 1.6 ચાવીરૂપ શબ્દો

- **રક્ત સંબંધ (Consanguinity)-** *લોહીની સગાઈ દ્વારા સ્થપાયેલા સગપણનો નિર્દેશ કરે છે. વ્યક્તિ સાથે લોહીનું સગપણ ધરાવનારા બધાં સગાં તેનાં સગોત્રીઓ છે.*
- **વંશ/કુળ (Descent)-** *એક પૂર્વજ કે વડવામાંથી ઊતરી આવેલાને એક વંશ કે કુળના કહેવાય છે. મૂળ શોધવાના વિવિધ ઉપાયો છે. આથી માનવ સમાજોમાં વંશની વિવિધ વ્યવસ્થાઓ જોવા મળે છે.*
- **લગ્ન સંબંધ (Attinity)-** *લગ્ન દ્વારા થતા સંબંધને 'લગ્ન સંબંધ' તરીકે વર્ણવામાં આવે છે.*
- **લગ્ન સંબંધ જોડાણ -** *બે કુટુંબો વચ્ચે લગ્ન દ્વારા થતાં સંબંધને આ રીતે વર્ણવામાં આવે છે.*

## 1.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો


- Karve Irawati 1953 Kinship Organisation in India, Deccan College PostVGradute Research Institute : Poona
- Madan T.N.1965, Family and Kinship V A Study of the Pandits of Rural Kashmir, Asia Publishing House : New Delhi
- *जैन शोभिता* 2010 *भारत में परिवार, विवाह और नातेदारी, रावत पब्लिकेशन्श : जयपुर.*


## 1.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**1** *માનવશાસ્ત્રી લેમવેર – સામાજિક આંતરક્રિયામાંથી સર્જાતી લગ્ન તથા લોહીના સંબંધો ઉપર રચાયેલી અને વ્યક્તિઓની વ્યવસ્થા એટલે સગપણ-સંબંધોની વ્યવસ્થા*

**2** (1) √ (2) √ (3) √

# એકમ 2 ભારતમાં સગપણ વ્યવસ્થાનો અભ્યાસ કરવાનો મુખ્ય અભિગમ

-: રૂપરેખા :-


**2.0** ઉદ્દેશો

**2.1** પ્રસ્તાવના

**2.2** સગપણ સંબંધનો અર્થ અને વ્યાખ્યા

**2.3** ભારતમાં સગપણ વ્યવસ્થાનો અભ્યાસ કરવાનો મુખ્ય અભિગમ

**1.** ભારતીય વિદ્યાશાખા **(Indological Approach)**

**2.** માનવશાસ્ત્રનો અભિગમ **(Anthropological Approach)**

**2.4** સારાંશ

**2.5** તમારી પ્રગતિ ચકાસો

**2.6** ચાવીરૂપ શબ્દો

**2.7** ઉપયોગી પુસ્તકો

**2.8** તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 2.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,*

1. *સગપણ સંબંધનો અર્થ અને વ્યાખ્યા સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી સમજી શકશો.*
2. *સગપણ વ્યવસ્થાનો અભ્યાસ કરવાના મુખ્ય અભિગમ તરીકે ઈન્ડોલોજીકલ અભિગમની સમજૂતી મેળવી શકશો.*
3. *સગપણ વ્યવસ્થાનો અભ્યાસ કરવાના મુખ્ય અભિગમ તરીકે માનવશાસ્ત્રનો અભિગમની સમજૂતી મેળવી શકશો.*

## 2.1 પ્રસ્તાવના

*ભારત દેશ માત્ર ધર્મની દષ્ટિએ જ નહિ પરંતુ ખોરાક, પોશાક, રહેઠાણ, જ્ઞાતિ, કુટુંબ વ્યવસ્થા અને ખાસ તો સગપણ વ્યવસ્થાને આધારે વૈવિધ્યતા ધરાવે છે. જુદા-જુદા ગામડાં, શહેરો, પ્રદેશો વચ્ચેની સગપણ વ્યવસ્થા આગવી સંસ્કૃતિ ઉપસાવે છે. દેશના બે મુખ્ય ભૌગોલિક વિભાગો, ઉત્તર અને દક્ષિણ, બે અલગ-અલગ સગપણ વ્યવસ્થા ધરાવે છે અને તેનું સમાજશાસ્ત્રીય સાહિત્યમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણથી વર્ણન કરવામાં આવ્યું છે. ભારતના ઉત્તર પૂર્વીય ભાગો, તેમજ તેના પશ્ચિમ અને દક્ષિણના અન્ય પ્રદેશો વૈવિધ્યતાથી ભરપૂર છે. સગપણ વ્યવસ્થાની વધુ વિસ્તૃત જાણકારી મેળવવા માટે તમને વધુ વાંચન અને સંદર્ભોની સૂચિ પરના વિભાગમાં ઉલ્લેખિત પુસ્તકો અને લેખો વાંચવાનું*

*ગમશે. પ્રસ્તુત એકમમાં આપણે સૌપ્રથમ સગપણ પ્રણાલીને વ્યાખ્યાયિત કરીશું ત્યારબાદ ભારતમાં સગપણ પ્રણાલીના અભ્યાસ માટેના મુખ્ય અભિગમોની ચર્ચા કરીશું.*

## 2.2 સગપણ સંબંધનો અર્થ અને વ્યાખ્યા (Meaning and Definition of Kinship System)

*સામાજિક વ્યવસ્થાને નિયંત્રિત કરતા સગપણ સંબંધો વિષે જુદા-જુદા સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓએ વ્યાખ્યા સ્વરૂપે સમજૂતી આપવાનો પ્રયત્ન કર્યો છે, અહી કેટલીક વ્યાખ્યાઓ પ્રસ્તુત કરેલ છે:*

**Notes and Queries on Anthropology અનુસાર :-**

*"સગાઈ સંબંધ એવો સંબંધ છે. જેની જાણકારી માતાપિતા, ભાઈબહેન અથવા બાળકોના નિકટના સંબંધો દ્વારા પ્રાપ્ત થઈ રહી છે. અને જેને સામાજિક કાર્યને માટે માન્યતા મળી હોય છે."*

**હોબેલના મતે,**

*"સગાઈ વ્યવસ્થાએ દરજ્જાઓ અને ભૂમિકાઓનો એવો રિવાજ મુજબનો સંકુલ છે કે જે સગાઈ સંબંધીઓની વર્તણૂકને નિયંત્રિત કરતો હોય."*

**ચાર્લ્સ વિનિક અનુસાર :-**

*"વંશીય સંબંધો કે જે સમાન મિશ્રિત સંબંધો હોય. રક્તસંબંધોમાં સામાજિક રીતે માન્યતા પામેલા હોય છે. જે વંશીય બંધનોથી બંધાયેલા હોય તેઓનો સમાવેશ થાય છે."*

**લ્યુસી મેર મુજબ :-**

*"પ્રાથમિક સામાજિક સમૂહો કોઈપણ વ્યવસ્થાના સિદ્ધાંત પર અવલંબિત હોય એવા દરેક સમાજના રક્તસંબંધો દ્વારા જોડાયેલા હોય છે અને ઘણી વખત તેઓનું સભ્યપદ વંશ દ્વારા નિશ્ચિત હોય છે."*

**મજૂમદાર અને મદનના અનુસાર :-**

*"તમામ સમાજોમાં મનુષ્ય અનેક પ્રકારના બંધનો દ્વારા બંધાયેલા હોય છે. આ બંધનોમાં સૌથી વધુ સાર્વભુમિક અને આધારભૂત બંધન એ છે જે સંતાનોત્પતિ પર આધારિત હોય છે. સંતાનોત્પતિ માનવની સ્વાભાવિક જરૂરીયાત છે એને સગાઈસંબંધ કહેવાય."*

**રેડક્લિફ બ્રાઉન મુજબ :-**

*"સગાઈ વ્યવસ્થા અને સગા-સંબંધીઓની વ્યવસ્થા એ સૌથી પ્રથમ તો સમુદાયમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના યુગ્મક સંબંધોની વ્યવસ્થા છે. તેમજ આ સંબંધોમાં આવતી કોઈપણ બે વ્યક્તિ કે જેઓની વર્તણૂક કોઈને કોઈ રીતે નિયંત્રિત હોય અને મહદઅંશે લોકાચાર દ્વારા અંકુશિત હોય'.* (A.R. Radcliffe Brown:) Kinship is "a system of dynamic relations between person and person in a community, the behaviour of any two persons in any of these relations being regulated in some way, and to a greater or less extent by social usage".)

**રોબિન ફોક્સ મુજબ :-**

*''સગપણ એ સામાન્ય રીતે 'સંબંધીઓ' વચ્ચેના સંબંધો છે જે વાસ્તવિક અથવા કાલ્પનિક સંબંધ દ્વારા સંબંધિત વ્યક્તિઓ છે".* (Robin Fox: "Kinship is simply the relations b[a]ween 'kin' that is persons related by real pulative or fictive consanguinity".)

*એબરક્રોમ્બી અને અન્ય: "લોહીના સંબંધો (વાસ્તવિક અને માનેલાં સંબંધો) અને લગ્નમાંથી ઉદ્દભવતા સામાજિક સંબંધોને સામૂહિક રીતે સગપણ તરીકે ઓળખવામાં આવે છે".* (Aberchrombie and others: "The social relationships deriving from blood ties (real and supposed) and marriage are collectively referred to as kinship".)

**લેવિ સ્ટ્રોસ મુજબ :-**

*"સગાઈ સંબંધો કેવળ રક્ત સંબંધ પર આધારિત છે તેઓ મુજબ, સમાજ સ્વીકૃતિ કોઈપણ વ્યક્તિના સગાઈ સંબંધ સાથે સંકળાયેલી છે."*

*ઉપર્યુક્ત વ્યાખ્યાઓથી સ્પષ્ટ થાય છે કે સગાઈ સંબંધ એક એવી વ્યવસ્થા છે જેની અંદર આવતા સંબંધોનો મુખ્ય આધાર રક્ત સંબંધ અને વિવાહ સંબંધ હોય છે અને સાથે સાથે એને સામાજિક સ્વીકૃતિ પણ પ્રાપ્ત થાય છે. આમ સગાઈ સંબંધનું ક્ષેત્ર અત્યંત વ્યાપક છે.*

## 2.3 ભારતમાં સગપણ વ્યવસ્થાનો અભ્યાસ કરવાનો મુખ્ય અભિગમ (Main Approaches to the study of kinship System in India)

*ભારતીય સમાજને વૈજ્ઞાનિક અભિગમથી સમજવા માટે જુદા જુદા સમાજશાસ્ત્રીઓ, માનવશાસ્ત્રીઓ / નૃવંશશાસ્ત્રીઓએ કુટુંબ, સગપણસંબંધો, વંશના સંબંધીઓ તથા જોડાણ કે લગ્ન આધારિત રચાયેલા સંબંધોના અભ્યાસ, વર્ણન અને વિશ્લેષણ કરવા પર ભાર મૂક્યો છે. જેના આધારે ભારતીય સમાજના સગપણ સંબંધોની ખાસિયતો, સમસ્યાઓ, ધોરણો, મૂલ્યો, રિવાજો, સમસ્યાઓ વગેરેની જાણકારી પ્રાપ્ત થઈ શકે છે. સગપણ સંબંધોના અભ્યાસના અભિગમોને મુખ્યત્વે બે પ્રકારોમાં વિભાજીત કરી શકાય :*

1. *ભારતીય વિદ્યાશાખા અભિગમ* (Indological Approach)
2. *માનવશાસ્ત્રનો અભિગમ* (Anthropological Approach)

*ઉપર્યુક્ત બન્ને માનવશાસ્ત્રનો અભિગમોની વિસ્તૃત ચર્ચા કરીશું.*

**1. ભારતીય વિદ્યાશાખા અભિગમ (Indological Approach)**

*ઈન્ડોલોજી અથવા ઈન્ડિયન સ્ટડીઝ અથવા સાઉથ એશિયન સ્ટડીઝ એ ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિઓ, ભાષાઓ અને સાહિત્યનો શૈક્ષણિક અભ્યાસ છે અને જેમ કે એશિયન સ્ટડીઝનો એક ભાગ ગણાવી શકાય છે* (Lexico Dictionaries).

*ભારતના અભ્યાસની શરૂઆત ઉપમહાદ્વીપની બહારના પ્રવાસીઓ દ્વારા ઓછામાં ઓછી મૌર્ય સામ્રાજ્યના સ્થાપક ચંદ્રગુપ્ત (શાસિત* 322-298 *બીસી)ના દરબારમાં સેલ્યુસિડ્સ* (Seleucids)*ના ગ્રીક રાજદૂત મેગાસ્થેનિસ* (ca. 350–290 BC)*થી થઈ હતી. ભારતમાં તેમના જીવનના આધારે મેગાસ્થિનિસે ચાર વોલ્યુમની ઈન્ડિકાની રચના કરી, જેના ટુકડાઓ હજુ પણ અસ્તિત્વમાં છે, અને જેણે શાસ્ત્રીય ભૂગોળશાસ્ત્રીઓ એરિયન, ડાયોડોર અને સ્ટ્રેબોને પ્રભાવિત કર્યા હતા* (Bosworth : 1996).

*ઉપરાંત ચીનના બૌદ્ધ સાધુ અને અનુવાદક, ફેક્સિયન* (Faxian)*નો સમાવેશ થાય છે, જેમણે ભારતમાં બૌદ્ધ ધર્મનો અભ્યાસ કર્યો હતો.* 399 CE *થી* 412 CE*ના અહેવાલો તેમના પુસ્તક 'એ રેકોર્ડ ઓફ બુદ્ધિસ્ટ કિંગડમ્સ' (*A Record of Buddhist Kingdoms*)માં જોવા મળે છે* (Deeg : 2019).

*ઈસ્લામિક સુવર્ણ યુગના વિદ્વાન મુહમ્મદ ઈબ્ને અહમદ અલ-બિરૂની* (Muḥammad ibn Aḥmad Al-Biruni - 973–1048)*એ તારીખ અલ-હિંદ ભારત પર સંશોધન* (Tarikh Al-Hind - Researches on India)*માં ભારતના રાજકીય અને લશ્કરી ઈતિહાસની નોંધ કરી અને ભારતના સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક, સામાજિક અને ધાર્મિક ઈતિહાસને વિગતવાર આવરી લીધો* (Khan : 1976). *તેમણે ભારતના માનવશાસ્ત્રનો અભ્યાસ કર્યો, વિવિધ ભારતીય જૂથો સાથે વ્યાપક સહભાગી અવલોકનોમાં જોડાયા, તેમની ભાષાઓ શીખ્યા અને તેમના પ્રાથમિક ગ્રંથોનો અભ્યાસ કર્યો, અને આંતર-સાંસ્કૃતિક તુલનાઓનો ઉપયોગ કરીને તેમના તારણો ઉદ્દેશ્ય અને તટસ્થતા સાથે તાર્કિક વિશ્લેષણરજૂ કર્યા* (Ahmed : 1984).

*ભારતીય પૌરાણિક કથાશાસ્ત્રી અને લેખક દેવદત્ત પટ્ટનાયકે ભારતીય વિદ્યાશાખા વિશ્લેષણની શાખાઓ* (Schools of Indological Analysis) *સ્વરૂપે ઈન્ડોલોજીને ચાર પ્રકારોમાં વિભાજીત કર્યા છે* (Pattanaik : 2016) -

**(I) ભારતીય વિદ્યાશાખા અભિગમ (Indological Approach):**

*આ વિચારધારાનો ઉદ્દેશ્ય ભારતીય સંસ્કૃતિના અભ્યાસમાં બિન-ભારતીય લોકો તેમજ ભારતના લોકોના પરિપ્રેક્ષ્યને સામેલ કરવાનો છે અને બંને વચ્ચે સારું સંતુલન જાળવવાનું છે. મોટાભાગના શૈક્ષણિક કેન્દ્રો, તાલીમ, સંશોધન અને નાણાકીય પીઠબળ પશ્ચિમી દેશો (મુખ્યત્વે યુરોપ અને અમેરિકામાંથી) દ્વારા સમર્થિત છે. પરિણામે, પશ્ચિમી વિચારશૈલીને અવગણવી અથવા તેને અલગ પાડવો મુશ્કેલ કામ છે. પાશ્ચાત્ય પરિપ્રેક્ષ્યને નકારવાનો અર્થ એ છે કે દેશમાં રહેતા લોકો દ્વારા જે સંસ્કૃતિ પર વધુ ધ્યાન આપવામાં આવે છે તે સંસ્કૃતિ, કૌટુંબિક સંબંધો, સામાજિક માળખાને દર્શાવવામાં આવે.*

**(II) પ્રવાસી ભારતીય વિદ્યાશાખા (The Diasporic School of Indology):**

*પ્રસ્તુત વિચારધારા પશ્ચિમી દેશોમાં વસતા ભારતીય પ્રવાસીઓની જરૂરિયાતથી વિકસિત થઈ છે. આર્થિક કે સામાજિક કારણોસર ભારતીય કુટુંબના પ્રથમ અથવા બીજી પેઢીના જે સભ્યો અન્ય દેશમાં સ્થળાંતરિત થયા હતા, તેઓને પોતાની સંસ્કૃતિ સાથે તાદાત્મ્ય જાળવી રાખવાનું આ શાખામાં જોવા મળે છે. ઉપરાંત પ્રવાસી તરીકે સ્થળાંતરિત થયેલા લોકો તેમની માતૃભૂમિ, જન્મભૂમિ અને તેમના સાંસ્કૃતિક અને પરંપરાગત મૂળ સાથે કેવી રીત જોડાયેલા છે, તે તપાસવામાં આવે છે. આ શાખામાં, ભારતીય સંસ્કૃતિને અગ્રેસર અને સર્વોચ્ચ માનનારા અને ભારતની સંસ્કૃતિ, પરંપરાઓ, ઈતિહાસ અને પ્રથાઓનું વિવેચનાત્મક રીતે વિશ્લેષણ કરનારા બંનેનો સમાવેશ થાય છે.*

**(III)અમેરિકન ભારતીય વિદ્યાશાખા (The American School of Indology):**

*આ શાખાએ મુખ્યત્વે ભારતીય સમાજમાં આદિવાસીઓ, સ્ત્રી ઓ, ટ્રાન્સજેન્ડર સમુદાય, દલિતો અને તેઓ સાથે જોડાયેલા લોકોના વર્ગ પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું. હિંદુ ધર્મની અનેક કુપ્રથાઓ અને ધાર્મિક વિધિઓ જેમાં જાતિ ભેદભાવ, પવિત્રતા અને અપવિત્રતા જેવી સામાજિક સમસ્યાઓ ઊભી થાય છે. તેનાથી વિપરીત, બૌદ્ધ ધર્મ અને તેના સિદ્ધાંતોને ઓછા કટ્ટરપંથી તરીકે પરિભાષિત કરવામાં આવ્યા હતા. આ શાખામાં ભારતીય સમાજની સમજને વિસ્તૃત કરવાની મંજૂરી આપે છે.*

**(IV) યુરોપિયન ભારતીય વિદ્યાશાખા (The European School of Indology):**

*આ શાખા ઈન્ડોલોજીની સૌથી પ્રાચીન શાખાઓમાંની એક હતી. મુખ્યત્વે હિન્દુ ધર્મ પર ધ્યાન કેન્દ્રિત કરીને, અને ખ્રિસ્તી ધર્મ સાથેના ધર્મનું તુલનાત્મક વિશ્લેષણકરવા પર ભાર મૂકવામાં આવ્યું હતું, આ શાખા હેઠળના વિદ્વાનોનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય લોકોને અવિકસિત બતાવીને બ્રિટિશ શાસનને કાયદેસર બનાવવાનો હતો. લગભગ તમામ બ્રિટિશ ઈન્ડોલોજિસ્ટને ભારતના લોકોની કલા, સાહિત્ય, સ્થાપત્ય, ભાષાઓ, પ્રથાઓ અને અન્ય સાંસ્કૃતિક પાસાઓ પ્રત્યે નકારાત્મક પાસું જણાયું હતું.*

*ભારતીય સમાજમાં સગપણ સંબંધોને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે. તેમજ ભારતીય સમાજની બધી જ સામાજિક સંસ્થાઓ જેમ કે, કુટુંબ, લગ્ન, ધર્મ, રાજ્ય વગેરે સાહિત્યિક/ગ્રથિય પરિપ્રેક્ષ્ય અને વિદ્વાન પરંપરાઓમાં જોડાયેલી હોવાથી, ઘણા સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓએ ભારતીય સંસ્થાઓના વૈચારિક અને ન્યાયિક પાયાને સમજાવવા માટે પાઠ્ય સ્રોતોનો ઉપયોગ કર્યો છે. ઉદાહરણ તરીકે, કે.એમ. કાપડિયા* (1947) *એ હિંદુ સગપણનું વર્ણન કરવા માટે શાસ્ત્રીય ગ્રંથોનો ઉપયોગ કર્યો છે. પી.એચ. પ્રભુ* (1954)*એ પણ સંસ્કૃત ગ્રંથો પર આધારિત હિન્દુ સામાજિક સંગઠનને સમજાવ્યું છે. એ જ રીતે, ઈરાવતી કર્વે* (1940, 43-44 અને 1958) *અને જી.એસ. ઘુર્યે* (1946, 1955) *એ ભારતીય સગપણ પ્રણાલી પર વ્યાપકપણે સંશોધનકાર્ય કર્યું છે. સમાજશાસ્ત્રીઓએ સામાજિક-ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ભારતના વિવિધ પ્રદેશો, ગ્રામીણ*

*કે શહેરી ક્ષેત્રોમાં સગપણની વ્યવસ્થાને સમજાવવા માટે ભારતીય અભિગમ, શાસ્ત્રીય સ્રોતોનો ઉપયોગ કર્યો છે. તેથી, આપણે કહી શકીએ કે સગપણના અભ્યાસ માટેના ભારતીય અભિગમે સગપણ વ્યવસ્થામાં સાતત્ય અને પરિવર્તનના તત્વોને સમજવા માટે એક માળખું પૂરું પાડ્યું છે.*

**2. માનવશાસ્ત્રનો અભિગમ (Anthropological Approach)**

*નૃવંશ શાસ્ત્ર એવો અભિગમ છે કે જે સમગ્ર માનવ સમાજની સંસ્કૃતિ, સામાજિક માળખા, પરિવર્તન તેમજ બધા જ પાસાઓના અભ્યાસમાં તુલનાત્મક, સર્વગ્રાહી વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્ય ધરાવે છે. માનવ સમાજની ઉત્પત્તિ અને માનવ સમાજને ટકાવી રાખવા માટે સ્ત્રી -પુરુષ વચ્ચેના સંબંધો અનિવાર્ય છે. આથી જ સ્ત્રી -પુરુષના સબંધો નિયંત્રિત રીતે ટકી રહે તે માટે લગ્ન વ્યવસ્થા અસ્તિત્વમાં આવી છે. સગપણ વ્યવસ્થા રક્ત આધારિત અને લગ્ન આધારિત જોવા મળે છે. માનવશાસ્ત્રીઓ / નૃવંશશાસ્ત્રીઓ સગપણ સંબંધોની વ્યવસ્થાને મુખ્યત્વે બે દૃષ્ટિકોણથી તપાસે છે:-*

**I. વંશનો અભિગમ (Descent Approach)**
**II. લગ્ન સંબંધ કે જોડાણનો અભિગમ (Alliance Approach)**

*ઉપર્યુક્ત બન્ને માનવશાસ્ત્રનો અભિગમોની વિસ્તૃત ચર્ચા કરીશું.*

**I. વંશનો અભિગમ (Descent Approach):-**

*ભારતીય સમાજમાં સગપણ વ્યવસ્થા મુખ્યત્વે વંશાનુગત આધારિત જોવા મળે છે. રક્ત આધારિત અને લગ્ન આધારિત સગપણ સંબંધોમાં વ્યક્તિનો વંશ મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રત્યેક વ્યક્તિ એકબીજા સાથે કોઈને કોઈ પ્રકારના સગપણ સંબંધથી જોડાયેલી છે. કુટુંબના પ્રાથમિક જૂથો અને દૂરના સગાઓ મળીને એક વંશજ બને છે. એટલે કે પતિ-પત્ની તેમના પરિણીત કે અપરિણીત સંતાનો, તેમના અન્ય રક્ત આધારિત સગા-સંબંધીઓનું જૂથ વંશના આધારે ઓળખાવી શકાય. પ્રત્યેક સભ્યો વચ્ચેના સંબંધો મોઢામોઢ, લાગણીશીલ, પ્રેમ-હૂંફ અને સહકાર સ્વરૂપના છે. માનવશાસ્ત્રીઓ/નૃવંશશાસ્ત્રીઓ તેને વંશના જૂથો કહે છે. ઔપચારિક રીતે કહીએ તો, માતા-પિતાથી બાળકો સુધી વંશના જૂથ સભ્યપદ દર્શાવવા માટે છ સંભવિત માર્ગો છે :*

A. *પિતૃવંશીય* (Patrilineal) *:- સગપણ વ્યવસ્થામાં આ પ્રકારના વંશમાં જ્યાં પિતાથી પુત્ર સુધીની પુરુષ રેખામાં વંશ જોવા મળે છે.*

B. *માતૃવંશીય* (Matrilineal) :- *સગપણ વ્યવસ્થામાં આ પ્રકારના વંશમાં જ્યાં માતાથી પુત્રી સુધીની સ્ત્રી ની રેખામાં વંશ જોવામાં આવે છે.*

C. *ઉભયવંશીય* (Duolineal or Bilineal) *(દ્વિવંશીય) :- જ્યાં પિતા અને માતાની બંને રેખામાં વંશ જોવા મળે છે. તેમજ વિવિધ વિશેષતાઓ પિતા કે માતાના પક્ષે ગણી શકાય છે, જેમ કે જ્યાં એક પક્ષે જંગમ મિલકત અને બીજા*

*પક્ષે સ્થાવર મિલકત જેવા વિવિધ લક્ષણો માટે પિતાની રેખા તેમજ માતાની રેખા એમ બંનેમાં વંશ જોવા મળે છે.*

D. *ઉભયપક્ષીય* (Cognatic/Bilateral) *:- જ્યાં કુળ, વંશના લક્ષણો બંને માતાપિતા દ્વારા સમાન રીતે પ્રસારિત કે સંક્રમિત થાય છે. અહીં કોઈ એકલ જૂથો કે એક પક્ષીય કે એક રેખીય જૂથો રચાતા નથી પરંતુ જૂથનું માળખું એક ગોત્ર કે એક કુળ સ્વરૂપનું હોઈ શકે છે, એટલે કે પિતા પક્ષ અને માતા પક્ષની બાજુના સગાંવહાલાંના જૂથ દ્વારા સમૂહ રચાય છે. જેમાં કુટુંબમાં સદસ્યતા પિતા અથવા માતા દ્વારા મેળવી શકાય છે.*

E. *સમાંતર વંશ-કુળ* (Parallel Descent) *:- સગપણ વ્યવસ્થામાં આ પ્રકારના વંશનું સ્વરૂપ ખૂબ જ દુર્લભ જોવા મળે છે, જવલ્લે જ જોવા મળે છે. આ પ્રકારના વંશની ખાસિયત એ છે કે કુટુંબમાં વંશની રેખાઓ લૈંગિક સ્વરૂપે વિશિષ્ટતા ધરાવતી હોય છે. જેમાં પુરૂષો તેમના પુત્રોમાં અને એ જ રીતે સ્ત્રી ઓ તેમની પુત્રીઓમાં વંશ, વારસો, મિલકત, રીત-રિવાજો, સંસ્કૃતિ નું વહન કરે છે, સંક્રમિત કરે છે.*

F. *ક્રોસ અથવા વૈકલ્પિક પ્રકારનું વંશ* (Cross or Alternative Type Descent) *સગપણ વ્યવસ્થામાં આ પ્રકારના વંશનું સ્વરૂપ ખૂબ જ દુર્લભ જોવા મળે છે, જવલ્લે જ જોવા મળે છે. આ પ્રકારના વંશની ખાસિયત એ છે કે પુરૂષો તેમની પુત્રીઓમાં અને સ્ત્રી ઓ તેમના પુત્રોને વંશ, વારસો, મિલકત, રીત-રીવાજો, સંસ્કૃતિ નું વહન કરે છે, સંક્રમિત કરે છે.*

*ભારતીય સમાજમાં પિતૃવંશીય અને માતૃવંશીય એમ બન્ને વંશ પ્રણાલીઓ સરળતાથી જોવા મળે છે. જો કે, બેમાંથી પિતૃત્વ (પિતૃવંશીય, પિતૃસ્થાનીય, પિતૃસત્તાક) વ્યવસ્થાનું પ્રમાણ વધુ છે. માતૃત્વ (માતૃવંશીય, માતૃસ્થાનીય, માતૃસત્તાક) વ્યવસ્થાનું પ્રમાણ ભારતીય આદિવાસીઓમાં સામાન્ય છે. જુદા-જુદા સમાજશાસ્ત્રીઓ, માનવશાસ્ત્રીઓ / નૃવંશશાસ્ત્રીઓએ કુટુંબ, સગપણસંબંધો અને વંશના સંબંધીઓના સંબંધોના વર્ણન અને વિશ્લેષણથી ભારતમાં ચોક્કસ પ્રકારની સગપણ પ્રણાલીઓની એકદમ વ્યાપક, વૈજ્ઞાનિક અભિગમથી અને આગવી સમાજશાસ્ત્રીય સમજ પ્રાપ્ત કરેલ છે. ઉદાહરણ તરીકે, ઈ.કે. ગફ* (E.K. Gough : 1956) *એ સગપણ સંબંધથી જોડાયેલા વંશ કે કુળની એકતા, સહકાર, નિકટના સંબંધો તથા તેઓના જમીન, મિલકત પરના હક્કો અને અધિકારોની ચર્ચા કરી છે. તેઓએ વ્યાપક સગપણ સંબંધીઓ વચ્ચેની ભૂમિકાઓ, દરજ્જો અને આંતર-વ્યક્તિગત સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ટી.એન. મદન* (T.N. Madan : 1965) *એ કાશ્મીરી બ્રાહ્મણ સમાજમાં સંગઠનાત્મક સિદ્ધાંત તરીકે સગપણ સંબંધીઓની ભૂમિકાનો અભ્યાસ કર્યો છે. તેમણે કાશ્મીરી પંડિતોની સગપણ પ્રણાલીને દર્શાવતી મજબૂત પિતૃસત્તાક વિચારધારા બહાર લાવી છે. વંશીય*

જૂથોના અભ્યાસે, ઉપરાંત સગપણ સંબંધથી જોડાયેલા વંશ કે કુળના અભ્યાસે ઉત્તર ભારતમાં પિતૃવંશીય સગપણ પ્રણાલીને સમજવામાં કેવી રીતે મદદ કરી છે, તે જુદા-જુદા સંશોધનોથી સમજી શકાય છે. અન્ય સમાજશાસ્ત્રીઓ જેમ કે, એ.સી. મેયર, ટી.એન. મદન, ઓસ્કર લુઈસ (A.C. Mayer, T.N. Madan, Oscar Lewis) વગેરે એ ઉત્તર ભારતમાં સગપણની સંસ્થાનો અભ્યાસ કરવા માટે જાણીતા છે, આ અભ્યાસ માટે તેઓએ ત્યારે તેમણે વંશ કે કુળનો અભિગમ અપનાવ્યો હતો. તેઓએ સગપણ સંબંધના વિવિધ સ્તરો અને તેમની પ્રવૃત્તિઓનું વિગતવાર વર્ણન કર્યું છે.

સગપણ સંબંધોના સમાજશાસ્ત્રીય અધ્યયનમાં 'રેખા', 'રેખીય', 'વંશ' વગેરે શબ્દો 'પિતૃ' અથવા 'માતૃ' શબ્દો સાથે જોડાયેલા હતા. ઉપરાંત પ્રાચીન સમયમાં આ શબ્દો ઓછામાં ઓછા ચાર અલગ અલગ રીતે ઉપયોગમાં લેવાયા છે. જેમ કે,

- આ શબ્દોનો ઉપયોગ સામૂહિક વંશ કે કૂળના જૂથો, સમૂહો દર્શાવવા માટે કરવામાં આવ્યો છે.
- અમુક વિશિષ્ટ સમાજમાં વારસા, ઉત્તરાધિકાર, પરંપરા દર્શાવવા કે આનુવંશિકતા વગેરેની સૂચવવા કે દર્શાવવા માટે વારંવાર આ શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે.
- સગપણ સંબંધોની પરિભાષાઓના અભ્યાસમાં "દ્વિપક્ષીય ક્રોસ-કઝીન મેરેજ" સાથે સુસંગત હોય તેવા પરિભાષા માળખાને સંદર્ભિત કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે.
- ઉપરોક્ત ત્રણ હેતુઓ માટે કોઈ પણ પક્ષને (પિતૃવંશીય - Patrilineal, માતૃવંશીય - Matrilineal અથવા બંને) ધ્યાનમાં લીધા વિના એક સીધી રેખામાં આવતા સગા સંબંધીઓ, એ વ્યક્તિના પૂર્વજ, વડીલ કે અનુજનો નિર્દેશ કરે છે. એક રેખીય, એક પક્ષીય સીધી લીટીના સગા સભ્યો એક વંશ કે એક જ વડવા કે એક જ કુળ કે સમાન પૂર્વજોમાંથી ઉતરી આવતા વંશજો છે. એક રેખીય, એક પક્ષીય સીધી લીટીની વિરુદ્ધના સગા સભ્યો એ અન્ય કે ગૌણ સભ્યો છે, દૂરના સગાઓ છે. તેઓના મૂળ વડવા કે મૂળ વડીલ કે સમાન પૂર્વજોના એક જ હોય છે, પણ તે સીધી એક જ લીટીના વારસદારો કે સભ્યો નથી.

ઉપર્યુક્ત દર્શાવેલ પ્રથમ ત્રણ સંદર્ભો વિશિષ્ટ છે. એટલે કે, સગપણ સંબંધો વિષયક વંશીય ઓળખ આપતા શબ્દો ચોક્કસ પરિસ્થિતિઓનો સંદર્ભ આપે છે. અહીં, સગપણ સંબંધોમાં સભ્યો વચ્ચે ના સામાજિક સંબંધો અને જૂથો પર ભાર મૂકવામાં આવે છે અને સમાજશાસ્ત્રીઓ, માનવશાસ્ત્રીઓ ચોક્કસ સમાજની ક્રિયા, પ્રતિક્રિયા, ધોરણો, મૂલ્યો, રીત રિવાજોના સંદર્ભમાં સગપણ સંબંધીઓનો અભ્યાસ કરે છે. ઉદાહરણ તરીકે, કેટલાક વિદ્વાનો, વંશ અથવા કૂળના જૂથોના સિદ્ધાંતને અનુસરીને, પિતૃવંશીય સમાજમાં માતાના ભાઈ (મામા) અને બહેનના પુત્ર (ભાણો) વચ્ચેના સગપણ સંબંધની વિસ્તૃત ચર્ચા કરી છે. તેઓ 'પૂરક જોડાણ' (Complementary Filiation) ના વિચારનો ઉપયોગ કરે છે, એટલે કે, પિતૃસત્તાક (પિતૃવંશીય, પિતૃસ્થાનીય) સમાજમાં માતાની બાજુના સગા સગપણ સંબંધીઓ સાથે વ્યક્તિના સંબંધનો નિર્દેશ કરે છે. એનાથી વિરુદ્ધ

*માતૃસત્તાક (માતૃવંશીય, માતૃસ્થાનીય) સમાજમાં તે તેના માતાની બાજુના સગા સગપણ સંબંધીઓ સાથે વ્યક્તિના સંબંધનો ઉલ્લેખ કરે છે. પિતૃસત્તાક સમાજમાં વ્યક્તિનું માતૃત્વ જૂથ (માતૃવંશીય) તે વ્યક્તિના પિતાનું લગ્નસંબંધથી રચાતું જૂથ* (Affinal Group) *છે. આ તે સગપણ જૂથ છે, જેમાંથી વ્યક્તિના પિતા પોતાની પત્ની લગ્ન કરીને લાવ્યા છે. આ કારણોસર, કેટલાક સમાજશાસ્ત્રીઓ સંબંધોના પૂરક સમૂહને બદલે, સગપણ સંબંધના જટિલ પ્રશ્નને સમજવાનું પસંદ કરે છે. આ પરથી આપણે કહી શકીએ કે વંશના અભિગમમાં, વંશના જૂથોના, સગપણ સંબંધીઓના સામાજિક સંગઠન પર ભાર મૂકવામાં આવે છે. પરિણામે, સંબંધોના સંદર્ભમાં લગ્નસંબંધથી રચતા સંબંધો, વંશજો વગેરે પાસા પર ઓછું ધ્યાન આપવામાં આવે છે. હવે, આગામી પેટા-વિભાગમાં આપણે લગ્ન સંબંધ દ્વારા જોડાયેલ સગપણ સંબંધીઓને સમજવા જોડાણનો અભિગમ સમજીશું. જેમાં એકબીજા સાથે જોડાનાર સંબંધીઓ રક્ત સંબંધીઓ હોતી નથી.*

**II. લગ્ન સંબંધ કે જોડાણનો અભિગમ (Alliance Approach) :-**

*સગપણના અભ્યાસમાં લગ્ન સંબંધ કે જોડાણનો અભિગમ* (Alliance Approach) *ને વિનિમયના સામાન્ય સિદ્ધાંત તરીકે પણ ઓળખવામાં આવે છે. આ અભિગમનું મૂળ ફ્રેંચ સ્ટ્રક્ચરલિસ્ટ ક્લાઉડ લેવી-સ્ટ્રોસ* (the French structuralist Claude Lévi-Strauss*) ના અભ્યાસોમાં જોવા મળે છે. સગપણના સંબંધોનો અભ્યાસ કરવાની રીતને માળખાકીય રીત તરીકે પણ ઓળખવામાં આવે છે. લગ્ન સંબંધ કે જોડાણનો સિદ્ધાંત* (Alliance Approach) *ની ચર્ચા લેવિ-સ્ટ્રોસના લેસ સ્ટ્રક્ચર્સ એલિમેન્ટેરેસ ડે લા પેરેન્ટે* (Les Structures élémentaires de la parenté : 1949) *નામના મહત્ત્વના પુસ્તકમાં કરવામાં આવી હતી. તેનું અંગ્રેજી સંસ્કરણ એલિમેન્ટરી સ્ટ્રક્ચર્સ ઓફ કિનશિપ* (Elementary Sturctures of Kinship) *તરીકે ઓળખાય છે. એલાયન્સ થિયરી* 1960 *ના દાયકા દરમિયાન ખૂબ જ લોકપ્રિય હતી અને* 1980*ના દાયકા સુધી તેની ચર્ચા, અભ્યાસ અને વિચાર-વિમર્શ થતો રહ્યો જ્યાં અનાચાર નિષેધનો મુદ્દો માત્ર નૃવંશશાસ્ત્રીઓ દ્વારા જ નહીં પરંતુ મનોવૈજ્ઞાનિકો, રાજકીય ફિલસૂફો, સમાજશાસ્ત્રીઓ અને અન્ય વૈજ્ઞાનિકો વગેરે દ્વારા પણ ઉઠાવવામાં આવ્યો હતો. જોડાણનો સિદ્ધાંત આંતર વ્યક્તિગત સંબંધો તથા સમાજની રચના કેવી રીતે થાય છે, તે સમજવા પર ભાર મૂકે છે.*

*આ સિદ્ધાંત ખાસ કરીને સગપણ વ્યવસ્થા કે જેમાં ક્રોસ-કઝીન મેરેજનો અભ્યાસ કરવા માટે વિકસિત કરવામાં આવ્યો છે. ડબ્લ્યુ. એચ. આર. રીવર્સ* (W.H.R. Rivers) *જેવા વિદ્વાનોએ પણ લગ્ન અંગેના ખ્યાલને સમજવા માટે સપ્રમાણ ક્રોસ-કઝીન મેરેજ* (Symmetrical Cross-cousin Marriage) *અને દ્વિભાજિત જોડાણ* (bifurcate merging) *નો ઉપયોગ કર્યો. તથા એકબીજા વચ્ચેના સહ સંબંધને પ્રદર્શિત કરવાનો પ્રયાસ કર્યો. લગ્ન સંબંધ કે જોડાણથી રચાતા સગપણ સંબંધોનો અભિગમ* (Alliance Approach) *ભારતીય સમુદાયના જુદા જુદા જૂથોના લગ્ન સંબંધથી રચાતા સંબંધોને*

તપાસવા પર ભાર મૂકે છે. એલાયન્સ એપ્રોચ (જોડાણનો અભિગમ) ભારતના લગ્ન સંબંધોના આગવા રિવાજો, ખ્યાલોને આબેહૂબ રજૂ કરે છે. ઉપરાંત સગપણ સંબંધોમાં લગ્નના ધોરણો, મૂલ્યો, સંસ્કૃતિનો સમાવેશ કરે છે. સમાજશાસ્ત્રીઓ, માનવશાસ્ત્રીઓ લગ્ન આધારિત સગપણ સંબધોના અભ્યાસમાં આ બાબતો, લગ્ન સંબધિત વિવિધ પાસાઓ પ્રત્યે વિશેષ ધ્યાન આપે છે. આથી જ તેઓ લગ્ન આધારિત સગપણ સંબધોના અભ્યાસમાં, સંબંધોને વૈજ્ઞાનિક અભિગમથી સમજવા લગ્ન સંબંધ કે જોડાણનો અભિગમ (Alliance Approach) અપનાવે છે.

આ અભિગમના મુખ્ય સમર્થક, પ્રણેતા લુઈસ ડુમોન્ટ (Louis Dumont : 1950, 1953, 1957 a and b, 1959, 1962 and 1966) છે. તેમણે દક્ષિણ ભારતમાં સગપણના ક્ષેત્રમાં લગ્ન દ્વારા રચાતા નવા દરજ્જા અને ભૂમિકાના સંબંધોને સમજવા પર ભાર મૂક્યો છે. એટલે કે પુરુષ અને સ્ત્રી  લગ્ન સંબંધમાં બંધાઈને પતિ અને પત્ની તરીકેની ભૂમિકા તથા દરજ્જો ધરાવે છે, તેને સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી તપાસવાનો પ્રયત્ન કર્યો છે.  લુઈસ ડુમોન્ટ (Louis Dumont) એ  દ્રવિડિયન સગપણની પરિભાષામાં પ્રતિબિંબિત થતાં સપિંડ, ગોત્ર સગપણ સંબંધીઓ એટલે કે જન્મ દ્વારા રચાતા સગપણ સંબંધો (Consanguines) અને લગ્ન દ્વારા રચાતા સગપણ સંબંધીઓ (Affines) વચ્ચેનો થતો વિરોધ દર્શાવ્યો છે. સામાન્ય રીતે ભારતમાં અને ખાસ કરીને દક્ષિણ ભારતની સગપણ વ્યવસ્થાને સમજાવવામાં લુઈસ ડુમોન્ટએ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમણે દક્ષિણ ભારતમાં સગપણનો રચનાત્મક સિદ્ધાંત (Structural Theory of Kinship) લાગુ કર્યો છે. જુદા જુદા અભ્યાસો પરથી જોઈ શકાય કે, પેઢી દર પેઢી થતા આંતરલગ્નના પુનરાવર્તન થાય છે. આ સંદર્ભમાં સમાંતર અને ક્રોસ સંબંધીઓ (Parallel and Cross Relatives) ની બે શ્રેણીઓમાં સગાંઓના વર્ગીકરણને પ્રકાશિત કરેલ છે.

## 2.4 સારાંશ

આમ, પ્રત્યેક માનવસમાજ લોહી આધારિત, લગ્ન આધારિત કે દત્તક કુટુંબ દ્વારા રચાયેલા સગપણ સંબંધો ધરાવે છે. એ બાબત નોંધનીય છે કે સગપણસંબંધો વિનાનો સમાજ હોઈ જ ન શકે. સગપણ સંબંધોની રચના, તેનું માળખું, સગપણ સંબંધો વિષયક ધોરણો, મૂલ્યો, રીત રીવાજો, પરંપરા વગેરે પ્રદેશે - પ્રદેશે જુદા હોઈ શકે. ઉપરાંત પ્રત્યેક ધર્મ, જ્ઞાતિ, ગ્રામીણ કે શહેરી સમાજોમાં સગપણ સંબંધોનાં પ્રકારમાં તફાવત જોવા મળે છે, તેમજ તેમાં અનેક પરિબળોને કારણે પરિવર્તન પણ આવતું જણાય છે. ખાસ કરીને આદિવાસી સમુદાયોમાં સગપણ સંબંધની વ્યવસ્થા આગવી ખાસિયત ધરાવે છે. સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓએ સગપણ સંબંધોના અભ્યાસમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવ્યો છે, જે આપણે આ એકમમાં જોયું. ઉપરાંત ભારતમાં સગપણ સંબંધોનો અભ્યાસ કરવા માટે વિદ્વાનોએ જે મુખ્ય અભિગમો દર્શાવ્યા છે તે અનુક્રમે વંશનો અભિગમ (Descent Approach) અને લગ્ન સંબંધ કે  જોડાણનો અભિગમ

(Alliance Approach) *ની ચર્ચા કરી. હવે પછીના એકમમાં સગપણ સંબંધો વિશે વિસ્તૃત સમજૂતી મેળવવા માટે સગપણ સંબંધોની શ્રેણીની ચર્ચા કરીશું.*

## 2.5 તમારી પ્રગતિ ચકાસો :

**તમારી પ્રગતિ ચકાસો – અ**
**નીચે આપેલ પ્રશ્નો વિશે આઠ થી દસ લીટીમાં જવાબ લખો.**

1. *સગપણ સંબંધનો અર્થ અને વ્યાખ્યા સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી સમજાવો.*

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

2. *સગપણ વ્યવસ્થાનો અભ્યાસ કરવાના મુખ્ય અભિગમ તરીકે ઈન્ડોલોજીકલ અભિગમની ટૂંકમાં સમજૂતી આપો.*

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

3. *સગપણ વ્યવસ્થાનો અભ્યાસ કરવાના મુખ્ય અભિગમ તરીકે માનવશાસ્ત્રનો અભિગમની ટૂંકમાં સમજૂતી આપો.*

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………

**4. ટૂંકનોંધ લખો.**

a. *ઈન્ડોલોજીના ચાર પ્રકારો.*

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………

b. *વંશના જૂથ સભ્યપદ દર્શાવવા માટે છ સંભવિત માર્ગો.*

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………

c. *વંશનો અભિગમ* (Descent Approach)

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………

d. *લગ્ન સંબંધ કે જોડાણનો અભિગમ* (Alliance Approach).

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………

**તમારી પ્રગતિ ચકાસો – બ**
**યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. *સગાઈ સંબંધ એવો સંબંધ છે જેની જાણકારી માતાપિતા, ભાઈબહેન અથવા બાળકોના નિકટના સંબંધો દ્વારા પ્રાપ્ત થઈ રહી છે અને જેને સામાજિક કાર્યને માટે માન્યતા મળી હોય છે.' આ વ્યાખ્યા કોને આપેલ છે?*

(Notes and Queries on Anthropology, Notes and Queries on Sociology, Notes and Queries on Psycology)

2. *કોના મતે, સગાઈ સંબંધો કેવળ રક્ત સંબંધ પર આધારિત છે?*
   *(રેડક્લિફ બ્રાઉન, લેવિ સ્ટ્રોસ, ઓગસ્ટ કોમ્ટ)*
3. *એ રેકોર્ડ ઓફ બુદ્ધિસ્ટ કિંગડમ્સ'* (A Record of Buddhist Kingdoms) *પુસ્તક કોનું છે?*
   *(એરિયન, મેગાસ્થિનિસ, ફેક્સિયન)*
4. *ભારતીય વિદ્યાશાખા વિશ્લેષણની શાખાઓ* (Schools of Indological Analysis) *સ્વરૂપે ઈન્ડોલોજીને ચાર પ્રકારોમાં કોને વિભાજીત કર્યા છે?*
   *(દેવદત્ત પટ્ટનાયક, દેવરાજ સિંઘ, દેવજી ભીલ)*
5. *કે.એમ. કાપડિયાએ કયા વર્ષમાં હિંદુ સગપણનું વર્ણન કરવા માટે શાસ્ત્રીય ગ્રંથોનો ઉપયોગ કર્યો છે.*
   (1947, 1948, 1949)
6. *કોણે કાશ્મીરી બ્રાહ્મણ સમાજમાં સંગઠનાત્મક સિદ્ધાંત તરીકે સગપણ સંબંધીઓની ભૂમિકાનો અભ્યાસ કર્યો છે?*
   *(લેવિ સ્ટ્રોસ, ઓગસ્ટ કોમ્ટ, ટી.એન. મદન)*
7. *કયા અભિગમનું મૂળ ફ્રેંચ સ્ટ્રક્ચરલિસ્ટ ક્લાઉડ લેવી-સ્ટ્રોસ* (the French Structuralist Claude Lévi-Strauss) *ના અભ્યાસોમાં જોવા મળે છે?*
   *(જોડાણનો અભિગમ, વંશનો અભિગમ, એકેય નહિ)*
8. *જોડાણ અભિગમના મુખ્ય સમર્થક, પ્રણેતા કોણ છે?*
   *(લુઈસ ડુમોન્ટ, લેવિ સ્ટ્રોસ, ઓગસ્ટ કોમ્ટ)*

**તમારી પ્રગતિ ચકાસો – ક**
**ખરાં-ખોટાં જણાવો.**

1. *મુહમ્મદ ઈબ્ને અહમદ અલ-બિરૂનીએ તારીખ અલ-હિંદ ભારત પર સંશોધન કર્યું.*
2. *પી.એચ. પ્રભુ (1954)એ પણ સંસ્કૃત ગ્રંથો પર આધારિત ખ્રિસ્તી સામાજિક સંગઠનને સમજાવ્યું છે.*
3. *પિતૃવંશીય* (Patrilineal) *સગપણ વ્યવસ્થામાં આ પ્રકારના વંશમાં જ્યાં પિતાથી પુત્ર સુધીની પુરુષ રેખામાં વંશ જોવા મળે છે.*
4. *ઈ.કે. ગફ* (E.K. Gough : 1956) *એ સગપણ સંબંધથી જોડાયેલા વંશ કે કુળની એકતા, સહકાર, નિકટના સંબંધો તથા તેઓના જમીન, મિલકત પરના હક્કો અને અધિકારોની ચર્ચા કરી છે.*
5. *એલાયન્સ થિયરી* (Alliance Theory*) 1960ના દાયકા દરમિયાન ખૂબ જ લોકપ્રિય હતી.*

## 2.6 ચાવીરૂપ શબ્દો

- **લગ્ન સંબંધ (Affinity)** — *લગ્ન દ્વારા સ્ત્રી પુરુષ વચ્ચે રચતા સંબંધને 'લગ્ન સંબંધ' તરીકે વર્ણવવામાં આવે છે.*
- **પ્રજનન કુટુંબ** — *લગ્ન દ્વારા રચાયેલ કુટુંબ.*
- **(family of procreation)**
- **સંસ્કરણ કુટુંબ** — *જે કુટુંબમાં કોઈનો જન્મ થયો છે.*
- **(family of orientation)**
- **શ્રમનું જાતીય વિભાજન** — *પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે વિવિધ કાર્યોનું પ્રતિનિધિમંડળ.*
- **(Sexual division of labor)**
- **વિસ્તૃત કુટુંબ** — *એક એવું ઘર છે જેમાં ઓછામાં ઓછા એક માતાપિતા અને બાળક તેમજ દાદા - દાદી, કાકા - કાકી અને પિતરાઈ જેવા અન્ય સંબંધીઓનો સમાવેશ થાય છે.*
- **(extended family)**
- **પિતૃપક્ષનાં સગાં (Agnate)** — *પુરુષ વંશ અથવા પિતૃપક્ષે થતા સગપણસંબંધીઓ.*
- **લગ્ન સંબંધ જોડાણ (Alliance)** — *સગપણ અભ્યાસોના સંદર્ભમાં બે કુટુંબો વચ્ચે લગ્ન દ્વારા થતા સંબંધને આ રીતે સંબોધવામાં આવે છે.*
- **ગોત્ર (Clan)** — *સમાન / એક જ વડવા કે પૂર્વજ દ્વારા એકતા ધરાવતા જૂથને ગોત્ર કે ક્લાન કહેવાય છે. ભારતના સમાજના સંદર્ભમાં જ્યારે પેટાજ્ઞાતિ કે સમાન કે સહિયારું ગોત્ર ધરાવતી હોય છે ત્યારે તેને ગોત્ર કે ક્લાન કહેવાય છે.*
- **રક્ત સંબંધ (Consanguinity)** — *લોહીની સગાઈ દ્વારા સ્થપાયેલા સગપણનો નિર્દેશ કરે છે. વ્યક્તિ સાથે લોહીનું સગપણ ધરાવનારા બધાં સગાં તેનાં સગોત્રીઓ છે.*
- **વંશ / કુળ (Descent)** — *એક પૂર્વજ કે વડવામાંથી ઊતરી આવેલાને એક વંશ કે કુળના કહેવાય છે. મૂળ ખોળવાના વિવિધ ઉપાયો છે. આથી માનવ સમાજોમાં વંશની વિવિધ વ્યવસ્થાઓ જોવા મળે છે.*
- **અંતર્લગ્ન (Endogamy)** — *અમુક જૂથમાં જ લગ્ન કરવું જોઈએ, એવા નિયમને અંતર્લગ્નનો નિયમ કહેવાય છે.*
- **બહિર્લગ્ન (Exogamy)** — *અમુક જૂથ કે વર્તુળ બહાર જ લગ્ન સંબંધ બાંધવો જોઈએ એવા નિયમને કે બહિલગ્નનો નિયમ કહેવામાં આવે છે.*
- **કુલીનશાહી લગ્ન (Hypergamy)** — *સમાન અથવા ઊંચા કે ચડિયાતા સામાજિક જૂથ કે પેટાજ્ઞાતિમાં જ લગ્ન કરવાં જોઈએ. ગોઠવવાં જોઈએ. તેના નિયમને કુલીનશાહ લગ્નનો નિયમ કહેવાય છે. (ભૂતકાળમાં બંગાળના કુલીન બ્રાહ્મણોમાં આ પદ્ધતિ મોટા પ્રમાણમાં પ્રચલિત હતી તેથી આ નામ પાડ્યું છે)*

## 2.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. "Indology, Definition of Indology by Lexico". Lexico Dictionaries.
2. Ahmed, Akbar S. (February 1984). "Al-Beruni: The First Anthropologist". RAIN. Royal Anthropological Institute of Great Britain and Ireland. 60 (60): 9–10. doi:10.2307/3033407. JSTOR 3033407.
3. Bosworth, A. B. (April 1996). "The Historical S[a]ting of Megasthenes' Indica". Classical Philology. The University of Chicago Press. 91 (2): 113–127. doi:10.1086/367502. JSTOR 270500. S2CID 162475029.
4. Deeg, Max (2019). "Chinese Buddhist Travelers: Faxian, Xuanzang, and Yijing". Oxford Research Encyclopedia of Asian History. Oxford University Press. doi:10.1093/acrefore/9780190277727.013.217. ISBN 978-0-19-027772-7.
5. Dube, Leela 1974. Sociology of Kinship. Popular Prakashan: Bombay
6. Hobel (1958) 'Man in the Primitive World An Introduction to Anthropology', New York, Toronto.
7. Hobel (1972), 'Cultural and Social Anthropology', New York.
8. Jain, Shobhita 1996a. Bharat mein Parivar, Vivah aur Natedari. Rawat Publishers: Jaipur
9. Karve, Irawati 1953. Kinship Organisation in India. Deccan College Post- Graduate Research Institute: Poona
10. Khan, M. S. (1976). "al-Biruni and the Political History of India". Oriens. Brill. 25/26: 86–115. doi:10.2307/1580658. JSTOR 1580658.
11. Lowie (1966), 'Culture and Anthropology', New York.
12. Madan, T.N. 1965. Family and Kinship A Study of the Pandits of Rural Kashmir. Asia Publishing House: New Delhi
13. Pattanaik, D. (2016, February 21). Four types of indology. Devdutt. https://devdutt.com/articles/four-types-of-indology/
14. Radcliffe-Brown (1952), 'Structure and Functions in Primitive Soci[a]y', New York.
15. Uberoi, Patricia (ed.) 1994. Family, Kinship and Marriage in India. Oxford University Press: New Delhi
16. जैन शोभिता, भारत में परिवार, विवाह और नातेदारी, रावत पब्लिकेशन
17. तिवारी इति, समाज और परिवार
18. रानी अलका, भारत में पारिवारिक समाजशास्त्र का विकास, डी. के. पब्लिशर्स
19. *દવે જે. કે.* (2013), *કુટુંબનું સમાજશાસ્ત્ર, અનડા પબ્લિકેશન, અમદાવાદ*
20. *દવે હર્ષિદા (*2005), *'માનવશાસ્ત્ર', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.*
21. *ભારતમાં સમાજ ભાગ -* 1 *પેપર* -02 *વિભાગ* -2 *કુટુંબ, લગ્ન અને સગપણ જૂથ, પ્રકાશક - કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*
22. *વાઘેલા અનિલ* (2005), *'લગ્ન, કુટુંબ અને સગાઈસંબંધો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.*

❖ **Suggested Reading :-**

1. Parkin, Robert. 1997. Kinship: An Introduction to Basic Concepts. Oxford: Blackwell Publishers Ltd.
2. Parkin, Robert and Linda Stone (eds.) 2004. Kinship and Family: An Anthropological Reader. Oxford: Blackwell Publishing Ltd.
3. Schneider, David. A. 1984. A Critique of the Study of Kinship. Michigan: The University of Michigan Press.

## 2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**તમારી પ્રગતિ ચકાસોના જવાબો – બ**

1. Notes and Queries on Anthropology
2. *લેવિ સ્ટ્રોસ,*
3. *ફેક્સિયન*
4. *દેવદત્ત પટ્ટનાયક*
5. 1947
6. *ટી.એન. મદન*
7. *જોડાણનો અભિગમ*
8. *લુઈસ ડુમોન્ટ*

**તમારી પ્રગતિ ચકાસોના જવાબો – ક**

1. *ખરું*
2. *ખોટું*
3. *ખરું*
4. *ખરું*
5. *ખરું*

એકમ 3

# સગપણ સંબંધોની શ્રેણીઓ

-: રૂપરેખા :-


3.0 ઉદ્દેશ્યો

3.1 પ્રસ્તાવના

3.2 સગપણ સંબંધોની શ્રેણીઓ

3.3 સારાંશ

3.4 તમારી પ્રગતિ ચકાસો

3.5 ચાવીરૂપ શબ્દો

3.6 કેટલાક ઉપયોગી પુસ્તકો

3.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 3.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે –*

- *સગાઈ-સંબંધોમાં નિકટતાનો અને દૂરનો સંબંધ સમજી શકશો.*
- *કુટુંબના સભ્યોમાં આગળની પેઢીના સંબંધીઓ પૂર્વજ અને પાછળની પેઢીના સંબંધીઓ પૂર્વજ અને પાછળની પેઢીના સંબંધીઓ વારસાનું સ્થાન મેળવે છે તે સમજી શકશો.*
- *સગપણ-સંબંધોની શ્રેણીઓને સમજી શકશો.*

## 3.1 પ્રસ્તાવના

*સગપણ સંબંધોની વ્યવસ્થા સાર્વત્રિક હોવા છતાં તે વૈવિધ્યપૂર્ણ અને અત્યંત જટિલ છે. સગપણ સંબંધોને સમજ્યા વગર આપણે કોઈપણ સમાજના આંતરિક સ્વરૂપને સારી રીતે સમજી શકીએ નહિં. વ્યક્તિ સમાજમાં વિભિન્ન સુત્રો દ્વારા બીજા વ્યક્તિથી જોડાયેલ છે. નજીકના અને દૂરના બંધનથી, રક્ત સંબંધથી અને વિવાહ સંબંધથી પણ સંબંધોની સામાજિક માન્યતા પ્રાપ્ત જે સુવ્યવસ્થિત શ્રૃંખલા વ્યક્તિને બીજી વ્યક્તિઓ સાથે જોડે છે તે સગપણ સંબંધોની વ્યવસ્થા છે. સગપણ સંબંધોની સમજ્યા વગર સામાજિક આંતરક્રિયા સમજી શકાય નહીં અને કોઈ સમાજને પણ સમજી શકાય નહીં. અહીં સગપણ સંબંધોની શ્રેણીઓની સમજ મેળવીએ.*

## 3.2 સગપણ સંબંધોની શ્રેણીઓ


*સામાજિક માળખામાં સગપણ સંબંધો પરિભાષિત છે. લગ્નથી પરિવાર જીવન પ્રાપ્ત કરનાર સ્ત્રી-પુરુષ નિશ્ચિત ધોરણવાળો સગપણ સંબંધ પામે છે. પુરુષના પક્ષે સ્ત્રી*

અને સ્ત્રીના પક્ષે પુરુષની ઓળખ ચોક્કસ સંજ્ઞાથી શરૂ થાય છે. બંનેના અતૂટ સંબંધોની વંશવૃદ્ધિ થતાં સાથે લોહીની સગાઈ ચોક્કસ કરાય છે. એટલે કે પિતરાઈ માતરાઈ શ્રેણીઓ પ્રાપ્ત થાય છે. સામાજિક વ્યવહારમાં આ શ્રેણી લંબાવવા માટેના નિયમો લાગુ પડે છે. તેમાંથી કુટુંબ જીવન સંસ્થાકીય સ્વરૂપ ધારણ કરે છે. જે તે વ્યક્તિને તેનું એકમ બનાવે છે. તે માટે વંશાવલી ગણતરીએ કુટુંબના સભ્યોમાં આગળની પેઢીના સંબંધીઓ પૂર્વજ અને પાછળની પેઢીના સંબંધીઓ વારસાનું સ્થાન મેળવે છે. વારસાગત પરંપરાગત રીતે ઊતરી આવતા સગપણ-સંબંધો પેઢી-દર-પેઢી ચાલ્યા આવતાં સંબંધો છે. જેમ-જેમ પેઢી આગળ વધતી જાય તેમ-તેમ પેઢીઓ વચ્ચેનું જૈવિક-સામાજિક અંતર વધતું જાય છે. એ રીતે પૂર્વજો સંબંધોનો વિસ્તાર વધતો જાય છે. જેવી રીતે માતા-પિતા અને સંતાનો વચ્ચે નિકટવર્તી જૈવિક-સામાજિક સંબંધ છે અને તેમાંથી વારસાગત-પરંપરાગત કે પેઢી-દર-પેઢી ઊતરી આવતા સંબંધોમાં ક્રમિક રીતે જૈવિક-સામાજિક અંતર વધતું જાય છે. જેમ સગપણ સંબંધોની શ્રેણીઓ તરીકે ઓળખવામાં આવે છે તેમજ તેમાં પેઢી-દર-પેઢી જૈવિક-સામાજિક અંતરની માત્રા વધતી જાય છે. આ દૃષ્ટિએ પ્રથમ, દ્વિતીય, તૃતીય શ્રેણી અને તે રીતે ચતુર્થ, પંચમ એમ આગળને આગળ શ્રેણીઓ રચાતી જાય છે.

બધા સમાજમાં સગપણ સંબંધો જોવા મળે છે, એના બે રૂપ છે. સંમિલિત રક્ત સંબંધી અને સમાન સત્ત સંબંધી તેની સાથે સગાઈ સંબંધોની કેટલીક શ્રેણીઓ હોય છે જેને કારણે સગાઈ સંબંધોમાં નિકટતા અને દૂરતા રહે છે. અધિકારો તથા કૃતજ્ઞતાઓમાં અંતર હોય છે. જોડાણ અને સમાન લોહીના સગપણ સંબંધીઓ વચ્ચેના સંબંધમાં જૈવિક અને સામાજિક અંતર જુદા-જુદા સગપણ સંબંધીઓ વચ્ચે વિભિન્ન હોય છે. જૈવિક અંતર વધવાની સાથે સામાજિક અંતર વધતુ જાય છે. આ દૃષ્ટિએ જોતાં સગપણ સંબંધોના પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ અને તે રીતે આગળને આગળની ક્રમિક શ્રેણીઓ રચાતી જાય છે. સગપણ સંબંધોની શ્રેણીઓ નીચે મુજબ દર્શાવી શકાય છે.

### 1. પ્રથમ શ્રેણીનો સગપણ સંબંધ (Primary Kinship) :-

પ્રથમ શ્રેણીનો કે પ્રાથમિક સગપણ સંબંધીઓ વચ્ચે જૈવિક અને સામાજિક સંબંધ નિકટનો તેમજ સીધો હોય છે. પતિ-પત્ની, માતા-પિતા, સંતાનો, ભાઈ-ભાઈ, ભાઈ-બહેન, બહેન-બહેન વચ્ચેનો સંબંધ નિકટનો અને સીધો છે. આવા પ્રકારના સીધા સંબંધને પ્રથમ શ્રેણીના સગપણ સંબંધીઓ કહેવાય. આ પ્રકારના સંબંધીઓમાં પ્રત્યક્ષ સંબંધ હોય છે. નિકટતા, ઘનિષ્ટતા અને આત્મીયતા આ સંબંધો સાથે સંકળાયેલા હોય છે. જેને પ્રાથમિક કે નિકટવર્તી સંબંધ કહેવામાં આવે છે. પ્રથમ શ્રેણીનો સંબંધ લગ્ન તેમજ સમાન રુધિક ઉપર રચાયેલો છે. જેમ કે, પતિ-પત્ની વચ્ચેનો સંબંધ રક્ત સંબંધ પર આધારિત છે. તે પ્રથમ કોટિના સંબંધો ગણી શકાય. જે ચિત્ર-1 અને ચિત્ર-2 દ્વારા સ્પષ્ટ જોઈ શકાય છે.





(ચિત્ર-1) (ચિત્ર-2)

**2. દ્વિતીય શ્રેણીનો સગપણ સંબંધ (Secondary Kinship) :-**

*દ્વિતીય શ્રેણીમાં તેવી વ્યક્તિઓ આવે છે જે સગપણ સંબંધીઓ સાથે આપણે પ્રથમ શ્રેણીનો સંબંધ નથી પરંતુ તેઓ સાથે આપણા પ્રથમ શ્રેણીના સંબંધીઓ પ્રથમ શ્રેણીના સંબંધ ધરાવતા હોય તેવા સગપણ સંબંધીઓ આપણા દ્વિતીય શ્રેણીના સગપણ સંબંધીઓ છે. જેમ કે, આપણા પિતા આપણા માટે પ્રથમ શ્રેણીના સંબંધી થયા, પિતાના ભાઈ પિતા માટે પ્રથમ શ્રેણીના સંબંધી થયા પરંતુ આપણા માટે બીજી શ્રેણીના સગપણ સંબંધી થયા કારણ કે આપણે એમની સાથે સીધો સંબંધ હોતો નથી પરંતુ પિતાને કારણે સગપણ સંબંધ છે. એટલે કે આપણા પ્રથમ શ્રેણીના સગપણ સંબંધી સાથે જેઓ પ્રથમ શ્રેણીનો સંબંધ ધરાવે છે તેઓ આપણા દ્વિતીય શ્રેણીના સંબંધી છે. દ્વિતીય શ્રેણીના સગપણ સંબંધમાં પણ બે પ્રકાર જોવા મળે છે.*

1. **દ્વિતીય શ્રેણીના સમાન રક્ત સંબંધ –** *આ સગપણ સંબંધમાં પિતાના પ્રથમ શ્રેણીના સંબંધીઓનો સમાવેર થાય છે, જેમ કે દાદા, કાકા વગેરે*
2. **દ્વિતીય શ્રેણીના સંમિલિત રક્ત સંબંધ –** *આમાં માતાના પ્રથમ શ્રેણીના સગપણ સંબંધીઓનો સમાવેશ થાય છે. જેમ કે મામા, નાના વગેરે*


*જેઓ પ્રાથમિક સંબંધીઓના પ્રાથમિક સંબંધી હોય છે. તેઓને દ્વિતીય સંબંધીઓ તરીકે ઓળખવામાં આવે છે. જેમ કે, આપણા બહેન સાથેના સંબંધો પ્રથમિક કોટિના ગણાય જ્યારે બનેવી સાથેના સંબંધ દ્વિતીય કોટિના ગણાય. એ જ રીતે સમાન રક્તના દ્વિતીય કોટીના સંબંધો હોઈ શકે. જે ચિત્ર 3 અને 4 દ્વારા સ્પષ્ટ થાય છે.*




(ચિત્ર-3) (ચિત્ર-4)

**3. તૃતીય શ્રેણીનો સગપણ સંબંધ (Tertiary Kinship):-**

*જે સંબંધીઓ સાથે આપણે દ્વિતીય શ્રેણીનો સંબંધ ધરાવતાં હોઈએ તેઓના પ્રથમ શ્રેણીના સંબંધીઓ આપણા તૃતીય શ્રેણીના સગપણ સંબંધીઓ કહેવાય. એટલે કે આપણા દ્વિતીય શ્રેણીના સગાંના પ્રથમ શ્રેણીના સગાં આપણા માટે તૃતીય કોટિના સગપણ સંબંધીઓ છે. જેમ કે, પિતા પુત્ર સાથે પ્રથમ શ્રેણીનો સંબંધ હોય છે. પિતાના ભાઈ અથવા કાકા દ્વિતીય શ્રેણીનો સંબંધ હોય છે અને કાકાના પુત્ર સાથે તૃતીય શ્રેણીના સંબંધ થાય છે. આ રીતે સંબંધો વધતા જાય છે જેઓ આપણા દ્વિતીયક સંબંધીઓના પ્રાથમિક સંબંધી હોય તેઓને તૃતીય કોટિના સંબંધીઓ તરીકે ઓળખવામાં આવે છે. તેઓ દ્વિતીયક સંબંધીઓ દ્વારા સંબંધિત હોય છે. સમાન રૂધિર પણ તૃતીય કોટીના સંબંધો હોઈ શકે તથા સંમિલિત પણ તૃતીય કોટીના સંબંધો પણ સંભવી શકે. નીચેના ચિત્ર નં-5 અને 6 દ્વારા સ્પષ્ટ થાય છે.*




(ચિત્ર-5) (ચિત્ર-6)

*આમ ચતુર્થ શ્રેણી, પંચમ શ્રેણીના સગપણ સંબંધીઓ સુધી આગળને આગળ વધી શકાય છે. આ બાબતે વિદ્વાન માનવશાસ્ત્રી મરડોકે અભ્યાસ કરીને તારવ્યું છે કે દરેક વ્યક્તિને લગભગ 33 દ્વિતીય શ્રેણીના ઓ 151 તૃતીય શ્રેણીના સંબંધો હોઈ શકે છે. આધુનિક સમાજમાં વધુમાં વધુ તૃતીય શ્રેણીઓના સગપણ સંબંધો જોવા મળે છે. પરંતુ જેમ-જેમ આપણે આગળ વધીએ તેમ-તેમ આ સંબંધોની સીમા વધતી જાય છે અને પારસ્પરિક હક્કો અને ફરજો પણ ક્રમિક રીતે ઘટતાં જાય છે. આ શ્રેણીઓ મિલકત અને વારસાની વહેંચણી સમજવામાં પણ ઉપયોગી થાય છે.*

## 3.3 સારાંશ

*આ એકમમાં તમે સગપણ સંબંધોની શ્રેણીઓની સમજ પ્રાપ્ત કરી. આ શ્રેણીઓ સગપણ સંબંધીઓ વચ્ચેનું જૈવિક અને સામાજિક અંતર સમજવામાં ઉપયોગી છે. તેના આધારે તેઓ વચ્ચેના પારસ્પરિક સંબંધો સમજી શકાય છે. આ શ્રેણીઓમાં પ્રથમ શ્રેણીના સગપણ સંબંધીઓ વચ્ચે જૈવિક સામાજિક વિકટતા છે, તેઓનાં પારસ્પરિક હક્કો અને*

*ફરજો વિશિષ્ટ છે. તેઓ પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા છે. જ્યારે તેની તુલનામાં દ્વિતીય, તૃતીય, ચતુર્થ વગેરે શ્રેણીઓના સંબંધીઓ વચ્ચે ઉત્તરોત્તર જૈવિક સામાજિક અંતર ઘટતા જાય છે, આ અંગેની ચર્ચા કરી છે.*

## 3.4 તમારી પ્રગતિ ચકાસો

1. *રક્ત સંબંધથી થયેલાં અને લગ્નથી થયેલાં સગાનાં દ્રષ્ટાંતોની છ લીટીમાં સમજાવો.*

   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................

2. *સગપણ-સંબંધોની શ્રેણીઓ કેટલી હોય છે ? બે લીટીમાં ઉત્તર લખો.*

   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................

3. *સગપણ-સંબંધોની શ્રેણીઓના અભ્યાસનું મહત્ત્વ જણાવો. પાંચ લીટીમાં ઉત્તર આપો.*

   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................

## 3.5 ચાવીરૂપ શબ્દો

- **પિતૃપક્ષનાં સગાં (Agnate) -** *પુરુષ વંશ અથવા પિતૃપક્ષે થતાં સગપણ સંબંધીઓ.*
- **લગ્ન સંબંધ (Affimity)** *લગ્ન દ્વારા થતા સંબંધને લગ્ન સંબંધ તરીકે વર્ણવામાં આવે છે.*
- **રક્ત સંબંધ (Consanguinity)** - *લોહીની સગાઈ દ્વારા સ્થપાયેલા સગપણનો નિર્દેશ કરે છે. વ્યક્તિ સાથે લોહીનું સગપણ ધરાવનારા બધા સગાં તેના સગોત્રીઓ છે.*
- **વંશ/કુળ (Descent)** - *એક પૂર્વજ કે વડવામાંથી ઊતરી આવેલાંને એક વંશ કે કુળના કહેવાય છે. મૂળ ખોળવાના વિવિધ ઉપાયો છે. આથી માનવ સમાજોમાં વંશની વિવિધ વ્યવસ્થાઓ જોવા મળે છે.*

## 3.6 કેટલાક ઉપયોગી પુસ્તકો


- *महाजन धर्मवीर और महाजन कमलेश,* 2009, *नातेदारी, विवाह एवं परिचय का समाजशास्त्र, विवेक प्रकाशन : दिल्ली*
- *जैन शोभित* 2010 *भारत में परिवार, विवाद औ रनातेदारी, रावत पब्लिकेशन्श : जयपुर*


## 3.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

- *રક્તની સગાઈ ધરાવતાં લોકો રક્ત સંબંધીઓ કહેવાય છે. લગ્ન દ્વારા સગપણ સંબંધ ધરાવતાં લોકો લગ્ન સંબંધીઓ કહેવાય છે. પિતા અને પુત્ર/પુત્રી વચ્ચે અથવા ભાઈ અને ભાઈ/બહેન વચ્ચેના સંબંધો એ રક્ત સંબંધનું દ્રષ્ટાંત છે. વ્યક્તિ અને તેની પત્નીના ભાઈ વચ્ચેનો સંબંધ એ લગ્ન દ્વારા થતા સગપણનું દ્રષ્ટાંત છે.*
- *સગપણ સંબંધોની શ્રેણીઓ એક કે તેથી વધુ હોઈ શકે. મુખ્યત્વે પ્રથમ, દ્વિતીય, તૃતીય સગપણ સંબંધોની શ્રેણીઓનો અભ્યાસ થાય છે. ચતુર્થ શ્રેણી, પંચમ શ્રેણીના સગપણ સંબંધીઓ સુધી આગળને આગળ વધી શકાય છે.*
- *સગપણ સંબંધોની આ શ્રેણીઓ સગપણ સંબંધીઓ વચ્ચેનું જૈવિક અને સામાજિક અંતર સમજવામાં ઉપયોગી છે. તેના આધારે તેઓ વચ્ચેના પારસ્પરિક સંબંધો સમજી શકાય છે. પ્રથમ શ્રેણીના સગપણ સંબંધીઓ વચ્ચે જૈવિક-સામાજિક નિકટતા છે. તેઓના પારસ્પરિક હક્કો અને ફરજો વિશિષ્ટ છે. જ્યારે તેની તુલનામાં દ્વિતીય, તૃતીય, ચતુર્થ વગેરે શ્રેણીઓના સંબંધીઓ વચ્ચે ઉત્તરોતર જૈવિક-સામાજિક અંતર વધતું જાય છે અને વારસાની વહેંચણી સમજવામાં પણ ઉપયોગી થાય છે. આ શ્રેણીઓ મિલકત અને વારસાની પદ્ધતિ આ શ્રેણીઓ ઉપર રચાયેલી છે.*

એકમ 4

# સગપણ સંબંધોમાં આવતું પરિવર્તન

-: રૂપરેખા :-

**4.0** ઉદ્દેશો

**4.1** પ્રસ્તાવના

**4.2** સગપણ સંબંધોની પરંપરાગત સમજની સમીક્ષા

**4.3** સગપણ સંબંધોમાં આવેલ પરિવર્તન

**4.4** નવા સગપણ સંબંધોના વિચારો

**4.5** સારાંશ

**4.6** તમારી પ્રગતિ ચકાસો

**4.7** ચાવીરૂપ શબ્દો

**4.8** કેટલાક ઉપયોગી પુસ્તકો

**4.9** તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 4.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે -*

- *સગપણ સંબંધો પરંપરાગત સમજને સમજી શકશે.*
- *સગપણ સંબંધોની વર્તમાન સ્થિતિ અંગે ચર્ચા કરી શકશે.*
- *સગપણ સંબંધોમાં આવતા પરિવર્તનને સમજી શકશે.*

## 4.1 પ્રસ્તાવના

*સામાજિક વિજ્ઞાનોની સગપણ સંબંધોને સમજવાની બે પદ્ધતિઓ છે. એક પદ્ધતિ મુજબ સગપણ સંબંધોનું વિશ્લેષણ માત્ર માનવ પ્રજનની જૈવિક આવશ્યકતાઓની સ્થિતિમાં જ કરી શકાય છે. એવી માન્યતા છે કે સગપણ સંબંધો યૌન સંબંધ અને પ્રજનન પર આધારિત છે. આ દૃષ્ટિકોણના સમર્થક વંશ અને વિવાહના માધ્યમથી સબંધોને ઓળખવા પર ભાર મૂકવામાં આવે છે. બીજી પદ્ધતિ મુજબ જૈવિકનો સંદર્ભ કેન્દ્રમાં માનવજાતિ સિવાય બીજું કશું નથી, જે યુરોપિય સંસ્કૃતિથી ઉદ્ભવેલ છે. આ દૃષ્ટિકોણ સગપણ સંબંધને સમાજની સાંસ્કૃતિક પ્રથાઓના સંદર્ભમાં સમજવાની વાત કરે છે. આ રીતે સગપણ સંબંધો મુખ્ય રૂપથી સંસ્કૃતિનો વિષય છે. સગપણ સંબંધો પ્રજનનની જૈવિક પ્રક્રિયાથી નિર્મિત ન થઈ તેની વ્યાખ્યાથી નિર્મિત થાય છે. પ્રથમ દૃષ્ટિકોણ જૈવિક મૉડલ અથવા વંશાવલી દૃષ્ટિકોણના રૂપમાં ઓળખાય છે, જેમાં વિશ્લેષણના કેન્દ્રમાં કુટુંબ અને લગ્ન રહે છે. લગ્ન અને પ્રજનનના માધ્યમથી કુટુંબ બનવાની સમાન રૂપી થવા વાળી પ્રાકૃતિક અને સાર્વભૌમિક ઘટના માનવામાં આવે છે. સાંસ્કૃતિક દૃષ્ટિકોણના સમર્થકો માટે*

*આવી ધારણા હંમેશા સાચી ન હતી. એટલે આ પ્રકારે સગપણ સંબંધોમાં બદલાવનો અભ્યાસ આ પ્રકરણમાં કરીશું.*

## 4.2 સગપણ સંબંધોની પરંપરાગત સમજની સમીક્ષા

*ડેવિડ શ્નાઈડર એક પ્રતીકવાદી માનવશાસ્ત્રી હતા જેમણે યથાર્થ સ્વરૂપે જૈવિક સ્થાનોમાં સગપણ સંબંધની ચાલી આવી રહેલ સમજનો અવિસ્કાર કર્યો હતો. શ્નાઈડર માટે નિયમ, મૂલ્ય અને પ્રતીકનું મહત્ત્વ હતુ અને એટલા માટે તેમણે સગપણ સંબંધોને સાંસ્કૃતિક સ્થાન આપ્યું. વાસ્તવમાં જૈવિકનો સગપણ સંબંધનો આધાર માનવીની જે ધારણા હતી તે પાશ્ચાત્ય માનવ શાસ્ત્રીઓના માનસી ઉપજ હતી, નહીં કે અભ્યાસ કરી રહેલ સમાજમાં પ્રાપ્ત થતી કોઈ હક્કીકત પોતાના ક્લાસિક ગ્રંથ "અમેરિકન ફિનશિપ : બ કલ્ચરલ અકાઉન્ટ" માં તેમણે આ દર્શાવેલ છે કે – "અમે અમેરિકી સંસ્કૃતિમાં જેને પ્રકૃતિ માનીએ છીએ, જે વાસ્તવમાં સંસ્કૃતિ છે" તેમણે સંસ્કૃતિને પ્રતિકો અને અર્થોની એક પ્રણાલીના સ્વરૂપે વ્યાખ્યાયિત કરી અને સગપણ સંબંધોને પ્રતીકો અને અર્થોના એક સમુચ્ય માન્યો. લોહી અને લગ્ન આધારિત સંબંધ જેમ કંઈક મહત્ત્વપૂર્ણ તત્ત્વોના સંદર્ભમાં સગપણ સંબંધોની પરિભાષાને પડકાર આપી, શ્નાઈડરે સગપણ સંબંધોને વંશાવલી અને ઘરેલુ ક્ષેત્રથી બહાર નિકળ્યા. જૈવિક અને લગ્ન સંબંધોના પ્રતિકાત્મક પરિણામ પર ધ્યાન આપી તેમણે સગપણ સંબંધોના અભ્યાસમાં નવી દિશાની શરૂઆત કરી. તેને માનવશાસ્ત્રમાં સાંસ્કૃતિક મોડ કહેવામાં આવે છે. તેમણે સગપણ સંબંધોને સાંસ્કૃતિક રૂપમાં પરિભાષિત કર્યું.*

*ડેવિડ શ્નાઈડરે જૈવિક બાબતની એક તરફી મહત્ત્વના આધાર પર સગપણ સંબંધોની પશ્ચિમી સમજની ઉપયોગિતા પર સવાલ ઉઠાવ્યો તેમણે દાવો કર્યો કે પશ્ચિમી માનવશાસ્ત્રી દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંત પોતાની ઉપયોગિતામાં સીમિત હતા. બિન-પશ્ચિમી સમાજના કુટુંબ અને સગપણ સંબંધોને સમજવામાં તે યોગ્ય ન હોતા થઈ શકતા. પોતાના પુસ્તક "એ ક્રિટીક ઓફ ધ સ્ટડી ઓફ કિનશિપ"માં ડેવિડ શ્નાઈડર સગપણ સંબંધોને એ હદ સુધી અમૂર્ત માને છે કે આ નામની કોઈ ચીજના અસ્તિત્વની જ મનાઈ કરે છે. ખાસ કરીને વિજાતીય એકલતા કુટુંબના સાર્વભૌમિક મૉડલના અર્થમાં જેમાં લગ્ન જૈવિક નિયમોની સામાજિક અભિવ્યક્તિ હોય તેમના અનુસાર અમેરિકી માનવ શાસ્ત્રીઓની પોતાના સમાજમાં ફેલાયેલ સામાન્ય અવિશ્વાસ આધારિત આ પૂર્વધારણા ક્ષતિપૂર્ણ હતી કે લોહી પાણીથી વધુ મૂલ્યવાન હોય છે. તેમણે એમ પણ કહ્યું કે યૂરો-અમેરિકી લોક મોડલ સગપણ સંબંધને પ્રકૃતિક એટલે કે જૈવિક તથ્યોને સમાજ નિર્મિત સમજે છે. પછીથી તેમણે તેને વિસ્તારથી પ્રસ્થાપિત કર્યું કે સગપણ સંબંધોને માનવશાસ્ત્રે આ મોડલો દ્વારા સગપણ સંબંધોની જૈવિક પ્રકૃતિ વિષે સ્વીકૃત માન્યતાઓને પુનરુત્પાદિત કરી. ઝોઓ ત્રણ આધારો પર સામાજિક માનવશાસ્ત્રીઓની સમીક્ષા કરે છે.*

1. તે માત્ર જૈવિક પાસાની વાત કરે છે.
2. તેનો સંબંધ માત્ર જૈવ-અનુવંશિક (બાયોજેનિટિક) તત્ત્વોની ભાગીદારી સાથે છે તે ભાગીદારીની માત્રા કે મર્યાદાનો અભ્યાસ કરી રહ્યા ન હોતા.
3. સંરચના અને સંસ્કૃતિમાં કોઈ અંતર કરતાં નથી.

આગળ કહેવાયું છે કે સગપણ સંબંધો જૈવ-આનુવંશિક તત્ત્વો પર આધારિત છે. પરંતુ સગપણ સંબંધોને સમજવા માટે સામાજિક પાસા પર પણ વિચાર કરવાની જરૂરિયાત છે.

## 1. સાંસ્કૃતિક પદ્ધતિ અને પ્રમાણભૂત પદ્ધતિ

માનવશાસ્ત્રી શ્નાઈડરે સગપણ સંબંધો અંગે પોતાના અભ્યાસમાં સમાજની સાંસ્કૃતિક પદ્ધતિ અને પ્રમાણભૂત પદ્ધતિ વચ્ચે તફાવત દર્શાવ્યો છે. તેમણે સાંસ્કૃતિક પદ્ધતિને એવા ભાગોમાં બનેલ પદ્ધતિ માની છે કે ખાસ રીતથી વ્યાખ્યાયિત કરવામાં આવે છે અને જેની વચ્ચે વિભિન્ન વિચારોના આધાર પર ભિન્નતા હોય છે. પ્રમાણભૂત પદ્ધતિ નિયમ કાયદાથી બની હોય છે. સમાજ અને સમુદાયમાં સ્વીકૃતિ મેળવવા માટે લોકો પાસે તેના પાલન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. એ ખરેખર કેવી રીતે વર્તવું. તે અંગેના નિયમો હોય છે. જેમ કે મધ્યમ વર્ગના એક પિતા પાસે એ અપેક્ષા રાખવામાં આવે છે કે તે પોતાના કુટુંબને સહારો આપવા માટે કમાય, છતાંપણ એ જરૂરી નથી કે મધ્યમવર્ગના બધા પિતા વાસ્તવમાં એવું કરતા હોય.

માનવ કેન્દ્રિત સમાજની વિચારણાથી સંસ્કૃતિ વધારે સ્થિર અર્પિત અને ખૂબ જ ઓછી પ્રક્રિયાત્મક પ્રગટ થાય છે. આછુ જ સાંસ્કૃતિક પદ્ધતિમાં, સંસ્કૃતિનો સંબંધ મંચ, મંચની વ્યવસ્થા અને પાત્રોથી રહે છે જ્યારે પ્રમાણભૂત પદ્ધતિનો સંબંધ પાત્રોનો નિર્દેશિત કરવા અને તેમને કઈ ભૂમિકા નિભાવવાની છે તેની સાથે રહે છે. એનો અર્થ એ નથી કે પ્રમાણભૂત પદ્ધતિઓ એકબીજાથી જોડાયેલ હોતી નથી. સાંસ્કૃતિક સ્તર, પ્રમાણભૂત સ્તરનો એક હિસ્સો હોય છે. સાંસ્કૃતિક ધારણાઓ આપણને બતાવે છે કે સંબંધ બે પ્રકારના હોય છે. રક્ત સંબંધ અને લગ્ન સંબંધ. પરંતુ આ સંબંધો સાથે કેવી રીતે જોડાવું, કેવી રીતે વર્તવું, તેને પ્રમાણભૂત પદ્ધતિના નિયમોને જાણવા જોઈએ. પરંતુ તેને સાંસ્કૃતિક પદ્ધતિની સાથે રાખવું જરૂરી છે. જે વાસ્તવમાં વ્યવહાર કે વર્તનમાં પ્રચલિત રહે છે. આમ, શ્નાઈડરે વિચારો મુજબ સગપણ સંબંધ સાંસ્કૃતિક છે. તે મૂર્ત વ્યવહારમાં અંતર્નિહિત અર્થો અને પ્રતીકો પર ધ્યાન આપે છે. શ્નાઈડર એ જાણવાની કોશિશ કરે છે તે કેવી રીતે સુસંગત અને પરસ્પર જોડાયેલાં અર્થો અને પ્રતીકોની દુનિયા બનાવે છે.

## 2. અમેરિકી સગપણ સંબંધ

અમેરિકી સંસ્કૃતિમાં સગપણ સંબંધ ક્ષેત્રનો અભ્યાસ કરવાના ક્રમમાં શ્નાઈડરે જોયું કે આ ક્ષેત્ર બે જુદા-જુદા ભાગોથી બનેલ વિશાળ ક્ષેત્રનો માત્ર એક હિસ્સો છે જે નીચે મુજબ દર્શાવી શકાય.

1. *જૈવ-આનુવંશિક તત્ત્વ કે લોહી, જે વિરાસતમાં મળેલ પ્રાકૃતિક તત્ત્વ છે.*
2. *આચાર-સંહિતા કે નૈતિક નિર્દેશ, જે સંબંધિત સભ્યોની વચ્ચે એકતા નક્કી કરે છે.*

*આ બંને તત્ત્વોના સંયોગથી સગપણ સંબંધોની ત્રણ મુખ્ય શ્રેણીઓ બને છે.*

(અ) *જ્યારે બંને તત્ત્વો એક સાથે હોય છે, તો રક્ત સંબંધ બને છે. આ રક્ત સંબંધીઓને પ્રાકૃતિક દૃષ્ટિએ જોડાયેલા માનવામાં આવે છે, જે પ્રાકૃતિક અથવા સ્વાભાવિક દૃષ્ટિએ જોડાયેલ ચીજોનો ભાગ હોય છે.*

(બ) *જ્યારે માત્ર આચાર સંહિતાની હાજરી હોય અને જૈવ-આનુવંશિક તત્ત્વ અનુપસ્થિત હોય ત્યારે લગ્ન દ્વારા અથવા અન્ય સંબંધિઓની શ્રેણી બને છે. આ પ્રાકૃતિક બનતુ નથી પણ નિયમ કે કાયદાની વિસ્તૃત શ્રેણીનો ભાગ હોય છે.*

(ક) *અંતમાં, જ્યારે જૈવ-આનુવંશિક તત્ત્વની હાજરી માત્ર હોય છે ત્યારે સંબંધિઓની શ્રેણી બને છે.*

*માનવશાસ્ત્રી શ્નાઈડર માટે સગપણ સંબંધનો સંબંધ જૈવ આનુવંશિક તત્ત્વોથી ન થતાં આપણે તેને કેવી રીતે વહેંચીએ છીએ તેની સાથે છે. જો વહેંચાયેલા તત્ત્વોની કલ્પના વર્ગ પરિબળોને બદલે માત્રાના સંદર્ભમાં કરવામાં આવે, તો વ્યક્તિગત પરિબળોના ધ્યાનમાં અવશ્ય રાખવું જોઈએ. કારણ કે માત્રામાં પરિવર્તનથી સગપણ સંબંધોના સંબંધમાં પરિવર્તન થાય છે. આ રીતે સગપણ સંબંધો ને પ્રકૃતિ અને સંસ્કૃતિના ક્રમમાં સમજી શકાય છે. સપિંડના આધાર પર વિશુદ્ધનું અમૂર્તિકરણ કરી, શ્નાઈડર રાષ્ટ્રીયતા અને ધર્મનો પણ ઉલ્લેખ કરે છે. સગપણ સંબંધોની જેમ, આ બંને પણ પ્રકૃતિ ક્રમ અને સંસ્કૃતિ ક્રમ, આ બંને ઘટકોથી બનેલ હોય છે.*

## 4.3 સગપણ સંબંધોમાં આવેલ પરિવર્તન

*સગપણ સંબંધમાં આવેલ પરિવર્તનમાં સાંસ્કૃતિક દૃષ્ટિકોણને મહત્ત્વ મળ્યું છે. માનવશાસ્ત્રી શ્નાઈડરે સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી સગપણ સંબંધોના અભ્યાસે એવા માનવશાસ્ત્રીય અભ્યાસોનું પુનરુત્થાન કર્યું જે સંસ્કૃતિ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. આ અભ્યાસોને "નવા સગપણ સંબંધિ અભ્યાસો" કહેવામાં આવ્યા છે, કારણ કે આ સંબંધોની તપાસ કરે છે જે જૈવિક સંબંધો હોતા નથી. તેમનું ધ્યાન સમયની સાથે દેખભાળ કરવાથી પ્રગટ થતી સગપણ સંબંધ પ્રણાલી અને તેના માટે સકારાત્મક પસંદગી પ્રતિક્રિયા પર રહે છે. આ અભ્યાસોએ પશ્ચિમમાં સગપણ સંબંધોની નવિન અને ઉભરતા રૂપો પર પ્રકાશ પાડ્યો છે. તેમણે જે કેટલાક મુદ્દાઓને સામે લાવ્યા છે તે આ મુજબ છે – વિષમ લૈંગિક લગ્નની અસ્થિરતા અને છૂટાછેડા, સમલૈંગિક લગ્નનું વલણ, લૈંગિક સમાનતા, સમલૈંગિકોના અધિકાર, ઘટતો પ્રજનન દર, એકલા રહેવાવાળાની વધતી સંખ્યા વગેરે. જેને સગપણ સંબંધોમાં આવેલ પરિવર્તનો તરીકે ઓળખી શકાય. રૂા અંગે વિવિધ વિદ્વાનોના વિચારો નીચે મુજબ દર્શાવી શકાય.*

## 1. જેનેટ કાર્સ્ટન – સંબદ્ધતાની સંસ્કૃતિ

*ડેવિડ શ્નાઈડર દ્વારા સગપણ સંબંધોની સમિક્ષા પછી સંબદ્ધતા અને ભાગીદારી જેવા શબ્દ સગપણ સંબંધના અભ્યાસમાં લોકપ્રિય બની ગયા. આણે રક્ત સંબંધો અને ગઠબંધનના આધાર પર સગપણ સંબંધોની વધારે ઔપચારિક અને સીમિત વ્યાખ્યાઓથી, સંબદ્ધતા આધારિત અનૌપચારિક સંબંધોની તરફ પરિવર્તન પ્રગટ કર્યું છે. સમાજમાં દરરોજની પારસ્પરિકતાની વિગતો ધ્યાનમાં આવે છે. આ દૃષ્ટિકોણ મુજબ સંબદ્ધતા અંતર્ગત પ્રજનન, લગ્ન, ગોદ લેવું અને બીજા માર્ગો દ્વારા બનાવેલ બધા સંબંધનો સમાવેશ થાય છે. માનવશાસ્ત્રી જેનેટ કાર્સ્ટને સંબદ્ધતા શબ્દનો પ્રર્યાય વધુ પ્રમાણમાં કર્યો. જેમણે જૈવિક અને સામાજિકની વચ્ચે પૂર્વ-નિર્મિત વિશ્લેષણાત્મક ધ્રુવીયતાની બહાર નીકળવા માટે સંબંદ્ધતાનો પ્રયોગ કર્યો. જેનેટ કાર્સ્ટન જણાવે છે કે સંબંદ્ધતાનું વર્ણન કરવું કે તેને વ્યક્ત કરવા માટે સમાજ-વિશેષમાં પ્રચલિત પદો અને વ્યવહારોનો ઉપયોગ કરવો જોઈએ, જેમાંથી કેટલાક માનવશાસ્ત્રીઓ દ્વારા પરંપરાગત રીતે સમજવાવાળા સગપણ સંબંધના ક્ષેત્રથી બહાર સ્થાન હોય છે. મલેશિયાના કેપી દ્વીપ સમૂહમાં સંબદ્ધતા સંબંધી વિચારોથી જાણી શકાય છે કે "સામાજિક"ને "જૈવિક" અને "જૈવિક" ને "પ્રજનન" ની વચ્ચે જુદાપણું કઈ હદ સુધી સંસ્કૃતિ સાપેક્ષ હોય છે. લૈગિંક સંબદ્ધતા, પ્રજનન તથા એક સાથે રહેવું અને ભોજન લેવું થી બને છે. તેમની વચ્ચે પ્રયોગમાં લાવવામાં આવેલ શબ્દાવલીની શરતોથી, તેમાંથી કેટલાકને સામાજિક અને અન્યને જૈવિક કહેવું અર્થ વગરનું છે. સંબદ્ધતાની અવધારણા સગપણ સંબંધને એક એવી પ્રક્રિયાના રૂપમાં વ્યાયિત કરે છે, જેના દ્વારા સંબંધ સતત બનાવવા, અનુભવ અને આયોજિત કે વ્યવસ્થિત કરવામાં આવે છે.*

## 2. મર્લિન સ્ટ્રૈથરનનાં વિચારો

*મર્લિન સ્ટ્રૈથરને તકનીકી હસ્તક્ષેપો દ્વારા જૈવિકની ધારણા પર સવાલ ઉઠાવતા, સગપણ સંબંધોના જૈવિક અને સાંસ્કૃતિકની અતિશયોક્તિ પર બે જુદી-જુદી શ્રેણીઓ પર સવાલ ઉઠાવ્યો. શ્નાઈડર દ્વારા પ્રેરિત થતાં મર્લિન સ્ટ્રૈથર સલાહ આપે છે કે સગપણ સંબંધો એ માત્ર "પ્રાકૃતિક તથ્યો પર આધારિત સામાજિક નિર્માણ" છે. તેના બદલે પોતે પ્રકૃતિથી જૈવિકનું જ્ઞાન થવા લાગ્યુ છે. તેમનો તર્ક છે કે જૈવિક એટલે કે આનુવંશિક સંબંધને સ્વાભાવિક રીતે સગપણ સંબંધ માની લેવામાં આવ્યા. સ્ટ્રૈથરન પોતાના પુસ્તક- 'કિનશિપ ઈન ગ્રેટ બ્રિટેન'* (1992)*માં તકનીકી બદલાવ ને કારણે જૈવિકની ધારણામાં આવેલ બદલાવો પર પ્રકાશ પાડ્યો છે. પ્રકૃતિ અને સંસ્કૃતિની વચ્ચેના દ્વિધાજન કે ધ્રુવીયતાનો અસ્વીકાર કરતા તેમણે તર્ક આપ્યો છે કે જૈવિક બાબત હવે સગપણ સંબંધ દર્શાવવામાં નિર્વિવાદ આધાર રહી ગયો નથી. કારણ કે નવી પ્રજનન તક્રીક, જૈવિક સગપણ-સંબંધોના નિર્માણમાં માનવીય હસ્તક્ષેપને દ્રશ્યમાન બનાવે છે. એટલા માટે તેમાં પ્રાકૃતિક અને જૈવિક વધુ સ્પષ્ટતા સાથે સામે આવ્યા છે. એવામાં અર્પિત માનીને ચાલવું હવે સંભવ રહ્યું નથી. હવે એ જરૂરી બની ગયું છે કે જૈવિકના તાર, સામાજિક અને*

*સાંસ્કૃતિક પરિઘટનાઓથી જોડાયેલ છે, આ માન્યતાના આધાર પર ચર્ચા અને તપાસ થવા જોઈએ.*

### 3. કૈથ વેસ્ટનનાં વિચારો

*કૈથ વેસ્ટને સૈન ફ્રાંસિસ્કોમાં રહેવાવાળા સમલૈંગિકના પરિવારોનો અભ્યાસ કર્યો. જેમાં સગપણ સંબંધની ધારણા પ્રતીકાત્મકતા, પ્રેમ અને દોસ્તીના આધાર પર ટકેલી હતી. "પસંદ કરેલ કુટુંબ" શબ્દનો પ્રયોગ સમલૈંગિકોના કુટુંબ માટે કરવામાં આવે છે, જે અસ્વીકૃતિ અને હિંસાને કારણે પોતાના જૈવિક કુટુંબથી બહાર નિકળવાનો વિકલ્પ પસંદ કરે છે. આ કુટુંબ જન્મ કુટુંબથી બિલકુલ ઉલટું હોય છે કૈથ વેસ્ટને કુટુંબની એ સમજની ટીકા કરી, જે માત્ર પુરુષ અને મહિલાની વચ્ચે જાતીય સંબંધના માધ્યમથી બને છે. સમલૈંગિકોની વચ્ચે કુટુંબનો તેમનો અભ્યાસ પોતાની મર્જીથી પસંદગીના માધ્યમથી સગપણ-સંબંધ બનાવવાનું એક ઉદાહરણ રજૂ કરે છે. તે આપણને જૈવિક સગપણ સંબંધના પ્રાકૃતિક લક્ષણોને આપેલા માનીને ન ચાલવાનો સુઝાવ આપતા કહે છે કે 'પસંદગી'ના આધાર પર જૈવિક બંધનોથી અલગ કુટુંબની રચના સંભવ છે. કૈથ વેસ્ટને સગપણ સંબંધોની બુનિયાદમાં સત્તસંબંધોની જગ્યાએ સહમતિ આધારિત સંબદ્ધતાને રાખી. કારણ કે આ રીતનાં સમલૈંગિક સગપણ સંબંધોમાં સંબંધ, દોસ્તી અને પ્રેમના આધાર પર બને છે ન કે જૈવિક અથવા લગ્નના આધાર પર સાંસ્કૃતિક રીતે આવા કુટુંબોની ઓળખ માત્ર રહેવાની વ્યવસ્થામાં નહીં પરંતુ, જે રીતની ઈચ્છા કે અભિલાષાને પુનરુત્પાદિત કરે છે. તેમાં પણ સૂચિત થાય છે. આ પ્રકારની અભિલાષા સાથે રહેતા દંપતીને સંતાન પેદા કરવા તરફ ઉન્મુખ કરે છે અને આ વિચારથી આ દાંપત્ય અન્ય દાંપત્યોની જેમ જ હોય છે. ભેદ યુગલ બનાવવાની રીતો કે વિવિધતામાં હોય છે. સમલૈંગિક યુગલ પ્રજનન સંબંધી સગપણ સંબંધની વ્યાખ્યાથી જૈવ-આનુવાંશિક ઓળખને વિસ્થાપિત કરવા ઈચ્છે છે. આ કુટુંબ અને સગપણ સંબંધની સાંસ્કૃતિક સમજનું એક ઉદાહરણ છે. જ્યાં સંબંધો અર્પિત નથી હોતાં, પરંતુ દરરોજની સ્થિતિઓમાં બનાવવા એને અકબંધ રાખવામાં આવે છે.*

## 4.4 નવા સગપણ સંબંધોના વિચારો

*સાંસ્કૃતિક દૃષ્ટિકોણ સગપણ સંબંધને એક પ્રતીકાત્મક પદ્ધતિના રૂપમાં પરિભાષિત કરે છે. આવી રીતના દૃષ્ટિકોણનો પછીના અભ્યાસો પર ઊંડી અસર પડી. પશ્ચિમી સમાજોમાં સગપણ સંબંધના પછીના અભ્યાસોમાં જ્યારે એથનિસિટી, વ્યક્તિગત અનુભવ અને અન્ય ખાસિયતો સાથે સાંસ્કૃતિક પરિબળોને વિચાર-વિમર્શ દ્વારા ઊંડાણપૂર્વક વર્ણન કરવામાં આવ્યું, ત્યારે સગપણ સંબંધની સમજમાં આવેલ ભિન્નતા નજરમાં આવવા લાગી સાંસ્કૃતિક દૃષ્ટિકોણનું સૌથી વધુ યોગદાન એ રહ્યું કે તેણે સગપણ સંબંધને માત્ર જૈવિક બાબત સુધી સીમિત રહેવા દીધું નથી તેણે સગપણ સંબંધ દ્વારા એ સંબંધોને, જૈવિક બંધનો પણ અપનાવ્યા. જે લોહી કે લગ્ન સંબંધોના ક્ષેત્રથી બહાર હતા.*

## 1. જૈવિક થી બહાર

*શ્નાઈડરે સાંસ્કૃતિક દૃષ્ટિકોણનો કેટલાક માનવશાસ્ત્રીઓએ આવકાર આપ્યો. જે સગપણ સંબંધને જૈવિક બંધનોથી મુક્ત કરવા ઈચ્છતા હતા. સમલૈંગિકોએ આ ધારણાનું સમર્થન કર્યું કે બિન પરંપરાગત કુટુંબોને બનાવવા અને તેમાં દરરોજના જીવન સંચાલન માટે જૈવિક પાસું કોઈ માપદંડ નિર્ધારિત કરતાં નથી. સાંસ્કૃતિક દૃષ્ટિકોણને વિષમલૈંગિક કોઈ એકલ યૌન સંબંધોને સામેલ કરી કુટુંબ અને લગ્નની સમજને વિસ્તૃત કરી, જૈવિકના અન્ય આધાર પર બનેલ સંબંધોના મોટા ફલકને સમજવામાં 'કાલ્પનિક' સગપણ સંબંધની અવધારણા પ્રાસંગિક બની ગઈ. હવે વિદ્વાન અને સમાજવિજ્ઞાની આ બાબતને લઈ વધારે જાગૃત છે કે, સગપણ સંબંધ માત્ર શારીરિક સંબંધોનું પ્રતિબિંબ નથી પરંતુ, તેની વિશિષ્ટ સાંસ્કૃતિક સંદર્ભોમાં સામાજિક રૂપથી નિર્મિત હોય છે. આ રીતની જાગૃતિનું એક પરિણામ વંશાવલી સંબંધોથી દૂર જવાની કોશિશો અને સંબદ્ધતા જેવા વધુ ઉપર્યુક્ત શબ્દોના પ્રયોગના રૂપમાં જોવા મળ્યા.*

## 2. નારીવાદી યોગદાન

*નારીવાદીઓ દ્વારા આનો સૌથી વધુ ઉપયોગ કરવામાં આવ્યો. તેમણે લૈંગિકતાની વિરચના કે પુનર્પાઠ માટે આ દૃષ્ટિકોણનો ઉપયોગ કર્યો. નારીવાદીઓએ લૈંગિકતાને સાંસ્કૃતિક નિર્મિત બતાવતા કહ્યું કે તેનો અર્થ સમાજ-દર-સમાજે ભિન્ન એટલે કે સમાજ સાપેક્ષ થાય છે. તેમણે લૈંગિકતાને વિશ્લેષણના કેન્દ્રમાં રાખી તથા વંશ અને ગઠબંધનના બદલે સત્તા સંબંધોની ગતિ (ડાયનામિક્સ)ને મહત્ત્વ આપ્યું. આ રીતે સગપણ સંબંધ અને વંશ સંબંધને અધિકારો અને કર્તવ્યોના પદોમાં નહીં પરંતુ, સત્તા અને તેને પ્રાપ્ત કરવાની રણનીતિઓના પદોમાં નિર્મિત કરવામાં આવી. પિતૃવંશીય વ્યવસ્થા પર કોલિયરના અભ્યાસમાં આ બાબત પર પ્રકાશ પાડ્યો કે પિતૃસ્થાનિક રહેઠાણોમાં મહિલાઓ પોતાના પતિ અને પુત્રોના માધ્યમથી પોતાના હિતોને આગળ વધારવા માટે કેવી રણનીતિઓ અપનાવે છે.*

*જેનો કોલિયર અને સિલ્વિયા યાનગિસાકો એ જણાવ્યું કે, સગપણ સંબંધો અને લૈંગિકતાના અભ્યાસને પ્રજનન પુનરુત્પાદનના જૈવિક તથ્યોના સંદર્ભમાં રાખવું જોઈએ નહીં કારણ કે તે પોતે સાંસ્કૃતિક નિર્મિત હોય છે. તેમણે એ વાત પર મહત્ત્વ આપ્યું કે, વિભિન્ન સાંસ્કૃતિઓમાં પુરુષ અને મહિલા, સ્ત્રીત્વ અને પુરુષત્વની જુદી-જુદી ધારણાઓ હોય છે. સગપણ સંબંધ અભ્યાસમાં નારીવાદી યોગદાને એક નવી દિશા આપી જેમાં મહિલાઓને એજન્ટ (સક્રિયકર્તા) ના રૂપમાં જોવા પર મહત્ત્વ આપવામાં આવ્યું, માત્ર દેહના રૂપમાં નહીં, જેના પર પુરુષોનો આધિકાર છે અને જે પરિજનોને એક સમૂહમાં સાથે રાખવાનું કામ કરે છે. નેવુંના દશક સુધી એવા અનેક અભ્યાસો સામે આવ્યા જેમણે કુટુંબીજનો ખાસ કરીને માતા અને માતુત્વના અર્થમાં આવેલ બદલાવોની નોંધ કરી છે. રેગોનીએ પોતાના પુસ્તક "સરોગેટ મધરહૂડ કોન્સેપ્શન ઈન ધ હાર્ટ"* (1994)*માં જૈવિક*

*માતા (સરોગેટ) અને દત્તક માતા (સરોગેટને ભાડે લેવાવાળી મહિલા) ની વચ્ચે અંતર કર્યું. તેમના વિચાર મુજબ ગોદ લેવાવાળી માતા એ છે જે બાળકને પોતાના હ્રદયમાં ધારણ કરે છે, ગર્ભ (દેહ)માં નહીં. તે જણાવે છે કે બંને માતાઓ ખરીદદારી અને અનુષ્ઠાનોમાં ગર્ભાવસ્થાના અનુભવોને કેવી રીતે વર્ણવે છે, અને આ રીતે માતૃત્વને નવો અર્થ મળે છે. માતૃત્વને નવો અર્થ મળે છે. માતૃત્વને માત્ર જૈવિક સંબંધો પર નહીં, પરંતુ દેખભાળ પર આધારિત માનવામાં આવે છે.*

**3. પ્રજનનની નવી તકનીકી(NRTs)**

*એન.આર.ટી (પ્રજનનની નવી તકનીકી)નો આશય દુનિયાભરમાં પ્રજનન માટે ઉપયોગ કરવામાં આવતી નવી તકનીકો અંગે છે. જેમાં જીન ટ્રાન્ફર, ઈન વાઈટ્રો ફર્ટિલાઈજેશન, ભ્રૂણ ટ્રાંસફર, ગૈમેટે ઈટ્રા-ફૈલોપિયન ટ્રાન્સફર, સરોગેસી, સ્પર્મ બેંક, ફ્રોજન ભ્રૂણ વગેરેનો સમાવેશ થાય છે. આનો ઉપયોગ કરીને કલઈપણ મહિલા ઈચ્છે તો યૌનક્રિયા વગર ગર્ભધારણ કરી શકે છે. એનઆરટી સગપણ સંબંધની પહેલા પ્રચલિત સાંસ્કૃતિક નિર્મિતને ચુનૌતી આપે છે અને નવી રીતથી સામાજિક સંબંધોને અસ્તિત્વમાં લાવી સગપણ સંબંધોને પહેલા પ્રચલિત સાંસ્કૃતિક નિર્મિતને ચુનૌતી આપે છે અને નવી રીતથી સામાજિક સંબંધોને અસ્તિત્વમાં લાવી સગપણ સંબંધોને પુનર્પરિભાષિત કરે છે. એ લોકોને સંબદ્ધતા ઓળખ અને સામાજિક સાંસ્કૃતિક સંબંધોની પોતાની સમજને સ્પષ્ટ કરવામાં સક્ષમ બનાવે છે. સર્લિન સ્ટ્રૈથરન જણાવે છે કે, એનઆરટીને સગપણ સંબંધોને સમજવાની પદ્ધતિમાં એક નવો દૃષ્ટિકોણ દર્શાવ્યો છે. જેને ક્યારેક સ્વાભાવિક માનવામાં આવતું હતું, તે હવે પસંદગી કે ઈચ્છાનો વિષય બની ગયો છે. આમ, તકનીકી એ સગપણ સંબંધોનું વિ-પ્રાકૃતિકરણ કર્યું છે. તેણે લોકોને પુનરુત્પાદન અને સંબંધ બનાવવા માટે પસંદગી કે ઈચ્છાનો અવસર આપી તેને સક્ષમ બનાવ્યું છે. તેણે સગપણ સંબંધના નેટવર્કમાં નવાં પ્રકારના લોકો જેમ કે શુક્રાણુ કે અંડાણું દાતા, ને સામેલ થવાની સંભાવના ઉત્પન્ન કરી છે. આ પ્રકારે તકનીકી સગપણસંબંધને નવો દૃષ્ટિકોણ આપે છે. જે જૈવિકથી બહાર છે અને સગપણ સંબંધના નેટવર્કને પણ ફેલાવે છે.*

*સુસાન માર્થાએ પોતાના પુસ્તક "એગ્સ એન્ડ વૉમ્બ્સ : ધ ઓરિજિંસ ઓફ જ્યૂઈશનેસ"માં દર્શાવે છે કે, પ્રજનનની તકનીકી યહૂદી વ્યક્તિપણને લૈંગિકતા અને યૌન સંબંધી ભૂમિકાઓ દ્વારા કેવી રીતે રચાય છે. આઈવીએફ (ઈન વાઈટ્રો ફર્ટિલાઈજેશન)ના એથનોગ્રાફિય અભ્યાસોના માધ્યમથી તે જણાવે છે કે કેવી રીતે યહૂદી મહિલાઓ રાજ્ય-સ્વીકૃત પ્રજનન તકનીકીના ઉપયોગ દ્વારા પ્રજનનમાં પોતાની એજન્સીનો પ્રયોગ કરે છે. તેમની શોધથી જાણ મળે છે કે, કેવીરીતે એકલ, નિઃસંતાન ઈઝરાયલી મહિલાઓ પણ પોતાના પ્રજનનના ભવિષ્ય પર નિયંત્રણ કરી શકે છે. આ રીતે સગપણ સંબંધ જૈવિક અને લગ્ન સુધી જ સીમિત નથી. માતૃત્વ અને સગપણ સંબંધ બંને સાંસ્કૃતિક નિર્મિત છે. જેમાં મહિલાઓ માત્ર આદેશ પાલન કરવાવાળી ભૂમિકામાં હોતી નથી. પરંતુ સહાયક પ્રજનન તકનીકીની પ્રક્રિયામાં સંલગ્ન હોવાને નાતે તે સક્રિય નિયંત્રકની ભૂમિકામાં હોય છે.*

*તેનાથી તેને યહૂદી સગપણ સંબંધની એક નવી શ્રેણી વિકસિત કરવામાં મદદ મળે છે. જે લગ્નની ધાર્મિક અને સામાજિક સંસ્થાથી અલગ હોય છે.*

## 4.5 સારાંશ

*આ એકમમાં આપણે માનવશાસ્ત્રી ડેવિડ શ્નાઈડર દ્વારા પ્રતિપાદિત સગપણ સંબંધોના અભ્યાસમાં સાંસ્કૃતિક દષ્ટિકોણ વિશે શીખ્યા. આ દષ્ટિકોણ પ્રજનન અને તેની પ્રક્રિયાને આપવામાં આવેલ પ્રતીકાત્મક અર્થ પર ભાર આપે છે. શ્નાઈડરના મત મુજબ, પશ્ચિમી માનવશાસ્ત્રીઓની સગપણ સંબંધની સમજ સમસ્યાપ્રદ હતી કારણ કે તે તેમની આ પૂર્વમાન્યતા પર આધારિત હતી કે જૈવિકતા સાર્વભૌમિક છે અને કોઈપણ લોહી અને લગ્નના માધ્યમથી જોડાયેલ હોવાના સમાન નિયમનું પાલન કરે છે. અમેરિકી સગપણ સંબંધોની સમજ કેવી રીતે આ બાબત પર નિર્ભર કરે છે કે લોકો તેની વ્યાખ્યા કેવી રીતે કરે છે. અન્ય માનવશાસ્ત્રીઓ એ સંબદ્ધતા અને સહભાગિતાના તત્ત્વોની પ્રક્રિયા પર ભાર આપવા માટે તેના દષ્ટિકોણને અપનાવ્યો. આ દષ્ટિકોણ જૈવિકતાથી બહાર સગપણ સંબંધને સમજવા માટે પ્રાસંગિક થઈ ગયો. સાથે જ લગ્ન અને કુટુંબ સંસ્થાની આપેલ પરિભાષા પર પણ સવાલ ઉઠ્યા. સમલૈંગિકો દ્વારા બનેલ કુટુંબો સમજવા માટે સાંસ્કૃતિક દષ્ટિકોણનો ઉપયોગ કરવામાં આવ્યો; જે ભાગીદારી અને દોસ્તી પર આધારિત હતા. તેણે નવી પ્રજનન તકનીકી દ્વારા નિભાવેલ ભૂમિકા પર પ્રકાશ પાડતા માતા બનવા અને માતૃત્વના અર્થને પુનર્પરિભાષિત કર્યો અને સગપણ સંબંધના ક્ષેત્રને વિસ્તારી દિધો. નારીવાદી માનવશાસ્ત્રીઓએ લૈંગિક સંબંધોની રચનામાં ઘર-કુટુંબમાં ચાલવાવાળી સત્તાની ગતિ અને રણનીતિઓની વ્યાખ્યા માટે સાંસ્કૃતિક દષ્ટિકોણનો ઉપયોગ કર્યો.*

## 4.6 તમારી પ્રગતિ ચકાસો (ક)

1. *પરંપરાગત સગપણ સંબંધોની શ્નાઈડર દ્વારા કરવામાં આવેલ સમીક્ષાને ટૂંકમાં સમજાવો.*

   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................

2. *જૈવિક કુટુંબ અને પસંદ કરેલ કુટુંબ વચ્ચે બે તફાવત બતાવો.*

   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................

3. *નવા સગપણ સંબંધના અભ્યાસને વ્યાખ્યાયિત કરો.*

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

## 4.7 ચાવીરૂપ શબ્દો

- **સાંસ્કૃતિક પદ્ધતિ** - *આ એવી એકમોથી બનેલ પદ્ધતિ માનવી જે ખાસ રીતે પરિભાષિત કરવામાં આવે છે અને જેમની વચ્ચે વિભિન્નવિચારોના આધાર પર ભિન્નતા હોય છે.*
- **પ્રમાણભૂત પદ્ધતિ** - *આ નિયમ કાયદાથી બનેલ હોય છે. સમાજ અને સમુદાયમાં સ્વીકૃતિ મેળવવા માટે લોકો દ્વારા તેના પાલન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. જેમ કે ધર્મ સંસ્થા પ્રમાણભૂત પદ્ધતિ છે જ્યારે પૂજા માટે મંદિર જવું એ સાંસ્કૃતિક છે.*

## 4.8 કેટલાક ઉપયોગી પુસ્તકો

1. *શ્નાઈડર ડી. એમ.* (1980) *અમેરિકી કિનશિપ : અ કલ્ચરલ એકાઉન્ટ શિકાગો યુનિ. પ્રેસ.*
2. *શ્નાઈડર ડી. એમ* (2004) *'વ્હાટ ઈજ કિનશિપ : અ કલ્ચરલ એકાઉન્ટ શિકાગો' આર પાર્કિન અને સ્ટોન (સં.) કિનશિપ એન્ડ ફેમિલી : એન' એન્થ્રોપોલોજિકલ રીડર, યૂ. એસ. એ., બ્લેકવેલ*
3. *કાર્સ્ટન જેને* (1995) *'ધ સબ્સટેસ ઓફ કિનશિપ એન્ડ ધ હીટ ઓફ ધ હાર્ટ ફીડિંગ, પર્સનહુડ, એન્ડરિલેટેડનેસ અમંગ મલય ઈન પુલાઉ લૈંગકોવી' અમેરિકન એથનોલોજિસ્ટ.*
4. *કાન માર્થા* (2004) *'એગ્સ એન્ડ બોમ્બ્સ : ધ ઓરિજિન્સ ઓફ જ્યૂડશનેસ' આર પાર્કિન એન્ડ એલ. સ્ટોન (સં), કિનશિપ એન્ડ ફેમિલી : એન એન્થ્રોપોલોજિકલ રીડર, યૂ. એસ. એ., બ્લૈક્વેલ*
5. *વેસ્ટન કૈથ* (2013) *ફૈમિલીજ વી ચૂજ : લેસબિયંસ, ગેસ કિનશીપ, કોલંબિયા યુનિવર્સિટી પ્રેસ.*

## 4.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ (ક)

**1. શ્નાઈડરે નીચેના આધાર પર પરંપરાગત સગપણ સંબંધના અભ્યાસની આલોચના કરી.**

➢ *પરંપરાગત સિદ્ધાંત જૈવિક બાબતના એકતરફી મહત્ત્વ પર આધારિત હોવાને કારણે પોતાની ઉપયોગિતામાં સીમિત હતા. દ્વૌર-પશ્ચિમી સમાજના કુટુંબ અને સગપણ સંબંધને સમજવામાં ઉપયુક્ત થઈ શકતાં નથી.*

- *તેનો સંબંધ માત્ર જૈવ-આનુવંશિક (બાયોજેનેટિક) તત્ત્વોની ભાગીદારીતી હતા. જો ભાગીદારીની માત્રા કે હદનો અભ્યાસ કરી રહ્યાં ન હતાં.*
- *તે સંરચના અને સંસ્કૃતિમાં કોઈ ભેદ કરી રહ્યાં નથી.*

**2. જૈવિક કુટુંબ અને પસંદ કરેલ કુટુંબમાં બે તફાવત નીચે મુજબ છે.**

- *જૈવિક કુટુંબ પ્રજનન આધારિત હોય છે જ્યારે પસંદ કરેલ કુટુંબ મિત્રતા આધારિત હોય છે.*
- *જૈવિક કુટુંબનું સભ્યપદ જન્મના આધાર પર મળી જાય છે જ્યારે પસંદ કરેલ કુટુંબનું સભ્યપદ મોટા થયા પછી પોતાની મરજીથી બની જાય છે.*

3. **નવા સગપણ સંબંધના અભ્યાસથી, વંશ અને ગઠબંધન દષ્ટિકોણથી સાંસ્કૃતિક** *વિશ્લેષણની તરફ ઉન્મુખ થવાનો બોધ થાય છે. જેમાં લોહી, આનુવંશિકતા અને લગ્નથી જુદા, વ્યાપક કે વિશાળ ફ્રેમવર્ક દ્વારા સગપણ સંબંધને સમજવા પર ધ્યાન રહે છે. પ્રજનનની નવી તકનીકી, સમલૈંગિક કુટુંબો અને અન્ય સમબદ્ધ પ્રક્રિયાઓએ સગપણ સંબંધની સમજમાં નવા પરિમાણો/આયામ જોડ્યા છે.*

એકમ 5

# સગપણ સંબંધોનું સંગઠન અને પ્રકારો

-: રૂપરેખા :-

**5.0** ઉદ્દેશો

**5.1** પ્રસ્તાવના

**5.2** સગપણ સંબંધોનું સંગઠન

**5.3** સગપણ સંબંધોના સંગઠનના પ્રકાર

**5.4** ઉત્તર-પૂર્વ અને દક્ષિણ-પશ્ચિમ ભારતની માતૃવંશીય સમુદાયોમાં સગપણ સંબંધોનું સંગઠન(**Kinship Organisation in Matrilineal Communities in North East and South West India)**

**5.5** સારાંશ

**5.6** ચાવીરૂપ શબ્દો

**5.7** કેટલાક ઉપયોગી પુસ્તકો

**5.8** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 5.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે -*

- *સગપણ સંબંધોના સંગઠનની સમજણ પ્રાપ્ત કરી શકશો.*
- *સગપણ સંબંધોના સંગઠનના પ્રકારની ચર્ચા કરી શકશો.*
- *ઉત્તર ભારતની સગપણ સંબંધીઓની વ્યવસ્થાનાં મુખ્ય પાસાંની ચર્ચા કરી શકશો.*

## 5.1 પ્રસ્તાવના

*ભારત વિવિધતાઓથી ભરેલો દેશ છે. તેના વિવિધ પ્રદેશોમાં સગપણ સંબંધોના સંગઠનો પ્રચલિત છે. ભારતના ભૌગોલિક વિસ્તારો મુજબ વિવિધ સગપણ સંબંધોના સંગઠનોમાં ઉત્તર ભારત, દક્ષિણ ભારતના બે વિભિન્ન સ્વરૂપો વ્યક્ત કરે છે અને સમાજશાસ્ત્રીય સાહિત્યમાં તેનું તે પ્રમાણે વર્ણન કરવામાં આવે છે. એ યાદ રાખવું જોઈએ કે ઉત્તર અને દક્ષિણ ભારતના કોઈપણ પેટા વિભાગમાં સગપણ સંબંધોના સંગઠનની વિવિધતા જોવા મળતી નથી, એવો એનો અર્થ કરવાનો નથી. ભારતના ઉત્તરપૂર્વીય વિભાગો તથા પશ્ચિમના અને દક્ષિણના કેટલાક પેટા વિસ્તારોમાં બીજા ઘણા પ્રકારો જોવા મળે છે. અહીં રાષ્ટ્રીય અને પ્રાદેશિક સગપણ સંબંધોના સંગઠનનો અભ્યાસ કરવાનો છે.*

## 5.2 સગપણ સંબંધોનું સંગઠન

*ભારતીય સમાજની સામાજિક સંસ્થાઓનાં મૂળ સાહિત્યિક અને વિરૂદ્ધ પરંપરામાં રોપાયેલ છે. તે આપણી સામાજિક સંસ્થાઓના મૂળ અને વિચારસરણીઓ સમજાવવામાં ઘણા સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં મદદરૂપ બન્યો છે. જેમ કે, કે.એમ.કાપડિયાએ* (1947) *શાસ્ત્રકારોના ગ્રંથોને આધારે હિંદુ સગપણ સંબંધની વ્યવસ્થા વર્ણવી છે. પી.એચ.પ્રભુ* (1954)*નું "હિંદુ સામાજિક વ્યવસ્થા" પણ સંસ્કૃત ગ્રંથોના આધારે રચાયેલું છે. તેવી જ રીતે, ઈરાવતી કર્વે* (1940, 43-44 *અને* 1958) *તથા જી.એચ.ધુર્યે* (1946, 1955)*એ પણ હિંદુ સગપણ સંબંધની વ્યવસ્થાનો વિસ્તૃત અભ્યાસ કર્યો છે. એ બંને પણ શાસ્ત્રોનો આધાર લઈને ભારતના વિવિધ પ્રદેશોમાં જોવા મળતી સગપણ વ્યવસ્થાની તરાહોનો, સગપણ સંબંધોના સંગઠન અને પ્રકારને સામાજિક-ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સમજણ આપે છે. બીજું કે માનવશાસ્ત્રીઓ સગપણ સંબંધોના સંગઠનને અને સગપણ વ્યવસ્થાને વંશ અને જોડાણના દૃષ્ટિકોણથી જુએ છે. જેમાં વંશના અભિગમ અને લગ્ન સંબંધના અભિગમનો થોડીક સ્પષ્ટતા મેળવીએ જેથી આપણને સગપણ સંબંધોના સંગઠનની મહત્ત્વપૂર્ણ બાબતો સમજી શકવામાં સરળતા રહેશે.*

### (1) વંશનો અભિગમ (Descent Approch) :-

*ભારતમાં ચોક્કસ સામૂહિક, સામાજિક એકમોને પ્રસ્થાપિત કરવાના હેતુથી આપણા સમાજમાં સગપણ સંબંધ વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવે છે. આપણામાંના દરેકજણ અરસપરસ સહકાર અને ગાઢ સંબંધવાળા લોકસમૂહનો સભ્ય છે. આ જૂથ કે સંગઠનના લોકોની અરસપરસ મદદ આધાર પર આપણે અવલંબન ધરાવતા હોઈએ છીએ આવું સ્થાનિક સહકારનું વર્તન પતિ-પત્ની અને તેમનાં સંતાનોના કેન્દ્રસ્થાને કે પાયાગત કુટુંબને મુકાબલે હંમેશા મોટા કદનું હોય છે. જ્યારે આવા જૂથોને સમાન વંશ પર આધારિત હોય તે રીતે ઓળખવામાં આવે છે ત્યારે માનવશાસ્ત્રીઓ તેને વંશજ સમૂહ કે વંશાવળી સમૂહ તરીકે ઓળખાય છે. માતા-પિતામાંથી સંતાનોમાં સંક્રમિત થયેલું વંશ જૂથનું સભ્યપદ દર્શાવવાના સંભવિત છ માર્ગો હોઈ શકે.*

1. **પિતૃવંશીય :-** *અહીં પિતામાંથી પુત્ર એ રીતે પિતૃ પક્ષે વંશ ઓળખવામાં આવે છે.*
2. **માતૃવંશીય :-** *અહીં માતામાંથી પુત્રીમાં એ રીતે માતૃ પક્ષે વંશ ઓળખવામાં આવે છે.*
3. **ઉભયવંશીય (દ્વિ વંશીય) :-** *અહીં માતા અને પિતા બંને પક્ષે વંશજને ઓળખવામાં આવે છે. જ્યાં વંશના મૂળ વિભિન્ન ગુણધર્મોને લીધે માતા અને પિતા પક્ષે શોધી શકાય છે. એક પક્ષે જંગમ મિલકત દ્વારા અને બીજા પક્ષ દ્વારા સ્થાવર મિલકત સંક્રમિત થાય છે.*
4. **ઉભયપક્ષીય (Cognatic) :-** *કુળમાં માતા તથા પિતા એમ બંને પક્ષ દ્વારા સમાન રીતે લક્ષણો સંક્રમિત થતાં હોય છે. અહીં એક રેખીય સમૂહો બંધાતા નથી પરંતુ સમૂહ રચના (કોગ્નેટ) એક ગોત્ર કે કુળ સ્વરૂપની હોઈ શકે એટલે કે પિતા પક્ષ કે માતૃપક્ષ*

એવા સગા સંબંધીઓનો સમૂહ બંધાય છે અને તેમાં સભ્યપદ માતા અને/અથવા પિતા દ્વારા મળતું હોય છે.

5. **સમાંતરવંશ-કુળ :-** આ ખૂબ જ જવલ્લે જોવા મળતો પ્રકાર છે. જ્યાં વંશ લિંગ પરત્વે સંક્રમિત થાય છે. પુરુષો પોતાના પુત્રોને અને સ્ત્રીઓ પોતાની પુત્રીઓને વારસો સંક્રમિત કરે છે.
6. ચોકડી પ્રકારનો કે ઓલ્ટરનેટીવ પ્રકારનો વંશ પણ જવલ્લે જ જોવા મળે છે. આમાં પુરુષો તેમની દીકરીઓમાં અને સ્ત્રીઓ તેમના દિકરાઓમાં વારસો સંક્રમિત કરે છે.

ભારતમાં મોટા ભાગે પિતૃવંશીય અને માતૃવંશીય કુળ કે સગાસંબંધીની વ્યવસ્થાઓ જોવા મળે છે. આ બે પૈકી પિતૃવંશીય વ્યવસ્થા તથા પૃથક્કરણ દ્વારા આપણને ભારતની વિભિન્ન પ્રકારની સગપણ સંબંધી શ્રીમતી ઈ.કે.ગૂધ (1956) વંશ કે કુળની એકતા અને જમીન પરના સામુહિક હક્કોની ચર્ચા કરી છે. તેમણે વ્યાપક સગપણ વ્યવસ્થાની વિભિન્ન ભૂમિકાઓ અને વ્યક્તિઓ વચ્ચેના આંતર સંબંધો પર ધ્યાન દોર્યું છે. ટી.એન.મદને (1965) કાશ્મીરી બ્રાહ્મણ સમાજને વ્યવસ્થિત બાંધનાર સિદ્ધાંત તરીકે સગપણ સંબંધની ભૂમિકા સ્પષ્ટ કરી છે. કાશ્મીરી પંડિતોની સગપણ વ્યવસ્થામાં મજબૂત પિતૃવંશીય વિચારસરણી દ્રઢ થઈ છે. એમ તેઓ દર્શાવે છે. એ.સી.માયર, ટી.એન.મદન, ઓસ્કાર લેવી જેવા સમાજશાસ્ત્રીઓએ ઉત્તરભારતની સગપણ વ્યવસ્થાનો અભ્યાસ કરવા માટે વંશ કે કુળનો અભિગમ અપનાવ્યો છે. તેમજ વિવિધ કક્ષાના સગપણ સમૂહો/સંગઠન અને તેની પ્રવૃત્તિઓનું વિગતવાર વર્ણન આપ્યું છે.

સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં રેખા, રેખીય, વંશ વગેરે શબ્દો ભૂતકાળમાં માતૃ કે પિતૃ શબ્દ સાથે કે એ સિવાય ચાર જુદા-જુદા પ્રકારો વપરાયા છે.

1. આ શબ્દો સામૂહિક વંશ કે કુળ સમૂહો એટલે કે વંશ અર્થમાં વપરાય છે.
2. અમુક સમાજમાં આનુવંશિકતા કે પરંપરા સૂચવવા માટે વપરાય છે.
3. સંબંધસૂચક પરિભાષાના અભ્યાસમાં બે રેખીય, લાંબા ભોગવટા, પરિભાષાની રચના, "ઉભયવંશી મોળાત ફોઈયાત લગ્ન" સાથે સુસંગત હોય એ રીતે વપરાય છે.
4. ઉપરના ત્રણેય હેતુ માટે કોઈપણ પક્ષને (પિતૃવંશ, માતૃવંશ કે ઉભયવંશ) ધ્યાનમાં લીધા વિના એક સીધી રેખામાં આવતાં સગાં, એ વ્યક્તિના પૂર્વજ કે અનુજનો નિર્દેશ કરે છે. એક રેખીય સગાં, એ વ્યક્તિના પૂર્વજ કે અનુજનો નિર્દેશ કરે છે. એક રેખીય સગાથી વિરુદ્ધનાં સગા ગૌણ સગાં છે. તેમના મૂળ વડવા એક જ હોય છે પણ તે સીધી એક જ રેખામાં કે શાખામાં હોતા નથી.

ચોથા સિવાયના ત્રણ પ્રકારોના અર્થ, ચોક્કસ અર્થ કે સંદર્ભ સાથે સંકળાયેલા છે. અહીં સામાજિક સંબંધો અને સમૂહો પર ભાર મૂકવામાં આવે છે અને સમાજશાસ્ત્રીઓ તેમનો અભ્યાસ અમુક સમાજના આંતરક્રિયા, ધોરણો અને મૂલ્યોના સંદર્ભમાં કરે છે. જેમ કે વંશ કે કુળ સમૂહોના સિદ્ધાંતને અનુસરીને કેટલાક વિદ્વાનોએ પિતૃવંશીય સમાજમાં માતાના ભાઈ (મામા) અને બહેનના દીકરા (ભાણા) વચ્ચેના સંબંધની ચર્ચા કરી છે.

*તેઓ પૂરક જોડાણ એટલે કે પિતૃવંશીય સમાજમાં માતૃપક્ષનાં સગા માટેના વ્યક્તિના સંબંધોના અર્થમાં તેને વાપરે છે. માતૃવંશીય સમાજમાં તેના પિતાના પક્ષ તરફનાં સગાંનો તે નિર્દેશ કરે છે. પિતૃવંશીય સમાજમાં કોઈ વ્યક્તિનું માતૃવંશીય જૂથ હોય તો તેના પિતાનું લગ્નસંબંધથી બનતું હોય છે.*

*વંશના અભિગમમાં વંશજ સમૂહોની સામાજિક વ્યવસ્થા પર ભાર મૂકવામાં આવે છે. પરિણામે લગ્ન સંબંધથી થતા સગપણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની ખાસ આવશ્યકતા જણાતી નથી.*

**(2) લગ્નસંબંધ (Alliance Approach) :-**

*જોડાણથી થતા સગપણ સંબંધોનો અભિગમ ભારતમાં સગપણ વ્યવસ્થાના અભ્યાસમાં લગ્નસંબંધથી થતા સગપણ પર ખાસ ભાર મૂકવાનો ખ્યાલ છે. સગપણ વ્યવસ્થામાં લગ્નની તરાહો અને નિયમોની વિચારણાનો સમાવેશ થાય છે. સમાજશાસ્ત્રી જ્યારે આ પાસા પરત્વે ખાસ ધ્યાન આપે છે. ત્યારે તે સગપણ વ્યવસ્થાને સમજવા માટે લગ્નસંબંધ દ્વારા સગપણના અભિગમને અપનાવે છે. ભારતમાં સગપણ વ્યવસ્થાના ઘણાં અભ્યાસોએ બે સમુહોના જોડાણ તરીકે લગ્ન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને સગપણ સૂચક શબ્દ પર લગ્ન દ્વારા થતા સગપણના સ્વરૂપને પ્રતિબિંબિત કર્યું છે. લગ્ન દ્વારા થતા સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરતા આવા અભ્યાસક્રમો, લગ્ન સંબંધ દ્વારા થતા સગપણનો અભિગમ અપનાવ્યો છે. એમ આપણે કહીએ છીએ. આ અભિગમના મુખ્ય પ્રણેતા લુઈ ડુમોટ* (1950, 1953, 1957 *અ અને બ* 1959, 1962 *અને* 1969) *છે. તેઓ દક્ષિણ ભારતમાં સગપણ વ્યવસ્થાના ક્ષેત્રોમાં લગ્નની ભૂમિકા પર ભાર મૂકે છે. તેઓ દર્શાવે છે કે દ્રવિડ સગપણ સૂચક પારિભાષિક શબ્દોમાં લોહીના સંબંધિઓ અને લગ્ન સંબંધીઓ વચ્ચેનો વિરોધ અભિવ્યક્ત થાય છે. ભારતની સગપણ વ્યવસ્થાની સમજુતી આપવામાં ડુમોટનું પ્રદાન મહત્ત્વનું છે. તેમણે દક્ષિણ ભારતમાં સગપણ વ્યવસ્થાનો રચનાત્મક સિદ્ધાંત ઉપયોગમાં લીધો છે. તે પેઢી દર પેઢી થતાં આંતરલગ્નના પુનરાવર્તનને સ્પષ્ટ કરે છે. આ તરાહમાં સગપણ સંબંધિઓના વર્ગીકરણમાં સમાન્તર અને ચોકડીના સગાં એમ બે પ્રકારો પર ભાર મૂક્યો છે.*

*બીજુ કે સગપણ વ્યવસ્થાના અભ્યાસમાં સમાજશાસ્ત્રીઓને લગ્નસંબંધના અભિગમે કન્યા આપનારાં અને કન્યા લેનાર એવા બે વર્ગો વચ્ચેના તફાવતની ચર્ચા કરવામાં આ સમજૂતી આપવામાં મદદ કરી છે. ઉપરાંત તેમાં કુલીનશાહી લગ્નની ચર્ચાનો, કુલીનશાહી લગ્ન અને દહેજની પ્રથાના સંબંધનો અને લગ્નમાં થતી લેવડદેવડના ખ્યાલનો સમાવેશ થયો છે.*

## 5.3 સગપણ સંબંધોના સંગઠનના પ્રકાર

*ભારતમાં સગપણ સંબંધના સંગઠનમાં વિવિધા રહેલ છે. આ સગપણ સંબંધોના સંગઠનમાં જે વિવિધતા રહે છે તે પ્રાદેશિક દષ્ટિએ પણ અનેક તફાવતો સર્જે છે. એટલે સગપણ સંબંધોના સંગઠનના મુખ્ય બે પ્રકાર દર્શાવી શકાય છે.*

(1) *રાષ્ટ્રિય* (2) *પ્રાદેશિક*

*સગપણ સંબધોના સંગઠનમાં પાયાગત રચના અને પ્રક્રિયાનું વર્ણન ચાર લક્ષણોના સંદર્ભમાં કરી શકાય.*

(1) *સગપણ સમૂહો* (2) *સગપણ સૂચક પારિભાષિક શબ્દો*

(3) *લગ્ન અંગેના નિયમો અને* (4) *સગા વચ્ચે થતી પ્રાસંગિક ભેટની આપ-લે*

*આ સગપણ સંબંધીઓના સંગઠનમાં રાષ્ટ્રીય કક્ષાએ જે વૈવિધ્ય જોવા મળે છે તે નીચે મુજબ દર્શાવી શકાય.*

### 1. રાષ્ટ્રીય કક્ષાએ સગપણ સંબંધોનું સંગઠન

*ભારતમાં સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓના અભ્યાસો દ્વારા સગપણ-સબંધોના સંગઠનની સમજ પ્રાપ્ત થાય છે. જેમાં ડૉ. ઈરાવતી કર્વે એ પોતાના પુસ્તક* ''Kinship Orgnization India-(1953)'*માં સમગ્ર ભારતને ચાર સાંસ્કૃતિક વિસ્તારો/વિભાગો જેમ કે ઉત્તર, મધ્ય, પૂર્વ અને દક્ષિણનો વિસ્તાર અલગ પાડ્યા છે. કર્વેની દ્રષ્ટીએ આપેલ વિસ્તારોને સમજીએ*

### 1.1 ઉત્તરભારતમાં સગપણ સંબંધોનું સંગઠન

*ભારતના ઉત્તર તરફના રાજ્યોમાં દિલ્હી, કાશ્મીર, પંજાબ, બિહાર, આસામ, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશનો અમુક વિસ્તારનો સમાવેશ થાય છે. આ વિભાગમાં રહેતા મોટા ભાગના લોકો સંસ્કૃતમાંથી ઉદ્દભવેલી ભાષા બોલે છે. જેવી કે હિંદી, બિહારી, સિંધી, પંજાબી, આસામી અને બંગાળીનો સમાવેશ થાય છે. આવા મોટા, લાંબા વિસ્તારમાં એક જ સગપણ વ્યવસ્થા પ્રવર્તે છે એમ કહી ન શકાય ભાષા, સંસ્કૃતિ તથા ભૂતકાલીન ઈતિહાસના તફાવતોને કારણે આ વિસ્તારમાં ઘણું બધું વૈવિધ્ય ઉદ્દભવેલું છે. તેમ છતાં આ વિસ્તારના સમુદાયોમાં સગપણ વ્યવસ્થાની તરાહોનો, તેના સામાન્ય લક્ષણોને આધારે સમજ પ્રાપ્ર કરી શકાય છે. આ વિભાગમાં રહેતા રક્તસંબંધીઓ વચ્ચે અનેકવિધતા કુટુંબ, લગ્ન અને વર્તન પ્રણાલિમાં જોવા મળે છે.*

**(1) લગ્ન સંબંધો :-**

*ઉત્તરભારતના વિસ્તારમાં લગ્ન અંગે પ્રાચીન પ્રણાલિકાના દર્શન થાય છે. વ્યક્તિ પિતૃપક્ષના સગાં સાથે લગ્ન કરી શકતા નથી. માતૃપક્ષના સગાઓમાં ફોઈના સંતાનો*


*તેમજ ભત્રીજાઓ સાથે લગ્નસંબંધો બાંધી શકતા નથી. ભાઈ-બહેનના સંતાનો વચ્ચે પણ લગ્નસંબંધો યોજાતા નથી આ પ્રકારની વિવિધતાઓને નીચે મુજબ દર્શાવી શકાય.*

**(અ) ગોત્ર બર્હિલગ્ન (Clan Exogamy) :-** *કોઈ પુરુષ પોતાની પિતૃવંશની દીકરી સાથે લગ્ન કરી શકતો નથી. ઉત્તર ભારતમાં પાંચથી આઠ પેઢીઓ સુધી વંશના સંબંધો સામાન્ય રીતે યાદ રાખવામાં આવે છે અને આ મર્યાદાની અંદર સંબંધ બાંધવાની મનાઈ કરવામાં આવી છે. આવા સંજોગોમાં વંશ ગોત્રમાં પરિણમે છે અને આપણે એને ગોત્ર તેમજ ગોત્રભાઈ તેમ કહીએ છીએ. વ્યાપક પ્રમાણમાં વપરાતો સંસ્કૃત શબ્દ ગોત્રએ પેટાજ્ઞાતિનું બહિર્લગ્ન વર્તુળ છે. ગોત્રનો ઉપયોગ પેટાજ્ઞાતિમાંના લગ્નો પર નિયમન લાવવા માટે થાય છે.*

**(બ) ચાર ગોત્રનો નિયમ (The four Clan Rule) :-** *ઉત્તર ભારતના લગ્નોમાં ચાર ગોત્રના નિયમનું પાલન થાય છે. ઈરાવતી કર્વે પોતાના પુસ્તકમાં નોંધે છે કે કોઈપણ પુરુષે* (1) *તેના પિતાના ગોત્ર* (2) *તેની માતાના ગોત્ર* (3) *તેના પિતાની માતાના ગોત્ર અને* (4) *તેની માતાના માતાના ગોત્ર એમ ચાર ગોત્રમાંથી કોઈ સ્ત્રી સાથે લગ્ન કરવું જોઈએ નહીં. આ નિયમ મુજબ એમ કહી શકાય કે આ આઠ ગોત્ર પૈકી ગમે તે બે સરખાં ગોત્રવાળાં સ્ત્રી-પુરુષ વચ્ચે લગ્ન થઈ શકે નહીં આનો અર્થ એમ થયો કે બહિર્લગ્નનો નિયમ વ્યક્તિને પોતાના વંશને પણ અતિક્રમે છે. વંશની બહાર પણ વિસ્તરે છે. ઉત્તર ભારતમાં બહિર્લગ્નનો બીજો નિયમ પણ પ્રચલિત છે. વ્યક્તિના પોતાના ગામ સિવાયના ગામમાં લગ્ન કરવા બંધી છે. દરેક ગામડામાં સામાન્ય રીતે એક કે બે કુળના લોકો રહેતા હોય છે. સમાન વંશના સભ્યો વચ્ચે લગ્નની બંધી હોય છે. બે કરતાં વધુ વંશ ધરાવતા ગામડાઓમાં પણ આ નિયમ લાગુ પડે છે. બીજી રીતે કહીએ તો ઉત્તર ભારતમાં ગામના છોકરાઓ કે છોકરીઓને એકબીજાના ભાઈ-બહેન ગણવામાં આવે છે તેથી તેઓ અંદરોઅંદર લગ્ન કરી શકે નહીં. બીજુ કે સગપણ તરાહોની વ્યવસ્થાપના સંદર્ભમાં જોઈએ તો કુળ/વંશ, ગોત્ર અને પેટાજ્ઞાતિની બાબતો છે. પરંતુ કુટુંબ બિરાદરી ખાનદાન, ભાઈબંધ વગેરે શબ્દનો ઉપયોગ કર્યો નથી. આ શબ્દો સ્થાનિક પ્રચલિત ભાષામાં વિવિધ પ્રકારના અર્થોમાં વપરાતા હોય છે. આ સ્થાનિક ભાષાના શબ્દો વિભિન્ન સંજોગો/સંદર્ભમાં જુદી-જુદી કક્ષાની સગપણ વ્યવસ્થાઓનો નિર્દેશ કરવા માટે વપરાતા હોય છે.*

**(ક) પેટા જ્ઞાતિમાં લગ્ન (Marriage within the Subcaste) :-** *પેટાજ્ઞાતિમાંના જુદા-જુદા પેટા એકમો માટે ઊંચા/નીચા સામાજિક દરજ્જાનો ખ્યાલ સામાન્ય પરિભાષા સાથે સંકળાયેલો છે. લુઈ ડુમોટ* (1066-107) *ના અભ્યાસ હેઠળના ઉત્તર પ્રદેશના મિરઝાપુર જિલ્લાના સરજુપારી બ્રાહ્મણોનું દૃષ્ટાંત લઈએ આ વિસ્તારના સરજુપારી બ્રાહ્મણોની ત્રણ પેટા જ્ઞાતિઓ ઊંચનીચના કોટિક્રમમાં ગોઠવાયેલાં ત્રણ ઘર, કુળમાં વહેંચાયેલી હતી. લગ્ન હંમેશા નીચેના ક્રમમાં ઘરોમાંથી ઊંચા ઘરોમાં, એટલે કે ઊતરતા કુટુંબમાંથી ચડિયાતા કુટુંબમાં ગોઠવાતા હતાં એનો અર્થ એ કે સ્ત્રીને તેના જન્મના કુટુંબ કરતાં ઊંચી*

પ્રતિષ્ઠાવાળા કુટુંબમાં પરણાવવામાં આવતી હતી. આ સંદર્ભમાં આપણે ઉત્તર ભારતની પ્રચલિત કહેવત 'વળીને પાછળ ન જોવું જોઈએ' ને યાદ કરીએ. ઉત્તર ભારતના લગ્નના નિયમોમાં કન્યા આપનાર અને કન્યા લેનાર વચ્ચે ચઢઉતરનો કોટિક્રમ જાળવવામાં આવે છે. ઉત્તર ભારતમાં લગ્નના નકારાત્મક નિયમો પ્રમાણે પુરુષ તેના પિતાની બહેનની દીકરીને એટલે કે પિતૃવંશી ચોકડીની ફોઈયાત બહેનને પરણી શકતો નથી. આ નિયમને 'ઉલટાવવાની મનાઈ' નો નિયમ કહેવામાં આવે છે. આ બાબતને આકૃતિમાં નીચે મુજબ દર્શાવી શકાય.




B વંશ તેની કન્યા Mને લગ્ન દ્વારા Aકુળના પુરુષ P આપી છે. Pને લગ્ન સમારંભમાં "પાંવ પૂજાનો" ઊંચો દરજ્જો મળ્યો છે. જો Pની દીકરી વંશ Bમાં પરણાવવામાં આવે તો Pએ "પાંવ પૂજાનો" ઊંચો દરજ્જો Bના કુળના પુરુષને આપવો પડે. પણ કુલીનશાહી લગ્નના નિયમ પ્રમાણે Bવંશ એ Aવંશ કરતાં નીચો છે. તેથી આ લગ્નને ભૂમિકાને ઊલટી કે ઊંધી કરવા જેવું થાય. ઉત્તર ભારતમાં આવી રીતે ઊલટું કે ઊંધું કરવાની છૂટ નથી. આથી પિતૃવંશીય, ફોઈયાત ચોકડીનાં ભાઈ-બહેનનાં લગ્નની મનાઈ કરવામાં આવી છે.

**(2) સગાં વચ્ચે પ્રાસંગિક ભેટનો નિયમ (Ceremonial Exchange of Gifts ameng kin) :-**

માનવીના જીવનચક્રની વિધિ ક્રિયાઓના પ્રસંગોએ, વિવિધ વર્ગના સગાં વચ્ચે થતી પ્રાસંગિક ભેટસોગાતની આપ-લે પરથી સગપણ સંબંધીઓ વચ્ચે વર્તન વ્યવહારની તરાહને આપણે સમજી શકીએ છીએ. સામાન્ય રીતે કન્યા પક્ષ એ વર પક્ષની તુલનામાં ઉતરતા દરજ્જાનો ગણાય છે. એટલે તે પક્ષ લગ્ન દરમિયાન ભેટ આપવાની પ્રક્રિયા શરૂ કરે છે અને વધુ મોટી ભેટ આપવાનું ચાલુ રાખે છે. બીજુ કે ભેટ આપવાની અને ભેટ લેવી એ વ્યવસ્થિત નક્કી કરેલી સામાજિક પ્રવૃત્તિ છે. જેને સદષ્ટાંત સમજીએ.

લુઈ ડુમોટે પોતાના અભ્યાસ (1966) North India in Relation to South India : Marriage in India માં દર્શાવ્યું છે કે માતાના ભાઈ (ગર્ભ/લોહીના સગાં) અને પત્નીના ભાઈ (લગ્નથી સગાં) ને સમાન પ્રાસંગિક કાર્યો કરવાનાં હોય છે. એટલુંજ નહીં

*પણ પત્નીનો ભાઈ થોડાં વર્ષ બાદ, સંતાનોના સંદર્ભમાં 'માતાનો ભાઈ' બને છે. પણ ત્યારે બે સગપણ વચ્ચે ખાસ ફરક રહેતો નથી. એ.સી.માયર પોતાના પુસ્તક* Caste and Kinship in Central India (1960) *માં માળવાના એક ગામડાના સગપણ સંબંધના અભ્યાસમાં વર્ણવે છે કે, વ્યક્તિના માતાના ભાઈ દ્વારા અપાતી બધી ભેટોને મામેરૂં કહેવામાં આવે છે. પોતાના પિતૃપક્ષનાં સગાં દ્વારા જેવા કે વરના બહેનનો પતિ દ્વારા વરની પત્નીના ભાઈને અપાતી ભેટને પણ 'બાન' કહે છે. આ પરથી સ્પષ્ટ જણાય છે કે વરના બહેનના પતિની વરની પત્નીના ભાઈ અથવા પેઢીની રીત જોઈએ તો માતાના ભાઈની સરખામણીએ, પિતૃપક્ષના સગાસંબંધી તરીકે ગણના થાય છે.*

*સમાજશાસ્ત્રની પરિભાષામાં આ બાબતને આપણે આ રીતે રજૂ કરી શકીએ. આપણે વરની બહેનના પતિ અથવા પિતાની બહેનના પતિને પત્ની લેનાર તરીકે જોઈએ છીએ. એવી જ રીતે વરની પત્નીના ભાઈ અથવા માતાના ભાઈને પત્ની આપનાર તરીકે જોઈએ છીએ. હવે જો* A*ને પત્ની આપનારને (એટલે કે માતાના ભાઈ કે પત્નીના ભાઈને) અપાતી.* A*ની કન્યાને લેનાર (બહેનના પતિ કે પિતાના બહેનના પતિ) દ્વારા અપાતી ભેટને એક જ નામ 'બાન' થી ઓળખવામાં આવે છે. તો આપણે કહી શકીએ કે*A*ને પત્ની આપનારાઓના અને તેથી ઊલટું* A*ના પિતૃપક્ષના સગાં બંને એક જ વર્ગમાં ભળી જાય છે. કેમ કે વરની પત્નીના ભાઈ (સાળા) અથવા માતાના ભાઈ (મામા) એ પત્ની દેનાર છે અને વરની બહેનના પતિ (બનેવી) અથવા પિતાની બહેનના પતિ (ફુઆજી) એ પત્ની લેનારા હોય છે. પત્ની લેનારાઓ બંને પ્રકારનાં સગાં એક પક્ષના અને પત્ની આપનારાઓ બીજા પક્ષના ગણાય છે.*

*લગ્નપ્રસંગે અપાતી પ્રાસંગિક ભેટનું એક વધુ દૃષ્ટાંત ડુમોટ* (1966 : 93-5) *આપે છે. તેમણે પૂર્વ ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના એક ગામના અભ્યાસમાં મરણની ઉત્તરક્રિયા વખતે કન્યા લેનાર અને કન્યા આપનાર વચ્ચે થતી ભેટનો, અપાતી ભેટના સંદર્ભમાં આ લેવડ-દેવડનો પ્રકાર દર્શાવ્યો છે. અહીં મુખ્ય શોક કરનાર વ્યક્તિ સામાન્ય રીતે પુત્ર અથવા મૃત્યુ પામેલ વ્યક્તિના પિતૃપક્ષનાં સગા હોય છે. મુખ્ય 'શોક' ધરાવનાર વ્યક્તિને માથે પાઘડી બાંધવાની વિધિ એના જેમણે કન્યા લીધી છે તેવા લગ્ન સંબંધથી થતા તે સગાઓ શોક કરે છે. બીજી રીતે કહીએ તો મુખ્યત્વે બહેનના પતિ અથવા પિતાની બહેનના પતિ પાઘડી બાંધે છે ત્યાર બાદ શૈય્યાદાનની વિધિ વખતે બહેનના પતિ અથવા પિતાની બહેનના પતિને ભેટ સ્વીકારવાનું કહેવામાં આવે છે. આ પ્રાસંગિક વિધિ પત્ની લેનાર તરીકેના તેમજ દરજ્જા પર ભાર મૂકે છે ત્યારે ગોર મહારાજ સ્પષ્ટ રીતે જણાવતા હોય છે કે જેમણે દીકરીઓ લીધી હોય તેઓ શૈયા (પથારી) લેવા માટે આગળ આવે. આમ, બે પ્રકારના લગ્ન દ્વારા થતા સંબંધીઓ (કન્યા લેનાર અને કન્યા આપનાર) પૈકી કન્યા લેનાર સગાને, કન્યા આપનાર સગાં (લગ્ન સંબંધ દ્વારા થયેલા) કરતાં પહેલા પસંદગી આપવામાં આવે છે. કુલીનશાહી પ્રકારના સંબંધમાં કન્યા લેનારાઓ, કન્યા આપનારાઓ કરતાં ચઢિયાતા ગણાય છે અને તેથી પ્રાસંગિક ભેટની લેવડ-દેવડમાં તેઓ*

*લેનારા બને છે અને પત્ની આપનારા ભેટ આપનાર ગણાય છે. સમાજશાસ્ત્રીય પરિભાષામાં એમ કહીએ છીએ કે આ પ્રકારે થતી ભેટોનો વિનિમય ઉત્તર ભારતના કુલીનશાહી સ્વરૂપના લગ્નનો નિર્દેશ કરે છે. બીજી રીતે કહીએ તો છોકરીને હંમેશા તેના કરતાં ઊંચા દરજ્જાવાળા જૂથમાં પરણાવવામાં આવે છે, અને એ ઊંચાપણાનો ફરક કુટુંબમાંથી અપાતી ભેટના પ્રવાહ દ્વારા હંમેશા જળવાતો રહે છે. આ બાબત ઉત્તર ભારતના સગપણ સંબંધોના સ્વરૂપને સમજાવે છે.*

**તમારી પ્રગતિ ચકાસો (અ)**

1. *સગપણ સૂચક શબ્દોના અભ્યાસનું મહત્ત્વ સમજાવો. (50 શબ્દોમાં જવાબ લખો.)*

   ...................................................................
   ...................................................................
   ...................................................................
   ...................................................................
   ...................................................................
   ...................................................................
   ...................................................................
   ...................................................................

2. *ઉત્તર ભારતમાં પાળમાં આવતાં ચાર ગોત્રના નિયમને સમજાવો. (100 શબ્દોમાં જવાબ લખો.)*

   ...................................................................
   ...................................................................
   ...................................................................
   ...................................................................
   ...................................................................
   ...................................................................
   ...................................................................
   ...................................................................

## 1.2 દક્ષિણ ભારતમાં સગપણ સંબંધોનું સંગઠન


*ભારતના દક્ષિણ તરફનાં રાજ્યોમાં આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કેરળ અને કર્ણાટક રાજ્યોનો સમાવેશ થાય છે. અહીં દ્રવિડ કુળની ભાષા બોલાય છે. આ ચાર રાજ્યોમાં સગપણ વ્યવસ્થામાં વિવિધતા જોવા મળે છે. આ પ્રદેશમાં કેરળ રાજ્યોમાં સગપણ વ્યવસ્થામાં વિવિધતા જોવા મળે છે. આ પ્રદેશમાં કેરળ રાજ્ય જ માતૃવંશી વ્યવસ્થાને કારણે તથા આંતરજ્ઞાતિય કુલીનશાહી લગ્નની પદ્ધતિને કારણે અલગ પડે છે. બીજુ એ કે સમાન તત્ત્વો હોવા છતાં આ ચારે ભાષાકીય વિસ્તારોમાં સગપણ વ્યવસ્થાની નોખી સામાજિક સાંસ્કૃતિક તરાહો જોવા મળે છે. તેમની લગ્ન વ્યવસ્થા અને પ્રાસંગિક આપ-લે ની સમજ નીચે મુજબ દર્શાવી શકાય.*

**(1) લગ્ન સંબંધો :-**

*લગ્ન દ્વારા થયેલાં સગા સંબંધી તેમણે કરેલા લગ્નને કારણે થયેલાં સગાં સંબંધી (વેવાઈના વેવાઈ)ની સમજ મેળવીએ. પંગલી અને મામા, માસીના વર્ગોના વર્ગીકરણનો સિદ્ધાંત લગ્ન સગાને પણ લાગુ પાડવામાં આવે છે. દરેક સગપણ સંબંધીને વ્યક્તિએ કોઈને કોઈ વર્ગમાં મૂકવાના હોય છે. જો* A *અને* B *ના લગ્ન દ્વારા સગો થતો હોય તો* B *પોતે* C *નો લગ્ન દ્વારા સગો થતો હોય તો* A *અને* C *વચ્ચેના સંબંધો મુરેઈ પગલી* (Murei Pungali) *અથવા ભાઈના વર્ગના થાય. કેમ કે એક વ્યક્તિ સાથે સગપણ સંબંધ ધરાવનાર કોઈપણ બીજી વ્યક્તિ જો તે મામા-માસીના ન હોય તો તે મુરોઈ પગી કે ભાઈના વર્ગની જ હોવી જોઈએ. એટલે કે વ્યક્તિની પોતાની તેના પિતાની અને તેના સંતાનની ત્રણેય પેઢીના બધા સગપણ/સંબંધીઓને એકબીજાના વિરોધી અને વિશિષ્ટ એવા બે વર્ગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે. તેમજ પોતાના લગ્ન દ્વારા થયેલા સગાના લગ્ન દ્વારા થતાં સગાને પણ આ સિદ્ધાંત લાગુ પડે છે.*

*દક્ષિણ ભારતની સગપણસૂચક વ્યવસ્થામાં લગ્ન અંગેના નિયમોમાં હકારાત્મક નિયમો વિશેષતઃ જોવા મળે છે. એટલે કે અમુક વર્ગના સગા સાથે લગ્ન સંબંધ બાંધવાનું સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવે છે અને તેમ કરવામાં આવે છે. જ્યારે ઉત્તર ભારતમાં આપણે જોયું તેમ, લગ્ન અંગેના નિષેધાત્મક નિયમો એટલે કે વ્યક્તિએ કોની સાથે લગ્ન કરવા તે દર્શાવ્યું છે. દક્ષિણ ભારતમાં લગ્નના નિયમોમાં વ્યક્તિએ કોની સાથે લગ્ન કરવું જોઈએ અથવા તે કરી શકે તે અંગે સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે. અગ્ર પસંદગીવાળા લગ્નના ત્રણ પ્રકારના નિયમો નીચે મુજબ દર્શાવી શકાય.*


**I.** *દક્ષિણ ભારતની કેટલીક જ્ઞાતિઓમાં વ્યક્તિ અને તેની મોટી બહેનની પુત્રી સાથેના લગ્નને પ્રથમ પસંદગી આપવામાં આવે છે. નાયર જેવા માતૃવંશી સમાજોમાં આવા લગ્નની બંધી છે. લગ્નનો આ હકારાત્મક નિયમ સાદી આકૃતિમાં નીચે મુજબ દર્શાવી શકાય.*



*(મોટી બહેનની પુત્રી સાથે લગ્ન* Marriage with Elder Sister's Daughter*)*
*અહીં વ્યક્તિ તેની બહેનની દીકરીને પરણે છે.*

**II.** *અગ્ર પસંદગીના બીજા પ્રકારના લગ્નમાં વ્યક્તિના લગ્ન તેનાં પિતાની બહેનની પુત્રી સાથેના લગ્ન આવે છે. આ પ્રકારના લગ્નમાં 'પાછું વાળવાનો' સિદ્ધાંત સ્પષ્ટ રીતે દેખાય છે. એક કુટુંબ (લગ્નમાં) દીકરી આપે છે ત્યારે તેના બદલામાં દીકરી*

*મેળવવાની પણ અપેક્ષા રાખે છે. બીજી રીતે કહીએ તો જ્યારે કોઈ સ્ત્રી તેના માતાના ભાઈના દિકરા સાથે લગ્ન કરે છે ત્યારે તેની માતા જે કુટુંબમાંથી આવી હોય છે તે જ કુટુંબમાં દિકરીને પણ પરણાવીને આપવામાં આવે છે. આમ આ પ્રકારના લગ્નમાં 'પાછું વાળવાનો' સિદ્ધાંત પાળવામાં આવે છે. ઘણી વાર આ પ્રક્રિયા બે પેઢીના સમયમાં પૂરો થાય છે. આ અંગેની સગપણ સંબંધની આકૃતિ નીચે મુજબ દર્શાવી શકાય.*




*ઉપરોક્ત આકૃતિમાં* B *વંશ* A *વંશના પુરુષ* N *ને દીકરી* P *પરણાવે છે. બીજી પેઢીએ* A *વંશ* B *વંશના પુરુષ* E *ને પોતાની દીકરી* F *પરણાવે છે. આમ દક્ષિણ ભારતમાં એક વ્યક્તિનું ચોકડીના ભાઈ-બહેન સાથે થતું લગ્ન પાછું વાળવાનો નકારાત્મક નિયમને દર્શાવે છે. આ સિવાય પાછું નહીં વાળવાનો નિયમ અથવા પુનરાવર્તનનો નિયમ પણ છે.*

*લગ્ન સંબંધ બાંધવા અંગેના નિષેધો કે નિયમોના સંદર્ભમાં અમુક સગાં કે સગપણ સંબંધો સાથેના લગ્ન પર નિયંત્રણો મુકવામાં આવે છે તે જોવા જરૂરી છે. જેમ કે કેટલીક જ્ઞાતિઓમાં એક પુરૂષ તેની મોટી બહેનની પુત્રી સાથે લગ્ન કરી શકે છે. પણ તે નાની બહેનની પુત્રી સાથે લગ્ન કરી શકતો નથી. વળી, એક વિધવા તેના મૃત પતિના મોટા કે નાના ભાઈના અન્ય વર્ગના ભાઈ સાથે લગ્ન કરી શકતી નથી. આમ, અહીં વ્યક્તિએ વ્યક્તિએ લગ્ન માટે જુદી-જુદી વ્યક્તિઓ નિષિદ્ધ મનાતી હોય છે. આ ઉપરાંત વ્યક્તિ તેના નજીકના કુટુંબમાં અને તેના વંશમાં ન પરણી શકે એ નિયમ તો છે જ. કલાર પેટાજ્ઞાતિના દષ્ટાંતમાં વંશને કટ્ટપ નામે ઓળખવામાં આવે છે. એક વંશની બધી વ્યક્તિઓને એ જ વંશની વ્યક્તિઓ સાથે લગ્ન કરવાનો નિષેધ ફરમાવવામાં આવ્યો છે.*

**(2) સગાં વચ્ચે પ્રાસંગિક ભેટનો નિયમ (Ceremonoal Exchange of Gifts among kin) :-**

*માનવીય સંબંધોમાં ભેટ આપવાની અને લેવાની પ્રક્રિયા વિવિધ વર્ગના સગપણ સંબંધીઓને જુદા કે એક ઠરાવવાના સિદ્ધાંતોને અભિવ્યક્ત કરે છે. આ કારણથી જ આપણે સગપણ ધરાવનારાના વર્તનની આ બાજુ અંગે ખ્યાલ કરીએ છીએ. દક્ષિણ*

*ભારતમાં અમુક વ્યક્તિઓ કે અમુક જુથો દ્વારા ભેટની થતી સામસામી લેવડદેવડને બે વિભાગમાં વહેંચી શકાય છે.*

*(અ) બે ભેટ કન્યાના કુટુંબમાંથી વરરાજાના કુટુંબમાં અપાય તેમજ વરના કુટુંબમાંથી કન્યાના કુટુંબને અપાય તેને લગ્ન સંબંધીઓ વચ્ચે થતી લેવડ-દેવડ કે વિનિમયની એક પરંપરા તરીકે જોઈ શકાય. ભેટ વિનિમયનો આ એક પ્રકાર છે.*

*(બ) ભેટની આપ-લે કે લેવડ-દેવડ દરેક સગપણ જૂથની અંદરોઅંદર પણ થતી હોય છે એને આપણે ભેટની આંતરિક લેવડ-દેવડ કહી શકીએ. ઘણીવાર એવું પણ બની શકે કે એક વ્યક્તિ બંને બાજુએ ભેટ આપે છે કે સ્વીકારે છે. સગપણ સંબંધીઓ વચ્ચે લગ્નનો હકારાત્મક નિયમ પ્રચલિત હોય છે. તેથી ઘણીવાર કેટલીક વ્યક્તિઓ એકી વખતે ભેટ આપનાર અને ભેટ સ્વીકારનાર બનતી હોય છે. બીજી રીતે કહીએ તો આને સંબંધોની એકબીજામાં ભળી જવાની પ્રક્રિયા તરીકે ગણી શકાય.*

*ઉપરોક્ત ભેટ-વિનિમયના નિયમોને સદૃષ્ટાંત સમજીએ. દક્ષિણ ભારતના એથ્નોગ્રાફી અભ્યાસોમાં વિવિધ દૃષ્ટાંતો મળે છે. જેમાં લૂઈ ડુમોટ પોતાના પુસ્તક* (1986) South Indian sub Caste Social Organization and Religion of the Pramalal Kaliar *માં તામિલનાડુના પ્રમલાઈ ક્લાર પેટાજ્ઞાતિ અંગેનો અભ્યાસ કર્યો છે. વરના પિતા રોકડ રકમની ભેટ કન્યાના પિતાને આપે છે. તેને 'પરિસમ'* (Parisam) *કહેવામાં આવે છે. કન્યાના પિતા આ રકમનો ઉપયોગ પોતાની દીકરીના દાગીના બનાવવામાં કરે છે. પરંતુ તેણે એરકમ કરતાં બમણી રકમ આમાં વાપરવાની છે, એવી અપેક્ષા રાખવામાં આવે છે. એટલે એક કહી શકાય કે લગ્ન વધૂના દાગીનાની કિમત બંને કુટુંબમાં અડધી-અડધી વહેંચી લે છે. આ ખાસ વિધિમાં લગ્નસંબંધીઓ વચ્ચે ભેટની આપ-લે ની શરૂઆત થાય છે અને ઓછામાં ઓછા ત્રણ વર્ષ જેટલા સમય સુધી તે ચાલુ રહે છે.*

*ભેટના વિનિમય કે લેવડ દેવડનું બીજુ ચક્ર પ્રથમ સંતાનનો જન્મ થતાં શરૂ થાય છે. વાસ્તવમાં પ્રમલાઈ ક્લાર પેટાજ્ઞાતિમાં જ્યારે નવપરણિત દંપત્તી, લગ્ન બાદ ત્રણ વર્ષ પછી અથવા સંતાનના જન્મ પછી, તેમનું અલગ ઘર માંડે ત્યારે કન્યાના માતા-પિતા, ઘરવખરીની ભેટ આપે છે. આ ભેટને "વેરેપોના સીર"* (Vere Pona Sir) *જેનો શબ્દશ : અર્થ "જુદુ ઘર માંડવા કરવા માટેની ભેટ" સુધીની તથા બમણી કરીને પરત કરવાની ભેટોની પરંપરા જોવામાં આવે છે. આ ભેટ શ્રેણીની શરૂઆત વરપક્ષથી થાય છે અને કન્યાપક્ષની ભેટ અપાતાં તે પૂરી થાય છે આમ લગ્ન થાય છે અને કન્યાપક્ષની ભેટ આપતાં તે પૂરી થાય છે. આમ લગ્ન દ્વારા સગપણ સંબંધી બનતાં બંને કુટુંબ વચ્ચે ભેટની આપ-લે થતી હોય છે છતાં કન્યા પક્ષની વધારે ભેટ આપીને આ ભેટ પરંપરા પૂરી કરે છે. ટૂંકમાં કહીએ તો વરપક્ષવાળા તરફથી અપાતી ભેટ તો, કન્યાના કુટુંબમાંથી વરના કુટુંબને અપાતી ભેટનું સ્વરૂપ માત્ર બહાનું હોય છે. કન્યાના કુટુંબમાંથી વરના કુટુંબને અપાતી*

*ભેટનું સ્વરૂપ જોયા બાદ હવે લગ્નબદ્ધ કુટુંબમાં આંતરિક ભેટની થતી લેવડ-દેવડ નીચે મુજબ સમજી શકાય.*

*કન્યાના તેમજ વરના બંનેના લગ્ન પ્રસંગે હાજર રહેલાં સગાઓ પાસેથી રકમ (મોટા ભાગે રોકડના રૂપમાં) લેવામાં આવે છે. દક્ષિણ ભારતની બ્રાહ્મણોત્તર જ્ઞાતિઓમાં તેને 'મોવ'* (Mov) *કહેવામાં આવે છે.બ્રાહ્મણ જ્ઞાતિઓમાં 'માંવલખવી' નામે એનો વ્યવહાર થતો હોય છે. એક વ્યક્તિને ભેટમાં મળેલી રોકડ વસ્તુની નોંધ કરવા બેસાડવામાં આવે છે. આ ભેટ આપવાના પ્રકારમાં પણ પારસ્પરિક ઉત્તર દાયિત્વનો સિદ્ધાંત કામ કરે છે. લગ્ન જેવા પ્રસંગોએ જેઓ એ અગાઉ 'મોવ' આપી હોય છે અથવા ભવિષ્યમાં જેઓ આપશે એવી અપેક્ષા હોય છે. તેમને વ્યક્તિ 'મોવ' આપે છે. પ્રમાલાઈ ક્લાર જ્ઞાતિમા (માતાના ભાઈ) મામા સૌ પ્રથમ 'મોવ' આપે છે. પ્રમાલાઈ ક્લાર જ્ઞાતિમાં (માતાના ભાઈ) મામા સૌ પ્રથમ 'મોવ' આપે છે. ત્યાર બાદ બીજા સગાં તેમનો ફાળો 'મોવ' રૂપે આપે છે. મોટે ભાગે આ રીતે એકત્ર થયેલાં નાણાં લગ્નના જમણના ખર્ચા પેટે વપરાય છે.*

*આંતરિક ભેટ-વિનિમયમાં મામાની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોય છે. કુટુંબમાં મામા ભેટ આપતા હોય છે. પ્રમલાઈ ક્લાર જ્ઞાતિમાં મામા પોતાની બહેનના દીકરીના જન્મ સમયે અમુક જમીન આપવા પૈસાની ભેટ આપે છે. એક રીતે એમ કહી શકાય કે માતાના ભાઈ દ્વારા અપાતી ભેટો એ માતાના લગ્નથી શરૂ થયેલી ભેટની પરંપરાના અનુસંધાનમાં ચાલુ રહેલી ભેટો છે. તેથી લગ્ન દ્વારા સગપણ સંબંધીઓ વચ્ચે થતી ભેટોની લેવડ-દેવડ તરીકે તેને આપણે ગણી શકીએ. હવે મામા કે જે વ્યક્તિના પિતાના લગ્ન દ્વારા સગપણ સંબંધીઓ સાથે એક કુટુંબના વરપક્ષના સમાન સગા સાથે જોડી દેવામાં આવે છે. બીજી મામા (માતાના ભાઈ) દ્વારા અપાતી ભેટને ખાસ વિશિષ્ટ સ્થાન મળે છે. તે ભેટ કન્યા પક્ષના વરપક્ષ તરફ દર્શાવાયેલા આભારનો નિર્દેશ કરે છે. માતૃપક્ષના સગપણ સંબંધીઓ બીજી પેઢીને પણ ભેટ આપવાની પરંપરા ચાલુ રાખતા હોઈ આભારની ભાવના સ્પષ્ટપણે જોઈ શકાય છે.*

*ટૂંકમાં દક્ષિણ ભારતમાં થતી પ્રાસંગિક ભેટની આપ લે વ્યવહારમાં સગપણ સંબંધીઓના ઉત્તરદાયિત્વનું તત્ત્વ અસ્તિત્વ ધરાવે છે. જો કે વધુ આપનાર પક્ષ જેટલી ભેટ મેળવે છે તેના કરતાં વધારે ભેટ આપતો હોય છે. તેમ છતાં તુલનાત્મક રીતે આપણે એમ કહી શકીએ કે ઉત્તર ભારતમાં વધુ આપનાર પક્ષ તરફથી વધુ લેનાર પક્ષ તરફ એક જ દિશામાં ભેટ સોગાદો જતી હોય છે. તેના પરિણામે વધુ આપનારની પ્રતિષ્ઠા અને દરજ્જો તેમના સમુદાયોમાં ઊંચો આવે છે. દક્ષિણ ભારતમાં હકારાત્મક લગ્નનો નિયમ પ્રવર્તે છે. તેનો અર્થ એ કે ગાઢ કે નજીકના સગપણ સંબંધીઓ વચ્ચે ભેટ સોગાતોની લેવડ-દેવડ થતી હોય છે. ભેટની રકમ બંને પક્ષે એક સરખી હોતી નથી. પંરતુ કન્યા પક્ષે મોટી હોય છે. તેમ છતાં ભેટનો પ્રવાહ બંને દિશામાં જતો-આવતો હોય છે. ઉત્તર ભારતમાં જોવા મળે છે. તેવો એક જ દિશામાં વહેતો ભેટનો પ્રવાહ દક્ષિણ ભારતમાં જણાતો નથી.*

**તમારી પ્રગતિ ચકાસો ( બ )**

1. *દક્ષિણ ભારતમાં લગ્નના ત્રણ અગ્ર અધિકારો કે પસંદગી સૂચક નિયમો કયા છે ?*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

2. *દક્ષિણ ભારતમાં ગ્રામ બહિર્લગ્ન સંભવી શકે છે ?*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

3. *દક્ષિણ ભારતમાં લગ્ન પ્રસંગે અપાતી બે પ્રકારની ભેટોનું વર્ણન કરો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

## 1.3 મધ્ય ભારતમાં સગપણ સંબંધોનું સંગઠન

*ભારતના મધ્યભાગમાં આવેલ રાજ્યોમાં રજપૂતાના વિંધ્યનો પ્રદેશ, ગુજરાત સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર અને ઓરિસ્સાનો સમાવેશ થાય છે. આ રાજ્યોમાં રહેતા સગપણ સંબંધોનાં સંગઠનમાં વિવિધતા જોવા મળે છે. ખાસ કરીને લગ્ન સંબંધોમાં મિશ્ર સ્વરૂપના સંબંધો જોવા મળે છે. તેમાં મામા-ફોઈના સંતાનો વચ્ચે લગ્ન થાય છે. ગુજરાતની-સૌરાષ્ટ્રની કેટલીક પછાત જ્ઞાતિઓ અને આદિવાસી સમુદાયોમાં આવા લગ્ન સંબંધો છે*

*અને કેટલાકમાં આ મુજબ નથી. આમ મિશ્ર પ્રકારના લગ્ન જોવા મળે છે. પરિણામે તેમના સગપણ સંબંધોમાં વિવિધતા જોવા મળે છે.*

**1. લગ્ન સંબંધો :-**

*ભારતના મધ્યભાગના રાજ્યોમાં લગ્ન સંબંધોમાં વિવિધતા જોવા મળે છે. જેમાં મામા-ફોઈના સંતાનો વચ્ચે થઈ શકે છે અને અન્ય કેટલીક જ્ઞાતિઓમાં આ લગ્નનો રિવાજ જોવા મળે છે.*

*આ રાજ્યોની વિવિધ જ્ઞાતિઓમાં નક્કી કરેલા સગાઓના વર્તુળમાંથી જીવનસાથીની પસંદગી કરવાની હોય છે. તે બહાર લગ્ન સંબંધ બાંધી શકાય નહીં. આ લગ્નપ્રથામાં અમુક નજીકના સગાંઓના વર્તુળ બહાર પણ પોતાની જ્ઞાતિમાંથી જ જીવનસાથીની પસંદગી કરવાની રહેતી હતી.*

*ગુજરાત પ્રદેશ વિસ્તારો અને સૌરાષ્ટ્ર તેમજ રાજસ્થાનમાં લગ્ન સાથીના પસંદગીમાં નિમ્ન ગોત્રની કન્યા ઊંચા ગોત્રના પુરુષ સાથે લગ્ન થઈ શકે પણ ઊંચા ગોત્રની કન્યા નિમ્ન પુરુષ સાથે લગ્ન થઈ શકે નહીં. બીજું કે ગુજરાત સૌરાષ્ટ્રના લોકોમાં ઉત્તર રાજ્યોની પ્રથાઓ કેટલીક જ્ઞાતિઓમાં એક સમાન બાબત એ જોવા મળે છે કે તેઓમાં મામા-ફોઈના સંતાનોમાં લગ્ન થતાં હોય છે.*

**2. પ્રાદેશિક કક્ષાએ સગપણ સંબંધોનું સંગઠન**

*ભારતના વિભિન્ન રાજ્યોમાં સ્થાનિક દૃષ્ટિએ જુદા-જુદા સગપણ સંબંધોનું સંગઠન જોવા મળે છે. જેમાં પ્રાદેશિક કક્ષાએ પોતાની જ્ઞાતિ-જૂથ કે વંશ પ્રમાણે અને ખાસ પ્રકારના રિવાજોને અનુસરતા સગપણ સંબંધોનું ગોત્ર સંગઠન હોય છે.*

*ગુજરાત રાજ્યની વાત કરીએ તો વિવિધ સમુદાયોના સંગઠનમાં સગપણ સંબંધનું મહત્ત્વ વધુ છે. તેઓના લગ્ન, કુટુંબ, ધર્મ, જન્મ, મૃત્યુમાં મિલકત કે વારસા અંગેની બાબતોમાં સગપણ સંબંધો ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ સંબંધો પર વ્યક્તિની વર્તણૂંક પ્રતિષ્ઠા, સામાજિક વ્યવહારો અંગેના સામાજિક નિયંત્રણો કે નિયમો હોય છે. જેને આધારે વ્યક્તિનું જીવન ઘડતર અને વિકાસ થાય છે. કુટુંબના સભ્યો આગળની પેઢીના સંબંધીઓ પૂર્વજ અને પાછળની પેઢીના સંબંધીઓ વારસાનું સ્થાન પ્રાપ્ત કરે છે.*

*ગુજરાતમાં મહ્‌દઅંશે આદિવાસી સમુહ અંતવિવાહી જૂથ છે તેઓ પોતાના જૂથમાં જ લગ્ન સંબંધ બાંધે છે. સગોત્ર લગ્ન કરતા નથી કેટલાક સમુહમાં નિકટના સગાઓની સાથે લગ્ન કરવામાં આવે છે. મામા-ફોઈના સંતાનોમાં પણ લગ્નની છૂટ હોય છે. આમ લગ્ન આધારિત સગપણ સંબંધીઓના સંગઠન બને છે. આવા રિવાજ સભ્ય સમાજમાં પણ જોવા મળે છે.*

*ગુજરાતના આદિવાસી સમુદાયમાં રક્ત સંબંધોમાં મામી-માસી-ફોઈ અગત્યની ભૂમિકા ભજવે છે. ચૌધરી સમુદાયમાં વરપક્ષની કેટલીક વડીલ મહિલાઓ કન્યાને ઘરનું કામકાજ કરતાં આવડે છે કે બહારનું તેનું નિરીક્ષણ કરવા જાય છે અને સગાઈ વ્યવહાર કરે છે. જ્યાં પુત્રીની સગાઈ કે લગ્ન થયું હોય ત્યાં પુત્રીના વડીલો જમતા નથી અને એક પ્રકારે આમાન્ય રાખે છે.*

*કેટલાક આદિવાસી સમુદાયોમાં દિયરવટુ પ્રથા જોવા મળે છે. જેમાં મોટાભાઈની વિધવા નાના દિયર સાથે લગ્ન કરી શકે છે. ટોડા આદિવાસીઓમાં આ પ્રથા પ્રચલિત છે. ગુજરાતમાં કેટલાક આદિવાસીઓમાં ભાતૃ લગ્ન વ્યવસ્થા પ્રચલિત છે. ભીલ ધાનકા જાતિઓમાં આ પ્રથા તેમજ જેઠવટુ પ્રથા પણ જોવા મળે છે. ગુજરાતના ભીલ, ઘોડિયા, ધાનકા જાતિઓમાં સાળીવટુ જોવા મળે છે. જેમાં મૃત બેનની જગ્યાએ બનેવી સાળી સાથે લગ્ન કરી શકે છે. ભીલ અને કોકણી આદિવાસીઓમાં મામા ફોઈના સંતાનો વચ્ચે લગ્ન સંબંધો માન્ય રાખે છે. પરિચિત કુટુંબમાં જ લગ્ન સંબંધ બાંધે છે. નાયક ગામીત અને ધાનકા વગેરેના પોતાના નજીકના સગપણ સંબંધીઓ સાથે લગ્ન સંબંધ બાંધે છે અને કેટલીક વખત દૂરના સગપણ સંબંધીઓ સાથે પણ લગ્ન સંબંધ બાંધે છે. એટલે કે લગ્ન સંબંધ બાંધવામાં કોઈ ચોક્કસ નિયંત્રણો જોવા મળતા નથી. દૂબળા અને ચૌધરી આદિવાસીઓમાં એક જ વંશના માતૃવંશ કે પિતૃવંશના સગાઓ સાથે લગ્ન સંબંધ બાંધી શકાતા નથી. ટૂંકમાં ગુજરાતના રક્ત સંબંધીઓના સંગઠનમાં વિવિધ સ્વરૂપે સગપણ સંબંધીઓના સમુહો અને તેમ રિવાજો જોવા મળે છે.*

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

- *નાયક ગામીત અને ધાનકા સમુદાયોમાં લગ્નસંબંધની ચર્ચા કરો.*

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

## 5.4 ઉત્તર-પૂર્વ અને દક્ષિણ-પશ્ચિમ ભારતની માતૃવંશીય સમુદાયોમાં સગપણ સંબંધોનું સંગઠન(Kinship Organisation in Matrilineal Communities in North East and South West India)

*ડૉ.ઈરાવતી કર્વે એ પોતાના પુસ્તક* Kinship Organization India (1953)*માં સમગ્ર ભારતની ચાર સાંસ્કૃતિક વિસ્તારો/વિભાગો અલગ પાડયા છે. તેમાં અહીં પ્રમાણમાં ઓછી પ્રચલિત એવી માતૃવંશીય વ્યવસ્થાઓનો ટૂંકમાં આપણે ખ્યાલ કરીએ. ભારતમાં માત્ર ઉત્તર-પૂર્વ અને દક્ષિણ-પશ્ચિમ વિસ્તારોમાં જ માતૃવંશીય સમુદાયો જોવા મળે છે. ઉત્તર ભારતમાં મેઘાલય અને આસામના ગારો અને ખાસી આદિવાસીઓમાં માતુવંશીય સામાજિક વ્યવસ્થા જોવા મળે છે. દક્ષિણ ભારતમાં કેરાલા, કર્ણાટક અને તામિલનાડુના કેટલાક ભાગોમાં અને કેન્દ્રશાશિત લક્ષદ્વિપમાં માતૃવંશીય સમૂહોમાં માતા પાસેથી તેની દીકરીઓ/પુત્રીઓને વારસામાં મિલકત મળતી રહે છે. માતૃવંશી વ્યવસ્થા કેવી છે, તેની આપણે ટૂંકમાં ચર્ચા કરીએ અને ત્યાર બાદ અહીં દર્શાવેલ સગપણ વ્યવસ્થાની તરાહોનો ખ્યાલ મેળવીએ.*

### 1. માતૃવંશીય વંશ વ્યવસ્થા(Matrilineal Descent System)

*માતૃ રેખીય વંશવ્યવસ્થામાં સંતાનો તેની માતા દ્વારા સગપણ ઓળખાવે છે. માતૃ રેખઈશ વંશ વ્યવસ્થાને અને માતૃક સત્તાક વ્યવસ્થા વચ્ચે ગોટાળો કરવો જોઈએ નહીં માતૃસત્તાક વ્યવસ્થામાં સ્ત્રી સત્તા પણ ધરાવતી હોય છે. માતૃરેખીય વ્યવસ્થામાં સ્ત્રીઓ દ્વારા વંશ ઓળખવામાં આવે છે. તેમ છતાં સામાન્યપણે સત્તા તેમના હાથમાં હોતી નથી. જમીન અને અન્ય મિલકત અંગેના નિર્ણય લેવાની સત્તા અને સામાજિક નિયંત્રણ પુરુષો પાસે હોય છે. એટલે કે માતૃરેખીય વ્યવસ્થામાં વંશાવળી સ્ત્રીઓ દ્વારા પરંપરાગત થતી હોય છે અને સંતાનો માતાનો સામાજિક દરજ્જો પ્રાપ્ત કરે છે. માતા દ્વારા તેઓ મિલકતમાં અધિકાર ધરાવે છે. અહીં એ નોંધપાત્ર ઘટના છે કે પુત્ર સંતાનનો જન્મ પ્રસંગ એ ખાસ ઉજવણીનો પ્રસંગ બનતો નથી.*

*માતૃરેખીય વ્યવસ્થાએ અર્થવ્યવસ્થા સાથે જોડાયેલી છે કે જ્યાં સ્ત્રીઓના સ્વાતંત્ર્ય અને તેમનાં રહેઠાણની વ્યવસ્થા કરવાના અધિકારોનો સ્વીકાર કરવામાં આવે છે. આવી અર્થવ્યવસ્થાઓમાં શિકાર, વ્યાપાર જેવી પ્રવૃત્તિઓમાં મદદરૂપ થતા હોય છે. કેટલાક કિસ્સાઓમાં અર્થવ્યવસ્થામાં થતા મોટા પાયા પરના ફેરફારો પરંપરાગત સામાજિક વ્યવસ્થાને અનુરૂપ પરિવર્તન લાવતા નથી. કેટલીકવાર તો ધર્મમાં પરિવર્તન થવા છતાં લગ્ન અને સગપણ વ્યવસ્થાની તરાહમાં ખાસ ફેરફાર થતો નથી. જો કે બજારનું અર્થતંત્ર શિક્ષણની સુવિધાઓ, કાયદાકીય ફેરફારો, વ્યવસાયોના માળખામાં વૈવિધ્ય જેવાં પરિબળોની માતૃવંશીય સમુદાયો પર બિલકુલ અસર થઈ નથી એમ કહી શકાય નહીં. આવા પરિબળોની અસર લગ્ન બાદના રહેઠાણ કે સહનિવાસની પદ્ધતિઓમાં વારસાના નિયમોમાં અને કુટુંબના સત્તા અને અધિકારના તંત્ર પર અવશ્ય પડી છે. હવે આપણે ઉત્તર-પૂર્વ ભારતના માતૃવંશીય સમૂહોની સગપણ વ્યવસ્થાની તરાહ અંગે ચર્ચા કરીશું.*

## 2. ઉત્તર-પૂર્વ ભારતમાં માતૃવંશીય સમૂહો(Matrilined Groups in North-East India)

*ઉત્તરપૂર્વ ભારતમાં મેઘાલય અને આસામ રાજ્યોમાં મુખ્યત્વે ગારો અને ખાસી આદિવાસીઓમાં માતૃવંશ જોવા મળે છે. આ બંનેમાં સગપણ વ્યવસ્થાનાં સામાન્ય લક્ષણો નીચે મુજબ જોવા મળે છે.*

### (1) ગારો (The Garo) :-

*મેઘાલય રાજ્યમાં વસેલા ગારો આદિવાસીઓમાં પુત્રીઓનાં રહેઠાણો મારફતે માતૃવંશીય વ્યવસ્થા જોવા મળે છે. મૂળ ઘર કે રહેઠાણમાંથી (સ્ત્રી તેની પુત્રી અને જમાઈનું બનેલું) પુત્રીઓમાં રહેઠાણો વિકસતાં હોય છે. એક પુત્રી તે જ ઘરમાં રહે છે એ દઢિ દ્વારા મૂળ ઘર ચાલુ રહેતુ હોય છે. આ પુત્રીના (નોકમાં) પતિને (નોકમા -* Nokma*) તે ઘરના મુખ્ય માણસના બધા અધિકારો અને ઉત્તરદાયિત્વ વારસામાં મળે છે. આ ઘરનું સંચાલન નોકમા (નોકના (પુત્રી)નો પતિ) સંભાળે છે. જ્યારે પુત્રીને તેમની માતા સાથે રહે છે. જ્યારે પરિણીત પુત્રીઓ (મૂળ ઘરમાં રહેનારી પુત્રી સિવાયની) માતાના ઘરની નજીકમાં પોતાના રહેઠાણ કરીને રહેવા જાય છે. મચોંગ* (Machong) *શબ્દ દ્વારા માતૃવંશીય કુળને ઓળખવામાં આવે છે તેનો અર્થ એક વિસ્તારમાં વસેલા સગપણ સંબંધીઓનો વિસ્તૃત સમૂહ એવો થાય છે. 'મચોંગ' કે માતૃવંશીયકુળના બધા સભ્યો સમાન માતાના વંશજ તરીકે પોતાને ઓળખાવે છે. સંતાનોને માતાના કુળનું નામ આપવામાં આવે છે. વંશજ ઓળખવામાં તથા મિલકતને વારસામાં સંક્રમિત કરવાની બાબતોમાં માતા કેન્દ્રમાં રહે છે અને તેની આસપાસ ગારો સમાજ ગોઠવાયેલાં છે. જમીન અને અન્ય મિલકત અંગે નિર્ણયો લેવામાં અને ઘરના કામકાજોના સંચાલનમાં કામ પુરુષોને ફાળે આવે છે. કુળના માળખામાં રહીને સત્તા કે અધિકારનો અમલ થતો હોવાથી કુળના કેટલાક પુરુષોને ગામમાં તેમના કુળમાં રહેવું આવશ્યક બને છે. અન્ય પુરુષ સભ્યો તેમની પત્નીઓના કુટુંબમાં જઈને વસે છે. આમ ગારો ગામમાં મૂળ કૂળની મોટા ભાગની સ્ત્રીઓ અને તેમનાં પતિઓ તથા સંતાનોનો સમાવેશ થતો હોય છે. ઉપરાંત તેમાં મૂળ કુળના સભ્યો હોય તેવા કેટલાંક પુરુષો પણ રહે છે.*

*આ ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે ગારો ગામમાં અરસપરસ સહકારથી જીવન જીવનારો સમૂહ મૂળ ફળ સાથે એકરેખીય સગપણ સંબંધોનો બનેલો છે. આથી નજીકના સાથે સગપણ સંબંધો બંધાય છે અને તે સંબંધી સહકાર આપતા નોકના તથા માતૃવંશી મચીંગ સુધી વિસ્તાર પામે છે. આગળ વધીને તે સંબંધો ગામમાં અને અમુક ગામોના સંકુલ સુધી ફેલાય છે. ગારો આદિવાસોઓ બે ફેત્રી* (Phartiries-Katchi) *માં વહેંચાયેલા છે. ફેત્રી (કાત્ચી) તે આદિવાસીના સગપણ સંબંધીઓનું એકમ છે. ગારો આદિવાસીઓના બે સગપણ સંબંધીઓનું એકમ છે. ગારો આદિવાસીઓના બે સગપણ સંબંધીઓના એકમો મરક અને સંગમા* (Mark - Sangma) *નામે ઓળખાય છે. આ બે વચ્ચે આંતરલગ્ન થતાં નથી. ગારોમાં બેવડી સામાજિક વ્યવસ્થાને કારણે દરેક સ્ત્રીમાં*

*સગપણ સંબંધીઓના બેવડી સામાજિક વ્યવસ્થાને કારણે દરેક સ્ત્રીમાં સગપણ સંબંધીઓના વર્તુળો સતત વિસ્તરતાં જતાં હોય છે. ઝઘડા, તકરારો પતાવવાની પ્રક્રિયામાં સગપણ સંબંધીઓમાં જૂથો ભાગ લેતા હોય છે. આમાં મોટે ભાગે માતૃવંશી સગાઓ પગલાં લેતા હોય છે. કુટુંબના વડા 'નોકમા'ની ભૂમીકા પર સ્થાનિક ગ્રામ સમૂહોનું સંગઠન અવલંબન રાખે છે. લગ્ન બાદ માતાના નિવાસમાં રહેવાનો વિસ્તાર છે એટલે કે લગ્ન બાદ જમાઈ કન્યાના માતા-પિતાના ઘરમાં રહેવા આવે છે. તે તેના સસરા માટે 'નોકમા' બને છે. સસરાના મૃત્યુબાદ નોકમા તેની પત્નીની માતા (સાસુ) સાથે લગ્ન કરે છે અને માતા તથા દીકરી બંનેનો પતિ બને છે. બુર્લિંગ* (1963) *જણાવે છે કે પુરુષનું તેની સાસુ સાથીનું લગ્ન એ કેવળ આર્થિક ગોઠવણના એક ભાગ રૂપ બને છે. કેમ કે તેને કારણે જમાઈ સસરાના કુળના વડા કે નોક* (Nok) *નું સ્થાન લઈ શકે. ગારો આદિવાસીઓમાં સાસુ અને જમાઈએ જ્યાં સુધી સાસુના મૂળ પતિ જીવંત હોય ત્યાં સુધી એકબીજા સાથે "ટાળવાના સંબંધો" (પરિહારના સંબંધો) રાખવાનો શિરસ્તો હોય છે. તેથી બુર્લિંગના મતે સસરાના મૃત્યુબાદ સાસુ-જમાઈ વચ્ચેના લગ્નને આર્થિક ગોઠવણના ભાગરૂપે જોવામાં આવે છે. ઘરમાં જમાઈ નોકમા-આવે તે અગાઉ સ્ત્રી જો વિધવા બને તો તે મૂળ પિતાના કુટુંબની પરવાનગી વગર ફરીથી પરણી શકતી નથી. તેમ છતાં આવા લગ્નનાં સંતાનો એ જ માતા(સ્ત્રી)ના વંશજ ગણાય છે.*

*મચીંગ કે માતૃવંશી કુટુંબની મિલકત કે કુળની બહાર આપી શકતી નથી. તે માતા પાસેથી દીકરીને વારસામાં મળતી હોય છે. એક કરતાં વધારે દિકરીઓ હોય તેવા કુટુંબમાં માતા તેની વારસ દીકરી (જે નોકના કહેવાય) પસંદ કરતી હોય છે. વર્તમાન સમયમાં માતાની મિલકતમાંથી નાનકડો હિસ્સો આપવામાં આવે છે. બીજી દિકરીઓ સામાન્યતઃ તેમના પોતાનાં કૌટુંબિક રહેઠાણો ઊભાં કરે છે. માતુવંશી કુળમાં પુત્રને કુટુંબની મિલકત વારસામાં મળતી નથી. પરંતુ પતિ તરીકે તેની પત્નીના જીવનકાળ દરમિયાન તે મિલકતનો પુરો ઉપભોગ કરી શકે છે. આપણે આગળ ચર્ચામાં જોયું તેમ કુટુંબના કેટલાક પુરુષ સભ્યો ગામમાં જ રહે છે. આ લોકો તેમની બહેનોનાં કુટુંબોનો કારભાર ચલાવતા હોય છે. આ વ્યવસ્થાને નોકપન વ્યવસ્થા* (Nokpan) *તરીકે ઓળખાવામાં આવે છે. તે તેની બહેનનાં સંતાનો પર મજબૂત પક્કડ ધરાવે છે અને તેમના પિતાની જેમ વર્તતો હોય છે.*

*ચી નાકને* (1968) *પોતાના પુસ્તક* Garo and Khasi *માં દર્શાવ્યું છે કે ગારોમાં બે ફાંટા છે.* (1) *મિલકતની માલિકીનો ફોટો અને* (2) *પિતા અને મિલકતના વહીવટનો ફોટો. તેણી જણાવે છે કે બંને ફાંટાનાં કાર્યો સરખા પ્રભાવક છે. પહેલા ફાંટાનો વહિવટ પત્ની દ્વારા થાય છે જ્યારે બીજા ફાંટાનું સંચાલન પતિ દ્વારા થતું હોય છે. આમ ગારોમાં પતિપત્નીના એકમને સહનિવાસ પતિ દ્વારા થતું હોય છે. આમ ગારોમાં પતિપત્નીના એકમને સહનિવાસ કરતા મહત્ત્વના એકમ તરીકે ગણવામાં આવે છે. માતૃવંશી ચોકડીનાં ભાઈ-બહેનોનાં લગ્ન (પુરુષનું તેની માતાના ભાઈની દિકરી સાથે લગ્ન) અને જમાઈ. તેની સાસુ સાથેનું લગ્ન (જમાઈનું તેની સાસુ સાથેનું લગ્ન). આ બંને લગ્નના રિવાજો તો*

*ઉપર દર્શાવેલ બે ફાંટાઓ વચ્ચેના વિરોધાભાસને કારણે પેદા થતી સમસ્યાઓનું નિરાકરણ કરવાની પ્રયુક્તિઓ છે. બીજું એ કે ગારોમાં છૂટાછેડા જવલ્લે જ લેવાય છે. તેમ છતાં વ્યક્તિ વ્યભિચારના સંજોગોમાં લગ્ન છૂટાછેડામાં પરિણમે છે. તેવી જ રીતે કામ કરવાની ના પાડતાં કિસ્સામાં પણ લગ્ન છૂટાછેડામાં પરિણમે છે.*

**(2) ખાસી (The Khasi) :-**

*ખાસી એ મેઘાલયની ટેકરીઓમાં વસતા માતૃવંશી આદિવાસી છે. આ લોકોને માતૃરેખીય વંશના ગણવામાં આવે છે. એટલે કે માતાના દ્વારા તેમની વંશ ગણના કરવામાં આવે છે. મિલકત અને વારસાહક પણ માતા દ્વારા મળે છે. લગ્ન બાદ માતાના રહેઠાણમાં નિવાસ કરવાનો રિવાજ છે. એટલે કે પુરુષ તેના લગ્ન બાદ તેની પત્નીના માતા-પિતાના ઘરે (સાસરે) રહેવા આવે છે. ખાસી આદિવાસીઓમાં બર્હિલગ્ન ફળ છે. એટલે કે એક જ કુલ કે વંશની બે વ્યક્તિઓ અંદરોઅંદર પરણી શકતી નથી. ખાસીમાં સગપણ સૂચક શબ્દાવલિનું વર્ગીકરણ હોય છે. એટલે કે તેઓ તેમનાં રેખીય સગાંને (પિતા, પુત્ર વગેરે) જે શબ્દથી સંબોધન કરે છે, તે જ સંબોધન કેટલાક પિતરાઈ સગાને માટે પણ વપરાય છે. દા. ત. પિતા અને પિતાના ભાઈ માટે એક જ શબ્દ વપરાય છે. ટૂંકમાં સગાં ભાઈ-બહેન માટે વપરાતા શબ્દો સમાંતર ભાઈ-બહેનો માટે પણ વપરાય છે.*

*ખાસી લગ્નના નિયમોમાં માતૃવંશીય ચોકડીનાં ભાઈ-બહેનનાં લગ્નને માન્ય ગણવામાં આવે છે. પરંતુ દિયરવટું અથવા સાળીવટું માન્ય ગણવામાં આવતું નથી. તેવી જ રીતે કુલીનશાહી લગ્ન તેમજ બહુપતિ લગ્ન તેમનામાં જોવા મળતાં નથી. પુરુષ રખાત રાખી શકે છે. આસીના કેટલાક વિભાગોમાં રખાત દ્વારા થતાં સંતાનો પિતાની મિલકતમાં જો તે મિલકત ધરાવતા હોય તો, કુટુંબનાં અન્ય સંતાનોની જેમ સરખા હિસ્સેદાર બને છે.*

*માતૃવંશી સમુદાયમાં* (Utimogeniture) *નાનામાં નાની દીકરી મિલકતની વારસ બને તેવી રૂઢિ ખાસીઓમાં પ્રચલિત છે. ખાસી કુટુંબમાં સૌથી નાની દિકરી મિલકતની વારસદાર થાય છે જેને કાખ્ખડ કહે છે. તે તેના પતિ અને સંતાનો સાથે પોતાનાં માતા-પિતા સાથે રહેતી હોય છે. તે કુટુંબની ક્રિયા વિધિઓ કરે છે. કુટુંબના વડવાઓની પૂજા આરાધના કરી તેમને રીઝવે છે. સૌથી નાની દીકરીને મિલકતનો મુખ્ય હિસ્સો મળે છે અને બીજી બધી દીકરીઓ લગ્ન થતાં અને એક બે સંતાનોની માતા થતાં ઘરમાંથી જુદી થઈ જાય છે. તેઓ પોતાના પતિ અને સંતાનો સાથે ગામમાં અલગ રહે છે. નજીકમાં જ રહેવાનું નવું જૂથ બનાવીને રહે છે. સૌથી નાની દીકરીને પરણનાર પુરુષનો દરજ્જો, અન્ય દીકરીઓના પરણનાર પુરુષો કરતાં તદ્દન નોખો હોય છે. સૌથી નાની દીકરીઓને પતિ તેની પત્ની, પત્નીનાં માતા-પિતા જે ઘરમાં રહેતાં હોય છે તે ઘરનો કર્તા હર્તા કે વડો બને છે. બીજી દીકરીઓ સાથે લગ્ન કરતા પુરુષો પોતે જે ઘર બાંધે અને જેનો વહિવટ કરે તેના માલિક બને છે. ખાસીઓમાં લગ્ન બાદ સ્ત્રી તેના પતિની સાથે અથવા ભાઈની સાથે સહનિવાસ કરે તેને આદર્શ સહનિવાસ ગણવામાં આવે છે. મિલકતની માલિકી, વારસો*

*અને વહિવટમાં માતાનો ફાંટો પિતાના ફાંટાના મુકાબલે વધુ મજબૂત બળવાન ગણાય છે. ખાસી લોકો માને છે કે વંશના બધા સભ્યો સ્ત્રી વડામાંથી ઊતરી આવેલા છે તેઓ 'એક કુળ' ના કહેવાય. 'કુળ' કે 'એકકુળ' અનેક પેટાકુળમાં વિભક્ત થાય છે એટલે કે તેઓ એક વડદાદીમાંથી ઊતરી આવેલ વિભિન્ન કુળમાં વિભાજિત થાય છે. બીજો વિભાગ કુટુંબનો છે તેમાં દાદી, તેની દીકરીઓ તથા દીકરીઓની દીકરીઓનાં સંતાનો એક જ ઘરમાં રહેતા હોફ છે. પુરુષ સંતાન તો જ ઘરમાં તે પરણે તે ઘરનું થઈ જાય છે. પતિ રૂપે તેને પ્રજોત્પાદક લેખવામાં આવે છે. લગ્ન પહેલાં વ્યક્તિએ મેળવેલી પોતાની માલિકીની બધી મિલકત તેની માતાની ગણાય છે. લગ્ન બાદ તેણે મેળવેલી બધી મિલકત તેની પત્નીને મળે છે અને પત્ની તથા સંતાનો તે મિલકતને વારસામાં મેળવતાં હોય છે. પુરુષની સૌથી નાની દીકરીને પુરુષની પત્નીના મૃત્યુબાદ મોટા ભાગનો હિસ્સો વારસામાં મળે છે. જો તે માણસને એકપણ દીકરી ન હોય તો તેણે સંપાદન કરેલી મિલકત તેના પુત્રોને સરખા ભાગે વહેંચી આપવામાં આવે છે.*

### 3. દક્ષિણ-પશ્ચિમ ભારતમાં માતૃવંશીય સમૂહો(Matrilined Groups in South-West India)

*ભારતના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં આવેલાં કેરળ રાજ્યમાં માતૃવંશી સમુદાયોનું મુખ્ય કેન્દ્ર છે. અહીં આપણે નાયર સમુદાયોનો ટૂંકમાં પરિચય મેળવીશું.*

*નાયર* (The Nayar) *કેરળનો આ અસાધારણ પ્રકારનો માતૃવંશી સમાજ છે. ઘણા માનવશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ નાયરોની સગપણ સંસ્થાઓનું વર્ણન અને પૃથક્કરણ કર્યું છે. જેમાં એલ. કે ઐયર*(L. K. Iyer 1990-12, 1932) *ઐયપ્પન*(1992-1934), *કે ઘોષ* (1952),*કે.એમ.પાનીકર* (K.M.Panikar 1918), *એફ. ફવસેટ* (F. Faweett – 1915) *વગેરે.*

*સ્નાઈડર અને ગૌફ દ્વારા સંપાદિત પુસ્તક* "Matrilineal Kinship" *(માતૃવંશીય સગપણ વ્યવસ્થા)* 1962 *માં નાયર એ જ્ઞાતિનું નામ છે તેમ સૌ પ્રથમ દર્શાવ્યું છે. તેઓમાં ત્રણ વિભિન્ન પ્રકારની સગપણ વ્યવસ્થાઓ જોવા મળે છે. તે વ્યવસ્થાઓ ઉત્તર કેરળ, મધ્ય કેરળ અને દક્ષિણમાં ત્રાવણકોરની આસપાસના વિસ્તારોમાં પ્રચલિત છે. આ ત્રણેય કેરળ રાજ્યના સાંસ્કૃતિક વિભાગો છે. ગૌફે મધ્ય કેરળમાં સ્તરિત રીતે ગોઠવાયેલાં ત્રણ જૂથો પૈકીના એક જૂથ નાયર જ્ઞાતિઓની સગપણ વ્યવસ્થાનો તથા ઉત્તર કેરાલાના નાયરોનો પણ ખ્યાલ કર્યો છે.*

*મધ્ય કેરળના નાયર 'મુલાકાતી પ્રથા' પાળે છે. તેમનામાં પતિ, પત્ની અને સંતાનોનું એક નિવાસમાં રહેતું કેન્દ્રસ્થ સ્વાભાવિક કુટુંબ જોવા મળતું નથી. કેફ ગૌફે બ્રિટિશ લોકો ભારતમાં આવ્યા તે પહેલાંના સમયમાં નાયરની માતૃવંશી પ્રથાના વહેવાર પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. નાયર સમુદાયની પરંપરાગત માતૃવંશી પ્રથામાં આજે ઘણાં બધાં પરિવર્તન આવ્યાં છે. પરંપરાગત વ્યવસ્થામાં ત્રણ ચઢઉતરતા ક્રમમાં*

*ગોઠવાયેલાં જૂથો હતા. જેમાં* (1) *નાયર રાજવંશ* (2) *નાયર ઉમરાવ કે સેનાપતિ અને ગામના મુખીના વંશો અને* (3) *નાયર જ્ઞાતિના કેરાલાના નામ્બુદ્રી બ્રાહ્મણો સાથે લગ્ન કરી શકતી નથી. તેઓ નાયર જૂથના કોઈ વધારે ઊંચા જૂથમાં પણ પરણી શકતી હતી. આ ઉપરથી જણાય છે કે નાયરોમાં કુલીનશાહી લગ્નની પ્રથા પળાતી હતી. એટલે કે તેઓ પોતાની સ્ત્રીઓને પોતાના જૂથના દરજ્જા કરતાં વધુ ઊંચા સામાજિક દરજ્જાવાળા જૂથમાં પરણાવતો. અહીં દક્ષિણ પશ્ચિમ કેરળના નામ્બુદ્રી બ્રાહ્મણો અને નાયર સ્ત્રીઓ વચ્ચે કુલીનશાહી લગ્નનું ઉદાહરણ જોવા મળે છે.*

*નાયરોમાં વંશ અને કુળ માટે તરવાડ* (Tarvad) *શબ્દ વપરાતો એ શબ્દ સંયુક્ત મિલકત ધરાવનાર જૂથનો પણ નિર્દેશ કરે છે. તરવાડના અથવા વંશ/કુળના સભ્યો વચ્ચે બાલિકાના યૌવનારંભની વિધિમાં અને લગ્નની વિધિઓમાં તેમ જ તરવાડના સભ્યની મરણવિધિમાં સહકાર પ્રવર્તતો. રૂા બધી વિધિઓમાં જુદા જુદા વંશ/કુળો વંશ પરંપરાથી ચાલી આવેલાં સંબંધથી બંધાયેલો હતો. અરસપરસ જોડાયેલાં વંશ/કુળનો વિશિષ્ટ ભૂમિકાઓ ભજવવાની હતી. જમીન અને અન્ય મિલકતના વહીવટની દૃષ્ટિએ માતૃવંશી કુળ એ મહત્ત્વનું એકમ ન હતું. પરંતુ મિલકત જૂથે મુખ્ય કાયદાકીય એકમો હતા. તે એકમો સ્થાનિક જ્ઞાતિ સમુહમાં આંતરિક કામ કરતા હતા. સૌથી વડીલ પુરુષ જે ‘કર્ણવાન’* (Karnavan) *તરીકે ઓળખાતો હતો તે (મિલકત જૂથ) તરવાડની આર્થિક પ્રવૃત્તિઓ સંભાળતો હતો.*

*કે. ગૌફ એ માતૃવંશીય જૂથમાંના સગાં વચ્ચેના આંતર સંબંધોનું વર્ણન કરતાં જણાવે છે કે અહીં માતા અને પુત્ર વચ્ચે નિકટતા કે ગાઢ સંબંધ જણાય છે. બીજી તરફ પુરુષ અને તેની બહેનના દિકરા વચ્ચે “ટાળવાના” તથા “પરિહાર”ના સંબંધો હતા. પુરુષ તેની બહેનની પુત્રીને ટાળવાનો અને તેની નાની બહેન સાથે ઔપચારિક સંબંધ રાખતો હતો. નાયરોની સગપણ વ્યવસ્થાનાં કેટલાંક નોંધપાત્ર લક્ષણો આ દૃષ્ટાંતોમાં જોવા મળે છે. તરવાડમાં પુરુષ અને નાની વયની સ્ત્રીઓ વચ્ચે મૈથુનનો નિષેધ હતો. માતૃવંશી કુટુંબ/કુળમાં જાતિ/લૈંગિક સંબંધ અસ્વીકાર્ય હતો. તેવી જ રીતે અમુક કક્ષાનાં લગ્ન દ્વારા થતાં સગા સાથે તેમ જ નિમ્ન જ્ઞાતિઓના પુરુષો સાથે પણ જાતીય સંબંધ બાંધવાની મનાઈ હતી. વંશકુળની સંગીનતા પર ભાર મૂકવામાં આવતો હોવા છતાં નાયરોમાં લગ્નસંસ્થા સૌથી નબળી હતી. જેમ કે ઉમરાવોની આશ્રિત નાયર પુરુષનું પણ તેવું જ હતું. તે પણ બંધબેસતા જૂથની સંખ્યાબંધ સ્ત્રીઓની મુલાકાત લેતો. આ સંજોગમાં લગ્ન અથવા ‘સંબંધ’ (નાયર સમુદાયોમાં લગ્ન માટે વપરાતો શબ્દ) માં ઘણી ઓછી જવાબદારી નિભાવવી પડતી. સંબંધની નોંધણીની કોઈ વિધિ ન હતી. સંતાનના જન્મને કાયદેસરતા આપવાની સરળ પદ્ધતિ હતી. જેમને બાઈ જોડે સંબંધ હોય, એવા ઉચિત દરજ્જાના માણસ દ્વારા સુવાવડ કરાવનાર દાયણને કાયદેસર આપવાની રકમ અને માને કપડાંની ભેટ આપવામાં આવતી. સંતાનની કાયદેસરતા સિદ્ધ કરવા માટે આટલું પૂરતું હતું. પરિણીત અવરવાના પ્રતીક તરીકે સ્ત્રી ‘તાલી’* (Tali) *કે મંગળસૂત્ર જીવનભર પહેરતી*

*સ્ત્રી અને સંતાનો વિધિસર પરણેલા પતિના મૃત્યુનું સૂતક પાળતા પણ મુલાકાતી પતિનું મૃત્યુ થતાં તેઓને કશી વિધિ કરવાની રહેતી નથી. અહીં આપણે વિધિ પ્રમાણે બનેલો 'પતિ' એવો શબ્દ વાપર્યો છે. નાયરોના લગ્નના સંદર્ભમાં એ શબ્દ શું સૂચવે છે તે માનવશાસ્ત્રીઓની દૃષ્ટિએ જોઈએ.*

*જે. પી. મેંચર* (J.P.Mencha)*અને એચ. ગોલ્ડબર્ગ* (H.Goldberg)*નું પુસ્તક* (1967) "Kinship and Marriage, Regulations Among the Namboodiri Brahmins of Kerala Man" *માં દક્ષિણ-પશ્ચિમના કહેવાતા પિતૃવંશી નામ્બુદ્રી બ્રાહ્મણોમાં જોવા મળતી વિશિષ્ટ લગ્ન અને સગપણ વ્યવસ્થાની સમજ આપી છે. બ્રાહ્મણોમાં એક પ્રકારની પૂરક વ્યવસ્થા હતી અને નાયર સમૂહની મદદથી જ નામ્બુદ્રી બ્રાહ્મણો કરી શકતા હતા તેમ તે દર્શાવે છે. તે વ્યવસ્થા કેવી રીતે અમલમાં આવતી હતી તે અંગે જણાવે છે કે નામ્બુદ્રી બ્રાહ્મણો પિતૃવંશની માલિકીની જમીનના ભાગલા કરી શકતા ન હતા અને પિતૃવંશની માલિકીની જમીનના ભાગલા કરી શકતા ન હતા અને પિતૃવંશની સૌથી મોટો પુરુષ તેનો વહીવટ કરતો. નામ્બુદ્રી બ્રાહ્મણોમાં પહેલો પુત્ર તેમની જ્ઞાતિમાં પરણી શકતો અને એક સાથે ત્રણ જેટલી પત્નીઓ રાખી શકતો. બીજી રીતે કહીએ તો બહુપત્નીવાળું લગ્ન કરી શકતો. તે બ્રાહ્મણના બીજા બધા પુત્રો નાયર સ્ત્રીઓ સાથે સંબંધમ્ (લગ્ન) સંબંધો રાખતા. જે નામ્બુદ્રી બ્રાહ્મણ નાયર સ્ત્રી સાથે સંબંધ રાખતો તે જ તેણીનો વિધિ પતિ* (Ritual husband – *ધાર્મિક વિધિસરનો પતિ*) *કહેવાતો. આવા સંબંધથી પેદા થતાં સંતાનો હંમેશા નાયર સ્ત્રીના વંશ જ ગણાતા. આ રીતે નામ્બુદ્રી બ્રાહ્મણો નાયર સ્ત્રીથી થતાં તેમનાં સંતાનોને, તેમના કુળની મિલકતના હિસ્સેદાર થતાં રોકી શકતા. એટલે કે નાબુદ્રી પિતૃવંશી સમૂદ્ર તથા નાયર માતૃવંશી સમૂહ (બંને સમૂહો) પોતાની સ્વાયતતા જાળવવાનો આગ્રહ રાખે છે. વળી એના લીધે પોત પોતાના વંશના આંતરિક સગપણ સંબંધો ગાઢ રહી શકે છે. આ કિસ્સામાં જોવા મળતા વંશ સંબંધો અને લગ્ન દ્વારા થતા નબળા રહે છે. આ કિસ્સામાં જોવા મળતા વંશ સંબંધો અને લગ્ન દ્વારા થતા નબળા સંબંધો કેરાલામાં ચાલતી જમીનની અંગત માલિકીની પદ્ધતિ સાથે સંકળાયેલા છે. આ બાબતની વધુ ઊંડાણમાં જતાં નથી પરંતુ આપણે સગપણ સૂચક પરિભાષાનો તથા નાયરની સગપણ વ્યવસ્થામાં આવેલા પરિવર્તનોની દિશામાં જોઈએ. નાયરોમાં પિતા અને સંતાન વચ્ચેના સંબંધનો ખ્યાલ ગૌફે નામના વિદ્વાને આપ્યો છે. નાયરોની સગપણ સૂચક શબ્દાવલિમાં પિતા માટે કોઈ ચોક્કસ શબ્દ નથી. નાયર તરવાડના પુરુષને તેના પિતૃવંશી સગાં તરફ કોઈ ચોક્કસ શબ્દ નથી. નાયર તરવાડના પુરુષને તેના પિતૃવંશી સગાં તરફ કોઈ કર્તવ્ય હોતું નથી. આમ સગપણ સૂચક શબ્દ સ્પષ્ટપણે માતૃવંશ પર ભાર મૂકે છે. નાયરોની માતૃવંશીય સગપણ વ્યવસ્થાના વ્યવહારમાં આવેલાં સાંપ્રત પરિવર્તનોને આધારે એમ કહેવાય છે કે મધ્ય કેરળના નાયરો ઝડપથી સ્વાભાવિક કુટુંબનો સ્વીકાર કરી રહ્યા છે. બીજું કે નાયરોમાં માતૃવંશી સગપણ વ્યવસ્થામાંથી ઉભયવંશી સગપણ વ્યવસ્થા તરફ પરિવર્તન પામી રહ્યાં છે એટલે કે તેઓ માતા અને પિતા એમ બંને પક્ષોનાં સંબંધો પર ભાર મૂકવા લાગ્યા છે.*

## 5.5 સારાંશ

*આ એકમમાં ઉત્તર ભારત, મધ્ય ભારત અને દક્ષિણ ભારતના સગપણ સંબંધોના સંગઠન અને તેની વિવિધતા તથા લાક્ષણિકતાઓનો અભ્યાસ કર્યો. આ ચર્ચામાં સગપણ સમૂહો, સગપણ સૂચક શબ્દો, લગ્નના નિયમો અને સગપણ સંબંધીઓ વચ્ચે થતી પ્રાસંગિક ભેટની આપ-લે જેવી બાબતોની સમજ પ્રાપ્ત કરી છે. ઉત્તર-પૂર્વ અને દક્ષિણ-પશ્ચિમ ભારતની માતૃવંશી સગપણ વ્યવસ્થાનું વર્ણન પણ સમજી શક્યા.*

## 5.6 ચાવીરૂપ શબ્દો

- **પિતૃસ્થાનિય(Patrilocal) :-** *આ રહેઠાણનો પ્રકાર છે. એમાં પરિણીત દંપતી લગ્ન બાદ પતિના પિતાના કુટુંબમાં રહે છે.*
- **નવસ્થાનિય(Neolocal) :-** *લગ્ન પછી રહેઠાણના સંદર્ભમાં આ શબ્દ વપરાય છે. અહીં પતિ-પત્ની લગ્નબાદ પોતાનું અલાયદું રહેઠાણ બનાવીને રહે છે.*
- **લગ્ન સંબંધ(Attinity) :-***લગ્ન દ્વારા થતા સંબંધને 'લગ્ન સંબંધ' તરીકે વર્ણવવામાં આવે છે.*
- **ગોત્ર (Clan) :-***સમાન/એક જ વડવા કે પૂર્વજ દ્વારા એકતા ધરાવતા જૂથને ક્લાન કહેવાય છે. ભારતીય સમાજના સંદર્ભમાં જ્યારે પેટાજ્ઞાતિ કે સમાન કે સહિયારું ગોત્ર ધરાવતી હોય છે, ત્યારે તેને ક્લાન કહેવાય છે.*
- **રક્ત સંબંધ(Consanguinity) :-***લોહીની સગાઈ દ્વારા સ્થપાયેલા સગપણનો નિર્દેશ કરે છે. વ્યક્તિ સાથે લોહીનું સગપણ ધરાવનારા બધાં સગાં તેનાં સગોત્રીઓ છે.*
- **વંશ/કુળ(Descent) :-***એક પૂર્વજ કે વડવામાંથી ઊતરી આવેલને એક વંશ કે કુળના કહેવાય છે. મૂળ ખોળવાના વિવિધ ઉપાયો છે આથી માનવ સમાજોમાં વંશની વિવિધ વ્યવસ્થાઓ જોવા મળે છે.*
- **અંતર્લગ્ન(Endogamy) :-***અમુક જુથમાં જ લગ્ન કરવું જોઈએ. એવા નિયમને અંતર્લગ્નનો નિયમ કહેવાય છે.*
- **બહિર્લગ્ન(Exogamy) :-***અમુક જૂથ કે વર્તુળ બહાર જ લગ્ન સંબંધ બાંધવો જોઈએ એવા નિયમને બહિર્લગ્નનો નિયમ કહેવામાં આવે છે.*
- **કુલીનશાહી લગ્ન (Hypergamy) :-***સમાન અથવા ઊંચા કે ચડિયાતા સામાજિક જૂથ કે પેટાજ્ઞાતિમાં જ લગ્ન કરવાં જોઈએ, ગોઠવવાં જોઈએ. તેના નિયમને કુલીનશાહી લગ્નનો નિયમ કહેવાય છે.*

## 5.7 કેટલાક ઉપયોગી પુસ્તકો

1. Dube Leela (1974) Sociology of Kinship, Popular Prakashan : Bombay
2. Karve Irawati (1953) Kinship Organisation in India, Deccan College Post-Graduate Research Institute : Poona

3. Madan T.N. (1965) Family and Kinship. A study of the Pandits of Rural Kashmir Asin Publishing House : New Delhi
4. Nakan C. (1968) Garo and Khasi : A Comparative study in Matrilined Systeem, Mouton & Co : Paris
5. Gough E. K. & Schnicider D. M. (1962) Matrilineal Kinship. University California Press : Berkcley.
6. Mencher J. P & Golberg H. (1967) Kinship and Marriage, Regulation Among the Namboodiri Brahmins of Kerala Man 2.87-106
7. *વાઘેલા અનિલ* (2005) *લગ્ન, કુટુંબ અને સગપણ સંબંધો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય : અમદાવાદ*

## 5.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

### તમારી પ્રગતિ ચકાસોના જવાબો (અ)

1. *સગપણ સૂચક શબ્દોનો અભ્યાસ બે રીતે ઉપયોગી છે. એક તો અભ્યાસ દ્વારા સગપણ વ્યવસ્થાના બંધારણ વિશે જાણવા મળે છે. બીજું દરેક સંબંધ સાથે સંકળાયેલ વર્તનની તરાહો કે ઢબ પર તે પ્રકાશ ફેંકે છે.*
2. *ઉત્તર ભારતમાં પ્રચલિત ચાર ફલાન/ગોત્રનો નિયમ બહિર્લગ્નની હદ બાંધી આપે છે. તે જણાવે છે કે વ્યક્તિ*

   (1) *તેના પિતાના ગોત્રની છે.*

   (2) *તેના માતાના ગોત્રની*

   (3) *તેના પિતાના માતાના ગોત્રની*

   (4) *તેના માતાના માતાના ગોત્રની સ્ત્રી સાથે પરણી શકે નહીં.*

### તમારી પ્રગતિ ચકાસોના જવાબો (બ)

1. *દક્ષિણ ભારતમાં લગ્નના પ્રથમ પસંદગીના ત્રણ નિયમો નીચે મુજબ છે.*

   *(અ) વ્યક્તિએ તેની મોટી બહેનની દિકરીને પરણવું જોઈએ*

   *(બ) વ્યક્તિએ તેના પિતાની બહેનની દિકરીને પરણવું જોઈએ*

   *(ક) વ્યક્તિએ તેની માતાના ભાઈની દિકરીને પરણવું જોઈએ.*

2. *દક્ષિણ ભારતમાં ગ્રામ બહિર્લગ્ન પ્રથા ક્વચિત જ જોવા મળે છે. કેમ કે દક્ષિણ ભારતમાં લગ્નના નિયમો પ્રમાણે નજીકનાં સગાં વચ્ચે લગ્ન સંબંધ બાંધવાની છૂટ હોય છે.*

3. *દક્ષિણ ભારતમાં લગ્ન પ્રસંગે અપાતી બે પ્રકારની ભેટ સોગાતોમાં*

   *(અ) કન્યા આપનારો પક્ષ/કન્યા લેનાર પક્ષને આપે અને તેથી વિરુદ્ધ કે કન્યા લેનાર પક્ષ, કન્યા આપનાર પક્ષને આપે.*

   *(બ) વર અને કન્યાને તેમનાં પિતૃ પક્ષનાં અને માતૃપક્ષનાં સગાં તથા અન્ય સગાંઓ દ્વારા અપાતી ભેટો.*

**તમારી પ્રગતિ ચકાસોના જવાબો (ક)**

*નાયક ગામીત અને ધાનકા વગેરેના પોતાના નજીકના સગપણ સંબંધીઓ સાથે લગ્ન સંબંધ બાંધે છે અને કેટલીક વખત દૂરના સગપણ સંબંધીઓ સાથે પણ લગ્ન સંબંધ બાંધે છે. એટલે કે લગ્ન સંબંધ બાંધવામાં કોઈ ચોક્કસ નિયંત્રણો જોવા મળતા નથી.*

એકમ 6

# સગપણ વ્યવસ્થાના પાસા

-: રૂપરેખા :-

**6.0** ઉદ્દેશ

**6.1** પ્રસ્તાવના

**6.2** સગપણ વ્યવસ્થાની વ્યાખ્યા

**6.3** સગપણ વ્યવસ્થાના પાસા

**6.4** સારાંશ

**6.5** ચાવીરૂપ શબ્દો

**6.6** કેટલાંક ઉપયોગી પુસ્તકો

**6.7** તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 6.0 ઉદ્દેશ

*વિદ્યાર્થી મિત્રો, આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે -*

- *સગપણ વ્યવસ્થાની સમજ પ્રાપ્ત કરી શકશો.*
- *સગપણ વ્યવસ્થાનાં પાસાની ચર્ચા કરી શકશો.*

## 6.1 પ્રસ્તાવના

*ભારત અનેક વિવિધતાથી ભરેલો દેશ છે. તેના વિવિધ પ્રદેશોમાં સગપણ સંબંધની વિવિધ વ્યવસ્થાઓ પ્રચલિત છે. સગપણ વ્યવસ્થાએ અમુક વ્યક્તિઓનું સંકુલ છે. સગપણ અંગેના નિયમો, ધોરણો અને તરફેણની મદદથી કુટુંબ રચાતું હોય છે. કુટુંબનું સ્વરૂપ નક્કી થતું હોય છે. ભારતમાં પ્રવર્તમાન વિવિધ પ્રકારના સગપણ સંબંધનાં સ્વરૂપો અંગે જાણવું આવશ્યક બને છે તેનાથી કુટુંબ અને લગ્નમાં સમાવિષ્ટ થયેલા સંબંધોની વિશે સમજણ મળી શકશે.*

## 6.2 સગપણ વ્યવસ્થાની વ્યાખ્યા(Defination of Kinship System)

*સગપણ વ્યવસ્થાએ અમુક વ્યક્તિઓનું સંકુલ છે. જે લોહીની સગાઈને લીધે કે સગપણ સંબંધને કારણે સગપણ સંબંધીઓ તરીકે ઓળખાય છે. સમાજશસ્ત્રીઓ લોહીના સગપણ માટે જે પારિભાષિક શબ્દ વાપરે છે, તે છે સપિંડતા તથા લગ્ન દ્વારા થતાં બધાં સગા માટે 'સંબંધ'* (Affinity) *શબ્દ તેઓ વાપરે છે. જેમ કે માતા અને પુત્ર/પુત્રી વચ્ચેના, બહેન અને બહેન/ભાઈ વચ્ચેના, પિતા અને પુત્ર/પુત્રી વચ્ચેના સંબંધો રક્તસંબંધ છે. જ્યારે સાસુ-સસરા અને પુત્રવધૂ-જમાઈ વચ્ચેના સંબંધો લગ્ન સંબંધ છે.*

*માનવ આ વિશાળ વિશ્વમાં પણ પોતાના સગાઈ સંબંધોના ગૂંફનમાં ગુંથાયેલો હોય છે. સમગ્ર સગાઈ વ્યવસ્થા માનવ જન્મથી જ તેની આસપાસ પથરાયેલી પ્રાપ્ત થાય છે. મહ્દ અંશે તો વ્યક્તિના માતા-પિતા પણ સમાજની લગ્નવ્યવસ્થા અને એના નિયમો પ્રમાણે નક્કી થયેલાં હોય છે. સગાઈ વ્યવસ્થાની મધ્યમાં જીવીને જ સંસ્કૃતિના સર્વ તત્ત્વોનું આત્મસાતકરણ, વ્યક્તિ સગાં-સંબંધીઓની મધ્યમાં જીવતાં જીવતાં જ કરી શકે, એવી એક દ્રઢ માન્યતા તેમાં દેખાય છે. આધુનિક તબક્કે સગપણ વ્યવસ્થા પરના વિવિધ વૃક્ષાનિક અભ્યાસો થાય છે.*

*સગાઈ સંબંધો પર આધારિત આપણી વર્તન-પ્રણાલીએ થોડેક અંશે જૈવકીય ગણી શકાય. સગાઈ સંબંધોએ પારસ્પરિક પ્રક્રિયા કરતી ભૂમિકાઓ છે, કે જેના રિવાજ દ્વારા સંબંધોના વિવિધ અર્પિત દરજ્જાઓ લોકોએ આપ્યા હોય છે. દરેક સંસ્કૃતિમાં શબ્દોનું ઝુમખું, લેબાલ્સ વગેરે સગાઈ સંબંધ સૂચક સંજ્ઞાઓ કહેવામાં આવે છે અને સમગ્રને ''સગાઈ વ્યવસ્થા''* (System of Kinship) *ની પારિભાષા કહેવામાં આવે છે. પ્રા. ઊર્મિબહેન દેસાઈએ પોતાના પુસ્તક ''સામાજિક માનવશાસ્ત્ર''માં જણાવે છે કે માનવશાસ્ત્રી રેડ ક્લિફ બ્રાઉનની દષ્ટિએ સામાજિક વ્યવસ્થા અને સગાઈ સંબંધોની પારિભાષિક સ્વરૂપો અમુક ખાસ પ્રકારની સામાજિક વ્યવસ્થાના વિશિષ્ટ સ્વરૂપોને પ્રતિબિંબિત કરે છે. જ્યારે માનવશાસ્ત્રી કોબર પરિભાષાની તંત્રપ્રથાઓમાં ભાષાની ભૂમિકા પર ભાર મૂકે છે. આમ સગાઈ વ્યવસ્થાઓના અભ્યાસો સામાજિક અભ્યાસમાં જૂનામાં જૂના અને સૌથી મહત્ત્વના છે, એવું કેટલાક માનવશાસ્ત્રીઓનું મંતવ્ય છે.*

*ચાર્લ્સ વિનિકની દષ્ટિએ વંશવૃક્ષીય સંબંધો કે જે સમાન રૂધિરના સંમિલિત સંબંધો હોય. તેઓની સામાજિક માન્યતા અને અભિવ્યક્તિ એટલે સગાઈ અથવા સગપણ સંબંધો સગાઈ વ્યવસ્થામાં સામાજિક રીતે માન્યતા પામેલ સંબંધો કે જે માની લીધેલાં અને વંશવૃક્ષીય બંધનોથી ગુંફિત હોય, તેઓનો સમાવેશ થાય છે.*

*લ્યૂસી મેર દર્શાવે છે તે મુજબ પ્રાથમિક સામાજિક સમૂહો કોઈપણ ''વ્યવસ્થાના સિદ્ધાંતો'' પર અવલંબિત હોય એવા સર્વ સમાજોમાં સગપણ સંબંધો દ્વારા ગૂંફિત હોય છે અને ઘણા દાખલાઓમાં તેઓનું સભ્યપદ વંશ દ્વારા નિશ્ચિત બનેલું હોય છે.*

*હોલેબના મત મુજબ સગાઈ વ્યવસ્થા એ ''દરજ્જાઓ અને ભૂમિકાઓનો એવો રિવાજગત સંકુલ છે જે સગાસંબંધીઓની વર્તણૂંકને નિયંત્રણ કરતો હોય''.*

*ગોડફે લિઆનહાર્ડની દષ્ટિએ અને વધુ વિસ્તૃત રીતે સગાઈ સંબંધો એ જૈવિકીય વિભાવનાઓ નથી. પરંતુ સામાજિક છે.*

*રેડક્લિફ બ્રાઉનના મત મુજબ ''સગાઈ વ્યવસ્થા અથવા આપ્તજનો અને સગાં-સંબંધીઓની વ્યવસ્થા, એ સહુ પ્રથમ તો સમુદાયમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના યુગ્મ સંબંધોની વ્યવસ્થા છે. તેમજ આ સંબંધોમાં આવતી કોઈપણ બે વ્યક્તિઓ કે જેઓની*

*વર્તણૂક કોઈને કોઈ રીતે નિયંત્રિત હોય અને મહદ્અંશે સામાજિક લોકાચાર*(Social Usage) *દ્વારા અંકુશિત હોય"*

*ઉપરોક્ત સગાઈ વ્યવસ્થા અંગેની વ્યાખ્યાઓ મુજબ કહી શકાય કે સગાઈ વ્યવસ્થાએ સમુદાયના આપ્તજનોમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના યુગ્મ* (dyadic) *સંબંધોની એવી વ્યવસ્થા છે કે જેમાં વંશવૃક્ષીય સંબંધો કે જે સમાજ રૂધિરના અને અભિવ્યક્તિ અભિપ્રેત હોય, તેમજ સામાજિક લોકાચાર દ્વારા જે સંબંધો વંશપક્ષીય બંધનોથી ગૂંફિત હોય, તેમજ દરજ્જાઓ અને ભૂમિકાઓનો આ રિવાજગત સંકુલ, સગાં-સંબંધીઓની વર્તણૂકને નિયંત્રિત અને અંકુશિત કરતો હોય.*

## 6.3 સગપણ વ્યવસ્થાના પાસા(Dimensions of kinship System)

*ભારતની વિવિધ સગપણ વ્યવસ્થાની વ્યાપક તરાહો છે. ઉત્તરભારતમાં અને દક્ષિણ ભારતમાં જોવા મળતાં સગપણ વ્યવસ્થાનાં લક્ષણોનું વર્ણન કરવા માટે તેનાં કેટલાંક પાસા પરત્વે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. અહીં આપણે તેના મુખ્ય ચાર પાસાનો પરિચય મેળવીશું.*

**(1) સગપણ સંબંધીઓના જૂથ(Kinship Groups) :-***સગપણ સંબંધો એક તરફથી દરજ્જો અને મિલકતના પેઢી દર પેઢી સંક્રમણની પદ્ધતિનો નિર્દેશ કરે છે. તો બીજી તરફથી તે સહકાર અને સંઘર્ષના હેતુઓથી અર્થ બંધાતા (રચાતા) અસરકારક સામાજિક સમૂહોનો સમાવેશ પણ કરે છે. આથી વંશ કે કુળના સ્વરૂપો અથવા પોતાના સગપણ સંબંધોને ઓળખવાની રીતને સમજવી જોઈએ. ટૂંકમાં સામાજિક સમૂહો, જેમાં સગા વચ્ચે સહકાર અને સંઘર્ષ સધાતા હોય છે. તેવા સમૂહોની વિચારણા કરીએ છીએ. એટલે જ સગપણ સમૂહોનું વર્ણન કરવું આવશ્યક બને છે.*

**(2) લગ્નના નિયમો(Marriage Rules) :-***જેમ સગપણ સમૂહો જે તે સમાજની સગપણ વ્યવસ્થાના સ્વરૂપનું વર્ણન કરે છે તેમ જ તે લગ્ન અંગેના નિયમોનું કયા વર્ગના લોકો એકબીજા સાથે લગ્ન કરી શકે કે ન કરી શકે તેનું તથા કન્યા આપનાર અને કન્યા લેનાર વચ્ચેના સંબંધોનુ વર્ણન કરે છે અને કયા સંદર્ભમાં સગપણ બંધાય તેની જોગવાઈ જણાવે છે. આ બધા પ્રશ્નોની જ્યારે આપણે ચર્ચા કરીએ ત્યારે આપણને સગપણ સંબંધોની સમજણ પ્રાપ્ત થાય છે. એટલે સગપણ વ્યવસ્થાની સમજૂતી મેળવવા માટે લગ્નના નિયમોની વાત કરવી જરૂરી બને છે.*


**(3) ભેટની આપ-લે (Exchange of Gifts) :-***સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓ વિભિન્ન વર્ગ/કક્ષાનાં સગાં વચ્ચેના સામાજિક સંબંધોનું વર્ણન કરે છે. કોઈપણ એક આંતરસંબંધની હંમેશા બે સંજ્ઞા હોય છે. એટલે કે સગપણ સંબંધી વર્તનને બે સંજ્ઞાની જોડમાં વર્ણવવામાં આવે છે. જેમ કે માતા-પિતા અને સંતાન વચ્ચેનું સગપણ, બેપેઢી વચ્ચેના સંબંધની વર્તણૂકને વર્ણવે છે. ઉત્તર અને દક્ષિણ ભારતમાં સગપણ વ્યવસ્થામાં*

*કોઈ અમુક એક સામાજિક જૂથની વાત નથી. તેથી આપણે સગપણ સંબંધી વર્તણૂકનું વર્ણન કરી શકીએ નહીં. તેને બદલે આપણે સગપણ વ્યવસ્થાના વર્તનના પાસાને સમજવા માટે સગાં વચ્ચે થતી ભેટ સોગાદોની આપ-લે લેવડ-દેવડની સાંકળનો ખ્યાલ કરીશું. આ ચર્ચા પરથી સગપણ જૂથો કેવી રીતે આંતરક્રિયા કરે છે અને અમુક સગપણના માણસો સગપણ સંબંધની ભૂમિકા કેવી રીતે અદા કરે છ. તેનો ખ્યાલ આવશે. સગાંઓ વચ્ચે થતી પ્રાસંગિક ભેટની લેવડ-દેવડમાં વ્યક્ત થતી સગપણ વ્યવસ્થાના વર્તન વિષયક પાસાનો ખ્યાલ આવે છે.*


**(4) સગપણ સૂચક પારિભાષિક શબ્દો (Kinship Terminology) :-***પોતાના સગાં કે સગપણ સંબંધીઓને માટે વપરાતી શબ્દાવલિમાં સગપણ વ્યવસ્થાનું સ્વરૂપ અભિવ્યક્ત થાય છે. એટલે સગપણ સંબંધના સૂચક શબ્દો દ્વારા આપણે સગપણ વ્યવસ્થાની સમજ મેળવીએ છીએ. કોઈપણ સમાજના સગપણ વ્યવસ્થાનાં મોટા ભાગનાં લક્ષણો તે સમાજમાં વપરાતા સગપણ સંબંધોમાં સમાન વર્ગના સગાં માટે એક જ શબ્દ વાપરવામાં આવે છે. વળી આ કિસ્સામાં આ બધાં સગાં સંબંધો વિશે સમાન ભૂમિકા અદા કરે છે. સગપણ સૂચક પારિભાષિક શબ્દોનું વર્ણન કરતી વખતે સામાન્યત બોલનાર વ્યક્તિ માટે 'હું' શબ્દનો નિર્દેશ થાય છે. લેટિન ભાષામાં ઈગો શબ્દનો 'હું' એવો અર્થ થાય છે અને તે એકવચન પ્રથમ વિભક્તિનું સર્વનામ છે. 'પોતે', 'હું' એ પુરૂષ અથવા સ્ત્રી હોઈ શકે છે. બીજું કે સગપણ સૂચક શબ્દો બે પ્રકારમાં વહેંચાઈ જાય છે. એક પ્રકારમાં સંબોધન માટેનો શબ્દ આવે છે. આનો અર્થ એ કે એકબીજાને સંબોધન કરતી વખતે લોકો અમુક સગપણ સૂચક શબ્દો વપરાતા હોય છે જેમને સંદર્ભસૂચક શબ્દો તરીકે ઓળખવામાં આવે છે ઘણીવાર આ બંને પ્રકારના શબ્દો માટે સંજ્ઞા અભિવ્યક્ત થતી હોય છે. ત્રીજું એ કે લાંબા સગપણ સૂચક શબ્દોને ટૂંકમાં લખવાની રીત પણ શીખી લેવી જરૂરી છે. જેમ કે માતાના ભાઈની દીકરી એવું લખવું હોય તો આપણે ટૂંકમાં માભાદી એવું લખી શકીએ. બીજું ઉ.દા. લઈએ તો પિતાની બહેનની દીકરીનો દિકરો એવા લાંબાં વર્ણનને ટૂંકમાં પિબદિપુ એમ દર્શાવી શકીએ. અહીં "ર" બહેનને માટે અને "પુ" પુત્ર માટે વપરાયેલ શબ્દ છે. "દી" દીકરી માટે અને "પુ" પુત્ર માટે વપરાયો છે. તેવી જ રીતે આપણે ટૂંકમાં "પિપિભાદી" શબ્દ પિતાના પિતાના ભાઈની દીકરી માટે લખી શકીએ. વિવિધ સગપણ સૂચક શબ્દાવલિના સંકુલનું વર્ણન કરતી વખતે આ સગપણ સૂચક શબ્દો લખવાની પદ્ધતિ ઉપયોગી નીવડે છે.*

**(5) સગપણ સૂચક આકૃતિઓ (Kinship Diagrams) :-** *વિવિધ પ્રકારના સગપણ સમૂહો, લગ્નના નિયમો અને તેના ફલિતાર્થોનું ચિત્રણ સગપણ આકૃતિઓની મદદથી ઘણું સરળ બને છે. વિવિધ સગપણ રચનાઓની સમજૂતી આપવા માટે સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓ તેનો અચૂક ઉપયોગ કરતા હોય છે. આ સગપણ આકૃતિઓને સમજવા માટે કેટલીક બાબતો યાદ રાખવાની જરૂર છે અને તે નીચે મુજબ છે.*

1. પ્રતીક પુરુષ માટે અને પ્રતીક મહિલાનો નિર્દેશ કરે છે. આ બંને પ્રતીકો જ્યારે કાળા રંગમાં રંગીને દર્શાવવામાં આવે છે ત્યારે તેનો અર્થ એવો થાય છે કે અમુક સ્ત્રી કે પુરુષ મૃત્યુ પામ્યાં છે.
2. પ્રતીક (ભાઈ/બહેનના સંબંધને નિર્દેશ કરે છે. તેમાં ભાઈ/ભાઈ, બહેન/બહેન અથવા બહેન/ભાઈ વચ્ચેનાના સંબંધોનો સમાવેશ થાય છે પ્રતીક) પતિ-પત્ની વચ્ચેનો સંબંધ અથવા લગ્ન સંબંધ દર્શાવે છે.
3. ત્રીજું પ્રતીક (અને) વચ્ચે જો આડી લીટી દોરવામાં આવે તો તે માતા-પિતા અને સંતાન/સંતાનો વચ્ચેના સંબંધ દર્શાવે છે. ઉપરોક્ત પ્રતીકોના ઉપયોગ કરીને પેઢી દર પેઢીના સંબંધો કે વંશાવળી અને સગપણ સમૂહનું બંધારણ કે રચના દર્શાવી શકાય છે અને તે દ્વારા સગપણ સંબંધો અભિવ્યક્ત થાય છે. એક દ્રષ્ટાંત તરીકે નીચેની આકૃતિ શું દર્શાવે છે તે જોઈએ.





આ આકૃતિ દર્શાવે છે કે A નું લગ્ન Bસાથે થયું છે અને Cતથા Dતેમનાં બાળકો છે આ સાદી આકૃતિને આ જ પ્રતીકોની મદદ લઈને, અમર્યાદિત રીતે મોટી કરી શકાય. આ જ આકૃતિમાં તમે વધુ દર્શાવી શકો કે Cઅને Dને તેમના જીવનસાથી તથા બાળકો પણ છે. આપણે એવું પણ બતાવી શકીએ કે Cનું લગ્ન Eસાથે થયું અને G, Hતથા તેમનાં બાળકો છે. એવી જ રીતે D, Fસાથે પરણે છે અને J,K,Lતેમનાં બાળકો છે.



આ આકૃતિથી આપણને જણાશે કે GHI,JKLના ચોકડી ભાઈ-બહેન છે. Aઅને B GHIKLના દાદા-દાદી છે. તેવી જ રીતે તમે J, Kઅને Lના માતાના ભાઈને દર્શાવી શકશો તથા G H અનેIના પિતાના બહેનને પણ બતાવી શકશો. આની આકૃતિ નીચે મુજબ દર્શાવી શકાય.

બીજુ એક ઉદાહરણ ઉત્તર ભારતમાં વિનિમય તરીકે કુલીનશાહી લગ્નને પ્રતીક દ્વારા દર્શાવીએ.




ઉપરોક્ત આકૃતિમાં A, Bઅને Cને ઊંચાથી ઉતરતા દરજ્જાના કોષ્ટકમાં ગોઠવવામાં આવ્યા છે. ઉપર તરફ જતી તીરની નિશાની ↑દર્શાવે છે કે Cકુળે દિકરી અને દહેજB કુળના પુરુષને આપ્યાં છે. વધુ આપનાર તરીકે Cકુળ Bકરતાં નીચું છે અને Bકુળ Aકરતાં નીચું છે. કુલીનશાહી લગ્નનો નિયમ કન્યા આપનાર પક્ષને નીચો દરજ્જો અર્પે છે. તેવી જ રીતે ઊંચા દરવાજાવાળા કુળોમાં કન્યા અને દહેજ આપવાથી નિમ્ન દરવાજાવાળું કુળ પોતાના જૂથમાં પ્રતિષ્ઠા અને સત્તા પ્રાપ્ત કરે છે. નીચે જતા ↓ તીરની નિશાની બતાવે છે કે પત્ની અને દહેજ અપનાર કુટુંબને નહીં પણ સામા પક્ષને પ્રતિષ્ઠા તથા માન મળે છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉત્તર ભારતની ઊંચનીચના કાર્યક્ષમવાળી પેટાજ્ઞાતિઓનાં સ્ત્રી અને દહેજની સામે પ્રતિષ્ઠા અને માનનો અદલો બદલો થાય છે.

આ રીતે ઉત્તર અને દક્ષિણ ભારતમાં લગ્ન નિયમોનો સાદી સગપણ આકૃતિઓ બનાવીને તેના સૂચિતાર્થો સમજાવી શકીએ.

- **તમારી પ્રગતિ ચકાસો :- (અ)**

1. સગપણ સૂચક શબ્દોના અભ્યાસનો ઉપયોગ શું ? તે સમજાવો.

.......................................................................
.......................................................................
.......................................................................

...............................................................

...............................................................
...............................................................
...............................................................
...............................................................

2. *સગપણ વ્યવસ્થાનાં ચાર પાસા જણાવો.*

...............................................................
...............................................................
...............................................................
...............................................................
...............................................................
...............................................................
...............................................................
...............................................................

## 6.4 સારાંશ

*આ એકમમાં સગપણ વ્યવસ્થાની વિભાવના સમજવામાં સરળતા રહી. ત્યારબાદ ભારતમાં સગપણ વ્યવસ્થાના પાસાને સગપણ સમૂહો, સગપણના પારિભાષિક શબ્દો, લગ્નના નિયમો અને સગાઓ વચ્ચે પ્રાસંગિક ભેટની થતી આપ-લેની વિનિમયના સંદર્ભની ચર્ચા કરી છે.*

## 6.5 ચાવીરૂપ શબ્દો

- **<u>લગ્નસંબંધ (Affinity):</u>** *લગ્ન દ્વારા થતાં સંબંધને 'લગ્ન સંબંધ' તરીકે વર્ણવવામાં આવે છે.*
- **<u>પિતૃપક્ષના સગાં (Agnate):</u>** *પુરુષ વંશ અથવા પિતૃપક્ષે થતા સગપણ સંબંધીઓ*
- **<u>લગ્નસંબંધ જોડાણ (Alliance):</u>** *સગપણ અભ્યાસોના સંદર્ભમાં બે કુટુંબો વચ્ચે લગ્ન દ્વારા થતા સંબંધને આ રીતે વર્ણવવામાં આવે છે.*
- **<u>વંશ/કુળ (Descent):</u>** *એક પૂર્વજ કે વડવામાંથી ઉતરી આવેલાને એક વંશ કે કુળના કહેવાય છે. મૂળ શોધવાના વિવિધ ઉપાયો છે. આથી માનવ સમાજોમાં વંશની વિવિધ વ્યવસ્થાઓ જોવા મળે છે.*

## 6.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો


- *દેસાઈ ઊર્મિલાબહેન,* 1977, *સામાજિક માનવશાસ્ત્ર, રચનાપ્રકાસન : અમદાવાદ*
- Dube Leena 1974, Sociology of Kinship, Popular Prakashan : Bombay
- Karve Iravati, 1953, Kinship Organisation in India, Deccan College, Post-Gradute Research Institute : Poona

## 6.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ (અ)

- *સગપણ સૂચક શબ્દોનો અભ્યાસ બે રીતે ઉપયોગી છે. એક તો અભ્યાસ દ્વારા સગપણ વ્યવસ્થાના બંધારણ વિશે જાણવા મળે છે. બીજું દરેક સંબંધ (જેને માટે એ શબ્દ વપરાતો હોય છે) સાથે સંકળાયેલ વર્તનની તરાહો કે ઢબ પર તે પ્રકાશ પાડે છે.*
- *સગપણ વ્યવસ્થાનાં ચાર પાસા આ મુજબ છે.*

(1) *સગપણ સંબંધીઓના જૂથ* (2) *લગ્નના નિયમો*
(3) *ભેટની આપ-લે* (4) *સગપણ સૂચક પારિભાષિક શબ્દો*

એકમ 7

# ઉત્તર ભારતમાં અને દક્ષિણ ભારતમાં સગપણ વ્યવસ્થા

**-: રૂપરેખા :-**

**7.0** ઉદ્દેશો

**7.1** પ્રસ્તાવના

**7.2** સગપણ સંબંધોના મૂળભૂત ખ્યાલો

**7.3** સગપણ સંબંધોના અર્થ અને વ્યાખ્યા

**7.4** ઉત્તર ભારતમાં અને દક્ષિણ ભારતમાં સગપણ સંબંધો

**7.5** સારાંશ

**7.6** તમારી પ્રગતી ચકાસો

**7.7** સંદર્ભ સૂચિ

## 7.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ કર્યા બાદ તમે નીચેની બાબતોની સમજૂતી આપી શકાશો.*

- *સગપણ સંબંધોની પ્રાથમિક જાણકારી મેળવવી*
- *ઉત્તર ભારતના સગપણ સંબંધોની માહિતી મેળવવી*
- *દક્ષિણ ભારતના સગપણ સંબંધોની માહિતી રજૂ કરવી અને સમજાવવી*

## 7.1 પ્રસ્તાવના

*સમાજની કોઈપણ વ્યવસ્થાને આપણે સંપૂર્ણ રીતે સમજવી હોય તો તેના આંતરિક અને બાહ્ય સ્વરૂપને વ્યવસ્થિત સમજવાનો પ્રયત્ન કરવો પડે છે. સમાજના આંતરિક સ્વરૂપને સમજવુ હોય તો તે માટે તેમની સગપણ વ્યવસ્થાની જાણકારી મેળવવી આવશ્યક છે. વ્યક્તિ પોતાના જન્મથી શરૂ કરી તેમના મૃત્યુ સુધી અનેક વ્યકિતઓ સાથે કોઈના કોઈ રીતે રક્તસંબંધથી કે લગ્ન સંબંધથી જોડાયેલ હોય છે. સગપણ વ્યવસ્થાએ દરેક સમાજમાં પ્રવર્તે છે. પણ તેનું સ્વરૂપ દરેક જગ્યાએ એક સરખુ હોતુ નથી. બાળકના જન્મ સાથે જ તેનો સંબંધ તેમના માતા-પિતા સાથે અને એમના માતા-પિતાના સગાઓ સાથે બંધાઈ જાય છે. એ જ રીતે એ બાળક જયારે મોટુ થાય ત્યારે તેમના લગ્ન દ્વારા પણ તેમનો સગપણ સંબંધ સ્થપાય છે. આવી રીતે વ્યકિતના સગપણ સંબંધો સતતને સતત વધતા જાય છે. અને વ્યકિતને આવા સંબંધો દ્વારા વિવિધ પ્રકારના દરજ્જાઓ પ્રાપ્ત થાય છે. જેમ કે પુત્ર, પતિ, ભાઈ, કાકા, પિતા વિગેરે માનવ સંગઠનના અભ્યાસ માટે*

*સગપણ વ્યવસ્થાની જાણકારી ખૂબજ મહત્ત્વની છે. તેમ સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓ માને છે.*

- **સગપણ વ્યવસ્થાની વ્યાખ્યા :-**

*માનવશાસ્ત્રી એ સગપણ વ્યવસ્થાની અલગ –અલગ વ્યાખ્યાઓ આપી છે તેને આપણે તપાસીએ.*

**લેમવેર :-** *સગપણ - વ્યવસ્થા સામાજિક આંતરક્રિયા દ્વારા સર્જાયેલ લગ્ન તથા રક્તસંબંધ પર આધારિત અને વ્યક્તિોને ઘનિષ્ઠ રીતે સાંકળતી સમાજસ્વીકૃત સંબંધોની વ્યવસ્થા છે.*

**કોબેલ** - *સગપણ વર્તણૂકની ઢબ કેટલેક અંશે જીવશાસ્ત્રીય રીતે નકકી થાય છે. સગપણ સંબંધો આંતરક્રિયાત્મક ભૂમિકાઓ કે જે લોકોએ પ્રણાલિકા પ્રમાણે ભિન્ન-ભિન્ન દરજ્જાના સંબંધવાળી વ્યકિતઓને આપી હોય એમાથી સર્જાય છે.*

*ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી કહી શકાય કે સગપણ સંબંધોએ સમાજ સ્વીકૃત સંબંધો છે. રક્તસંબંધોની વ્યાખ્યા પણ સામાજિક દૃષ્ટિએ નક્કી થયેલ હોય છે. નહી કે વૈજ્ઞાનિક ધોરણે. ટૂંકમાં સગપણ વ્યવસ્થા એક અંત્યંત જટિલ સંબંધોની વ્યવસ્થા છે. એવું કહી શકાય.*

- **સગપણ સંબંધોના પ્રકારો**

*સગપણ સંબંધોની વ્યવસ્થા દરેક સમાજની હોવા છતાં તે દરેક જગ્યાએ વિવિધતા ધરાવતી અને ખૂબ જ જટીલ પ્રકારની જોવા મળે છે. કુટુંબ એક પ્રકારનું સગપણ સંબંધ છે. તેની જટિલતા અંગે સેન નોંધે છે કે કુટુંબ એક એવુ જટિલ પ્રકારની પાયાની સંસ્થા છે કે જાણે કુટુંબનું કોઈપણ પ્રકારનું અસ્તિત્વ જ ન હોય તે રીતે આર્થિક સિદ્ધાંત પ્રસ્થાન કરે છે. અર્થવ્યવસ્થામાં કુટુંબની કેટલીક ભૂમિકાઓ હોવા છતાં કમાણી, નફો, ખરીદી, વેચાણ વગેરે જેવા આર્થિક વ્યવહારોમાં વ્યક્તિ અને પેઢી દૃષ્ટિગોચર થાય છે. પણ તેમાં કોઈ જગ્યાએ કુટુંબ નજરમાં આવતુ નથી. કુટુંબની તુલનામાં સગપણ સંબંધોની વ્યવસ્થા ખૂબ જ જટિલ છે આવા સગપણ સંબંધોના મુખ્ય બે પ્રકાર છે.*

**(1) લગ્નસંબંધ પર આધારિત સગપણ- સંબંધોઃ**

*આ સંબંધોની અંદર સમાજ કે કાનૂન માન્ય લગ્નથી જોડાનારી વ્યકિત અને તેના સગા-સંબંધીઓ વચ્ચેના સંબંધો છે. લગ્ન દ્વારા સ્ત્રી અને પુરૂષ વચ્ચે જ માત્ર સંબંધો ન બંધાતા તેમના એકબીજાના સગા-સંબંધીઓ વચ્ચે એટલે કે કન્યાપક્ષ અને વરપક્ષના કુટુંબો વચ્ચે નવા સંબંધો બંધાતા હોય છે. લગ્ન સંસ્થાએ સાર્વત્રિક સંસ્થા હોવાથી જોડાણના*

*સગપણ સંબંધો પણ સાર્વત્રિક હોય છે. આવા સંબંધોમાં સામાજિક પાસાઓ પર વધુ ભાર મૂકવામાં આવે છે.*

**(2) રક્ત સંબંધ પર આધારિત સગપણ સંબંધો :**

*આ રક્ત સંબંધોમાં સામાજિક પાસા કરતાં જીવશાસ્ત્રી ય પાસા ઉપર ખાસ ભાર મુકવામાં આવે છે. જે સગપણ સંબંધો વચ્ચે રક્તનો સંબંધ હોય કે જેઓ એક જ સમાન રક્તના સંબંધી ગણાતા હોય અને તેના સંતાનો, પિતા અને તેના સંતાનો એક જ માતા-પિતાના સંતાનો- સંતાનો વચ્ચેના પારસ્પરિક સંબંધો રક્ત પર રચાયેલા છે આવા સંબંધોમાં સામાજિક પાસા પર વિશેષ ભાર મૂકવામાં આવે છે.*

*આપણા દેશમાં વસવાટ કરતાં આદિવાસી લોકોનું સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક જીવન એક સરખું નથી તેમાં વૈવિધ્ય રહેલું જોવા મળે છે. આ વૈવિધ્યની અંદર તેમની બોલી, પહેરવેશ, ખોરાક, ભાષા, ધાર્મિક માન્યતાઓ તેમની પરંપરાઓ વગેરેમાં આપણે દૃષ્ટિપાત કરી શકીએ છીએ. કોઈપણ સમાજ કે સમાજના લોકોને આપણે સમજવો હોય તો તેમની આંતરિક અને બાહ્ય બાબતોને સમજવાનો આપણે હકારાત્મક પ્રયત્ન કરવો પડે છે. કોઈપણ સમાજને વ્યવસ્થિત રીતે સમજવો હોય તો આપણે તેમની અંદરો-અંદરના સગપણ સંબંધો કેવા છે તેની આપણે સમજ કેળવવી પડે.*

## 7.2 સગપણ સંબંધોના મૂળભૂત ખ્યાલો

*કુટુંબીજનોને પરસ્પરના સગા કે રક્તસંબંધી તરીકે ઓળખવામાં આવે છે. પોતાના પિતાના કે માતાના કુટુંબીજનોને અથવા તો માતા-પિતા બન્નેના કુટુંબીજનોને સગપણ સંબંધીઓ તરીકે ગણાય છે. આવા સંબંધોમાં બંધાયેલ દરેક વ્યકિતઓને એકબીજાની સાથે પરસ્પર હક્કો અને ફરજોથી જોડાયેલા હોય છે. કુટુંબ લગ્ન દ્વારા આધારિત નવા જન્મ લેતાં બાળકો સાર્વત્રિક રીતે જોવા મળે છે. તેથી જયાં-જયાં કુટુંબ વ્યવસ્થા પ્રવર્તે છે ત્યાંત્યાં સગપણસંબંધોની વ્યવસ્થાની અસરો જોવા મળે છે.*

*સગપણ સંબંધોના સિદ્ધાંત  પારસ્પરિક ફરજો અને હક્કોનો સિદ્ધાંત છે અને તે કોઈને કોઈ રીતે વાસ્તવિક કે કાલ્પનિક રીતે લોહી ઊપર રચાયેલો છે. આથી આવા સગાઈ-સંબંધોને રક્ત સંબંધો કે સગપણ સંબંધો તરીકે ઓળખવામાં આવે છે. અને આવા સંબંધો સાર્વત્રિક સમાજ વ્યવસ્થામાં જોવા મળે છે. કુટુંબના શરૂઆતના પૂર્વજોથી શરૂ કરી હાલની પેઢી સુધીના વંશજો પરસ્પરના સગપણ સંબંધીઓ છે. તેમજ સ્ત્રી  પુરુષના લગ્નના બંધનથી એકબીજાના કુટુંબીજનો એકબીજાના સગપણ સંબંધીઓ બને છે. આવી રીતે લગ્ન અને કુટુંબ તેમજ કુટુંબમાં પ્રજોત્પાદન દ્વારા નવા જન્મેલા બાળકોએ સગપણ*

*સંબંધોની વ્યવસ્થામાં ગોઠવાય છે. એટલે કે કોઈપણ સમાજ એ સગપણ સંબંધો વિનાનો સમાજ નથી.*

## 7.3 સગપણ -સંબંધોનો અર્થ અને વ્યાખ્યા

*માનવ સમાજમાં સાર્વત્રિક રીતે સગપણ સંબંધોનું અસ્તિત્વ રહેલું છે અંગ્રેજી શબ્દ* 'Kinship' *માટે ગુજરાતીમાં સગપણ—સંબંધ, 'રક્ત સંબંધ', 'સગાઈ-સંબંધ' એમ વિભિન્ન શબ્દોનો શબ્દ પ્રયોગ કરવામાં આવે છે.*

*કુટુંબીજનોને પરસ્પર સગાઇ-સંબંધી કે સગાં તરીકે ઓળખવામાં આવે છે. દરેક સમાજની અંદર આવા સગપણ - સંબંધો કે રક્ત સંબંધો પર રચાયેલા માનવ સંબંધોની એક વ્યવસ્થા જોવા મળે છે. તે કુટુંબ અને અન્ય પ્રકારના ગોત્ર, વંશ કે જ્ઞાતિ વગેરેની બનેલી છે. આ સગપણ સંબંધોની વ્યવસ્થામાં અમુક પ્રકારની સમાન - એકતાં જોવા મળે છે અને તે અન્ય રચનાતંત્રીય વ્યવસ્થાઓ સાથે સંકળાયેલી છે. અને તેમાં વૈવિધ્ય રહેલ છે. સગપણ સંબંધોનો સિદ્ધાંત, પારસ્પરિક, હક્કો અને ફરજોના સિદ્ધાંત છે. તે એક યા બીજી રીતે વાસ્તવિક કે કાલ્પનિક રીતે લોહી પર રચાયેલ છે.*

- **વ્યાખ્યા**

**પ્રો. ઈશ્વરણ :** *સગપણ-સંબંધોની અસર વગરનું માનવ સંગઠન મળવું મુશ્કેલ છે. તેનો સંપૂર્ણ અભાવ કયાય જોવા મળતો નથી."*

**ચાર્લ્સ વિનિક :** *સમાજ માન્ય કલ્પિત કે ધારેલા લોહીના સંબંધો ઉપર રચાયેલા સંબંધો સગપણ સંબંધોની વ્યવસ્થામાં સમાવેશ થાય છે.*

**કિંગ્સ્લે ડેવિસ:** *પરસ્પરના જૈવિક જોડાણમાં સંબંધોની સમાજિક સ્વીકૃતિને સગપણ - સંબંધો કહે છે. જૈવિક જોડાણમાં તે પતિ-પત્નીનાં શારિરીક જોડાણ તેમજ મા-બાપ અને સંતાનો વચ્ચેના લોહીના જોડાણનો સમાવેશ કરે છે. આવા જૈવિક જોડાણના સંબંધોની સામાજિક સ્વીકૃતિને સગપણ- સંબંધો કહેવાય.*

*ટૂંકમાં સગપણ સંબંધો સમાજ માન્ય સંબંધો છે. આ સંબંધો માટેના સમાજ માન્ય ધોરણો હોય છે. અને તેના દ્વારા પરસ્પરના દરજ્જાઓ અને ભૂમિકાઓ નક્કી થાય છે. લગ્ન, વારસો, મિલકત વગેરેને લગતાં હક્કો સગપણ સંબંધના આધારે નક્કી થાય છે.*

## 7.4 ઉત્તર ભારતમાં અને દક્ષિણ ભારતમાં સગપણ સંબંધો

*ભારતમાં સગપણ સંબંધોના સંગઠનમાં સગપણ સંબંધીઓને કુટુંબ અને તેના લગ્નસંબંધો તેમજ ગૌત્ર, સપિંડ વંશ, વંશાવલી વગેરે જેવી અનેકવિધ બાબતોનો સમાવેશ થાય છે. આપણા દેશમાં સગપણ સંબંધોના સંગઠનની અંદર અનેક પ્રકારની વિવિધતા જોવા મળે છે. ભારતમાં આ સગપણ સંબંધોની અંદર જે વૈવિધ્ય છે તે પણ પ્રાદેશિક દૃષ્ટિએ પણ અનેક વિભિન્નતાઓ સર્જે છે.*

*ઈરાવતી કર્વેએ પોતાના મુખ્ય પુસ્તક* Kinship organization in India *માં તેમણે ભારતની આદિવાસી જાતિઓને વિભાગમાં વિભાજીત કરે છે. જેમકે, ભારતનો ઉત્તરભાગ, ભારતનો દક્ષિણભાગ, ભારતનો મધ્યભાગ અને ભારતનો પૂર્વભાગ છે. જેમાં આપણે ભારતના ઉત્તર અને દક્ષિણ વિભાગની ચર્ચા કરીએ.*

### 7.4.1 ઉત્તર ભારતમાં સગપણ સંબંધો

*ભારતના ઉત્તર તરફ આવેલાં રાજ્યો જેવા કે દિલ્હી, ઉત્તરપ્રદેશ, પંજાબ, કાશ્મીર, આસામ, બિહાર અને મધ્યપ્રદેશના અમુક ભાગનો સમાવેશ કરવામાં આવે છે. આ વિસ્તારમાં રહેતાં આદિવાસીઓમાં રક્ત સબંધીઓ વચ્ચે અનેક પ્રકારની વિભિન્નતા, તેમની પરંપરાઓ અને રીત-રિવાજો જોવા મળે છે. જેમકે, વ્યકિત પોતાના પિતૃપક્ષના સગાઓ સાથે કરી શકતા નથી. તે તેમના ભાઈ-બહેનના સંતાનો વચ્ચે પણ લગ્ન સંબંધો બાંધી શકતા નથી. તે માતૃપક્ષના સગાઓ જેવા કે ફોઈના સંતાનો તેમજ ભત્રીજી સાથે લગ્ન સંબંધો બાંધી શકતાં નથી. તેમની લગ્ન સંબંધ અંગેની કેટલીક વિવિધતાઓ જોઈએ તો…*

#### 7.4.1.1 બાળ લગ્નો

*ઉત્તર વિભાગના રાજ્યો દિલ્હી કાશ્મીર, પંજાબ, બિહાર વગેરે રાજ્યોમાં બાળ લગ્ન પ્રથા જોવા મળે છે. જે બાળક હજુ શું સારૂ કહેવાય અને શું ખરાબ કહેવાય તે પણ હજુ સમજી શકતું નથી. પોતે લગ્નનો અર્થ પણ નથી સમજતું એવા સમયે તેમના બાળલગ્ન થઈ જતાં હોય છે અને થોડા પુખ્તવસ્થાના થાય ત્યારે કન્યાને તેમના મા-બાપ સાસરે મોકલી દેતાં હોય છે.*

#### 7.4.1.2 દહેજપ્રથા

*લગ્ન સમયે કન્યાના મા-બાપ વરપક્ષને વરપક્ષ શુલ્ક ચૂકવતાં હોય છે. અથવા તો તેમની બોલીઓ અને રિવાજો પ્રમાણે વરપક્ષ પાસેથી કન્યાશુલ્ક તરીકે રકમ વસૂલતાં હોય છે. આવી પ્રથા લગ્ન સમયે ભારતના ઉત્તર રાજ્યોમાં લગ્ન સમયે પ્રવર્તતી જોવા મળતી હોય*

*છે. કુલીનશાહી લગ્નમાં પણ આ પ્રથા જોવા મળે છે. આ વિસ્તારમાં જેમનો દરજ્જો નિમ્ન છે. એવા પુરૂષોએ કન્યા મેળવવા માટે કન્યાશુલ્ક ચૂકવવું પડતું હોય છે.*

### 7.4.1.3 બહુસાથી લગ્ન

*જી આર.સી.વિલિયમ્સના મત મુજબ બહુપતિ લગ્નપ્રથા ઉત્તર ભારતના ખાસ આદિવાસીઓમાં સમાજ માન્ય રીતે જોવા મળે છે. એટલું જ નહી પણ આ ખાસ આદિવાસી માટે આ લગ્નપ્રથાએ શ્રેષ્ઠ ગણાતી. આ લગ્ન પ્રથામાં એક કન્યાના લગ્ન સામાપક્ષે એક કરતાં તેમના વધુ ભાઈ સાથે થાય છે. ભાઈઓની પત્ની અથવા પત્નીઓ પર કોઈ એક જ ભાઈનો હક્ક રહેતો નથી, પણ તેમના સગા સૌ ભાઈઓનો હક્ક રહે છે. તેમ છતાં તેમનામાં જે સૌથી મોટો ભાઈ હોય તેમનો પત્ની પર દરેક બાબતમાં પ્રથમ હક્ક હોય છે.*

### 7.4.1.4 કુલીનશાહી

*મોટાભાગના માતા-પિતાને પોતાની કન્યાના લગ્ન પોતાની સમકક્ષના કુટુંબ કે તેનાથી ઉચ્ચ કુટુંબમાં થાય તેવું ઈચ્છતા હોય છે. જેને કુલીનશાહી પ્રથા કહી શકાય. કુલીનશાહી પ્રથામાં કન્યા માટે વર મેળવવાનું ક્ષેત્ર ખૂબજ મર્યાદિત હોય છે માટે માતા-પિતા પોતાની મૂંઝવણને દૂર કરવા માટે અને તેનો યોગ્ય ઉકેલ મેળવવા માટે વરપક્ષને દહેજ આપીને યોગ્ય પાત્ર મેળવવાનો પ્રયત્ન કરે છે. જ્યારે સામેવાળા પક્ષ આ પરિસ્થિતિ અંગે જાણતો હોવાથી મોટાભાગે તેમનો ગેરલાભ ઉઠાવી અને વધુમાં વધુ દહેજ કેમ મળે તેમ વિચારતો હોય છે. કુલીનશાહી પ્રથા ખાસ કરીને ઉત્તર ભારતમાં જોવા મળે છે.*

### 7.4.2. દક્ષિણ ભારતમાં સગપણ સંબંધો

*ભારતના દક્ષિણ ભારતના રાજયોમાં કર્ણાટક, કેરલ આંધ્રપ્રદેશ જેવા રાજ્યોનો સમાવેશ થાય છે. આ દરેક રાજ્યોમાં લોકોના સગપણ સંબંધોમાં અલગતા જોવા મળતી હોય છે. આ રાજ્યોના મોટાભાગમાં પિતૃવંશીય કુટુંબ વ્યવસ્થા પ્રવર્તે છે. જ્યારે તેમાંની કેટલીક આદિજાતિઓમાં માતૃવંશીય કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. અહી કેટલીક જ્ઞાતિઓમાં બહુસાથી લગ્નો પ્રચલિત હતા. દક્ષિણ ભારતના સગપણ સંબંધોની કેટલીક બાબતો જોઈએ તો તેમાં લોકોમાં લગ્નની બાબતમાં દ્રવિડિયન પ્રણાલિકા મામા-ફોઈના સંતાનો વચ્ચેના લગ્ન સંબંધોને માન્ય રાખે છે. એટલે કે આ બંને એકબીજા સાથેના કુટુંબમાં પોતાના સંતાનોના લગ્ન કરે છે. માટે તેમને કોઈ અજાણ્યા વ્યકિતના ઘરમાં કન્યા આપતાં પણ નથી અને ત્યાંથી મોટાભાગે કન્યાને પુત્રવધૂ તરીકે લાવતાં પણ નથી. આવી તેમની લગ્ન સંબંધી કેટલીક બાબતો જોઈએ તો.*

### 7.4.2.1 આંતર લગ્ન

*ઉત્તર ક્ષેત્રના રાજયો કરતા અહી દક્ષિણ ભારતના રાજયોમાં રક્ત સંબંધોનું સંગઠન અલગ પડે છે. આમાંના કેટલાકે તેઓના નજીકના ગણાતા સગાંઓમાં જ જીવન સાથીની પસંદગી કરવાની હોય છે. અને તેમની વચ્ચે જ લગ્ન સંબંધો યોજી શકાય છે. એટલે કે તેઓ મોટાભાગે એવું વિચારે છે કે જેમની આપણને જાણકારી નથી એવા કુટુંબમાંથી કન્યા લાવવી નહી અને જે કુટુંબને આપણે સંપૂર્ણ જાણતા નથી તેવા કુટુંબમાં આપણે કન્યા દેવી નહી.*

### 7.4.2.2 ગોત્ર આધારિત લગ્ન

*કેટલાક કુટુંબોમાં પિતૃવંશીય કે માતૃવંશીય ગોત્ર હોય છે. ગોત્રની શરૂઆતે કુટુંબના કોઈપણ મુખ્ય પૂર્વજ સાથે હોય છે. આ પૂર્વજ મુખ્ય અને પ્રતિષ્ઠિત હોવાને લીધે તેને જે તે ગોત્ર સંસ્થાપક માનવામાં આવે છે. તેના કારણે તેમના નામ દ્વારા કુટુંબના સર્વ વંશજોનો પરિચય અપાતો હોય છે. અને તે બધા વંશજો સાથે મળીને એક ગોત્ર તરીકે ઓળખાય છે. દક્ષિણ ભારતના લોકોની સગપણ સંબંધોની વ્યવસ્થા બીજા વિભાગો કરતાં અલગ છે. દક્ષિણ ભારતના લોકોમાં બહિર્લગ્નના ગોત્ર આધારિત લગ્ન થાય છે. એટલે કે વિભાગમાં પિતૃવંશીય કુટુંબમાં પિતૃવંશીય ગોત્ર હોય છે અને માતૃવંશીય કુટુંબમાં માતૃવંશીય ગોત્ર હોય છે. તેઓ પરસ્પર ગોત્રના આધારે જ લગ્ન કરતાં હોય છે.*

*ટૂંકમાં, દક્ષિણ ભારતના રાજયોમાં ગોત્ર આધારિત અને જેમનો પરિચય હોય તેવા કુટુંબમાં સંતાનોના લગ્ન કરવાનું મહત્ત્વ હોય છે.*

### 7.4.3 ડૉ. ઈરાવર્તી કર્વેનો અભ્યાસ

*ડૉ. ઈરાવર્તી કર્વેને પોતાના અભ્યાસ* Kinship Organization in India *માં જોવા મળ્યુ કે આ ચારેય વિભાગોમાં નાતેદારી વ્યવસ્થા અલગ-અલગ છે. આ અભ્યાસ તેઓએ ભાષા, પ્રદેશ, ભૌગોલિક ક્ષેત્ર અને નાતેદારીના વિવિધ એકમો વચ્ચેના પરસ્પરના સંબંધોનો આધારે લઈને કર્યો છે. તો કોઈ જગ્યાએ પિતૃવંશી વ્યવસ્થા છે. આ પ્રકારના સગપણ સંબંધોમાં વંશાવલીમાં પણ અલગતા જોવા મળે છે. લગ્નના નિયમોની દૃષ્ટિથી આ ઉપરોક્ત વિભિન્ન વિસ્તારોમાં અલગતા જોવા મળે છે. તેની નોંધ નીચે મુજબ કરી છે.*

*ઉત્તરના વિભાગોમાં મુખ્યત્વે પિતૃસત્તાક વ્યવસ્થાવાળા કુટુંબો જોવા મળ્યા છે. આ કુટુંબો પિતૃસ્થાની અને પિતૃવંશીય છે. આ સમૂહોની અંદર બર્હિવિવાહવાળા સમૂહોની સંખ્યા ખૂબજ મર્યાદિત છે. લગ્નના નિયમોને જોઈએ તો ઉત્તરભારતમાં સંપિંડ લગ્ન નિષેધ છે. આ જ રીતે ત્યાં મામા-ફોઈના સંતાનો વચ્ચે લગ્ન નિષેધ જોવા મળે છે.*

*આ ક્ષેત્રમાં કન્યા વિનિમય દ્વારા લગ્ન કરવામાં નથી આવતાં એ જ રીતે પોતાના પરિચિત હોય તેવા પરિવારમાં લગ્નને પ્રાધાન્ય આપવામાં આવે છે. એટલે કે પરિચિત કુટુંબો વચ્ચે જ લગ્ન પુનરાવર્તિત થતાં રહે છે. તેમજ ઉત્તરાધિકારીનો નિયમ એકરેખીય છે. એટલે કે પિતૃવંશીય હોવાને કારણે પિતાના સૌથી મોટા પુત્રને ઉત્તરાધિકારી માનવામાં આવે છે. ઉત્તર ભારતમાં પુત્ર અને પુત્રવધૂ બંનેના વ્યવહાર કરવાના નિયમો અલગ-અલગ છે. પુત્રીના સાસરિયામાં ભોજન લેવું કે ત્યાંથી કોઈપણ પ્રકારની ભેટ લેવા પર પ્રતિબંધ છે. સામાન્ય રીતે માતા-પિતા પુત્રીના ઘેર લગ્ન પછી જતાં હોતાં નથી. અહીં લગ્ન સંબંધીઓ અને રક્તસંબંધીઓ વચ્ચે અલગ-અલગ સંબોધન થાય છે એટલે કે એક પેઢીને જે સંબોધન કરાય તે બીજી પેઢીને સંબોધન કરી શકાય નહીં.*

*જ્યારે દક્ષિણ ભારતમાં પિતૃસત્તાક, પિતૃવંશીય કુટુંબોની સંખ્યા સૌથી વધુ છે. પરંતુ સાર્વભૌમિક નથી. એટલે કે એવા ઘણા સમુદાયો વસવાટ કરે છે. માતૃસ્થાનીય કે માતૃવંશીય જોવા મળે છે. દક્ષિણ ભાગોમાં એકવંશીય સમુદાયોના પિતૃવંશીય ગોત્ર તથા માતૃવંશીય ગોત્રની પરંપરાઓ જોવા મળે છે. પરંતુ અહીં સંપિંડ લગ્ન નિષેધ નથી. ત્યાં કાકા-ભત્રીજી વચ્ચેના લગ્નને માન્યતાની શ્રેણીમાં મુકવામાં આવે છે. એજ રીતે મામા-ફઈના સંતાનો વચ્ચેના લગ્નને પણ માન્યતા છે. અહીં બે કુટુંબના સંતાનો વચ્ચે કન્યા વિનિમય દ્વારા લગ્ન કરવામાં આવે છે. અહીં દક્ષિણ ભારતના કુટુંબોમાં અપરિચિત કુટુંબોમાં પણ લગ્ન કરવાનું પ્રમાણ વધુ જોવા મળે છે. એવી જ રીતે પોતાના ગામની અંદર પણ સંતાનોના લગ્ન કરે છે. આ વિભાગમાં માતૃવંશીય અને પિતૃવંશીય કુટુંબ વ્યવસ્થા બન્ને હોવાને કારણે ઉત્તરાધિકારીનો નિયમ પણ આ બન્ને સગપણ વ્યવસ્થામાં અલગ-અલગ છે. પિતૃવંશીય સમુદાયમાં ઉત્તરાધિકારી પેઢી દર પેઢી ચાલે છે. અને તેમના સંતાનને પ્રાપ્ત થાય છે. જ્યારે માતૃવંશીય સમુદાયમાં ઉત્તરાધિકારી જે ઉંમરમાં મોટો હોય તેને ઉત્તરાધિકારી માનવામાં આવે છે. દા.ત પુરૂષમાં તેના નાના ભાઈને કે બહેનના દિકરાને આ બન્નેમાં જે ઉંમરમાં મોટો હોય તેને વારસાઈ પ્રાપ્ત થાય છે. બીજી રીતે કહીએ તો માતૃવંશીય કુટુંબમાં ઉત્તરાધિકારી પુરૂષને જ ગણવામાં આવે છે. દક્ષિણ ભારતમાં સંપર્ક વ્યવહાર માટે પુત્રો અને પુત્રવધૂ માટે એક જ આચારસંહિતા છે. એકબીજાના સાસરિયામાં માતા-પિતાએ આવવું - જવું કે ભોજન અને ઉપહાર લેવા તેના પર કોઈ પ્રતિબંધ નથી. દક્ષિણ ભારતમાં રક્ત સંબંધી અને લગ્ન સંબંધીઓ માટે એક જ શબ્દનો પ્રયોગ થાય છે. અહીં ઉંમર પર આધારિત વંશાવલી જોવા મળે છે.*

*આમ ઉપરોક્ત રીતે ઈરાવતી કર્વેએ પોતાના અભ્યાસમાં ઉત્તર ભારત અને દક્ષિણ ભારતના લોકોના સગપણ સંબંધની નોંધ કરી છે.*

### 7.4.4 રાજયકક્ષાએ સગપણ સંબંધો

*ભારતના જુદા જુદા રાજયોમાં વિભિન્ન સગપણ સંબંધોનું સંગઠન મોટાભાગે જોવા મળે છે. જેમાં પ્રદેશ કક્ષાએ પોતાનું જૂથ, વંશ કે જ્ઞાતિની પરંપરાએ કે રિવાજો પ્રમાણે ગોત્ર સંગઠન ગોત્ર હોય છે. આપણા ગુજરાત રાજયની વાત કરીએ તો આદિવાસી સમાજમાં પણ સભ્ય સમાજની જેમ જ સગપણ સંબંધનું મહત્ત્વ વધુ છે. તેઓના કુટુંબ, જન્મ, લગ્ન ધર્મ, મૃત્યુ ઉપરાંત વારસો તેમજ મિલકત વગેરે પર વ્યકિતના વર્તણૂક, પ્રતિષ્ઠા, નિયમો, સામજિક વ્યવહારો, નિષેધો, નિયમો વગેરે પર સામાજિક નિયંત્રણ આધાર રાખે છે. એના આધારે વ્યકિતનું જીવન ઘડતર અને વિકાસનો આધાર રહેતો હોય છે. આપણા ગુજરાત રાજયમાં વસવાટ કરતો આદિવાસી સમૂહ મહદ્અંશે આંતરવિવાહી જૂથ છે. તેઓ પોતાના સગોત્ર લગ્ન કરતાં નથી તેમજ પોતાના સમૂહની બહાર પણ બહુ ઓછા પ્રમાણમાં લગ્ન કરતા હોય છે. કેટલાક આદિવાસી સમૂહમાં તેમના નજીકના સગાઓની સાથે કરવામાં આવે છે. તેમને મામા-ફોઈના સંતાનોમાં પણ લગ્નની છૂટ હોય છે. આમ લગ્ન આધારિત સગપણ સંબંધોના સંગઠન બને છે. આવા રિવાજ અને પ્રથાઓ ગુજરાતમાં આદિવાસી સમુદાયના લોકો સિવાયના સભ્ય સમાજમાં પણ મોટાભાગે જોવા મળતાં હોય છે.*

*ટોડા આદિવાસીઓમાં દિયરવટુપ્રથા પ્રચલિત છે. તેમજ ગુજરાતના કેટલાક આદિવાસીઓમાં ભ્રાતૃલગ્ન વ્યવસ્થા પણ પ્રચલિત છે. ભીલ, ધાનકા જેવી આદિવાસી જાતિઓમાં ભ્રાતૃલગ્ન તેમજ જેઠવટુપ્રથા પણ જોવા મળે છે.*

*ધાનકા, નાયક, ગામીત વગેરે આદિવાસીઓ પોતાના નજીકના સગપણ સંબંધીઓ સાથે લગ્ન સંબંધ બાંધે છે. અને કેટલીક વખત તેઓ દૂરના સગપણ સંબંધીઓ સાથે પણ લગ્ન સંબંધ બાંધે છે. એટલે કે તેમનામાં તેઓ લગ્ન સંબંધ બાંધવામાં કોઈ નિશ્ચિત નિયંત્રણો જોવા મળતાં નથી. આવા સગપણ સબંધોમાં રક્ત સંબંધ આધારિત કે લગ્ન સંબંધ આધારિત સંબંધીઓનો સમાવેશ થાય છે.*

## 7.5 સારાંશ

*આમ સાર્વત્રિક્તા અને વૈવિધ્યની ખાસિયત ધરાવતાં સગપણ- સંબંધોનું, સમાજ જીવનમાં, વ્યકિત તેમજ સમાજ માટે અત્યંત મહત્ત્વનું છે. જે સમાજને સુગ્રથન અને સ્થિરતા આપે છે.*

## 7.6 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલાં પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. *સગપણ વ્યવસ્થાની વ્યાખ્યા આપો.*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

2. *સગપણ સંબંધોના પ્રકારો જણાવો.*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

3. *સગપણ સંબંધોનો અર્થ આપો.*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

**(ખ) નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પિ જવાબમાંથી સાચો જવાબ પસંદ કરો.**

1. **Kinship organization in india પુસ્તક .......... નું છે ?**
   *(કિંગ્સ્લેડેવિસ, ઈરાવતી કર્વે, ચાર્લ્સ વિનિક)*
2. **ઈરાવતી કર્વેએ પોતાના મુખ્ય પુસ્તકમાં ભારતની આદિવાસી જાતિને કેટલા વિભાગમાં વિભાજીત કરી છ?**
   *(એક, ત્રણ, ચાર)*

**3. સગપણ સંબંધનો અંગ્રેજી શબ્દ નીચેનામાંથી કયો સાચો છે?**
(Kinship, Kins, Kin)

**4. નીચેનામાંથી ક્યા આદિવાસી સમાજમાં દિયરવટુ પ્રથા છે?**
*(ટોડા, ગામીત, નાયક)*

**(ખ) જવાબ :**

1. *ઈરાવતી કર્વે*
2. *ચાર*
3. Kinship
4. *ટોડા*

## 7.7 સંદર્ભ સૂચિ


1. जैन शोभिता, भारत में परिवार, विवाह और नातेदारी, रावत पब्लिकेशन
2. तिवारी इति, समाज और परिवार
3. रानी अलका, भारत में पारिवारिक समाजशास्त्र का विकास, डी. के. पब्लिशर्स
4. *દવે જે. કે.* (2013), *કુટુંબનું સમાજશાસ્ત્ર, અનડા પબ્લિકેશન, અમદાવાદ*
5. *દવે હર્ષિદા* (2005), *'માનવશાસ્ત્ર', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.*
6. *ભારતમાં સમાજ ભાગ* - 1 *પેપર* -02, *વિભાગ* -2 *કુટુંબ, લગ્ન અને સગપણ જૂથ, પ્રકાશક - કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*
7. *વાઘેલા અનિલ* (2005), *'લગ્ન, કુટુંબ અને સગાઈસંબંધો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.*

એકમ 8

# ભારતમાં આદિવાસી સમુદાયોમાં માતૃવંશી કુટુંબવ્યવસ્થા

-: રૂપરેખા :-


**8.0** ઉદ્દેશો

**8.1** પ્રસ્તાવના

**8.2** ભારતમાં આદિવાસી સમુદાયોમાં માતૃવંશી કુટુંબ વ્યવસ્થા

**8.3** ગારો માતૃવંશી કુટુંબ

**8.4** ખાસી માતૃવંશીય કુટુંબ

**8.5** નાયર માતૃવંશીય કુટુંબ

**8.6** સારાંશ

**8.7** તમારી પ્રગતિ ચકાસો

**8.8** સંદર્ભસૂચિ


## 8.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ કર્યા બાદ આપ નીચેની બાબતોની સમજૂતી આપી શકશો*

- *ગારો માતૃવંશી કુટુંબ જીવન અંગેની જાણકારી*
- *ખાસી માતૃવંશી કુટુંબ જીવન અંગેની સમજૂતી*
- *નાયર માતૃવંશી કુટુંબ અંગેની માહિતી મેળવવી*
- *ભારતીય સમાજના આદિવાસી સમુદાયની માતૃવંશી કુટુંબ વ્યવસ્થા*

## 8.1 પ્રસ્તાવના

*ભારત દેશ વિશ્વમાં બીજા નંબરની આદિવાસી જાતી ધરાવતો દેશ છે. પ્રથમ નંબરે આદિવાસી વસ્તી ધરાવતો દેશ આફ્રિકા છે. બંધારણની દષ્ટિએ જોઈએ તો બંધારણની કલમ 342 (ક) માં રાષ્ટ્રપતિ દ્વારા બહાર પાડેલ સૂચિમાં જેનો સમાવેશ કરવામાં આવે છે. તેમને અનુસૂચિત જનજાતિઓ તરીકે ઓળખવામાં આવે છે. ભૌગોલિક રહેઠાંણની દષ્ટિએ આદિવાસીઓની વસ્તી ભારતમાં ત્રણ વિભાગોમાં વિભાજીત કરી શકાય છે. જેમાં પ્રથમ ભાગમાં ઉત્તરપૂર્વ વિસ્તારમાં મેઘાલય, મિઝોરમ, આસામ અરૂણાચલ પ્રદેશ નાગાલેન્ડ, મણિપુર ત્રિપુરા જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, સિક્કિમ વગેરેનો સમાવેશ થાય છે. તે સિવાય બીજા વિભાગમાં બિહાર, દક્ષિણ રાજસ્થાન ગુજરાત, મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ વગેરેનો મધ્યવર્તી કે કેન્દ્રના વિસ્તારમાં સમાવેશ કરી શકાય છે. જ્યારે ત્રીજા ભાગ દક્ષિણ વિસ્તારમાં કર્ણાટક, કેરળ,*

*તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને આંદામાન તથા નિકોબારના બે કેન્દ્રશાસિત વિસ્તારો વગેરેનો સમાવેશ થાય છે. આ ત્રણેય વિભાગોવાળા આદિવાસી લોકોની કલા અને સંગીત, લગ્ન વ્યવસ્થા, સગાઈ – સંબંધ, મિલકત વ્યવસ્થા, ધર્મસંસ્થા, ન્યાયતંત્ર, દંતકથાઓ વગેરે તેમના સામાજિક અને સાંસ્કૃતિક જીવનને દર્શાવે છે. આપના આદિવાસી સમાજને કુટુંબ સંગઠનના પાયા ઉપર પિતૃવંશી આદિવાસી સમાજ અને માતૃવંશી આદિવાસી સમાજ એવા બે ભાગ પાડી શકાય છે. કારણ કે આદિવાસી સમાજમાં કેટલીક જગ્યાએ માતૃવંશી કુટુંબ વ્યવસ્થાવાળી વ્યવસ્થા છે. તે કેટલીક જગ્યાએ પિતૃવંશી વ્યવસ્થાવાળુ કુટુંબ પ્રવર્તે છે અને દરેક કુટુંબ વ્યવસ્થા સમાન પ્રકારની જોવા મળતી નથી. દરેકમાં વિવિધતા જોવા મળે છે. અહી આપણે ભારતમાં આદિવાસી માતૃવંશી કુટુંબોમાં કેવી સગપણ વ્યવસ્થા પ્રવર્તે છે. તેની ચર્ચા કરીએ.*

## 8.2 ભારતમાં આદિવાસી સમુદાયોમાં માતૃવંશી કુટુંબ વ્યવસ્થા

*કુટુંબ એ પાયાની સામાજિક સંસ્થા છે. તેમ છતાં તેના સ્વરૂપમાં દરેક સમાજમાં ભિન્નતા જોવા મળે છે. ભારતમાં મોટાભાગના આદિવાસી સમુદાયોમાં પિતૃવંશી અને પિતૃસ્થાની કુટુંબ વ્યવસ્થા પ્રવર્તે છે. પરંતુ તેમાં પણ વૈવિધ્યતા જોવા મળે છે અને જે સમાજમાં માતૃવંશી કે માતૃસ્થાની કુટુંબ વ્યવસ્થા પ્રવર્તે છે. તેમાં પણ વૈવિધ્યતા રહેલી છે. અહીં આપણે કેટલીક માતૃવંશીય કુટુંબ વ્યવસ્થા ધરાવતાં સમાજ વ્યવસ્થા વિશે ચર્ચા કરીએ.*

## 8.3 ગારો માતૃવંશી કુટુંબ

*ગારો માતૃવંશી કુટુંબ વ્યસ્થામાં સૌથી મોટી દિકરી સિવાયની અન્ય કોઈ પુત્રીને જેની માતા ઈચ્છે તેને તેમના કુટુંબની મિલકતનો વારસો મળે છે. જેને આ ગારો માતૃસત્તાક કુટુંબમાં 'નોકના' તરીકે ઓળખવામાં આવે છે. આ નોકનાએ તેમના ફોઈબાના કુટુંબના કોઈ સભ્ય સાથે કે ફોઈબાના પુત્ર સાથે જ લગ્ન કરવાના હોય છે અને લગ્ન બાદ જો નોકના છુટાછેડા લે તો તે તેમના મિલકતના અધિકારો ગુમાવે છે. હવે ગારો માતૃવંશી કુટુંબ વ્યવસ્થાની ચર્ચા કરીએ.*

### 8.3.1 કુટુંબવ્યવસ્થા

*ગારો કુટુંબમાં અપરણિત પુત્રી મોટાભાગે કુટુંબની સાથે વસવાટ કરે છે. ગારો માતૃસત્તાક કુટુંબમાંથી એક પુત્રીને વાસદાર તરીકે નક્કી કરી લેવામાં આવે છે. જેને 'નોકના' કહેવામાં આવે છે. કોઈપણ પુત્રી નોકના તેમની માતા-પિતાની સંમતિથી થાય છે. માતા-પિતા વચ્ચે જો મતભેદ થાય તો મોટાભાગે માતાની સંમતિ ગણી શકાય છે. 'નોકના' થનાર મોટાભાગે સૌથી મોટી કે સૌથી નાની પુત્રી હોય છે. ક્યારેક પુત્ર પણ હોય છે. 'નોકના' થનાર પુત્રી અન્ય પુત્રીઓ કરતાં હોશિયાર હોય છે. માતાના મૃત્યુ પછી 'નોકના' જ ઘરના તમામ નિર્ણયો લેતી હોય છે. તેમની અન્ય બહેનો તેમના પતિઓ સાથે એ જ ગામમાં અલગ મકાન બનાવીને રહે છે. જો કોઈપણ બહેનને તેના પરિવારમાં*

*રહેવું હોય તો નોકનાની મંજૂરી લેવી જરૂરી છે. જો કોઈ નોકના ને પુત્રી ન હોય તો તેમની બહેનની પુત્રીને દત્તક લઈ શકે છે અને નોકનાને પોતાની પુત્રી ગોદ દેવી એ તેમની બહેનો તેમનું કર્તવ્ય સમજ છે અને ઘણી વખત જો કોઈ નોકના પુત્રી ન હોય અને કોઈની પુત્રી દત્તક ન લે તો તેમની સંપત્તિ તેમના મૃત્યુ બાદ તેમની સંપત્તિ તેમની વિવાહિત બહેનો વચ્ચે સરખા ભાગે વહેંચાય જાય છે. નોકનાના પતિને નોકરોમ કહેવામાં આવે છે. જે પત્નીના ઘરમાં રહે છે અને સંપત્તિ ની દેખરેખ રાખે છે.*

### 8.3.2 પહેરવેશ અને વ્યવસાય

*આર્થિક અને ભૌગોલિક દ્દષ્ટિએ ગારો બે શ્રેણીઓમાં વિભાજીત કરી શકાય* (1) *પહાડી વિસ્તારમાં* (2) *મેદાની વિસ્તારામાં વસવાટ કરતા પહાડી વિસ્તારમાં વસવાટ કરતા આદિવાસી લોકો ખેતીની વ્યવસાય સાથે સંકળાયેલા છે અને તેઓ ઝુમ પ્રકારની ખેતી કરે છે. તેઓના મકાનો વાંસના બનેલાં છે. તેઓ મુખ્યત્વે ધાન્ય પાકો, બટાટા, મરચા અને ફળોમાં મોટાભાગે નારંગીની ખેતી કરે છે. ગારોનો પહેરવેશ પણ સાધારણ છે. પુરૂષ પીળા રંગનો ટૂકડો કમર પર બાંધે છે. જેની કિનારી લાલ રંગની હોય છે. માથા પર પાઘડી પહેરવાની પણ પરંપરા છે. ગારો સ્ત્રીઓના આભૂષણો પણ મર્યાદિત છે. સ્ત્રી અને પુરૂષો બન્ને તેમના કાનમાં બાલીયા પહેરે છે અને સ્ત્રીઓ વધારે બાલીયા પહેરવાના કારણે તેમના કાનને નુકશાન થાય છે. તેમજ ગારો સ્ત્રીઓ ચાંદીની બંગડી અને માળાઓ પણ પહેરે છે. જે તેમના પતિના અવસાન સમયે કાઢી નાંખે છે, પણ થોડા સમય બાદ તેઓ પાછા આભૂષણો ધારણ કરતા હોય છે.*

### 8.3.3 સામાજિક સંગઠન

*ગારોનું સામાજિક સંગઠન માતૃસત્તાક છે કુટુંબમાં સ્ત્રીઓનું સ્થાન વિશિષ્ટ ગારો કુટુંબનું સંગઠન પતિ-પત્ની તથા તેમની પુત્રી સંતાનોનો સમાવેશ થાય છે. તેમના પુત્રો 'નોકપંતે' નામના યુવા ગૃહોમાં રહે છે ત્યાં તેમને પ્રશિક્ષણ આપવામાં આવે છે. દરેક ગામમાં એક યુવા ગૃહ હોય છે. મેદાની વિસ્તારમાં રહેતા આદિવાસીઓમાં આવા ગૃહ ઓછા જોવા મળે છે. અપરિણિત યુવકો મોટાભાગે આવા ગૃહોમાં વસવાટ કરે છે.*

### 8.3.4 શારીરિક લક્ષણ

*ગારો લોકો મુખ્યત્વે મેઘાલયના ગારો પહાડી કે પર્વતોના કામરૂપ અને અસમના ગોલપાડા વિસ્તારમાં વસવાટ કરે છે. મેમનસિંહ જિલ્લામાં પણ તેમની વસ્તી છે ઈસ* 1971 *ની વસ્તી ગણતરી મુજબ ગારોની વસ્તી* 2,66,645 *હતી. ગારો લોકો 'બારા કે બોડો નામની બોલી બોલે છે. જે તિબ્બતની બર્મી ભાષાની એક ઉપશ્રેણી છે. ગારો સિવાય બોડો અન્ય બીજી જનજાતિની પણ ભાષા છે અને મંગોલ પ્રજાતિના વિશિષ્ટ પ્રભાવને કારણે તેમના શરીરનો રંગ પીળો, ચહેરો નાનો અને કદ ટૂંકુ હોય છે. તેમની શરીરની બનાવટ ખડતલ હોય છે. દેખાવમાં મજબુત દેખાય છે.*

### 8.3.5 લગ્ન

*ગારો લોકોમાં લગ્નના વિષયમાં પણ ચોક્કસ નિયમો છે. જેના નિર્ધારિત કરેલા અમૂક મર્યાદિત કુટુંબોમાં જ લગ્ન થાય છે. મોટાભાગે તેઓ તેમની ફોઈબાના કુટુંબમાં જ લગ્ન કરતાં હોય છે અને જો તેમાં કોઈ પાત્ર ન મળે તો તેમના સગાઓના અન્ય કોઈ વ્યક્તિ સાથે લગ્ન કરતાં હોય છે.*

### 8.3.6 રીતિ-રિવાજ અને નિષેધ

*રીત-રિવાજો અને સાંસ્કૃતિક વિશેષતાઓમાં ગારો આસામની જનજાતિ સાથે મળતા આવે છે. ગારો લોકોમાં એવો વિશ્વાસ હોય છે કે તેમને અમુક રીતે પરિવર્તન કરી શકાય છે. જો કોઈ વ્યક્તિને વાઘ દ્વારા મારી નાંખવામાં આવે છે તો 'લ્હોટા' અને અઓ નાગાઓના પરિવારમાં અનેક પ્રકારના સામાજિક પ્રતિબંધોને માનવા પડે છે. ગારોમાં પણ આ પ્રથા થોડી ઘણી પ્રચલિત છે. પછી લ્હોટા અને તેઓ નાગાઓની જેમ ગારો સમાજમાં પણ કેટલાક નિષેધોને માનવા પડે છે. જેને તેઓ મારંગ કહે છે. ઉ.દા. તરીકે સંતાન જન્મના દિવસે ખેતરે જવું ગારોમાં નિષેધ કે મારંગ છે. બન્નેના તહેવારોમાં નૃત્યનું પણ મહત્ત્વ નું સ્થાન છે*

### 8.3.7 ધાર્મિક રિવાજો

*'કોરા દેવ' તેમના ઈષ્ટ દેવ છે. તેમના ઘરોમાં કાંસાની એક નાની થાળી ઉપર અમુક આકૃતિઓ બનાવેલી હોય છે. જેને કોઈપણ જગ્યા પર લટકાવી તેમને 'કોરા દેવ' માનવામાં આવે છે. તથા તેને બલિ ચઢાવીને પ્રસન્ન કરવામાં આવે છે. તેમનો વિશ્વાસ છે કે જ્યારે ઘરવાળા સૂતા હોય તેવા સમયે કોરાદેવ આ થાળીમાંથી નિકળીને આકારની શોધમાં બહાર જાય છે. અને પાછા અહીં આવી જાય છે. અમુક ગારો લોકો સૂર્ય અને ચંદ્રની પણ પૂજા કરે છે. તેઓ બલિપ્રથામાં પણ માને છે અને પશુઓ પંખીઓ વગેરેની બલિઓ ચઢાવે છે. બીજી આદિમજાતિઓની જેમ પણ અંધવિશ્વાસમાં માને છે. તેઓ ભૂત પ્રેતમાં પણ માને છે. આમ ઉપરોક્ત પ્રકારની ગારો આદિવાસી કુટુંબ વ્યવસ્થા પ્રવર્તે છે.*

## 8.4 ખાસી માતૃવંશી કુટુંબ

*અસમના પર્વતોમાં રહેવાવાળા 'ખાસી' જનજાતિમાં માતૃસત્તાક સામાજિક સંગઠન જોવા મળે છે. તેઓ આર્થિક આધાર પર વિભિન્ન ગોત્રમાં વહેંચાયેલા હોય છે. જેવાં કે 'શાહી' ગોત્ર 'પુજારી' ગોત્ર 'મંત્રી' ગોત્ર તેમજ સામાન્ય ગોત્ર વગેરે વિભિન્ન ગોત્રમા જુદાં જુદાં સામાજિક સ્તર જોવા મળે છે. પરંતુ તેમાં આંતરવિવાહ પર નિષેધ નથી. જ્યારે ગોત્ર અને તેમાં સમાયેલ પરિવાર બર્હિવિવાદી હોય છે. ખાસી જનજાતિ આંતરવિવાહી પણ છે. લગ્ન સંસ્કારમાં વરપક્ષના લોકો તેમના સગાં-સંબંધીઓ અને મિત્રો તેમની જાન લઈને કન્યા પક્ષને ઘરે લગ્ન માટે જાય છે. જેમાં તેમના ધાર્મિક સંસ્કાર*

*કરવામાં આવે છે. જેમાં પક્ષીઓની બલિ પણ ચઢાવવામાં આવે છે. લગ્નની વિધિ પૂર્ણ થયા બાદ પતિ-પત્ની પાસે જ રહી જાય છે. અમૂક ખાસી જનજાતિઓમાં પતિ માત્ર રાત્રે જ પત્નીના ઘરમાં રહે છે. દિવસે ક્યારેય નથી રહેતા પતિ-પત્ની અમુક વર્ષો સાથે રહ્યાં પછી, જ્યારે તેમના ઘરે સંતાનોનો જન્મ થાય ત્યારે તેવો એક નવું ઘર વસાવી શકે છે. તેના પછી પતિ-પત્ની એકબીજાની વસ્તુઓને સ્વતંત્ર રીતે વાપરી શકે છે તેના પહેલાં તેને આવો અધિકાર હોતો નથી.*

**8.4.1 વિવાહ**

*વિવાહ માટે વરપક્ષ તરફથી કન્યાપક્ષની પાસે પ્રસ્તાવ મોકલવામાં આવે છે. લગ્ન અંગે સૌપ્રથમ કન્યાના માતા-પિતા પોતાની પુત્રીના લગ્ન કરવા માટેની ઈચ્છા જાણે છે. તેમજ શકુન અને અપશુકન પર વિચાર કરી અને અનુકૂળ હોય તે, સાધારણ રીતે વરપક્ષના પ્રસ્તાવનો સ્વીકાર કરે છે. વર કન્યાની પસંદગી ગોત્રની બહાર કરવામાં આવે છે. પરંતુ કોઈપણ સ્થિતિમાં તેમની જનજાતિની બહાર લગ્ન થતાં નથી કારણ કે, ખાસી લોકોમાં મામાને પિતા સમાન સ્થાન આપવામાં આવે છે. એટલે જ તેમના મામાની પુત્રી સાથે લગ્ન થઈ શકતા નથી. તેમજ કાકાના સંતાનો સાથે પણ લગ્ન થઈ શકતા નથી. પરંતુ પિતાના મૃત્યુ બાદ ફઈના સંતાનો સાથે લગ્ન થઈ શકે છે. ખાસી લોકોમાં એકથી વધુ લગ્નની પ્રથા બહુ ઓછી જોવા મળે છે. પુરૂષ તેમની પત્નીના મૃત્યુ બાદ તેમની સાળી સાથે લગ્ન કરી શકે છે. પત્નીની હયાતીમાં તે તેમની બહેન સાથે લગ્ન કરી શકતો નથી.કોઈ પુરૂષ તેમની રખાત પણ રાખે છે. અને રખાત દ્વારા જન્મ લેતા સંતાનોને તેમની પત્નીના સંતાનો જેટલો જ તેમની સંપત્તિમાં હક્ક મળે છે. ખાસી માતૃવંશીય સમુદાયની સગપણ વ્યવસ્થા અને રીત-રિવાજો નીચે મુજબ છે.*

*ખાસી લોકો મેઘાલયના મૂળ નિવાસી નથી. તેઓ ક્યાંથી કેવી રીતે અને ક્યારથી આવ્યા તેના વિશે ખૂબ મત-મતાંતર છે. રેવરન્ડ રોવટે 'ઈન્ટ્રોડકશ ટુ ખાસી ગ્રામર' માં ખાસી લોકોનો રાજનૈતિક સંબંધ બર્માના લોકો સાથે સ્થાપિત કરતાં એવું પ્રમાણિત કરવાની કોશિશ કરી છે કે તેઓ બર્માથી આવ્યા છે. એક મંતવ્ય એવું પણ છે કે, તેઓ ઉત્તર તરફથી આવ્યા છે. સેડવેલના મતે ખાસી લોકો બર્માની પટકોઈ પર્વત શ્રેણી તરફથી અહીં આવ્યા છે.*

**8.4.2 સ્થાન**

*મેઘાલયનો વિસ્તાર અને ખાસીની પહાડીઓ જે* 25.10 *અને* 260.5 *ઉત્તર અક્ષાંશ તથા* 9047 *'અને* 92'58 *પૂર્વ દક્ષાંશ રેખાઓમાં ખાસી જનજાતિ લોકોનું નિવાસસ્થાન છે.* 1961*ની વસ્તી ગણતરી અનુસાર ખાસી લોકોની વસ્તી* 3,56,208 *હતી. આ પહાડી વિસ્તાર સિવાય ખાસી લોકો મેદાની વિસ્તારમાં વસવાટ કરતાં હતાં.*

*વિલિયમ હંટરના મત પ્રમાણે મેદાની વિસ્તારમાં ખાસી લોકો અસમના કચાર અને ડારંગ તેમજ બાંગ્લાદેશના સિલકટ જિલ્લાની મેદાની ભૂમિમાં જોવા મળે છે.*

**8.4.3 ભાષા**

*ખાસી ભાષાનો અભ્યાસ કેટલાક વિદ્વાનોએ કર્યો. જેમાં ગ્રિયર્સન, જે. આર. લોગન, અર્સ્ટકુન, ફાદર ડબ્લુ મેજર ગાર્ડન વગેરેના નામો લઈ શકાય છે. ખાસી ભાષા તિબ્બત – બર્મી પરિવારની ભાષાથી અલગ છે. દ્રવિડ પરિવારની ભાષાથી એમના કોઈ સંબંધ નથી. ગ્રિયર્સન અને સ્ટિફ્ટ અને ગાર્ડનના મતે આ ઓસ્ટ્રોએશિયાટિક પરિવારની ભાષાઓનું એક વિશેષ અંગ છે. તેને મોન-ખેમેર પરિવારની સંજ્ઞા આપી છે.*

**8.4.4 ખેતી અને વ્યવસાય**

*ખાસી લોકો મુખ્યત્વે ખેતી સાથે સંકળાયેલા છે. તેમની ખેતી કરવાની પધ્ધતિએ ઝુમ ખેતી પદ્ધતિ છે. દક્ષિણ અને પૂર્વી વિસ્તારોના જંગલોમાં ઝુમ ખેતી સિવાયની ખેત પધ્ધતિ પ્રચલિત નથી. ઝુમ ખેતી સિવાય હાલી અથવા પાણી રોકીને અનાજ પકવવાની પધ્ધતિ પ્રચલિત છે. તેમના કૃષિ સંબંધિત સાધનો પણ સાધારણ છે. અનાજ સિવાય તેઓ બટાટા સંતરા સોપારી વગેરનું વાવેતર કરી ઉત્પાદન મેળવે છે તેઓ સુતરાઉ અને રેશમી કપડા ગુંથીને બનાવવાનું કામ કરે છે. શિકાર કરવા તેમજ માછલી પકડવી એ તેમનો ગૌણ વ્યવસાય છે. શિકાર માટે તેઓ સામાન્ય રીતે તીર અને ધનુષ્યનો ઉપયોગ કરે છે. ચકલીઓનો તો તેઓ આસાનથી શિકાર કરી લે છે*

**8.4.5 પ્રજાતિય લક્ષણ**

*ખાસી લોકો પણ ગારો લોકોની જેમ મંગોલ પ્રજાતિથી વિશેષ પ્રભાવિત છે. તેમના શરીરનો રંગ પીળો છે. અમુક લોકોના રંગમાં પણ ભેદ જોવા મળે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ચેરાપુંજીના ખાસી લોકો ગોરા તેમજ ઈતિયાના ખાસી લોકોનો રંગ કાળો હોય છે ત્યાં તેના સ્થાનની ઊંચાઈ વધારે હોય છે. ત્યાં તેમના શરીરનો રંગ પણ કાળો પડતો જાય છે. તેમના શરીરનું કદ નાનું નાક ચપટુ અને નાનુ, કપાળ ઊંચુ, તેમની આંખો મધ્યમ, મોં થોડું મોટું, હોઠ થોડા મોટા હોય છે. તે હંમેશા પ્રસન્ન હસમુખ અને સ્વસ્થ દેખાય છે. પણ જ્યારે તે ક્રોધિત થાય ત્યારે ખૂબ ભયંકર દેખાય છે.*

**8.4.6 ખોરાક**

*ખાસી લોકોનો મુખ્ય ખોરાક ચોખા અને સૂકી માછલીઓ છે. આ લોકો લગભગ બધા જંગલી જાનવરોના માંસનો પણ ખોરાક તરીકે આરોગે છે. કૂતરાને પવિત્ર જાનવર તેઓ માને છે. દૂધ, ઘી અને માખણથી પણ તેઓ પ્રભાવિત છે. ચેરા- શ્યામ પરિવારના લોકો સુકી માછલી પણ નથી ખાતા. દારૂ તેમનું મુખ્ય પીણું છે. તેઓ તેમના મોટાભાગના તહેવારોમાં દેશી દારૂને ખૂબ પીએ છે.*

### 8.4.7 રહેઠાણ

*ખાસી સ્થાનીય ગામોમાં નિવાસ કરે છે. તેમના ગામ નાગા અને કુકીની જેમ પહાડની ચોટી પર નથી રહેતા. તેઓ ચોટીઓની નીચે જ વિશેષરૂપથી એવી જગ્યામાં રહે છે. જેમાં તેમની રક્ષા થઈ શકે તેમના મકાન સાધારણ રૂપથી સાફ હોય છે. તેઓના મકાન મોટાભાગે જંગલના લાકડાઓ અને ઘાસના મોટાભાગે બનેલાં હોય છે. ત્યાંના મકાનો ખૂબ જ મોટા હોય છે. તેઓની મકાનની નિર્માણ કળામાં હવે પરિવર્તન થઈ રહ્યું છે. હવે તેઓ ટેબલ, ખુરશી, ખાટલા વગેરેનો ઉપયોગ કરતાં થયાં છે. ઢોલ, વાંસળી, ગિટાર વગેરે તેમના પ્રિય મનોરંજનના સાધનો છે. તેમના હથિયારમાં તીર, ભાલા, લોઢાને ઓગાળી અને તેમાંથી હથિયારો બનાવવાની કળાથી તેઓ વાકેફ છે. રેશમના કીડા પાળી તેમાથી રસ નીકાળી અને તેમાંથી કપડાં ગૂંથવાનીની કળા તેમને ખૂબ પહેલેથી જ આવડતી હતી.*

### 8.4.8 પહેરવેશ

*ખાસી સમાજમાં કેટલાય પ્રકારનાં પહેરવા પ્રચલિત છે. તે વિશેષરૂપથી રંગીન પોશાકોને વધુ પસદ કરે છે. સાધારણ રીતે ખાસી પુરૂષો બંડી પહેરે છે. આ ખાસી સંસ્કૃતિની વિશેષતા છે. પરંતુ હવે તેમના પોશાકોમાં સમયની સાથે બદલાવ આવતો જોવા મળે છે. હવે તેમનામાં સફેદ પાઘડી ફક્ત વૃદ્ધ લોકો જ પહેરે છે. તેમના પરંપરાગત પહેરવેશોનું પ્રમાણ હવે હાલના સમયમાં ઘટતું જાય છે. ખાસી સ્ત્રીઓના પહેરવેશ પણ આકર્ષિત અને રંગબેરંગી છે. તેમનું શરીર કપડાંઓથી સંપૂર્ણ ઢંકાયેલું હોય છે. તેઓ સોના અને મોતીના આભૂષણો પણ પહેરે છે.*

### 8.4.9 સામાજિક વ્યવસ્થા

*ખાસી જનજાતિમાં સામાજિક વ્યવસ્થા માતૃસત્તાક સિદ્ધાંત પર ચાલે છે. ખાસી આદિજાતિ અનેક ગોત્રોમાં વિભાજીત છે. પ્રત્યેકની ઉત્પત્તિ કોઈ મહિલા પૂર્વજન્મ નામની સાથે સંબંધિત છે. આવી સ્ત્રીઓની ખાસી લોકો પૂજા કરે છે. ગોત્રને ખાસી ભાષામાં 'શિકુર' અને તેમના સભ્યોને 'કા- લોક-ઈ' ની સંજ્ઞા દેવામાં આવે છે. ખાસી પોતાના ક્ષેત્રની બહાર લગ્ન કરે છે. તેની અંદર લગ્ન કરવા ખાસી સમાજમાં સૌથી મોટો અપરાધ સમજવામાં આવે છે. અમુક ખાસી શિકુરના નામ જાનવર તથા વૃક્ષના નામ પર પણ હોય છે.*

*લગ્ન બાદ પતિ જ પોતાની પત્નીના ઘરમાં રહેવા માટે જાય છે. પરિવારની સંપત્તિની ઉત્તરાધિકારી ગારો જનજાતિની જેમ પુત્રી જ હોય છે. પરંતુ ગારો જાતિમાં માતા-પિતાની ઈચ્છા અનુસાર કોઈપણ પુત્રીને ઉત્તરાધિકારી ઘોષિત કરી શકાય છે. ખાસીમાં આવી રીતે સૌથી નાની પુત્રી ઉત્તરાધિકારી હોય છે. પરિવાર ધાર્મિક ઉત્સવોમાં સૌથી નાની પુત્રીને વિશિષ્ટ સ્થાન છે. પરંતુ દરેક અવસરોમાં તેમણે પોતાની મોટી*

*બહેનની સંમતિ લેવી પડે છે. ખાસી સમાજમાં મામાનું સ્થાન ખૂબ જ મહત્ત્વ પૂર્ણ છે. ભાઈ પોતાની બહેનોના ઘરના માલિક સમજી શકાય છે. દરેક પ્રસંગ પર તે હસ્તક્ષેપ કરી શકે છે. પોતાની બહેનના સંતાનોના જન્મ, વિવાહ, મૃત્યુ વગેરે પ્રસંગોએ મામાની ઉપસ્થિતિ આવશ્યક છે.*

### 8.4.10 ધાર્મિક વિશ્વાસ

*ખ્રિસ્તી મિશનરીઓના પ્રચારના ફળ સ્વરૂપે ખાસી ક્ષેત્રોમાં જનજાતિના ધાર્મિક વિશ્વાસમાં ખૂબ પરિવર્તન આવ્યું છે. તેઓ શુભ-અશુભ અને ભૂત-પ્રેતમાં માને છે. અને તેમની પૂજા આરાધના કરે છે. તેઓ બલિમાં પણ માનતા હતા. તેઓ પક્ષી પ્રાણીની બલિઓ ચડાવતા હતા. તેમની એવી પણ માન્યતા હતી કે પાણીના દેવતાની આરાધનાથી સ્વચ્છ પાણી હંમેશા મળી રહેશે. વધુ સંપતિની પ્રાપ્તિ માટે ગામ દેવતાઓની પૂજા કરે છે તેમણે ઘણા દેવતાઓનું નામ બીમારીઓના નામ પર પણ રાખ્યા છે. ખાસી લોકો પ્રકૃતિને પણ પૂજનારા છે. તેઓના નદીઓ, પહાડો, વૃક્ષો વગેરે અનેક દેવતાઓ છે.*

### 8.4.11 લગ્નસંબંધી પ્રથાઓ

*ખાસી લોકોમાં એક પત્ની પ્રથા પ્રચલિત છે. વિધવા-વિવાહની મનાઈ છે. છૂટાછેડાની પ્રથા પણ પ્રચલિત છે. પરંતુ તેના માટે બન્ને પક્ષોની મંજૂરી હોવી જરૂરી છે. જ્યારે સ્ત્રી સગર્ભા હોય ત્યારે તેમને છૂટાછેડા આપી શકાતા નથી. સંતાન દત્તક લેવાની પ્રથા પણ ખાસી લોકોમાં છે. જો કોઈને સંતાનમાં પુત્રી ન હોય તો તે દત્તક લઈ શકે છે. તે તેમના માતાના મૃત્યુ બાદની બધી જ ધાર્મિક ક્રિયાઓ પૂર્ણ કરે છે.*

### 8.4.12 અંતિમ સંસ્કાર

*ખાસી લોકો શબને અગ્નિદાન આપતા પહેલાં ઘણીવાર પક્ષીઓની બલિ પણ આપે છે. શબને અગ્નિદાન આપી પછી છેલ્લે વધેલ રાખ અને હાડકાઓને તેઓ પોતાના ગોત્રને કબ્રસ્તાનમાં લાવીને દફનાવે છે.*

*આ લોકો પહેલાના સમયમાં મૃતકોના અસ્થિઓ ઉપર સ્મારક શિલાઓ રાખે છે. જૂના સમયમાં આ શિલાઓ ખૂબ જ વજનદાર હતી આશ્ચર્યની વાત એ છે કે આદિમ લોકો આટલા મોટા પથ્થર કેવી રીતે ઉપાડીને લાવતા હશે. આજે પણ આ પ્રથા ખાસીની વચ્ચે થોડા બદલાવ સાથે પ્રચલિત છે. અત્યારે નાના-પથ્થરોનો જ ઉપયોગ થવા લાગ્યો છે.*

*આમ ઉપરોક્ત પ્રકારની ખાસી માતૃવંશીય સમુદાયોમાં સગપણ વ્યવસ્થા રહેલ છે.*

## 8.5 નાયર માતૃવંશી કુટુંબ (તરવાડ)

*ભારતમાં દક્ષિણ પશ્ચિમ અથવા નેતૃત્વ ખૂણામાં નાયર લોકો વસે છે. નાયર લોકોમાં માતૃવંશી કુટુંબ વ્યવસ્થા પ્રવતર્તી હતી. તેને આ માતૃવંશી કુટુંબ મોટાભાગે*

*સંયુક્ત કુટુંબ છે. જેને 'તરવાડ' તરીકે પણ ઓળખવામાં આવે છે. નાયર માતૃવંશી કુટુંબમા સ્ત્રી તેના ભાઈઓ તેમજ બહેનો તથા તેમના અને તેમની બહેનોના સંતાનોનો સમાવેશ થાય છે. નાયર સ્ત્રીના પતિ તેમની પુત્રીના પતિ તેમના બહેનના પિતા અને તેમના પુત્રના પત્નીનો સમાવેશ થતો નથી. આ દરેકનો સમાવેશ જે તે અન્ય તરવાડામાં થાય છે. ટૂંકમાં કહેવું હોય તો એમ કહી શકાય કે તરવાડમાં લગ્નથી થતા સગાનો સમાવેશ થતો નથી. કારણ કે તરવાડ માતૃસ્થાની કુટુંબ છે. આથી લગ્ન પછી પણ સ્ત્રી તેની માતાના ઘરમાં રહેતી હોય છે અને તેમના બાળકોનો ઉછેર પણ તેમના માતાના ઘેર જ કરે છે. તેમના પતિ અહીં પ્રસંગોપાત્ત આવતા હોય છે. નાયર લોકો સૌથી મોટી પુત્રી કુટુંબની મિલકતની માલિક બને છે. પરંતુ હકીકતમાં નાયર લોકોમાં સૌથી મોટો પુત્ર મિલકતનો સાચો વ્યવસ્થાપક છે જે 'કર્ણવાન' તરીકે ઓળખાય છે. જો કોઈ કારણોસર એમનું મૃત્યુ થાય તો તેમના પછીનો જે પુરૂષ હોય તે કર્ણવાન તરીકેનું સ્થાન ધારણ કરે છે.*

*નાયર કુટુંબની રચનાના વિવિધ પાસા સમજાવાથી તેનો ખ્યાલ વધુ સ્પષ્ટ થાય છે. તેના કેટલાંક મહત્ત્વના પાસા વિશે જોઈએ.*

### 8.5.1 મિલકતના વારસદાર

*નાયર લોકો માતૃમૂલક કુટુંબ વ્યવસ્થા ધરાવે છે. આથી નાયરના ઘરમાં બધી મિલકતના વારસદાર સૌથી મોટી વયની સ્ત્રી ગણાય છે અને સ્ત્રી દ્વારા સ્ત્રી વંશજોને મિલકત વારસામાં મળે છે.*

### 8.5.2 કર્ણવાનના હકકો

*કર્ણવાન નાયરની મિલકત તથા કૌટુંબિક બાબતની વ્યવસ્થા સંચાલન કરે છે. પરંતુ તે નાયરના સભ્યોની પ્રત્યક્ષ કે પરોક્ષ સંમતિ વિના મિલકતનું વેચાણ કરી શકતો નથી. જો કે મિલકતનો દુરઉપયોગ કરે તો પણ તેને કર્ણવાન સ્થાન પરથી સ્થાન ભ્રષ્ટ કરી શકાય છે. તેને ફક્ત મિલકતની વ્યવસ્થા કરવાની છે. અને તેના પર દેખરેખ રાખવાની છે. પોતાના ગામે મિલકતનું વેચાણ કરી શકે છે. પોતાના નામ પર જમીનના ભાડા મેળવી શકે છે. પોતાના નામ પર તે જમીન પણ ખરીદી શકે છે. અને તે તેમના નામ પર લોન પણ મેળવી શકે છે. તથા પોતાના નામે કોર્ટમાં કેસ પણ ચલાવી શકે છે. તે આખા કુટુંબના સભ્યના વાણી ગણાય છે. સભ્યના નામની પાછળ કર્ણવાનનું નામ જોડાય છે. આમ ટૂંકમાં જ્યાં સુધી કર્ણવાન દરેક કાર્ય સારી નીતિથી કરે ત્યાં સુધી તેમના કુટુંબનો કોઈ સભ્ય તેનો વિરોધ કરતો નથી પણ જો તે કોઈપણ કાર્ય જાણી જોઈને કુટુંબના સભ્યોને હાનિ થાય તેવું કરે તો તેમને કુટુંબના સભ્યો સ્થાન ભ્રષ્ટ કરે છે. આમ છતાં સામાજિક*

*વ્યવહાર કર્ણવાનની ખોટી નીતિ સાબિત કરવી મુશ્કેલ બને છે. પરિણામે કર્ણવાન નાયરમાં સર્વસત્તાધીશ બની રહે છે.*

### 8.5.3 મિલકતની અવિભાજ્યતા

*નાયર સંયુક્ત કુટુંબ છે. નાયરની મિલકત બધા પુરૂષ અને સ્ત્રી સભ્યોની મિલકત ગણાય છે. સૈદ્ધાંતિક રીતે તરવાડમાં મિલકત અવિભાજ્ય છે. તેમના સભ્યો પોતાની ઈચ્છા અનુસાર તેમના ભાગનો હિસ્સો મેળવીને અલગ નિવાસ કરવા જઈ શકતાં નથી. તેમના કુટુંબના બધા સભ્યોની સંમતિથી જ મિલકતના ભાગલા પાડી શકાય છે. પરંતુ એક પણ સભ્ય જો તેનો વિરોધ કરે તો કુટુંબની મિલકતના ભાગ પાડવા શક્ય બનતા નથી. આમ ટૂંકમાં કહીએ તો નાયર લોકોની મિલકતનું વિભાજન કરવું જટિલ છે.*

### 8.5.4 કુટુંબના બીજા સભ્યોના અધિકારો

*નાયરના અન્ય સભ્યોને માત્ર ભરણ પોષણના જ અધિકારો છે અને આ અધિકારો પણ કેટલીક પરિસ્થિતિમાં જ મળી શકે. જેમ કે, નાયરમાં સંયુક્ત નિવાસ કરનારને જ ભરણ પોષણનો અધિકાર મળે છે. નાયરથી અલગ રહેનારને આ અધિકાર મળતો નથી. તેમના કુટુંબથી અલગ રહેવા માટે કર્ણવાનનો ગેરવર્તાવ જવાબદાર હોય અને તે પુરવાર કરવામાં આવે તો તેવા સભ્યને નાયર પાસેથી ભરણપોષણનો અધિકાર મળે છે. નાયરના તમામ સભ્યોને સંયુક્ત નિવાસ સગવડરૂપ હોય અને કર્ણવાનની મંજૂરીથી નિવાસ કરવામાં આવ્યો હોય તો નાયર પાસેથી ભરણપોષણનો અધિકાર મળે છે. તે તેમના અન્ય સભ્ય દ્વારા થતા મિલકતના સંચાલન ઉપર દેખરેખ રાખી શકે છે. કર્ણવાન મિલકતની ગેર વ્યવસ્થા કરે તો કર્ણવાનને સ્થાન ભ્રષ્ટ કરી શકાય છે. પરંતુ મિલકતનો હિસાબ માંગવાનો અધિકાર કોઈ સભ્યને નથી કુટુંબના અન્ય સભ્યો સ્વપ્રયત્નથી કામ કરી કોઈ મિલકત કમાઈ હોય તો તે પોતાની ખાનગી મિલકતનો ઉપયોગ કરી શકે છે. પરંતુ તેના અવસાન બાદ જો કોઈ ખાનગી મિલકત હોય તો તે કર્ણવાનને મળે છે*

*નાયરોનું કુટુંબ જ્યારે વિસ્તૃત બને ત્યારે બધા સભ્યોને એક જ નિવાસમાં રહેવું મુશ્કેલ બને ત્યારે સર્વ સભ્યોની સંમતિથી નાયરની અન્ય સ્ત્રી , નાયરની મિલકતમાંથી પોતાનો હિસ્સો મેળવીને મોટાભાઈ સાથે અથવા તેના મામા સાથે અલગ નિવાસ કરે છે અને તે રીતે નાયરથી અલગ કુટુંબ રચે છે અને નવું કુટુંબ તવાઝી તરીકે ઓળખાય છે નાયર અને તવાઝી વચ્ચે મિલકત સંબંધો રહેતાં નથી. પરંતુ રક્ત સંબંધોના બંધનો ચાલુ રહે છે. 'તવાઝી' ના સભ્યો તરવાડના સભ્યો તરીકે બહિર્લગ્નના નિયમોનું પાલન કરે છે. અને પોતાના નાયરની બહાર લગ્ન કરે છે તે જ રીતે તરવાડનો કોઈ સભ્ય મૃત્યુ પામે ત્યારે તવાઝીના સભ્યો સૂતકના નિયમોનું પણ પાલન કરે છે.*

## 8.6 સારાંશ

*પ્રસ્તુત એકમમાં આપણે ભારતમાં ઉત્તર અને દક્ષિણ ભાગોમાં માતૃવંશીય સગપણ વ્યવસ્થા ધરાવતી ખાસી, ગારો અને નાયર સમુદાયની ચર્ચા કરી છે. આ એકમ દ્વારા આપણે આપણા દેશમાં વસવાટ કરતાં આદિવાસી લોકોની માતૃસત્તાક સમાજ વ્યવસ્થા કેવી હતી તે અંગેની માહિતીથી વાકેફ થશું.*

## 8.7 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. *ગારો માતૃવંશી કુટુંબના રીત-રિવાજો જણાવો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

2. *ખાસી માતૃવંશી કુટુંબનો પહેરવેશ કેવો છે?*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

3. *ખાસી લોકોના મુખ્ય ખોરાક શું છે?*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**(ખ) નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પી જવાબમાંથી સાચો જવાબ પસંદ કરો.**

**1. ભારત દેશ વિશ્વમાં કેટલા નંબરની વસ્તી ધરાવે છે.**

(A) *પ્રથમ* (B) *બીજો*

(C) *ચોથો* (D) *પાંચમાં*

**2. અનુસૂચિત જનજાતિનો બંધારણની કઈ કલમમાં સમાવેશ કર્યો છે.**

(A) 340 *(ક)* (B) 348 *(ક)*

(C) 343 *(ક)* (D) 342 *(ક)*

**3. ગારો માતૃવંશી કુટુંબમાં મિલકતની વારસદાર પુત્રીને ક્યા નામથી ઓળખવામાં આવે છે.**

(A) *નોકના* (B) *કુંવરી*

(C) *વારસી* (D) *મલકીન*

**4. નાયર માતૃવંશી સંયુક્ત કુટુંબને બીજા ક્યાં નામે ઓળખવામાં આવે છે.**

(A) *નાગરી* (B) *બરવાડ*

(C) *તરવાડ* (D*) ગામિત*

**5. પૂજારી ગોત્ર નીચેનામાંથી ક્યાં માતૃવંશી કુટુંબમાં જોવા મળે છે.**

(A) *નાયર* (B) *ગારો*

(C) *તરવાડ* (D) *ખાસી*

**(ખ) જવાબો**

1. *બીજો*
2. 342
3. *નોકના*
4. *તરવાડ*
5. *ખાસી*

**(ગ) નીચેના પ્રશ્નોના જવાબો પંદર-સત્તર લીટીમાં આપો.**

**1. ગારો માતૃવંશી કુટુંબના ધાર્મિક રિવાજો અને શારીરિક લક્ષણો જણાવો.**

.................................................................
.................................................................
.................................................................

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**2. ખાસી માતૃવંશી કુટુંબનો વ્યવસાય વર્ણવો.**

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**3. નાયર માતૃવંશી કુટુંબની ટૂંકમાં સમજૂતી આપો.**

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

## 8.8 સંદર્ભસૂચિ

1. जैन शोभिता, भारत में परिवार, विवाह और नातेदारी, रावत पब्लिकेशन
2. तिवारी इति, समाज और परिवार
3. रानी अलका, भारत में पारिवारिक समाजशास्त्र का विकास, डी. के. पब्लिशर्स
4. *દવે જે. કે.* (2013), *કુટુંબનું સમાજશાસ્ત્ર, અનડા પબ્લિકેશન, અમદાવાદ*
5. *દવે હર્ષિદા* (2005), *'માનવશાસ્ત્ર', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.*

6. *ભારતમાં સમાજ ભાગ* - 1 *પેપર* -02 *વિભાગ* -2 *કુટુંબ, લગ્ન અને સગપણ જૂથ, પ્રકાશક - કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

**7.** *વાઘેલા અનિલ* (2005), *'લગ્ન, કુટુંબ અને સગાઈસંબંધો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.*

**સંપાદક:**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. ભાગ્યશ્રી રાજપૂત | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. પરેશ ચૌહાણ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. જયેશ પરમાર | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**વિષય સમિતિ:**

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ | (નિવૃત્ત) પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) મહેશ ગામીત | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) જે. સી. પટેલ | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) મહેશ ગામીત | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**લેખન:**

| | |
|---|---|
| ડૉ. રીના ગામીત | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, શ્રી એમ. એન. કંપાણી આર્ટ્સ એન્ડ એ. કે. શાહ કોમર્સ કોલેજ, માંગરોળ, જૂનાગઢ. |
| ડૉ. ભાગ્યશ્રી રાજપૂત | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. લક્ષ્મી વસાવા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટ્સ કોલેજ, મુનપુર, કડાણા, મહિસાગર. |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| પ્રિ.ધનશ્યામ કે. ગઢવી | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા. |


**પ્રકાશક:**

કુલસચિવ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** પુનઃ મુદ્રણ – 2025

**ISBN NO:** **978-93-5598-272-8**


**: સર્વાધિકાર સુરક્ષિત :**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ./બી.એ. (ઓનર્સ) સમાજશાસ્ત્ર
કુટુંબ, લગ્ન અને સગપણ સંબંધો
(મુખ્ય વિષય)
(SOCM-308 / SOMJ-303)

વિભાગ

# 2

## કુટુંબ, લગ્ન અને સગપણ સંબંધો


| | | |
|---|---|---|
| એકમ-9 | કુટુંબ સંસ્થાનો પરિચય, કુટુંબનો અર્થ અને લક્ષણો | 01 |
| એકમ-10 | કુટુંબની ઉત્પત્તિના સિદ્ધાંતો અને ટીકાઓ | 13 |
| એકમ-11 | કુટુંબની ઉત્પત્તિનો સિદ્ધાંત – એક પતિ–પત્નીનો સિદ્ધાંત | 30 |
| એકમ-12 | કુટુંબના પ્રકારો | 41 |
| એકમ-13 | કુટુંબ : કાર્યો, તેમાં આવેલ પરિવર્તન અને પરિવર્તન લાવનારા પરિબળો | 67 |
| એકમ-14 | લગ્ન સંસ્થાનો – પરિચય, અર્થ, હેતુઓ અને મહત્ત્વ | 85 |
| એકમ-15 | લગ્નસંસ્થાના પ્રકારો | 94 |
| એકમ-16 | લગ્ન સંસ્થામાં આવતું પરિવર્તન | 110 |
| એકમ-17 | લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવતા પરિબળો | 134 |


## કુટુંબ, લગ્ન સંસ્થા અને તેમાં આવેલા પરિવર્તનો - 2

## વિભાગ – 2 'કુટુંબ, લગ્નસંસ્થા અને તેમાં આવેલાં પરિવર્તનો' વિભાગીય પરિચય

વિદ્યાર્થીમિત્રો, માનવનાં જન્મથી માંડી મૃત્યુ પર્યંત કુટુંબ સંસ્થા મહત્વની ભૂમિકા ભજવે છે. સામાજિકીકરણ, વર્તણૂકની રીત, ધોરણો-મૂલ્યો, સામાજિક નિયંત્રણ, સહકાર, સંઘર્ષ કૌટુંબિક સભ્યો વચ્ચે સહજપણે જોવા મળે છે. રક્ત, લગ્ન અને દત્તક આધારિત રચાતા કુટુંબનાં કાર્યો અગત્યનાં છે. કુટુંબ અને લગ્ન વ્યવસ્થા એક સિક્કાની બે બાજુ ગણાવી શકાય. લગ્ન દ્વારા નવા કુટુંબની રચના થતી હોય છે અને કુટુંબ દ્વારા જ યુવા સભ્યોના લગ્ન સંબંધો બંધાતા હોય છે. આથી કુટુંબ અને લગ્નની વ્યવસ્થાને સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સમજવા માટે **TYBA** પાઠ્યક્રમ **SOCM – 308**માં 'કુટુંબ, લગ્ન અને સગપણ સંબંધો'નો સમાવેશ કરવામાં આવ્યો છે. પાઠ્યક્રમને પ્રથમ વિભાગ 'સગપણ સંબંધનો ખ્યાલ, શ્રેણીઓ અને તેનાં પાસાંઓ' અને બીજો વિભાગ 'કુટુંબ, લગ્નસંસ્થા અને તેમાં આવેલાં પરિવર્તનો' એમ બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં પ્રથમ વિભાગ એકમ – **1**થી **8** અને બીજા વિભાગમાં એકમ – **9** થી **17**નો સમાવેશ કરવામાં આવ્યો છે. વ્યક્તિ માટે કુટુંબ પ્રાથમિક અને અનિવાર્ય એકમ છે. કુટુંબમાં જુદો-જુદો દરજ્જો, ભૂમિકા ધરાવતા સભ્યો વચ્ચેના સંબંધો પ્રેમ, હૂંફ, લાગણી, સહકાર, નિયંત્રણયુક્ત જોવા મળે છે. કુટુંબ સંસ્થાનો વિસ્તૃત પરિચય, કુટુંબનો અર્થ અને લક્ષણો વિષયક માહિતી એકમ – **9**માં આપવામાં આવી છે. આમ તો, કુટુંબની ઉત્પત્તિ ક્યારે, કોને, કેવી રીતે કરી તે વિશે આજે પણ સંશોધનો થઇ રહ્યા છે. શોધ-સંશોધનોનાં પરિણામે અનેક સમાજશાસ્ત્રીઓ, માનવશાસ્ત્રીઓએ કુટુંબની ઉત્પતિના સિદ્ધાંતો અને ટીકાઓ રજૂ કર્યા છે. જેની સમજૂતી એકમ – **10**માં આપેલ છે. જુદા-જુદા સિદ્ધાંતો પૈકી કુટુંબની ઉત્પતિના સિદ્ધાંત તરીકે એક પતિ–પત્નીના સિદ્ધાંતની માહિતી એકમ – **11**માં રજૂ કરેલ છે. કુટુંબની રચના, સ્વરૂપને સભ્યોની સંખ્યાના આધારે તથા સત્તાના આધારે જાણી શકાય. તેની વિગતવાર માહિતી એકમ – **12**માં કુટુંબના પ્રકારો દ્વારા આપવામાં આવેલ છે. પ્રત્યેક કુટુંબ કોઈને કોઈ પ્રકારનું કાર્ય કરે છે. જો કે અનેક પરિબળોનાં કારણે કુટુંબનાં કાર્યોમાં પરિવર્તન પણ આવતું જણાય છે. એકમ – **13**માં કુટુંબના કાર્યો, તેમાં આવેલ પરિવર્તન અને પરિવર્તન લાવનારા પરિબળોની વિસ્તૃત ચર્ચા કરેલ છે.

વિદ્યાર્થીમિત્રો, કુટુંબ દ્વારા લગ્ન અને લગ્ન દ્વારા નવા કુટુંબની ઉત્પત્તિ શક્ય બને છે. લગ્નસંસ્થાનો પરિચય – અર્થ, હેતુઓ અને મહત્વની સમજૂતી એકમ – **14**માં આપેલ છે. પ્રત્યેક સમાજમાં લગ્ન વ્યવસ્થા જુદા જ પ્રકારની જોવા મળે છે. જેમ કે, **1.** જીવનસાથીની સંખ્યાના આધારે - આંતર લગ્ન અને બહિર્લગ્ન, **2.** સાથીની સંખ્યાના આધારે - એકસાથી અને બહુસાથી, **3.** દરજ્જાના આધારે અનુલોમ – પ્રતિલોમ વગેરે. જેની વિગતવાર સમજૂતી એકમ – **15**માં આપેલ છે. આધુનિક સમયમાં લગ્નનાં રીત-રીવાજો, ધોરણો, મૂલ્યો, વર-વધુનાં પહેરવેશ, લગ્ન સમયની લેવડ-દેવડ, જીવનસાથી પસંદગી, લગ્ન વિશે કુટુંબનાં સભ્યોની માન્યતા વગેરેમાં પરિવર્તન આવતું જાય છે. જેની ચર્ચા એકમ – **16**માં કરેલ છે. લગ્નસંસ્થામાં પરિવર્તન લાવનારા અનેક પરિબળો જવાબદાર છે. જેમ કે, શહેરીકરણ, ઔદ્યોગિકરણ, સંચારમાધ્યમો, શિક્ષણ અને સ્ત્રીનો બદલાતો દરજ્જો, કાયદા-કાનૂન વગેરે. જેની વિગતવાર સમજૂતી એકમ – **17**માં આપેલ છે.

# એકમ 9 કુટુંબ સંસ્થાનો પરિચય, કુટુંબનો અર્થ અને લક્ષણો

**-: રૂપરેખા :-**


**9.0** ઉદ્દેશો

**9.1** પ્રસ્તાવના

**9.2** કુટુંબ સંસ્થા

**9.3** કુટુંબ સંસ્થાના લક્ષણો

**9.4** કુટુંબનાં વિશિષ્ટ લક્ષણો

**9.5** સારાંશ

**9.6** ચાવીરૂપ શબ્દો

**9.7** કેટલાક ઉપયોગી પુસ્તકો

**9.8** તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 9.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે –*

- *કુટુંબ સંસ્થાની વ્યાખ્યા અને અર્થ કરી શકશો.*
- *કુટુંબ સંસ્થાના લક્ષણોનું વર્ણન કરી શકશો.*
- *કુટુંબ સંસ્થાના વિશિષ્ટ લક્ષણોની ચર્ચા કરી શકશો.*

## 9.1 પ્રસ્તાવના

*આ વિભાગમાં આપણે ભારતના સમાજની કેટલીક પાયાગત સંસ્થાઓનું એટલે કે કુટુંબસંસ્થા, લગ્ન સંસ્થા અને સગપણ સંબંધીઓની વ્યવસ્થાઓનું અવલોકન કરીશું.*

*આ વિભાગના પહેલા એકમમાં કુટુંબ સંસ્થાનો ખ્યાલ કરીશું ત્યારબાદ આપણે કુટુંબ સંસ્થાના લક્ષણો અને કુટુંબ સંસ્થાના વિશિષ્ટ લક્ષણોનું વર્ણન કરીશું.*

## 9.2 કુટુંબ સંસ્થા

*સૌ પ્રથમ કુટુંબ સંસ્થાના સ્વરૂપની વ્યાખ્યા કરીએ. વિશાળ અર્થમાં તે માતા-પિતા અને સંતાનોના સમૂહનો નિર્દેશ કરે છે. કેટલેક સ્થળે તે વિશિષ્ટ માતૃવંશીય કે પિતૃવંશીય અથવા સગોત્રી સમૂહનો, એટલે કે એક જ પૂર્વજ યા વડવામાંથી ઊતરી આવેલાં લોકોનો પણ નિર્દેશ કરે છે. બીજા કેટલાક કિસ્સાઓમાં ઘર કે રહેઠાણ બનાવતાં સગાંઓ તથા તેમના આશ્રિતોનો પણ નિર્દેશ કરે છે. આ બધી બાબતો કુટુંબનાં બંધારણ કે ઘટક તત્ત્વોનો નિર્દેશ કરે છે. બીજા દષ્ટિકોણ તેના સભ્યોના સહનિવાસ કે રહેઠાણ અંગે*

*છે. કુટુંબના સભ્યો તેમના જીવનના કેટલાક ભાગ દરમિયાન સામૂહિક નિવાસ કરે છે. કે એક ઘરમાં રહે છે. ત્રીજું આપણે કુટુંબના સંબંધોનાં પાસા પરત્વે પણ ખ્યાલ કરી શકીએ. કુટુંબના સભ્યો અરસપરસ હક્કો અને ફરજો ધરાવતાં હોય છે. અંતમાં કુટુંબ એ સમાજીકરણ કરનાર પ્રતિનિધિ સાધન છે. આ બધા પાસા સમાજ રચનાનાં બીજા અંગો કરતાં કુટુંબ સંસ્થાને જુદી પાડે છે. કુટુંબ એ સૌથી વધુ મહત્ત્વની સામાજિક સંસ્થાઓમાંની એક સામાજિક સંસ્થા, છે. વિશ્વની વસ્તીના મોટા ભાગના લોકો કૌટુંબિક એકમોમાં રહે છે. વિશ્વના વિવિધ દેશોમાં તથા કોઈપણ એક દેશમાં વિવિધ સમયે કુટુંબનાં વિશિષ્ટ સ્વરૂપ અને વર્તનની તરાહો જોવા મળે છે. સમાજમાં કુટુંબ સંસ્થા એક આદર્શ સ્વરૂપે જોવા મળે છે. સમાજશાસ્ત્ર કુટુંબ સંસ્થાનું સ્વરૂપ તેમજ વાસ્તવિકતાનું અવલોકન કરે છે. તે કુટુંબ વ્યવસ્થાના આદર્શ પ્રરૂપને જાણવાની તથા આદર્શોને જાણવાની કોશિશ કરે છે, કેમ કે તે આદર્શો કુટુંબના વર્તનને જાણવા માટે દિશા સૂચન કરે છે. વળી આ આદર્શો મૂલ્યો તરીકે, ધોરણોના સમુચ્ચ તરીકે કામ કરે છે અને પેઢી દર પેઢી સંકલિત થતાં હોય છે. સમાજશાસ્ત્રી વાસ્તવમાં કુટુંબ કેવી રીતે બંધાયેલું છે ? એટલે કે કુટુંબની તરાહ કેવી છે, તથા કેવી રીતે ફરી ફરી બંધાય છે, તેનો ખ્યાલ કરે છે. હવે, ભારતમાં કુટુંબનું સ્વરૂપ સમજવા માટે આપણે કુટુંબના લક્ષણો ઉપર જે પ્રમાણે નિર્દેશ કર્યો છે તે પ્રમાણે અવલોકન કરીશું.*

## 9.3 કુટુંબ સંસ્થાના લક્ષણો

*વસ્તી ગણતરીમાં, મતદાર યાદી તૈયાર કરવામાં અને કુટુંબનાં સંશોધનોમાં 'ઘર'ને ગણતરીમાં લેવામાં આવે છે અને તેમાં સભ્યોની સંખ્યા તથા તેમની વચ્ચેના સંબંધના આધારે જે તે ઘરની ગણતરી સંયુક્ત કે વિભક્ત કુટુંબ તરીકે થતી રહે છે. આમ થવાથી કુટુંબની સંયુક્તતા કે વિભક્તતા અંગેનું સાચું ચિત્ર મળતું નથી. આથી કુટુંબ અને ઘર વચ્ચેનો ભેદ પાડવો આવશ્યક બન્યો છે. વળી, સ્ત્રીના સ્થાનને સમજવામાં પણ આ ભેદ ઉપયોગી બને છે.*

*દાંપત્ય સંબંધ, રહેઠાણ અને વારસાની પદ્ધતિઓ કુટુંબના રચનાતંત્રમાં તેમજ તેનાં કાર્યો અને જવાબદારીઓની વહેંચણીમાં વૈવિધ્ય સર્જે છે. આથી મૂળભૂત કુટુંબ એકમ રચનાની દૃષ્ટિએ સંયુક્ત છે કે વિભક્ત તેનો ભેદ પાડવો મુશ્કેલ બને છે. એ જ રીતે કુટુંબ અને ઘર પારિવારિક એકમ વચ્ચે ભેદ પાડવો મુશ્કેલ બને છે. આવો ભેદ પાડવો જરૂરી છે. કારણ કે, તે સ્ત્રીના દરજ્જા સાથે કાર્યો અને ભૂમિકાની વહેંચણી સાથે તેમજ મિલકત કે સાધન સંપત્તિની વહેંચણી સાથે સંબંધ ધરાવે છે.*

*ભારતીય સમાજમાં સ્વરૂપની દૃષ્ટિએ કુટુંબોમાં ભિન્નતા પ્રવર્તે છે. ભારતમાં મુખ્યત્વે પિતૃવંશી કુટુંબ વ્યવસ્થા છે તેમ છતાં તેમાં પણ તફાવતો જોવા મળે છે. એ જ રીતે ભારતના કેટલાક સમુદાયોમાં માતૃવંશી કુટુંબ વ્યવસ્થા છે પરંતુ તેમાં વૈવિધ્ય રહેલું છે. પારિવારિક જૂથમાં વિકાસ પ્રક્રિયા કે વિકાસચક્ર દ્વારા કુટુંબની રચના અને બંધારણ*

*બદલાતાં રહે છે. જન્મ અને લગ્ન દ્વારા નવા સભ્યોની ભરતી થવાથી કુટુંબ ઘરની રચના અને બંધારણ બદલાય છે. એ જ રીતે કોઈ કારણસર અલગ નિવાસની ઘટનાથી પણ કુટુંબની રચના અને બંધારણ બદલાય છે. ભારતીય કુટુંબની સંયુક્તતાને સમજવામાં આ વિકાસ પ્રક્રિયા-ચક્ર લક્ષમાં લેવાનું આવશ્યક બન્યું છે. આ પ્રક્રિયા કુટુંબમાં પરિવર્તન નિપજાવે છે અને સ્ત્રીના સ્થાન ઉપર અસર કરે છે. આધુનિક યુગમાં વિભિન્ન પરિબળોની અસર નીચે ભારતીય કુટુંબમાં પરિવર્તનો આવી રહ્યાં છે, તેમ છતાં તેની મૂળભૂત પરંપરા જળવાઈ રહી છે. લૈંગિક ભેદભાવ એ ભારતીય કુટુંબ જીવનની ખાસિયત રહી છે. આ ખાસિયતનું પ્રતિબિંબ વિશાળ સમાજમાં પડે છે, આથી કુટુંબ અને લૈંગિક પ્રશ્નો સમજવા જરૂરી છે.*

**1. જાતીય સંબંધો**

*માનવી એક જૈવિક પ્રાણી છે અને અન્ય પ્રાણીઓની જેમ તેનામાં કામેચ્છા કે જાતીય જીવનની જરૂરિયાત રહેલી છે. આ જાતીય સંબંધો પતિ-પત્ની દ્વારા રચાયેલું હોય છે. કુટુંબમાં પતિ-પત્ની વચ્ચેના સંબંધનો પાયો જાતીયવૃત્તિનો સંતોષ છે. આવું જાતીય સંબંધો દ્વારા બનેલું કુટુંબ ચોક્કસ અને લાંબા સમય સુધી ટકી રહે છે. તેમજ કુટુંબ પતિ-પત્નીને જાતીય સંબંધો વર્ષો સુધી ટકી રહે તેવા સ્થાયી રહે છે. પુરુષને અને સ્ત્રીને તેમના જાતીય સંબંધમાં સ્થિરતાની આવશ્યકતા રહેલી છે. આવી સ્થિરતા તેમને કુટુંબ પૂરું પાડે છે. કારણ કે, કુટુંબમાં પતિ-પત્ની વચ્ચેના જાતીય સંબંધો વર્ષો સુધી ટકી રહે તેવા સ્થાયી હોય છે. આ જાતીય સંબંધોને લગ્ન સંસ્થા દ્વારા કાનૂની અને રિવાજગત માન્યતા મળેલી છે. સામાન્ય રીતે એમ કહી શકાય કે લગ્નબાદ સ્ત્રી પુરુષ અનુક્રમે પત્ની અને પતિ તરીકેનો દરજ્જો પ્રાપ્ત કરે છે અને આ દરજ્જાના આધારે તેઓ જાતીય સંબંધો સ્થાપિત કરી શકે છે. સમાજ અને સમુદાય તેમને પતિ અને પત્ની તરીકે જુએ છે અને તેમની વચ્ચેના જાતીય સંબંધોમાં સમાજ કશું જ અજુકતું જોતો નથી. આ રીતે કુટુંબમાં જાતીય સંબંધ દ્વારા પતિ-પત્ની જૈવિક રીતે સંકળાયેલા છે.*

**2. સગપણ સંબંધો નક્કી કરતી વંશાવળીની પદ્ધતિ**

*કુટુંબના પૂર્વજો અને વંશજો વચ્ચેનો સંબંધ નક્કી કરતી વંશાવળીની પદ્ધતિ હોય છે. જૈવિક કક્ષાએ જોઈએ તો વ્યક્તિ તેના પિતા અને માતા એમ બંનેમાંથી ઉતરી આવેલ છે. મા-બાપ અને સંતાન વચ્ચે વંશગત સંબંધ રહેલો છે. વંશગત સંબંધ એટલે સંલગ્ન પેઢીઓ વચ્ચેની શ્રૃંખલા કે કડી. આ કડીઓ દ્વારા વંશક્રમ રચાય છે, પેઢીઓ રચાય છે અને વંશવૃક્ષીય સંબંધ અર્થાત્ વંશાવળી રચાતી જાય છે. વંશક્રમ નક્કી કરતા નિયમો જોવા મળે છે, જે સમાજમાં વ્યક્તિનું સ્થાન, ઉત્તરાધિકારિતા, વારસો નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે તેમજ વ્યક્તિના સગપણ-જૂથમાં સંબંધોનું સ્વરૂપ-પ્રકાર નક્કી કરે છે.*

*વંશાવળીની પદ્ધતિ એ કુટુંબનું લક્ષણ છે. મોટા ભાગના સમાજોમાં વંશગણતરી પિતા દ્વારા થાય છે. કેટલાક સમાજોમાં વંશગણતરી માતા દ્વારા થાય છે. ઘણાખરા હેતુ*

*માટે સગપણ સંબંધની ગણતરી પિતા અને માતા એમ બંને દ્વારા અર્થાત ઉભયપક્ષીય થાય છે.*

*માતૃવંશી કુટુંબના સભ્યો માતૃવંશી સગપણ સંબંધીઓ કહેવાય અને પિતૃવંશી કુટુંબના સભ્યો પિતૃવંશી સગપણ સંબંધીઓ કહેવાય. માતાના વંશના સંતાનો માતૃપક્ષી સગપણ સંબંધીઓ કહેવાય અને પિતૃવંશના સંતાનો પિતૃવંશી સગપણ સંબંધીઓ કહેવાય. આમાં વંશજ અને પૂર્વજ બંનેનો સમાવેશ થાય છે. આ રીતે વંશાવળીના આધારે કુટુંબપ્રથા બે પ્રકારની છે. એક તો માતૃવંશી કુટુંબવ્યવસ્થા અને બીજી પિતૃવંશી કુટુંબ વ્યવસ્થા.*

*માતૃવંશી વંશક્રમમાં વંશ ગણતરી માત્ર માતા કે સ્ત્રી દ્વારા થાય છે. વંશજ અને પૂર્વજ વચ્ચેનો સંબંધ માતા દ્વારા નક્કી થાય છે. સ્ત્રી-સંતાનો તેમની માતાના વંશથી ઓળખાય છે. સંતાનના નામ પાછળ માતાનું નામ લખાય છે. વંશ ગણતરીની આ પદ્ધતિને માતૃવંશી પ્રથા કહેવાય છે. દા. ત. સ્ત્રીની માતા-પ્રમાતા-પ્રપ્રમાતા એ રીતે પૂર્વજ અને માતા-પુત્રી-પૌત્રી-પ્રપૌત્રી એ રીતે વંશની વણતરી થાય છે. આમ, સ્ત્રી પૂર્વજો અને સ્ત્રી-વંશજો ગણતરીમાં લેવાય છે. આ પ્રથા માતૃવંશી સમાજોમાં જોવા મળે છે અને તેમાં માતૃવંશના સગાનું વિશેષ મહત્ત્વ છે. જેમ કે, ભારતના કેટલાક આદિવાસી સમુદાયોમાં માતૃવંશી, માતૃનામી, માતૃમૂલક, માતૃસ્થાની કે માતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા છે. દક્ષિણ ભારતના 'નાયર' લોકો માતૃવંશી છે. 'ખાસી' અને 'ગારો' આદિવાસીઓમાં તેમજ દક્ષિણ ભારતના માપિલ્લા, લક્ષદ્વિપ ટાપુ પરના રહેવાસીઓ તથા દક્ષિણ ભારતની કેટલીક આદિજાતિઓ અને બિનઆદિજાતિ જૂથોમાં માતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા છે. આમ, આવા કુટુંબોમાં સ્ત્રીના મામા, ભાઈ કે પતિ સ્ત્રીના પ્રતિનિધિ તરીકે સત્તા ધરાવતા હોય છે. આથી ઘણા વિદ્વાનો 'માતૃસત્તાક' શબ્દ પ્રયોગને બદલે માતૃમૂલક, માતૃપ્રધાન કે માતૃવંશી કે માતૃકીય શબ્દ પ્રયોગ વધુ ઉચિત ગણે છે.*

*એજ રીતે પિતૃવંશીય પ્રથામાં વંશ ગણતરી પુરુષ કે પિતાના વંશથી થાય છે અને સંતાનો પિતાના વંશથી ઓળખાય છે. પૂર્વજ અને વંશજ વચ્ચેનો સંબંધ પુરુષ કે પિતા દ્વારા નક્કી થાય છે. સંતાનના નામ પાછળ પિતાનું નામ લખાય છે. મોટા ભાગના સમાજોમાં પિતૃવંશી પ્રથા છે. આ પ્રથામાં પુરુષના પિતા-પિતામહ-પ્રપિતામહ એ રીતે પૂર્વજ અને પુરુષના પુત્ર-પૌત્ર-પ્રપૌત્ર એ રીતે વંશ વણતરી થાય છે. આમ, પુરુષ પૂર્વજો અને પુરુષ વંશજો ગણતરીમાં લેવાય છે. દા. ત. ગુજરાતના ભીલ આદિવાસીઓની કુટુંબ વ્યવસ્થા પિતૃસત્તાક, પિતૃવંશી અને પિતૃસ્થાની પ્રકારની છે. એ જ રીતે ઓરિસ્સાના અરિયા આદિવાસીઓમાં પિતૃસત્તાક, પિતૃવંશી અને પિતૃસ્થાની છે. અને ખાસી આદિવાસીઓમાં પણ પિતૃસત્તાક, પિતૃવંશી અને પિતૃસ્થાની કુટુંબ વ્યવસ્થા છે. જ્યારે બિહારના 'હો' આદિવાસીઓમાં પિતૃસત્તાક, પિતૃવંશી અને પિતૃસ્થાની કુટુંબ વ્યવસ્થા છે.*

**પ્રવૃત્તિ : 1**

*તમારા પડોશમાં રહેતાં દસ કુટુંબોનું, તેમના સગપણ સંબંધીઓની દષ્ટિએ વર્ગીકરણ કરો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**3. સહ-રહેઠાણ**

*દરેક કુટુંબને એક નિવાસસ્થાન કે ઘર હોય છે. આ ઘરોમાં કુટુંબના સભ્યો અને અન્ય સગાઓ સહનિવાસ કરે છે. તેને સહરહેઠાણ પણ કહેવાય. કેટલાક સમાજોમાં એક પેઢીના સભ્ય સહનિવાસ કરે છે તો ભારત જેવા સમાજમાં એક થી વધુ પેઢીના સગાં સહનિવાસ કરે છે. કુટુંબના નિવાસ માટે એક સામાન્ય રહેઠાણ ઘર હોય છે. રહેઠાણના સ્થાનની દષ્ટિએ જોતાં કુટુંબ કાં તો પિતૃસ્થાની હોય છે અથવા માતૃસ્થાની હોય છે. માતૃવંશીય કુટુંબો માતૃસ્થાની છે જ્યારે પિતૃવંશી કુટુંબો પિતૃસ્થાની છે. દા.ત. દક્ષિણ ભારતના માતૃવંશી નાયર અને અન્ય કેટલાક માતૃવંશી કુટુંબમાં લગ્ન બાદ પતિ-પત્ની પુરુષના પિતાને ઘેર વસવાટ કરતા નથી, પરંતુ તેઓ સ્ત્રીના માતાને ઘેર વસવાટ કરે છે, અથવા માતાના ઘરની આજુબાજુ ઘર વસાવીને વસવાટ કરે છે. કેટલાક માતૃવંશી સમાજોમાં લગ્નબાદ પુરુષ પોતાની માતાના જ ઘરમાં રહેવાનું ચાલુ રાખે છે અને તે પોતાની પત્ની અને બાળકોની અવાર-નવાર મુલાકાત લેતો રહે છે અને મુલાકાત લઈને સવારે પોતાની માતાને ત્યાં પાછો ફરે છે, સંતાનો પોતાની માતા સાથે રહે છે.*

**4. સામાજીકરણ**

*જન્મ સમયે માનવબાળ પશુ સમાન હોય છે આવી જૈવિક વ્યક્તિને સામાજિક વ્યક્તિ તરીકે ઘડવાનું કાર્ય એક કુટુંબ સંસ્થા કરે છે. અર્થાત્ બાળકનું મૂળભૂત સામાજીકરણ કુટુંબ દ્વારા જ થાય છે. તે બાળકોનાં સામાજિક ધોરણો અને મૂલ્યનું સિંચન કરે છે તથા બાળકોને તેમના લિંગ અનુસાર શીખવે છે. જેમ કે, કુટુંબ બાળકને કૌટુંબિક ભૂમિકા ભજવવાની, સમાજની સંસ્કૃતિના ભાગરૂપ ધોરણો, મૂલ્યો, વિચારો, વિચારસરણી, જીવનશૈલી વગેરે અંગેની પાયાની આંતરક્રિયા બાળકના બૌદ્ધિક અને*

*ભાવાત્મક ઘડતરનો પાયો બની રહે છે. આ દ્વારા કુટુંબ બાળકને સમાજમાં બંધબેસતું કરી સમાજને લાયક સભ્ય બનાવે છે.*

*બીજી રીતે જોઈએ તો સાંસ્કૃતિના હસ્તાંતરનું કુટુંબનું કાર્ય વ્યક્તિના સામાજીકરણ સાથે સંકળાયેલું છે. કુટુંબ તેનાં બાળકોને વિભિન્ન ભૂમિકાઓ શીખવીને સમાજમાં ભાગ લેવાની તાલીમ આપે છે અને સમાજની સંસ્કૃતિનો પરિચય કરાવે છે. દરેક સમાજમાં સમાનતા અને અસમાનતાની પરિસ્થિતિ હોય છે. કુટુંબમાં પ્રેમ અને સત્તાનું અદ્વિતીય મિશ્રણ બાળકને આવા સમાન હક્કો અને અસમાન વિશે અધિકારોનો પરિચય કરાવે છે. ડેવિસ લખે છે કે, કુટુંબમા પિતા અને સંતાન વચ્ચે અસમાનતા હોય છે અને ભાઈઓ વચ્ચે સમાનતા હોય છે. આવી સમાનતા અને અસમાનતાની પરિસ્થિતિમાં બાળકના સામાજીકરણ માટે પ્રેમ, સત્તા, ઉદારતા અને મિલકત ભાવના એ ચાર તત્ત્વો મહત્ત્વનાં છે. કુટુંબમાં આ ચારેય તત્ત્વોના સુભગ સંયોજન નીચે બાળકનું સમાજીકરણ થાય છે.*

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. *સહ-રહેઠાણ કોને કહેવાય, ત્રણ લીટીમાં તમારો ઉત્તર લખો.*

   ..............................................................
   ..............................................................
   ..............................................................
   ..............................................................
   ..............................................................

2. *સામાજીકરણ એટલે શું ? ચાર-પાંચ લીટીમાં તમારો ઉત્તર લખો.*

   ..............................................................
   ..............................................................
   ..............................................................
   ..............................................................
   ..............................................................

**5. રક્ષણ અને ભરણપોષણ**

*કુટુંબ સમાજને પ્રજોત્પાદ દ્વારા નવા સભ્યો પુરા પાડે છે. માનવબાળ જન્મ બાદ લાંબા સમય સુધી પરાવલંબી રહે છે. આવી પરાવલંબી અવસ્થામાં કુટુંબ તેના સંતાનોને શારીરિક રક્ષણ પૂરું પાડીને તથા તેમનું ભરણપોષણ કરીને સમાજના સભ્યની જાળવણી કરે છે, બીજી રીતે કહીએ તો કુટુંબ વ્યક્તિ અને સમાજ બંને માટે એક સરખી રીતે ભરણપોષણનું કાર્ય કરે છે. કુટુંબ સમાજની આર્થિક જરૂરિયાતો પૂરી પાડવામાં પોતાનું યોગદાન આપે છે. કુટુંબ, માલ અને સેવાના ઉત્પાદન અને વહેંચણીના કાર્યમાં ફાળો આપીને સમાજના સભ્યોના ભરણપોષણનું કાર્ય કરે છે.*

**6. સામાજિક ઓળખ**

*દરજ્જા પ્રદાન સાથે સંકળાયેલું કુટુંબનું વ્યક્તિ માટે થતું પાંચમું કાર્ય વ્યક્તિની સામાજિક ઓળખ શક્ય બનાવવાનું છે. સમાજમાં વ્યક્તિની સામાજિક ઓળખ કુટુંબના વંશ અને નામ દ્વારા શક્ય બને છે. તે જ રીતે કુટુંબ દ્વારા જન્મ સમયે વ્યક્તિને કેટલાક દરજ્જા મળે છે. આવા દરજ્જા દ્વારા વ્યક્તિની સમાજિક ઓળખ શક્ય બને છે. આમ, કુટુંબ વ્યક્તિની સામાજિક ઓળખનું સાધન છે. કુટુંબ તેના વર્ગ દરજ્જા મુજબના અર્પિત દરજ્જા દ્વારા વ્યક્તિના જીવનની તકો વધારે છે અથવા તેના ઉપર મર્યાદા મૂકે છે.*

*કુટુંબના આ કાર્યો સાર્વત્રિક રીતે જોવા મળે છે. આ કાર્યો પરસ્પર સંબંધિત છે અન્ય જૂથો અને સંસ્થાઓ આવાં કાર્યોમાં તેમનું યોગદાન આપે છે. એ ખરું, પરંતુ કુટુંબ તેમાં મૂળભૂત ભાગ ભજવે છે. કુટુંબ જ આ કાર્યો વધુ યોગ્ય રીતે કરી શકે છે. કુટુંબ અનાદિકાળથી આ કાર્યો કરતું આવ્યું છે. આ ઉપરાંત ઘણાં વૃદ્ધોની સંભાળ, ધાર્મિક કાર્ય, મનોરંજન કાર્ય, શિક્ષણ કાર્ય કરતા હોય છે. કુટુંબના સ્વરૂપ અનુસાર તેનાં કાર્યોમાં વિભિન્નતા રહેલી છે, પરંતુ વ્યક્તિ અને સમાજ માટે ઉપર્યુક્ત કાર્યો કોઈપણ સ્વરૂપનું કુટુંબ કરે છે.*

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

**ખાલીજગ્યા દર્શાવો.**

**1. કુટુંબ વ્યક્તિ અને સમાજ બંને માટે એક સરખી રીતે ............. નું કાર્ય કરે છે.**

(A) *ભરણપોષણ* (B) *જાતીયવૃત્તિનું નિયંત્રણ*

(C) *સંસ્કૃતિનું હસ્તાંતર* (D) *ઉપરના બધાં*

**2. સમાજમાં વ્યક્તિની સામાજિક ઓળખ કુટુંબના ........... અને ............ દ્વારા શક્ય બને છે.**

(A) *વંશ* (B) *નામ* (C) *જ્ઞાતિ* (D) *ઉપરના* A *અને* B

## 9.4 કુટુંબનાં વિશિષ્ટ લક્ષણો

*આપણે ઉપરોક્ત મુજબ જોઈ ગયા કે કુટુંબ સંસ્થાના લક્ષણો જે ફક્ત નામ, વંશ, જ્ઞાતિ પ્રમાણે જ ઓળખાય છે. પરંતુ હવે, આપણે કુટુંબના વિશિષ્ટ લક્ષણો જેવા કે સાર્વત્રિકતા, શૈક્ષણિક ભૂમિકા વગેરે વિશે ચર્ચા કરીશું. જે કુટુંબમાં વિભિન્ન પ્રક્રિયા રૂપે ભાગ ભજવે છે, જેને આપણે કુટુંબનાં વિશિષ્ટ લક્ષણો તરીકે ઓળખી શકીએ, તે નીચે મુજબ છે.*

**1. સાર્વત્રિકતા**

*કુટુંબ સાર્વત્રિક જૂથ છે. કુટુંબ વિશ્વના પ્રત્યેક સમાજમાં અસ્તિત્વ ધરાવે છે. અર્થાત્ સમગ્ર વિશ્વમાં અને સંસ્કૃતિના પ્રત્યેક સ્તરે કુટુંબનું અસ્તિત્વ રહેલું છે. જગતમાં*

*પછાતમાં પછાત ગણાતી હોય એવી આદિવાસી જૂથોથી માંડીને સંસ્કૃતિના સર્વોચ્ચ શિખરે બિરાજતા સમાજમાં તેનું અસ્તિત્વ કોઈપણ અપવાદ વિના જોવા મળે છે. કુટુંબ ગમે તે પ્રકારનું હોય પણ તે વ્યક્તિ અને સમાજ માટે કેટલાંક સાર્વત્રિક અને સર્વસામાન્ય કાર્યો કરે છે. એટલે કે, કુટુંબ વિભક્ત હોય કે સંયુક્ત, માતૃસત્તાક હોય કે પિતૃસત્તાક પણ તે દરેક પ્રકારનું કુટુંબ વ્યક્તિ અને સમાજની કેટલીક પાયાની જરૂરિયાતો સંતોષવાનાં કાર્યોને કુટુંબનાં સાર્વત્રિક કાર્યો કહેવાય. કોઈપણ સમાજમાં કે માનવ ઈતિહાસના અમુક સમયે કુટુંબ અસ્તિત્વ ધરાવતું ન હતું, તેવા કોઈ પુરાવા મળતા નથી.*

**પ્રવૃત્તિ : 2**

*તમારા કે તમારા મિત્રના કે પડોશીના ત્રણ-ચાર ભિન્ન પડોશીના સભ્યોને પ્રશ્નો પૂછો કે તે વ્યક્તિ અને સમાજ માટે કેટલાંક સાર્વત્રિક અને સર્વસામાન્ય કાર્યો કરે છે અથવા કર્યા છે? તેમના ઉત્તરોને આધારે આ વિષય પર નોંધ લખો અને તેને અભ્યાસ કેન્દ્રના, અન્ય વિદ્યાર્થીઓએ લખેલી નોંધ સાથે સરખાવો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**2. ભાવાત્મક પાયો**

*પારસ્પરિક વાત્સલ્ય અને લોહીના સંબંધો કુટુંબની એકતાના બંધનો છે, કુટુંબના સભ્યોને એકબીજા સમથે બાંધતાં તત્ત્વોમાં પ્રેમ મહત્વનું પરિબળ છે. આવો ભાવાત્મક પાયો જ કુટુંબને સંસ્કૃતિનું પ્રદાન કરતી મહત્ત્વની સંસ્થા બનાવે છે. જેમ કે, કુટુંબનો આધાર તેના સભ્યો વચ્ચે જન્મજાત એવી ભાવનાત્મક બાબતો ઉપર હોય છે. આવી ભાવાત્મક બાબતો જાતીય સંબંધોની તૃપ્તિ, સંતાનો પ્રાપ્તિ, માતૃવાત્સલ્ય અને પિતાની દેખરેખને લગતી હોય છે. આવા લાગણીના સંબંધો કુટુંબમાં મળતા સ્નેહ, સુરક્ષા અને વ્યક્તિના વાતાવરણને કારણે તે વધુ સુદ્રઢ થાય છે. કુટુંબનો દરેક સભ્ય બીજા સભ્યના હિતમાં પોતાના સ્વાર્થને સહજ અને સ્વાભાવિક રીતે જ જતા કરતો હોય છે.*

**3. શૈક્ષણિક ભૂમિકા**

*પ્રત્યેક વ્યક્તિના બાળપણનાં વર્ષો કુટુંબમાં જ વીતે છે. અહીં જ તે સમાજના મૂળભૂત પાઠો શીખે છે. કુટુંબમાં જ સમાજનાં ધોરણો મુજબ બાળકનું ઘડતર થાય છે,*

*સાંસ્કૃતિક પરંપરાનું સિંચન થાય છે. એટલું જ નહીં પણ બાળકનો જૈવિક વિકાસ પણ કુટુંબમાં જ શક્ય બને છે. એટલું જ નહી કુટુંબમાં બાળક સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સ્વાસ્થ્ય વિશે શીખે છે. કુટુંબમાં બાળકને* Guide Friend and Philosopher *તરીકેની ભૂમિકા શીખવવી જોઈએ.*

**પ્રવૃત્તિ : 3**

1. *તમારી કારકિર્દીની યાદગાર ઘટના કઈ છે ? કે જેણે તમને અંતરથી આનંદ આપ્યો હોય તે યાદ કરી લખો.*

 ..............................................................
 ..............................................................
 ..............................................................
 ..............................................................
 ..............................................................
 ..............................................................
 ..............................................................
 ..............................................................
 ..............................................................
 ..............................................................

2. *પ્રથમ બધા પોતાની શક્તિઓ લખે ત્યારબાદ દરેકને એક કાગળ પીઠ પર ચોટાડી આપવો. જો કાગળ પર તેના સાથીઓ તેમના વિશેની સારી બાબતો, શક્તિઓ લખે. છેલ્લે પોતે લખેલી અને બીજાએ લખેલી શક્તિઓ સરખાવી પોતાને ઓળખે. (આ માટે દરેક* CRCC *એ કાગળ અને સેલો ટેપ તૈયાર રાખવી)*

 ..............................................................
 ..............................................................
 ..............................................................
 ..............................................................
 ..............................................................
 ..............................................................
 ..............................................................
 ..............................................................
 ..............................................................
 ..............................................................

**4. મર્યાદિત કદ**

*સમાજના બીજા સામાજિક જૂથો અને સંગઠનોની સરખામણીમાં કુટુંબનું નાનું હોય છે, જેવાં કે ગોત્ર વગેરેની તુલનામાં કુટુંબનું કદ વધુ ચોક્કસ અને મર્યાદિત છે. તેમાં*

*લગ્નથી જોડાયેલા અને લોહીનો સંબંધ ધરાવતા અમુક સગાનો જ સમાવેશ થાય છે. જે સમાજમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા હોય છે તે પાછળનું મુખ્ય કારણ એ હોય છે કે, કુટુંબનું સભ્યપદ લોહીના સંબંધ કે, લગ્ન સંબંધ દ્વારા જક્કી થતું હોઈ, તેના સભ્યોની સંખ્યા આપો આપ મર્યાદિત બની જતી હોય છે.*

**5. કેન્દ્રવર્તી સ્થાન**

*અન્ય જૂથોની તુલનામાં કુટુંબ સમાજના સામાજિક રચનાતંત્રમાં કેન્દ્રીય સ્થાન ધરાવે છે એટલે કે, સામાજિક રચનાતંત્રનો પાયાગત એકમ કુટુંબ હોય છે. એટલું જ નહીં પણ સમગ્ર સમાજરચના કુટુંબ દ્વારા જ રચાય છે. સાદા અને વિકસતા એવા સમાજોમાં સામાજિક રચનાતંત્ર જુદા-જુદા ઘટકો જેવા કે વંશ અને કુટુંબથી જ બનતા હોય છે.*

**6. સભ્યોમાં જવાબદારીની ભાવના**

*લાગણી અને ભાવના કુટુંબનો મુખ્ય આધાર હોવા છતાં કુટુંબ વિવેકબુદ્ધિથી સંપૂર્ણ મુક્ત નથી. કારણ કે, દરેક સામાજિક જૂથ અથવા સંગઠનમાં સભ્યોની પારસ્પરિક જવાબદારીઓ હોય છે અને જૂથનો અથવા સંગઠનનો દરેક સભ્ય એવી અપેક્ષા રાખે છે કે, બીજા સભ્યો તેના તરફથી તેમની ફરજો પૂરી પાડશે, કુટુંબનાં સભ્યોમાં પણ પારસ્પરિક જવાબદારીઓ અને અપેક્ષાઓ હોય છે.*

**7. સામાજિક નિયંત્રણ**

*કુટુંબનું રક્ષણ ખૂબ જ કુનેહથી, સામાજિક નિયમો અને રાજ્યના કાયદાઓ વડે તેનું સ્વરૂપ નક્કી કરે છે. જેમ કે, છૂટાછેડા ઉપરનાં નિયંત્રણો પતિ-પત્ની વચ્ચેના સંબંધોનું નિયમન કરે છે. પતિ-પત્નીના સંબંધો અને તેમની પારસ્પરિક જવાબદારીઓ તથા હકો સમાજના રિવાજો મુજબ સ્પષ્ટ કરેલાં હોય છે. તેથી પતિ-પત્નીના સંબંધો અને તેમની પારસ્પરિક જવાબદારીઓમાંથી છટકી શકતા નથી. તે જ રીતે મિલકતનો ઉત્તરાધિકાર, જીવનસાથી મેળવવા અંગેના સામાજિક રીતરીવાજો વગેરે કુટુંબના સભ્યો વચ્ચેના સંબંધોનું નિયંત્રણ કરે છે.*

**8. સાતત્ય અને પરિવર્તન**

*કુટુંબ એક સામાજિક સંસ્થા તરીકે સાર્વત્રિક અને કાયમી હોય છે, પરંતુ એક મંડળ તરીકે તેનું અસ્તિત્વ પરિવર્તનશીલ અને હંગામી હોય છે. એક જૂથ તરીકે તેનું કદ, રચના અને કાર્યમાં પરિવર્તન આવતું રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો, સ્થળ અને કાળ અનુસાર કુટુંબના કાર્યોમાં કદ અને સ્વરૂપમાં પરિવર્તન થઈ શકે છે. પરંતુ સમાજમાં તેની જે પાયાની અગત્યતા છે તે નષ્ટ થતી નથી. આમ, સાતત્ય અને પરિવર્તનશીલતા કુટુંબનું લક્ષણ છે.*

**પ્રવૃત્તિ : 4**

1. *સામાજિક નિયંત્રણ વિશે તમારો અભિપ્રાય લખો.*

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

2. *કુટુંબના સભ્યોમાં જવાબદારીની ભાવના કયા-કયા પાત્રમાં જોવા મળે છે ? દર્શાવો.*

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

## 9.5 સારાંશ

*આ એકમમાં ભારતમાં કુટુંબની સામાજિક સંસ્થાની ચર્ચા કરી છે. તેમાં ભારતીય કુટુંબના લક્ષણોનું વર્ણન કર્યું છે. તેમજ કુટુંબના વિશિષ્ટ લક્ષણો વિશે વર્ણન કર્યું છે. કુટુંબ સંસ્થામાં કેવા-કેવા લક્ષણો હોય છે તેની ચર્ચા કરવામાં આવી છે. જેમ કે, જાતિય સંબંધો, સગપણ સંબંધો, સામાજિક ઓળખ, રક્ષણ અને ભરણપોષણ, ભાવાત્મક પાયો વગેરેની ચર્ચા કરી છે અને કુટુંબમાં સાતત્ય અને પરિવર્તન કઈ રીતે ટકી રહે છે એની ચર્ચા કરી છે.*

## 9.6 ચાવીરૂપ શબ્દો

- **<u>સહ રહેઠાણ(Suburbs) –</u>** *શહેરનો બાહ્ય વિસ્તાર, ખાસ કરીને રહેણાક*
- **<u>સમાજીકરણ(Socialization) –</u>** *અન્ય લોકો સાથે સામાજિક રીતે ભળી જવાની પ્રવૃત્તિ – એવી રીતે વર્તન શીખવાની પ્રક્રિયા જે સમાજને સ્વીકાર્ય હોય.*

- **<u>સાર્વત્રિકતા((Universality) –</u>** *વિશ્વના બધા લોકો અથવા વસ્તુઓ દ્વારા અથવા કોઈ વિશિષ્ટ જૂથમાં સામેલ થવાની અથવા શેર કરવાની ગુણવત્તા*
- **<u>સાતત્યતા(Continuity) –</u>** *અખંડ અને સુસંગત અસ્તિત્વ અથવા સમયગાળા દરમિયાન કોઈકનું સંચાલન*
- **<u>ભરણપોષણ(Nutrition) –</u>** *આરોગ્ય અને વિકાસ માટે જરૂરી ખોરાક પૂરો પાડવા અથવા મેળવવાની પ્રક્રિયા*
- **<u>માતૃવંશીય(Matrilincal) -</u>** *સ્ત્રીપક્ષે વંશજ ઓળખવા અંગેનો સિદ્ધાંત કે પદ્ધતિ*
- **<u>પિતૃવંશીય(Parrilined) –</u>** *પુરુષપક્ષે વંશજ ઓળજવા અંગેનો સિદ્ધાંત કે પદ્ધતિ*

## 9.7 કેટલાક ઉપયોગી પુસ્તકો

1. Dube, Leela, 1974. Sociology of Kinship, Popular Prakashan : Bombay
2. *શાહ એ. જી. અને દવે જે. કે* 2002-2003. (Marriage, Family & Kinship)
3. Gore, M.S., 1968. Urbanization Change in India Popular Prakashan : Bombay

## 9.8 તમારી પ્રગતિચકાસોના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

**જવાબ-1 :** *દરેક કુટુંબને એક નિવાસ સ્થાન કે ઘર હોય છે. આ ઘરમાં કુટુંબના સભ્યો અને અન્ય સગાંઓ સહનિવાસ કરે છે. તેને સહરહેઠાણ કહેવાય.*

**જવાબ-2 :** *જન્મ સમયે માનવબાળ પશુ સમાન હોય છે એવી જૈવિક વ્યક્તિને સામાજિક વ્યક્તિ તરીકે ઘડવાનું કાર્ય એક કુટુંબ કરે છે. તે બાળકોનાં સામાજિક ધોરણો અને મૂલ્યનું સિંચન કરે છે તથા બાળકોને તેમના લિંગ અનુસાર શીખવે છે, તેને સામાજીકરણ કહેવાય.*

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

**જવાબ-1 :**A. *ભરણપોષણ*

**જવાબ-2 :**D. *ઉપરના* A *અને* B *(વંશ અને નામ)*

# એકમ 10 કુટુંબની ઉત્પત્તિના સિદ્ધાંતો અને ટીકાઓ

-: રૂપરેખા :-


**10.0 ઉદ્દેશો**

**10.1 પ્રસ્તાવના**

**10.2 કુટુંબની ઉત્પત્તિના સિદ્ધાંતો**

**10.3 કુટુંબની ઉત્પત્તિના સિદ્ધાંતોની ટીકાઓ (સમીક્ષા)**

**10.4 સારાંશ**

**10.5 તમારી પ્રગતિ ચકાસો**

**10.6 ચાવીરૂપ શબ્દો**

**10.7 ઉપયોગી પુસ્તકો**

**10.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**


## 10.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,*

- *માનવસમાજમાં કુટુંબની ઉત્પત્તિ કેવી રીતે થઈ? તેની જાણકારી મેળવી શકશો.*
- *કુટુંબની ઉત્પત્તિનાં સિદ્ધાંતોને સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સમજી શકશો.*
- *કુટુંબની ઉત્પત્તિના સિદ્ધાંતોની સમીક્ષા સમજી શકશો.*

## 10.1 પ્રસ્તાવના

*કોઈપણ માનવ સમાજ કુટુંબ વિનાનો હોઈ જ ન શકે. કુટુંબ એ લગ્ન, રક્ત અથવા દત્તક દ્વારા જોડાયેલા લોકોનો સમૂહ છે. તે કોઈ ઔપચારિક કે માત્ર ચોક્કસ હેતુઓ પરિપૂર્ણ થાય ત્યાં સુધી રચાયેલી સંસ્થા નથી, પરંતુ તે એક એવી સામાજિક સંસ્થા છે કે પ્રત્યેક વ્યક્તિના જન્મથી માંડી મૃત્યુ સુધીના જીવનકાળ દરમિયાન ટકી રહે છે. કુટુંબ બધા સમાજમાં અસ્તિત્વ ધરાવે છે. ભલે તે પછાત, આદિવાસી, ગ્રામીણ, શહેરી, અલ્પવિકસિત કે વિકસિત સમાજ જ કેમ ન હોય, પ્રત્યેક સમાજનો મૂળભૂત પાયો 'કુટુંબ' જ છે. જો કે જુદા-જુદા કુટુંબની રચના, સ્વરૂપ, લક્ષણો અલગ-અલગ હોઈ શકે. કોઈ સમાજ સંયુક્ત કુટુંબ ધરાવતું હોઈ શકે, કોઈ સમાજ વિભક્ત અથવા તો કોઈ સમાજ એકલ કુટુંબ ધરાવતું હોઈ શકે. વ્યક્તિ એકલો પણ રહેતો હોય તોય અંતે તો ક્યાંકને ક્યાંક પોતાના મૂળ કુટુંબ સાથે જોડાયેલો રહે છે. સગાઈસંબંધોનું બનેલું વિશાળ સમૂહ એવા 'કુટુંબ'ની ઉત્પત્તિ કેવી રીતે થઈ? તે સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સમજવું આવશ્યક*

*છે. જુદા-જુદા સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રી ઓએ કુટુંબની ઉત્પત્તિનાં સિદ્ધાંતોની રચના કરી છે. જેની વિસ્તૃત ચર્ચા આપણે આ એકમમાં કરીશું.*

## 10.2 કુટુંબની ઉત્પત્તિના સિદ્ધાંતો (Principles Of Family Origin)

### 1. શાસ્ત્રીય સિદ્ધાંત (Classical Theory)

*આ સિદ્ધાંત દર્શાવે છે તેમ, કુટુંબનું સૌથી પ્રથમ અને પ્રાચીન સ્વરૂપ પિતૃપ્રધાન, પિતૃસત્તાક અને પિતૃસ્થાનીય હતું. આ સિદ્ધાંત સાથે યુનાની વિદ્વાનો સહમત છે. પ્લેટો, એરિસ્ટોટલ અને હેનરી મેઈન મુજબ, સદીઓથી પુરુષો હસ્તક સત્તા રહી હતી, તેઓ સ્ત્રી ઓ પર અધિકાર અને પ્રભુત્વ ધરાવતા હતા. પ્રાચીન ગ્રીક, રોમમાં પણ પિતૃસત્તાક કુટુંબ જોવા મળતા હતા. જો કે આ સિદ્ધાંત વિશે અનેક મતમતાંતરો પ્રવર્તે છે. મોટેભાગે સભ્ય સમાજ, રૂઢિચુસ્ત સમાજમાં જ પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળતી હતી. જે સમાજ અસભ્ય હતો એટલે કે પરિવારના સભ્યો વચ્ચે સમાનતા હતી, જેઓ સંપૂર્ણપણે રૂઢીચુસ્ત નહોતા તેવા સમાજોમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળતી ન હતી. મોટાભાગના આદિવાસી સમુદાયો, પછાત કે અવિકસિત સમુદાયોમાં માતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળતી હતી. આ રીતે એમ કહી શકાય કે, પહેલા પિતૃસત્તાક કુટુંબ આવ્યું અને પછી માતૃસત્તાક કુટુંબ આવ્યું. આથી જ આ સિદ્ધાંત એટલો સ્વીકાર્ય નથી કારણ કે પ્રાચીન સમાજોમાં માતૃસત્તાક કુટુંબ વ્યવસ્થાનું અસ્તિત્વ રહેલું હતું.*

### 2. લિંગ સિદ્ધાંત (Theory of Communism)

*એલ.એચ મોર્ગન, બ્રિફૉલ્ટ અને જેમ્સ ફ્રેઝર* (L.H. Morgan, Briffault and James Frazer) *આ સિદ્ધાંતના મુખ્ય પ્રેરક હતા. તેમના મતે, કોઈપણ પુરુષ અથવા સ્ત્રી કોઈપણ પ્રતિબંધ વિના, ધોરણો-મૂલ્યો કે રીત-રિવાજોના બંધનો વિના કોઈપણ અન્ય પુરુષ અથવા સ્ત્રી સાથે શારીરિક સંબંધ/જાતીય સંબંધો સ્થાપિત કરી શકતા હતા. સ્ત્રી અને પુરુષ સાથે સ્વતંત્ર જાતીય સંબંધના આવા તબક્કાને સેક્સ કોમ્યુનિઝમ* (Sex Communism) *કહેવામાં આવે છે. માનવસમાજ કોઈ કુટુંબ ધરાવતું ન હતું. અન્ય સજીવો – પ્રાણીઓ, પશુ, પંખીઓની જેમ જ માનવસમાજ રહેતો હતો અને અનિયંત્રિત જાતીય સ્વતંત્રતા હતી. જેમ જેમ માનવસમાજ બુદ્ધિશાળી બનતો ગયો, તેમ તેમ નિયંત્રણો લાદવાની શરૂઆત થઈ, સ્ત્રી -પુરુષોને એકબીજા પ્રત્યેની લાગણી, ઈર્ષ્યા, એકબીજા ઉપર એકહથ્થુ અધિકાર સ્થાપવાની ઈચ્છા જન્મી અને એ રીતે પાછળથી, પતિ-પત્નીનાં સંબંધોની શરૂઆત થઈ, પરિવારની રચના થઈ એમ કહી શકાય. કેટલાક માનવસમુદાયોમાં તહેવારો, ખાસ પ્રસંગ વખતે સ્ત્રી -પુરુષ પોતાની મનગમતી વ્યક્તિ સાથે જાતીય સંબંધ બાંધી શકતા હતા. કેટલાક આદિવાસીઓમાં પત્નીની અદલાબદલી કરવાનો રીવાજ પ્રચલિત જોવા મળતો હતો. ભારતનાં બસ્તરના ગોંડ આદિજાતિમાં યુવક અને યુવતીઓ રાત્રે બહાર જઈ શકે છે તેમજ તેઓ જાતીય સંબંધ માણી શકે છે. જો કે કેટલાક વૈજ્ઞાનિકો આ સિદ્ધાંત સાથે સહમત થતા નથી.*

### 3. પિતૃસત્તાત્મક સિદ્ધાંત (Theory of Patriarchy)

*પ્લેટો અને એરિસ્ટોટલ આ સિદ્ધાંતના સમર્થક હતા. અને સર હેનરી મેઈન દ્વારા પિતૃસત્તાત્મક સિદ્ધાંતને વધુ વિસ્તૃત કરવામાં આવ્યો હતો. આ સિદ્ધાંત અનુસાર, પુરુષને બાળકો અને પત્ની પર પ્રભુત્વ ધરાવતો અધિકાર માનવામાં આવતો હતો. પિતૃસત્તા એટલે જેમાં સંપૂર્ણ સત્તા પુરુષ હસ્તક હોય તે. એરિસ્ટોટલનાં લખાણોમાં સ્ત્રી ઓને નૈતિક, બૌદ્ધિક અને શારીરિક રીતે પુરુષો કરતાં નિમ્ન કક્ષાની દર્શાવવામાં આવી હતી; સ્ત્રી ઓને પુરુષોની મિલકત તરીકે જોતા; તેમણે દાવો કર્યો કે સમાજમાં મહિલાઓની ભૂમિકા પ્રજનન અને ઘરના પુરુષોની સેવા કરવાની હતી. લર્નર દાવો કરે છે કે આ પિતૃસત્તાક માન્યતા પ્રણાલી પેઢી દર પેઢી ચાલતી રહે છે, લોકોનું એ જ પ્રમાણે સામાજીકીકરણ થતું રહે છે કે સ્ત્રી ઓ કરતાં પુરુષો શ્રેષ્ઠ છે. જો કે આ સિદ્ધાંત સાથે સંપૂર્ણપણે સહમત થઈ શકાય નહિ કારણ કે મોટાભાગના અન્ય પ્રાચીન સમાજોમાં માતાઓ અને વડીલ મહિલાઓની પણ સત્તા હતી અને પરિવારના સભ્યો પર નિયંત્રણ મહિલાઓ કરી શકતી હતી. છતાં આધુનિક સમાજમાં મોટેભાગે પિતૃસત્તાત્મક, પિતૃસ્થાનીય, પિતૃવંશીય કુટુંબ વ્યવસ્થા પ્રવર્તે છે.*

### 4. એક વિવાહનો સિદ્ધાંત (Monogamous Theory)

*વેસ્ટરમાર્કે તેમના પુસ્તક "માનવ લગ્નનો ઈતિહાસ"* (The History Of Human Marriage) *માં આ સિદ્ધાંતની રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રથમ એકપત્નીત્વ અને પછી અન્ય પ્રકારના કુટુંબ અને લગ્ન દેખાયા. આ સિદ્ધાંતને ચાર્લ્સ ડાર્વિન, ઝુકરમેન અને બી. મેલિનોવસ્કીએ સમર્થન આપ્યું હતું. ચાર્લ્સ ડાર્વિનના મતે, પરિવારનો ઉદ્દભવ પુરુષની એક સ્ત્રી ની માલિક બનવાની જરૂરિયાત અને ઈચ્છાથી થયો હતો. આ સિદ્ધાંત માણસની માલિકી અને ઈર્ષ્યાની લાગણી પર આધારિત છે. એક વિવાહ ધરાવતું કુટુંબ વ્યક્તિની અંગત, વ્યક્તિગત બાબત જ્ઞાતિ. એ પરિવારના સભ્યો પર હક્ક, અધિકાર કુટુંબ પૂરતો મર્યાદિત રહેતો. પુરુષ શક્તિ અને સત્તાના કારણે, તે એક સ્ત્રી ને ધરાવવા માંગતો હતો અને તેની સાથે જાતીય સંબંધો બાંધતો હતો. એક વિવાહનો સિદ્ધાંતનાં સમર્થકો મુજબ, પ્રાચીન આદિમ સમાજ કંદમૂળ એકત્રિત કરી, ખેતી કામ કરી પરિવાર સાથે સરળ જીવન ગુજારતો. તેમજ તેઓની સામાજિક, આર્થિક વ્યવસ્થા ખૂબ જ સરળ હતી. બહુવિવાહી સમાજવ્યવસ્થા ધરાવતા એ સમયગાળા દરમિયાન સ્ત્રી – પુરુષનું પ્રમાણ સમાન હતું. આથી એક વિવાહ પ્રથાનું ચાલન વધ્યું હોય તેમ કહી શકાય. આ ઉપરાંત બહોળા પ્રમાણમાં સમાજ એક વિવાહ પ્રથાને ફરજિયાતપણે અમલ કરવાનું મૂલ્ય અપનાવતો થયો. પાછળથી આ પ્રથા સામાન્ય રીતે સમાજ દ્વારા સ્વીકારવામાં આવી હતી. જુદા-જુદા ધર્મો, સંપ્રદાયોમાં પણ એક વિવાહપ્રથા સંસ્કાર સ્વરૂપે કે સામાજિક ધોરણરૂપે અમલી બન્યું.*

### 5. મિશ્રિત પરિવારનો સિદ્ધાંત (Theory of Mixed Family)

*કેટલાક વૈજ્ઞાનિકો અને વિદ્વાનોના મતે, પ્રાચીન સમાજમાં આદિમ સમાજમાં જાતીય સ્વેચ્છાચાર પ્રવર્તતો હતો. તેમજ વ્યક્તિ જીવનસાથી પસંદગીની બાબતમાં મુક્ત હતી, વ્યક્તિ જેને ચાહતો, જેની સાથે જીવન ગાળવા માંગતો તેની સાથે લગ્ન સંબંધ બાંધી પોતાના નવા પરિવારની રચના કરી શકતો. આથી આ પ્રકારના પરિવારમાં ગોત્ર, કુળ કે અમુક જ વિસ્તાર – ક્ષેત્રમાં લગ્ન સંબંધ બાંધવા જેવા કોઈ પ્રતિબંધો હતા નહિ. વ્યક્તિની ઈચ્છા અને સ્વતંત્રતાને પ્રથમમહત્ત્વ આપવામાં આવતું. જેના આધારે મિશ્રિત પરિવારની રચના, ઉત્પત્તિ થઈ હશે તેમ કહી શકાય. જાતીય સંબંધો મુખ્યત્વે સામયિક અથવા અનિશ્ચિત સંબંધ અને યુથ સંબંધ એમ બે પ્રકારના જોવા મળે છે. જાતીય સંબંધોમાં જ્યાં સ્ત્રી – પુરુષ વચ્ચેના સંબંધો નિશ્ચિત ન હોય તેમજ મુક્તતા પ્રવર્તતી હોય તેને અનિશ્ચિત જાતીય સંબંધ ગણાવી શકાય. ઉપરાંત આદિમ સમાજની અર્થવ્યવસ્થા મુજબ, પુરુષ જ્યારે જંગલમાં, શિકાર કરવા, ખેતી કામ માટે જતો ત્યારે મહિલાઓ અને બાળકોના રક્ષણ માટે, તેઓની દેખરેખ માટે કોઈ અન્ય પુરુષની જરૂરિયાત રહેતી. આથી એક વિવાહ પ્રથા અનુકૂળ ન હોવાથી અનિશ્ચિત સંબંધો પ્રવર્તતા હતા, જે મિશ્રિત પરિવારનું જ એક સ્વરૂપ ગણાવી શકાય.*

*અન્ય સ્વરૂપ યુથ વિવાહી મિશ્રિત પરિવાર છે. જેમાં યુવાન યુવક - યુવતીઓના લગ્ન અન્ય કુટુંબના બધા જ યુવાન યુવક – યુવતી સાથે થતા. એક કુટુંબની બધી જ સ્ત્રી ઓ અન્ય કુટુંબના બધા જ પુરુષોની પત્નીઓ માનવામાં આવતી. એક જ કુટુંબના બધા જ પુરુષોનાં વિવાહ અન્ય કુટુંબની બધી જ મહિલાઓ સાથે થતા. એક રીતે જોતા આ પરિવાર મિશ્રિત પરિવાર હોવાની સાથે સાથે બહુપતિ વિવાહ અને બહુપત્ની વિવાહનું મિશ્રણ ગણાવી શકાય. મિશ્રિત પરિવારનો આ સિદ્ધાંત વિશે ઘણા વિદ્વાનો અસ્વીકાર કરી, તેને માત્ર કલ્પના ગણાવે છે. પ્રાચીન સમાજ મુખ્યત્વે અર્થવ્યવસ્થા આધારિત જ હતો, આથી જરૂરિયાત, ઈચ્છા અને પરિવારની અનુકૂળતા કેન્દ્રસ્થાને રહેતી.*

### 6. માતૃસત્તાત્મક સિદ્ધાંત (Matriarchy Theory)

*કેટલાક વૈજ્ઞાનિકોએ કુટુંબની ઉત્પત્તિના માતૃસત્તાક સિદ્ધાંત ને સમર્થન આપ્યું છે. બ્રિફૌટિસ* (Briffautis) *તેમના પુસ્તક "ધ મધર"* (The Mother) *મુજબ, પ્રાચીન સમાજોમાં લોકો પિતૃત્વ સાથેના લાગણીશીલ, અંગત સંબંધ વિશે પરિચિત ન હતા. પ્રાચીન સમાજમાં લોકો એકબીજા સાથે મુક્ત સંભોગ કરતા હતા. જેમાં સ્ત્રી -પુરુષનું એકબીજા પર કોઈ નિયંત્રણ ન હતું, તેમજ સમાજના ધોરણો, મૂલ્યો રૂઢિચુસ્ત ન હતા. સ્ત્રી તથા પુરુષને કોઈપણ સ્ત્રી કે પુરુષ સાથે મુક્ત રીતે જાતીય સંબંધ બાંધવા પર કોઈ નિયંત્રણ ન હતું. જેના લીધે જન્મનાર બાળકનો પિતા કોણ છે તેની કોઈ જાણકારી ન હતી. ચોક્કસપણે માતા બાળકને જન્મ આપવા અને તેના ઉછેર માટે જાણીતી હતી. જેના કારણે માતા દ્વારા જ પેઢી આગળ વધતી. મહિલાઓનું વર્ચસ્વ વધતું ગયું. પ્રસ્તુત સિદ્ધાંત પરથી સમજી શકાય છે કે કુટુંબની ઉત્પત્તિ માતૃસત્તાક હતી, ત્યારબાદ પછીથી સંસ્કૃતિની*

*પ્રગતિ, પ્રચાર-પ્રસાર અને ખેતીના વિકાસ સાથે પિતાનું મહત્ત્વ વધ્યું. જેમ-જેમ પુરુષનું મહત્વ, જરૂરિયાત વધતી ગઈ તેમ-તેમ માતૃસત્તાત્મક કુટુંબમાં પરિવર્તન આવતું ગયું.*

**7. ઉત્ક્રાંતિ સિદ્ધાંત (Evolutionary Theory)**

*આ સિદ્ધાંતનાં પ્રખર સમર્થક મોર્ગન* (Morgan), *બેચોફેન* (Bachofen), *ટેલર* (Tylor) *અને મેક્લેનન* (McLennon) *હતા. કુટુંબની ઉત્પત્તિનો ઉત્ક્રાંતિ સિદ્ધાંત વૈજ્ઞાનિક ઢબે સૌપ્રથમ અમેરિકન માનવશાસ્ત્રી એલ.એચ. મોર્ગન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. મોર્ગન* (Morgan) *મુજબ, સમાજમાં શરૂઆતના તબક્કામાં પરિવાર અને લગ્ન નામની કોઈ સામાજિક સંસ્થા નહોતી. શરૂઆતના સમયગાળામાં જાતીય સામ્યવાદ* (Sexual communism) *ની સ્થિતિ હતી. પછીના યુગમાં લગ્ન અને કુટુંબનો વિકાસ ધીમે ધીમે થયો.*

*અમેરિકન સમાજશાસ્ત્રી મોર્ગને કુટુંબ મૂળના ઉત્ક્રાંતિ સિદ્ધાંતને આગળ ધપાવ્યો છે. તેમણે તેમના કુટુંબના સંશોધનમાં તહેવારો, ઉજવણીનાં સમયે પત્નીની આપ-લે, આતિથ્ય સત્કાર માટે પત્નીની મુલાકાતો ગોઠવાતી તે બાબતો નો ઉલ્લેખ કરેલ છે. તેમના મતે ઉત્ક્રાંતિનો આ સિદ્ધાંત નીચેના તબક્કામાંથી પસાર થયો છે. મોર્ગને પરિવારના વિકાસના પાંચ સ્તરનો ઉલ્લેખ કર્યો છે. જે નીચે મુજબ છે.*

I. **સંલગ્ન કુટુંબ (Consanguine Family) :** *આને પરિવારના વિકાસનો પ્રથમ તબક્કો માનવામાં આવે છે. આ તબક્કામાં જાતીય સંબંધોના સામાજીક સ્થાપિત ધોરણો, પ્રતિબંધો જોવા મળતા ન હતા. આ તબક્કામાં રક્ત સંબંધીઓ, સગા ભાઈ-બહેન વચ્ચે જાતીય સંબંધો પણ સ્વીકાર્ય હતા. મોર્ગન આ સંદર્ભમાં ખાસ કરીને પોલિનેશિયન સમાજનો ઉદાહરણ તરીકે ઉલ્લેખ કરે છે.*

II. **સમૂહ વિવાહ પરિવાર કે મિશ્રિત વિવાહ પરિવાર (Punaluant Family) :** *આ પ્રકારના પરિવારમાં ગોત્ર, કુળ કે અમુક જ વિસ્તાર – ક્ષેત્રમાં લગ્ન સંબંધ બાંધવા જેવા કોઈ પ્રતિબંધો હતા નહિ. વ્યક્તિની ઈચ્છા અને સ્વતંત્રતાને પ્રથમમહત્ત્વ આપવામાં આવતું. જેના આધારે મિશ્રિત પરિવારની રચના, ઉત્પત્તિ થઈ. સમૂહ લગ્નો અસ્તિત્વ માં આવ્યા. આ પ્રકારના પરિવારમાં, એક પરિવારના ભાઈઓ બીજા પરિવારની બહેનો સાથે લગ્ન કરી શકે છે, પરંતુ તેમાં જાતીય સંબંધોઅંગે કોઈ પ્રતિબંધ નથી. જાતીય સંબંધોના સ્થાપિત ધોરણો, નિયમો નક્કી કરવામાં આવ્યા ન હતા.*

III. **સિન્ડાસમેન કુટુંબ (Syndasmain Family)** *આ તબક્કામાં એક પુરુષ એક સમયે એક સ્ત્રી સાથે લગ્ન કરી શકે છે પરંતુ પરિવારમાં પરિણીત સ્ત્રી ના જાતીય સંબંધોને વ્યાખ્યાયિત કરવામાં આવ્યા ન હતા. એટલે કે પરિવારમાં સ્ત્રી પુરુષના જાતીય સંબંધો વિશેના ધોરણો, પ્રતિબંધો વિષે સ્પષ્ટ ઉલ્લેખ નથી.*

IV. **પિતૃસત્તાક કુટુંબ (Patriarchal Family) :** *આ પ્રકારમાં પુરુષ કુટુંબનો મુખ્ય કર્તા ગણાય છે અને એક સમયે ઘણી સ્ત્રી ઓ સાથે જાતીય સંબંધો બાંધી શકે છે. આ*

*પ્રકારના સમાજમાં મોટેભાગે પિતૃસત્તાત્મક, પિતૃસ્થાનીય, પિતૃવંશીય કુટુંબ વ્યવસ્થા પ્રવર્તે છે. પુરુષ તેના બાળકો અને પત્ની પર પ્રભુત્વ ધરાવતો હતો. મહિલાઓની સ્થિતિ અત્યંત દયનીય, નિમ્ન કક્ષાની હતી.*

V. **એક વિવાહી પરિવાર (Monogamous Family) :** *આ વર્તમાન તબક્કો ગણાવી શકાય છે. કે જેમાં કાયદાકીય, સામાજિક રીતે વ્યક્તિ એક પુરુષ કે એક સ્ત્રી લગ્ન સંબંધ બાંધી શકે છે. આ કુટુંબમાં મોટેભાગે સમાનતા જોવા મળે છે તેમજ મહિલાઓનું સ્થાન નિમ્ન હોતું નથી.*

*મોર્ગનનાં આ સિદ્ધાંત સાથે ઘણા વૈજ્ઞાનિકો, માનવશાસ્ત્રી ઓ અસહમત છે. ઐતિહાસિકવાદ તરીકે ઓળખાતો મોર્ગનનો ઉત્ક્રાંતિ સિદ્ધાંત* (Evolutionary Theory) *બધા જ સમાજ માટે યોગ્ય ગણાવી શકાય નહિ. કુટુંબ ક્ષેત્રે ઉત્ક્રાંતિ થવા પાછળ મોર્ગનનાં દર્શાવેલ તબક્કાને જ આધારભૂત ગણાવી ન શકાય. વેસ્ટર માર્ક મુજબ, પશુ પક્ષીઓમાં પણ એક વિવાહ પ્રથા જોવા મળતી હતી, જે દર્શાવે છે કે માનવીઓમાં પણ એક સમયે એક વિવાહ પ્રથા પ્રચલિત હતી. બ્રિફાલ્ટ પણ ઉત્ક્રાંતિવાદનો આધાર ગણાવી આદિકાળમાં માતૃસત્તાત્મક પરિવાર હોવાનું જણાવે છે.*

### 8. આર્થિક સિદ્ધાંત (Economic Theory)

*અર્થવ્યવસ્થા એ માનવ સમાજને ટકાવી રાખવા માટેનું સાધન છે. કુટુંબના સભ્યોનું ભરણપોષણ કરવા માટે સભ્યો આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રહે છે. રાલ્ફ લીંટન મુજબ કુટુંબ સ્ત્રી અને પુરુષની આર્થિક જરૂરિયાતોની પૂર્તિનું એક ક્રિયાત્મક સાધન છે. કુટુંબ એક માત્ર એવું એકમ છે કે જે, પરિવારના સભ્યોની આરોગ્ય, શૈક્ષણિક, આર્થિક, ધાર્મિક, જાતીય વૃત્તિઓનું નિયમન કરે છે, આવશ્યકતાઓની પૂર્તિ કરે છે. ચાર્લ્સ ડાર્વિન, મોર્ગન* (Morgan) *અને અન્ય ઉત્ક્રાંતિવાદીઓના પ્રખર સમર્થકો મુજબ, પ્રાચીન આદિમ સમાજ વ્યવસ્થા અનિશ્ચિત હતી, જે હવે સભ્યતાના વિકાસની સાથે વ્યવસ્થા નિશ્ચિત બની છે. એટલે કે કુટુંબ વ્યવસ્થા અનિશ્ચિતતાથી નિશ્ચિત તરફ ગતિ થઈ છે. સમાજમાં ધોરણો, મૂલ્યો, રીત રિવાજો, નિયંત્રણો ફરજીયાત બનવાની સાથે યૌન સંબંધોમાં પણ નિયંત્રણ આવ્યું. કુટુંબનું મુખ્ય કાર્ય પરિવારના સભ્યોની જરૂરીયાતો, ઈચ્છાઓ, આકાંક્ષાઓની પૂર્તિ, ભરણપોષણ કરવાનું હતું. આથી કુટુંબમાં આથિક પ્રવૃત્તિ સાથે રોકાયેલા સભ્યો મહત્વનું સ્થાન ધરાવતા. સરળ સમાજ વ્યવસ્થાથી જ પુરુષ જંગલમાં શિકાર કરતો, કંદમૂળ, ફળફળાદિ, શાકભાજી, એકત્રિત કરતો, સ્ત્રી ઓ ઘર તથા બાળકોની જવાબદારી સંભાળતી, બાળકોનું રક્ષણ કરતી તથા ભોજનની વ્યવસ્થા કરતી. એ રીતે કુટુંબ વ્યવસ્થાની આર્થિક પ્રવૃત્તિઓ સ્ત્રી અને પુરુષ એમ બન્ને પક્ષે વહેંચાયેલી હતી. જો કે કુટુંબ રચના માતૃ સત્તાક છે કે પિતૃસત્તાક એ બાબતને આધારે આર્થિક વ્યવસ્થા કુટુંબમાં જોવા મળતી. આમ આ સિદ્ધાંત મુજબ, કુટુંબના સભ્યોની કાળજી, ભરણપોષણ કરવા આર્થિક ઉદ્દેશ્યથી કુટુંબની ઉત્પત્તિ થઈ હોય તેમ માનવામાં આવે છે. જો કે ઘણા વિદ્વાનો આ સિદ્ધાંત સાથે સહમત નથી.*

### 9. પ્રગતિવાદી સિદ્ધાંત (Progressive Theory)

*માનવ સમાજ સતત ઊર્ધ્વગામી ગતિશીલ રહ્યો છે. હળ, પૈડાની શોધથી માંડી આધુનિક ટેક્નોલોજીનાં યુગ સુધી માનવી સતત પ્રગતિ કરતો રહ્યો છે. જેમ – જેમ પ્રગતિ અને વિકાસ થતો ગયો તેમ તેમ કુટુંબ રચના પરિવર્તિત થવા પામ્યું. આથી જ પ્રગતિવાદીઓ કુટુંબની ઉત્પત્તિ, કુટુંબના વિકાસને એક જ સીધી લાઈનમાં જ થયો હોવાનું જણાવે છે. આ સિદ્ધાંતના પ્રખર સમર્થક વાર્ડ અને ઓગબર્ન છે. ખૂબ જ સાદું સરળ જીવન જીવતો માનવ સમાજ વિકસિત થઈને, બુદ્ધિજીવી બનીને, સામાજિક ધોરણો, મૂલ્યો, નિયંત્રણોને મહત્ત્વ આપીને કુટુંબને સર્વોત્તમ એકમ બનાવ્યું છે. જો કે વિકસિત સમાજની સાથે કુટુંબ વ્યવસ્થા સંયુક્તતાથી વિભક્તતા તરફ પણ ગતિશીલ બની રહ્યું છે. આથી આ સિદ્ધાંત મુજબ, કુટુંબ વ્યવસ્થા સરળમાંથી વર્તમાન પ્રગતિશીલ વ્યવસ્થાવાળું બન્યું છે.*

### 10. મૂલર લિયરનો સિદ્ધાંત (Theory of Mular Lyer)

*ઘણા વિદ્વાનોએ કુટુંબની ઉત્પત્તિ વિષે સંશોધનો કર્યા છે.તેમાય ખાસ કરીને મૂલર લિયરે પરિવારની ઉત્પત્તિ, પરિવારનાં ઈતિહાસને ત્રણ વિભાગોમાં વિભાજીત કરી સમજાવ્યો છે:*

**I. ગોત્રકાળ**
**II. કુટુંબ કાળ**
**III. વ્યક્તિગત કાળ**

*ઉપર્યુક્ત દર્શાવેલ ત્રણેય કાળ સંદર્ભે જોઈએ તો, ગોત્ર કાળ અને કુટુંબ કાળમાંથી માનવ સમાજ પસાર થઇ ચૂક્યો છે. આદિમ સમાજ પોતાના ગોત્ર, કુળ, કુટુંબની રચના પારંપરિક અને રૂઢિચુસ્ત હતું. જેમ જેમ માનવી આધુનિકતા તરફ ગતિ કરવા લાગ્યો તેમ તેમ માનવીનાં કુટુંબના સ્તરમાં પણ પરિવર્તન આવ્યું. વિકસિત સમાજની સાથે કુટુંબ વ્યવસ્થા સંયુક્તતાથી વિભક્તતા તરફ પણ ગતિશીલ બન્યું, આજે એ જ માનવી વિભક્તતાથી વ્યક્તિગત કાળ તરફ ગતિ કરી રહ્યા છે. મેક્સ મૂલર જણાવે છે તેમ, જ્યાં રાજ્ય સત્તાધારી, શક્તિશાળી અને તે રાજ્યના કુટુંબ નિર્બળ હોય ત્યાં મહિલાઓની સ્થિત સારી હોય છે. જ્યાં રાજ્ય નિર્બળ અને કુટુંબ સત્તાધારી, શક્તિશાળી હોય ત્યાં મહિલાઓની સ્થિતિ અત્યંત દયનીય, નિમ્ન કક્ષાની હોય છે. આથી જ મેક્સ મૂલર વધુમાં જણાવે છે તેમ, રાજ્યની સ્થિતિમાં સુધારો થતા મહિલાઓની સ્થિતિ પણ સુધરી રહી છે. જે વ્યક્તિગત કાળ તરફ ગતિ કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. તેમણે પરિવારના કાળને ત્રણ ભાગોમાં વહેંચ્યા છે : પ્રારંભિક, મધ્ય અને અર્વાચીન.*

*આ સિદ્ધાંત મુજબ કુટુંબની ઉત્પત્તિ, વિકાસ સ્ત્રી ઓનાં વિકાસ સાથે સંકળાયેલી જોઈ શકાય છે. જો કે મેક્સ મૂલરનો આ સિદ્ધાંત ઘણે અંશે યથાર્થ હોવા છતાં સર્વ સ્વીકૃત બન્યું નથી.*

**11. બહુ સંખ્યક ઘટકોનો સિદ્ધાંત (Multiple Factor Theory)**

*ઘણા સમાજશાસ્ત્રી ઓ અને માનવશાસ્ત્રી ઓ ના મતે કુટુંબની ઉત્પત્તિ થવા પાછળ અનેક કારણો જવાબદાર છે. એવી જ રીતે રાલ્ફ લિન્ટનના જણાવ્યા અનુસાર પરિવારના ઉત્ક્રાંતિ માટે ઘણા પરિબળો જવાબદાર છે. માનવી અનેક પ્રકારની ઈચ્છાઓ, આકાંક્ષાઓ, જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે અન્ય માનવીનો સંપર્ક સહકાર કરે છે. આ જ બધી બાબતોનાં પરિણામ સ્વરૂપે કુટુંબની ઉત્પત્તિ થઈ હોઈ શકે. આ રીતે આ સિદ્ધાંત આધુનિક સમાજશાસ્ત્રી ઓને સ્વીકાર્ય છે. મેકઆઈવર (*MacIver) *મુજબ, કુટુંબની ઉત્પત્તિના પરિબળો નીચે મુજબ છે.*

I. **જાતીય વૃત્તિ (Sex) :** *કુટુંબની ઉત્પત્તિમાં આ મૂળભૂત અને મહત્વનું પરિબળ છે. પરિવારના સભ્યોના સંતોષ અને આનંદ માટે જાતીય સંબંધો હોવા, જાતીય ઈચ્છાઓની પૂર્તિ થવી જરૂરી છે. નવા બાળકોના જન્મ માટે, પરિવાર આગળ વધારવા માટે જાતીય વૃત્તિ* (Sex) *પરિવારની શરૂઆતની વૃત્તિ છે.*

II. **પ્રજનન (Reproduction) :** *કુટુંબની પ્રબળ ઈચ્છા બાળકોના પ્રજનન અને તેમના ઉછેર, ભરણપોષણની છે. પતિ પત્ની એકબીજાના સાથ સહકારથી બાળકોનું પોષણ કરી, સામાજિક માનવી બનાવે છે. તથા યુવાન થતા લગ્ન બાદ પ્રજનન દ્વારા નવા બાળકોની ઉત્પત્તિ થતી રહે છે. એ રીતે કુટુંબ વિસ્તરતું રહે છે.*

III. **આર્થિક સંસ્થા (Economic Organization) :** *માનવીની પાયાની જરૂરિયાતોની પરિપૂર્ણતામાં પારિવારિક સભ્યો મહત્વની ભૂમિકા ભજવે છે. પુરુષ પત્ની માટે અર્થતંત્ર અને પરિવારના સભ્યોની જરૂરિયાતોનો સ્રોત હતો. અગાઉ જોયું તેમ પુરુષ આર્થિક કામકાજ સાથે સંકળાયેલ રહેતો અને મહિલાઓ ઘરની બધી જ જવાબદારીઓ સાથે બાળકોનું ભરણપોષણ કરતી.*

*આમ, ઉપર્યુક્ત ચર્ચામાંથી આપણે નિષ્કર્ષ પર આવી શકીએ છીએ કે, ઉત્ક્રાંતિ અને કુટુંબની ઉત્પત્તિનો કોઈ ચોક્કસ સંબંધ નથી પરંતુ ઘણા સમાજશાસ્ત્રી ઓ, માનવશાસ્ત્રી ઓ અને વિદ્વાનોએ ઉત્પત્તિ વિશે પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા છે. કુટુંબની ઉત્પત્તિ ક્યારે, ક્યાં, કયા પરિબળોને આધારે, કયા કારણોસર થઈ તે સમજવું ખૂબ જ મુશ્કેલ છે. તેમ છતાં બહુ સંખ્યક ઘટકોનો સિદ્ધાંત* (Multiple Factor Theory) *ઘણા સમાજશાસ્ત્રી ઓ, માનવશાસ્ત્રી ઓ અને વિદ્વાનો દ્વારા સ્વીકારવામાં આવે છે.*

## 10.3 કુટુંબની ઉત્પત્તિના સિદ્ધાંતોની ટીકાઓ (સમીક્ષા) (Criticism of family origins theory - review)

*ઉપર્યુક્ત દર્શાવેલ કુટુંબની ઉત્પત્તિના સિદ્ધાંતોને આધારે નીચે મુજબ તેની સમીક્ષા કરી શકાય.*

*કુટુંબની ઉત્પત્તિના બધા જ સિદ્ધાંતોનો મુખ્ય ઉદ્દેશ્ય કુટુંબની રચના, કુટુંબની શોધ કેવી રીતે થઈ તે જાણવાનો છે. અનેક સમાજશાસ્ત્રી ઓ, માનવશાસ્ત્રી ઓએ ઘણા સંશોધનો કરી કુટુંબની ઉત્પત્તિનાં સિદ્ધાંતો આપ્યા હોવા છતાં ઉપર્યુક્ત સિદ્ધાંતો સર્વ સ્વીકૃત બન્યાં નથી. અનેક સિદ્ધાંતો એ કુટુંબની ઉત્પત્તિ કેવી રીતે થઇ, તે વિષે સંશોધનો કરવા પર રસ ઉભો કર્યો છે, આવશ્યકતા ઊભી કરી છે. કુટુંબ અંગેના સમાજશાસ્ત્રી ય અને માનવશાસ્ત્રી ય સંશોધનો પરથી એટલું પુરવાર થઈ શકે કે કોઈપણ સમાજ લગ્ન અને કુટુંબ વિનાનો હોઈ જ ન શકે. કોઈ વ્યક્તિ એકલો પણ વસવાટ કરતો હોય છતાં તેનું મૂળ કુટુંબ અસ્તિત્વ ધરાવતું હોઈ શકે. લગ્ન અને કુટુંબમાં સમાજે સમાજે પરિવર્તન આવ્યું જ છે. આધુનિકીકરણ, શહેરીકરણ, ઔદ્યોગિકીકરણ, સામાજિક-રાજકીય ઉત્ક્રાંતિના પરિણામ સ્વરૂપે કુટુંબ વ્યવસ્થા વિકસિત થઇ અને પરિવર્તિત પામતી રહી છે.*

*મેકાઈવર અને પેજ મુજબ, માનવસમાજ શરૂઆતથી જ કુટુંબ વ્યવસ્થા ધરાવતું ન હતું. ક્રમિક રીતે કુટુંબ અસ્તિત્વમાં આવ્યું. આથી અનેક પરિબળોની અસરના પરિણામે કુટુંબની ઉત્પત્તિ થઈ હોવાનું જણાવી શકાય. માટે જ કુટુંબની ઉત્પત્તિ માટે કોઈ એક જ બાબતને આધારભૂત ગણાવી શકાય નહિ. માનવી અનેક પ્રકારની ઈચ્છાઓ, આકાંક્ષાઓ, જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે અન્ય માનવીનો સંપર્ક સહકાર, જાતીય ઈચ્છાઓની પૂર્તિ વગેરે જેવા અનેક પરિબળોને કારણે વ્યક્તિઓના સમૂહે કુટુંબને જન્મ આપ્યો હોય તેમ કહી શકાય.*

*વિદ્વાનો જણાવે છે તે મુજબ, શરૂઆતનો માનવ સમાજ મુખ્યત્વે પોતાની સામાજિક આર્થિક જરૂરિયાતો સંતોષાય તેના પર નિર્ભર હતું. કુટુંબનું મૂળ સ્વરૂપ સામાજિક આર્થિક વ્યવસ્થાના આધારે જોવા મળતી હતી. માતૃ સત્તાક કે પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા પણ સામાજિક આર્થિક વ્યવસ્થા કોના હસ્તક વધુ છે તે આધારે જ કુટુંબ રચના જોવા મળતી. એનો અર્થ એ થયો કે, પ્રત્યેક સમાજમાં કુટુંબ વ્યવસ્થા જુદા જુદા સ્વરૂપની હતી. માનવીની શારીરિક, સામાજિક, આર્થિક જરૂરિયાતોના આધારે, કૌટુંબિક પરિસ્થિતિનાં આધારે માનવ કુટુંબ અસ્તિત્વ ધરાવતું હતું. જેમ જેમ કુટુંબના સભ્યોની જરૂરિયાતો, આકાંક્ષાઓમાં વધારો કે ઉમેરો થાય તેમ કુટુંબ વ્યવસ્થામાં પણ પરિવર્તન આવતું. આથી જ કુટુંબ વ્યવસ્થા સંયુક્તતામાંથી વિભક્ત અને વિભક્ત કુટુંબમાંથી આજે માનવી એકલ કુટુંબ તરફ ગતિ કરી રહ્યો છે. આવી જ પરિસ્થિતિના સંદર્ભમાં માનવકુટુંબે આદિમ સમાજથી માંડી આધુનિક ટેક્નોલોજીના યુગ સુધી જુદા જુદા સ્વરૂપો ધારણ કર્યાં છે. માનવસમાજનું મૂળ કુટુંબ કયું ?, કુટુંબની ઉત્પત્તિ સૌ પ્રથમ ક્યારે કોના દ્વારા થઈ? અને માનવકુટુંબ ક્યારે અસ્તિત્વમાં આવ્યું તે વિષે અસમંજતા પ્રવર્તે છે.*

*કુટુંબ વ્યવસ્થા માનવ સમાજની ઉત્પત્તિથી જ થઈ હોવાનું અનુમાન કરી શકાય. ઉપરાંત આ એક એવી વ્યવસ્થા છે કે જે કાયમી અને સર્વવ્યાપક તથા સાર્વત્રિક છે. પ્રત્યેક વિકસિત, અવિકસિત, અલ્પવિકસિત સમાજોમાં અને આદિમ સમાજ કે સભ્ય સમાજ,*

*પ્રાચીન કે આધુનિક સમાજોમાં પ્રજનન, ભરણપોષણ અને બાળઉછેર જોવા મળે છે, જો કે તેની પદ્ધતિ જુદી જુદી હોઈ શકે.*

*કુટુંબની ઉત્પત્તિ વિષે અનેક સંશોધકોમાં મત મતાંતરો પ્રવર્તે છે. મેકાઈવર અને પેજ મુજબ, માનવ સમાજમાં એક સમયે કુટુંબ હતું જ નહિ, જ્યારે માનવના વિકાસની સાથે સાથે કુટુંબ વિકસ્યો તેમ કહી શકાય. રાલ્ફ લિન્ટનના જણાવ્યા અનુસાર પરિવારના ઉત્ક્રાંતિ માટે ઘણા પરિબળો જવાબદાર છે. માનવી અનેક પ્રકારની ઈચ્છાઓ, આકાંક્ષાઓ, જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે અન્ય માનવીનો સંપર્ક સહકાર કરે છે. આ જ બધી બાબતોનાં પરિણામ સ્વરૂપે કુટુંબની ઉત્પત્તિ થઈ હોઈ શકે.*

*પ્રખ્યાત મહિલા સમાજશાસ્ત્રી ડૉ. તારાબેન પટેલ નોંધે છે તેમ માનવકુટુંબ માનવી જેટલું જ પ્રાચીન અને અનિવાર્ય છે. પ્રત્યેક જગ્યાએ એક જ પ્રકારનું કુટુંબ ન હોવા છતાં કુટુંબના કેટલાંક સર્વ સામાન્ય લક્ષણો મોટેભાગે બધાં જ કુટુંબોમાં જોવા મળે છે. કુટુંબના લક્ષણો પ્રત્યેક પ્રદેશે, પ્રત્યેક સ્થળે, પ્રત્યેક કાળે, અને પ્રત્યેક કુટુંબ સ્વરૂપમાં જુદા જુદા સ્વરૂપે જોવા મળે છે. વધુમાં ડૉ. તારા પટેલ નોંધે છે તેમ કુટુંબની ઉત્પત્તિના મુખ્ય કારણોમાં સ્ત્રી પુરુષના અંગત ઈચ્છાઓ, આકાંક્ષાઓ, જાતીય કામનાની પરિપૂર્તિ, વંશવૃદ્ધિ, સંતતિપ્રેમ તેમજ સંતતિની સંભાળ અને ઉછેર હોઈ શકે. કુટુંબની ઉત્પત્તિ અંગેના બધાં મત મતાંતરોની સમગ્ર દૃષ્ટિએ વિચારણા કરીને તેમણે નોંધ્યું છે કે કુટુંબસંસ્થા આદિમાનવ જેટલી જ જૂની હશે અને અમુક સગોમાં સ્ત્રી ના તેમજ બાળકોના સંરક્ષણની જવાબદારી, ભરણપોષણ, સંતતિપ્રેમ, પરિવારની જરૂરીયાત વગેરે કારણોસર માનવોમાં કુટુંબ રચીને સહકારથી સાથે રહેવાની જોગવાઈ કરાઈ હશે. હકીકતમાં તો કુટુંબની કોઈ ચોક્કસ ઉત્પત્તિ કેવી રીતે અને કોના દ્વારા થઈ તે નક્કી કરી શકાય તેમ નથી. માનવ સમાજના અસ્તિત્વમાં આવ્યા પછી કુટુંબ નહોતું અને ત્યાર પછી સભ્યતા વિકસ્યા બાદ કુટુંબ અસ્તિત્વમાં આવ્યું તેમ પણ કહી શકાય તેમ નથી. અંતે એટલું જ કહી શકાય કે માનવીની કેટલીક જાતીય વૃત્તિઓ, ઈચ્છાઓ, આનંદ, જરૂરિયાતો અને આવશ્યકતાઓમાંથી જ કુટુંબ ઉદ્દભવ્યુછે.*

## 10.4 સારાંશ

*આમ, પ્રત્યેક માનવસમાજ કુટુંબ વ્યવસ્થા ધરાવે છે. લોહી આધારિત, લગ્ન આધારિત કે દત્તક કુટુંબ દ્વારા રચાયેલા કૌટુંબિક સંબંધો ધરાવે છે. એ બાબત નોંધનીય છે કે કુટુંબ વ્યવસ્થા વિનાનો સમાજ હોઈ જ ન શકે. કુટુંબ વ્યવસ્થાની રચના, તેનું માળખું, સગપણ સંબંધો વિષયક ધોરણો, મૂલ્યો, રીતરિવાજો, પરંપરા વગેરે પ્રદેશે - પ્રદેશે જુદા હોઈ શકે. ઉપરાંત પ્રત્યેક ધર્મ, જ્ઞાતિ, ગ્રામીણ કે શહેરી સમાજોમાં કુટુંબ વ્યવસ્થાનાં પ્રકારમાં, સ્વરૂપમાં તફાવત જોવા મળે છે, તેમજ તેમાં અનેક પરિબળોને કારણે પરિવર્તન પણ આવતું જણાય છે. ખાસ કરીને આદિવાસી સમુદાયોમાં, આધુનિક સભ્ય સમાજોમાં કુટુંબ વ્યવસ્થા આગવી ખાસિયત ધરાવે છે. સમાજશાસ્ત્રી ઓ અને માનવશાસ્ત્રી ઓએ*

*કુટુંબની ઉત્પત્તિના અભ્યાસમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવ્યો છે, તેને જ આધારે કુટુંબની ઉત્પત્તિના જુદા જુદા સિદ્ધાંતો અસ્તિત્વમાં આવ્યા જે આપણે આ એકમમાં જોયું. ઉપરાંત કુટુંબની ઉત્પત્તિના જુદા જુદા સિદ્ધાંતોની સમીક્ષાની ચર્ચા કરી. હવે પછીના એકમમાં એક પતિ–પત્નીનો સિદ્ધાંત વિશે વિસ્તૃત સમજૂતી મેળવવા માટે કુટુંબની ઉત્ક્રાંતિના સિદ્ધાંતો – એક પતિ–પત્નીનો સિદ્ધાંતની ચર્ચા કરીશું.*

## 10.5 તમારી પ્રગતિ ચકાસો :

**(અ) નીચે આપેલ પ્રશ્નો વિશે આઠ થી દસ લીટીમાં લખો.**

1. *કુટુંબની ઉત્પત્તિનાં કોઈપણ છ સિદ્ધાંતો સવિસ્તાર સમજાવો.*

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

2. *શાસ્ત્રીય સિદ્ધાંત* (Classical Theory) *વિશે નોંધ લખો.*

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

3. *લિંગ સિદ્ધાંત* (Theory of Communis) *વિશે નોંધ લખો.*

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

............................................................
............................................................

4. *પિતૃસત્તાત્મક સિદ્ધાંત* (Theory of Patriarchy) *વિશે નોંધ લખો.*

............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................

5. *એક વિવાહનો સિદ્ધાંત* (Monogamous Theory) *વિશે નોંધ લખો.*

............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................

6. *મિશ્રિત પરિવારનો સિદ્ધાંત* (Theory of Mixed Family) *વિશે નોંધ લખો.*

............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................

7. *માતૃસત્તાત્મક સિદ્ધાંત* (Matriarchy Theory) *વિશે નોંધ લખો.*

............................................................
............................................................
............................................................

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

8. *ઉત્ક્રાંતિ સિદ્ધાંત* (Evolutionary Theory) *વિશે નોંધ લખો.*

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

9. *આર્થિક સિદ્ધાંત* (Economic Theory) *વિશે નોંધ લખો.*

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

10. *પ્રગતિવાદી સિદ્ધાંત* (Progressive Theory) *વિશે નોંધ લખો.*

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

11. *મૂલર લિયરનો સિદ્ધાંત* (Theory of Mular Lyer) *વિશે નોંધ લખો.*

............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................

12. *બહુ સંખ્યક ઘટકોનો સિદ્ધાંત* (Multiple Factor Theory) *વિશે નોંધ લખો.*

............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................

13. *કુટુંબની ઉત્પત્તિના સિદ્ધાંતોની ટીકાઓ (સમીક્ષા)* (Criticism of Family Origins Theory - Review) *સમજાવો.*

............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................

**(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. __________ *સિદ્ધાંત સાથે યુનાની વિદ્વાનો સહમત છે.(શાસ્ત્રીય સિદ્ધાંત, મિશ્રિત પરિવારનો સિદ્ધાંત, ઉત્ક્રાંતિ સિદ્ધાંત)*

2. *એલ.એચ મોર્ગન, બ્રિફૉલ્ટ અને જેમ્સ ફ્રેઝર (*L.H. Morgan, Briffault and James Frazer) __________ *સિદ્ધાંતના મુખ્ય પ્રેરક હતા.*
*(લિંગ સિદ્ધાંત, શાસ્ત્રી ય સિદ્ધાંત, પિતૃસત્તાત્મક સિદ્ધાંત)*

3. __________*એ "માનવ લગ્નનો ઈતિહાસ"* (The History Of Human Marriage) *પુસ્તક લખ્યું છે. (વેસ્ટરમાર્ક, એલ.એચ મોર્ગન, બ્રિફૉલ્ટ)*
4. __________ *એ "ધ મધર"* (The Mother) *પુસ્તક લખ્યું છે.*
*(વેસ્ટરમાર્ક, એલ.એચ મોર્ગન, બ્રિફૌટિસ)*
5. __________ *સિદ્ધાંતનાં પ્રખર સમર્થક મોર્ગન* (Morgan), *બેચોફેન* (Bachofen), *ટેલર* (Tylor) *અને મેક્લેનન (*McLennon) *હતા.*
*(શાસ્ત્રીય સિદ્ધાંત, મિશ્રિત પરિવારનો સિદ્ધાંત, ઉત્ક્રાંતિ સિદ્ધાંત)*

**(ક) ખરાં-ખોટાં જણાવો.**

1. *સર હેનરી મેઈન દ્વારા પિતૃસત્તાત્મક સિદ્ધાંતને વધુ વિસ્તૃત કરવામાં આવ્યો હતો.*
2. *યુથ વિવાહી અ-મિશ્રિત પરિવાર છે.*
3. *કુટુંબની ઉત્પત્તિનો ઉત્ક્રાંતિ સિદ્ધાંત વૈજ્ઞાનિક ઢબે સૌપ્રથમ અમેરિકન માનવશાસ્ત્રી એલ.એચ. મોર્ગન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.*
4. *સંલગ્ન કુટુંબ* (Consanguine Family) *ને પરિવારના વિકાસનો પ્રથમ તબક્કો માનવામાં આવે છે.*
5. *મૂલર લિયરે પરિવારની ઉત્પત્તિ, પરિવારનાં ઈતિહાસને ગોત્રકાળ, કુટુંબ કાળ, વ્યક્તિગત કાળ એમ ત્રણ વિભાગોમાં વિભાજીત કરી સમજાવ્યો છે.*

## 10.6 ચાવીરૂપ શબ્દો

- **વંશ / કુળ (Descent)** *-એક પૂર્વજ કે વડવામાંથી ઊતરી આવેલાને એક વંશ કે કુળના કહેવાય છે. મૂળ ખોળવાના વિવિધ ઉપાયો છે. આથી માનવ સમાજોમાં વંશની વિવિધ વ્યવસ્થાઓ જોવા મળે છે.*
- **પિતૃ સત્તા** *- એટલે જેમાં સંપૂર્ણ સત્તા પુરુષ હસ્તક હોય તે.*
- **પિતૃ સ્થાની -** *એટલે જેમાં લગ્ન બાદ પુરુષ પોતાની પત્નીને લઈને પોતાના પિતાના સ્થાને રહેવા માટે આવે તે.*
- **પિતૃ વંશીય -** *એટલે કુટુંબનું વંશ વારસો પુરુષો દ્વારા ચાલતો હોય તે.*
- **માતૃ સત્તા** *- એટલે જેમાં સંપૂર્ણ સત્તા મહિલાઓ હસ્તક હોય તે.*
- **માતૃ સ્થાની** *- એટલે જેમાં લગ્ન બાદ મહિલા પોતાના પતિને લઈને પોતાના માતાના સ્થાને રહેવા માટે આવે તે.*
- **માતૃ વંશીય** *- એટલે કુટુંબનું વંશ વારસો મહિલાઓ દ્વારા ચાલતો હોય તે.*

- **<u>લગ્ન સંબંધ (Affinity)</u>**- *લગ્ન દ્વારા સ્ત્રી પુરુષ વચ્ચે રચતા સંબંધને 'લગ્ન સંબંધ' તરીકે વર્ણવવામાં આવે છે.*
- **<u>લગ્ન સંબંધ જોડાણ (Alliance)</u>** - *સગપણ અભ્યાસોના સંદર્ભમાં બે કુટુંબો વચ્ચે લગ્ન દ્વારા થતા સંબંધને આ રીતે સંબોધવામાં આવે છે.*
- **<u>ગોત્ર (Clan)</u>** - *સમાન / એક જ વડવા કે પૂર્વજ દ્વારા એકતા ધરાવતા જૂથને ગોત્ર કે ક્લાન કહેવાય છે. ભારતના સમાજના સંદર્ભમાં જ્યારે પેટાજ્ઞાતિ કે સમાન કે સહિયારું ગોત્ર ધરાવતી હોય છે ત્યારે તેને ગોત્ર કે ક્લાન કહેવાય છે.*
- **<u>કુટુંબ (Family)</u>** - *રક્ત, લગ્ન, કાયદો અથવા રિવાજ દ્વારા સંબંધિત લોકોનું જૂથ.*
- **<u>વિસ્તૃત કુટુંબ (Extended Family) -</u>** *એક એવું ઘર છે જેમાં ઓછામાં ઓછા એક માતાપિતા અને બાળક તેમજ દાદા દાદી, કાકી, કાકા અને પિતરાઈ જેવા અન્ય સંબંધીઓનો સમાવેશ થાય છે.*
- **<u>કુટુંબ (Family)</u>** -*વ્યક્તિઓના સામાજિક રીતે માન્ય જૂથો કે જેઓ રક્ત, લગ્ન અથવા દત્તક દ્વારા જોડાઈ શકે છે અને જેઓ ભાવનાત્મક જોડાણ અને સમાજનું આર્થિક એકમ બનાવે છે.*

## 10.7 ઉપયોગી પુસ્તકો


1. Engels, Friedrich, The Origin of the Family, Private Property and the State (New York, International Publishers, 1972). New World Paperback edition with introduction by Eleanor Burke Leacock.
2. Fishbein, Harold D. (2002). Peer prejudice and discrimination: the origins of prejudice (2nd ed.). Psychology Press. p. 27. ISBN 978-0-8058-3772-8.
3. Hobel (1958) 'Man in the Primitive World An Introduction to Anthropology', New York, Toronto.
4. Hobel (1972), 'Cultural and Social Anthropology', New York.
5. Lerner, Gerda (1986). "Chapter 10: Symbols". The Creation of Patriarchy. New York: Oxford University Press.
6. Lowie (1966), 'Culture and Anthropology', New York.
7. Radcliffe-Brown (1952), 'Structure and Functions in Primitive Society', New York.
8. जैन शोभिता, भारत में परिवार, विवाह और नातेदारी, रावत पब्लिकेशन
9. तिवारी इति, समाज और परिवार
10. रानी अलका, भारत में पारिवारिक समाजशास्त्र का विकास, डी. के. पब्लिशर्स
11. *દવે જે. કે.* (2013), *કુટુંબનું સમાજશાસ્ત્ર, અનડા પબ્લિકેશન, અમદાવાદ*
12. *દવે હર્ષિદા* (2005), *'માનવશાસ્ત્ર', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.*
13. *ભારતમાં સમાજ ભાગ - 1 પેપર - 02 વિભાગ - 2 કુટુંબ, લગ્ન અને સગપણ જૂથ, પ્રકાશક - કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

14. *વાઘેલા અનિલ* (2005), *'લગ્ન, કુટુંબ અને સગાઈસંબંધો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.*

## ❖ Suggested Reading :-

1. Parkin, Robert. 1997. Kinship: An Introduction to Basic Concepts. Oxford: Blackwell Publishers Ltd.
2. Parkin, Robert and Linda Stone (eds.) 2004. Kinship and Family: An Anthropological Reader. Oxford: Blackwell Publishing Ltd.
3. Schneider, David. A. 1984. A Critique of the Study of Kinship. Michigan: The University of Michigan Press.

## 10.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

### (બ) તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. *શાસ્ત્રીય સિદ્ધાંત*
2. *લિંગ સિદ્ધાંત*
3. *વેસ્ટરમાર્ક*
4. *બ્રિફૌટિસ*
5. *ઉત્ક્રાંતિ સિદ્ધાંત*

### (ક) તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. *ખરું*
2. *ખોટું*
3. *ખરું*
4. *ખરું*
5. *ખરું*

એકમ 11

# કુટુંબની ઉત્પત્તિનો સિદ્ધાંત – એક પતિ–પત્નીનો સિદ્ધાંત

-: રૂપરેખા :-

**11.0** ઉદ્દેશો

**11.1** પ્રસ્તાવના

**11.2** એક પત્નીત્વ કે એક પતિત્વ (એક વિવાહ) - અર્થ અને પરિભાષા

**11.3** કુટુંબની ઉત્પત્તિનો સિદ્ધાંત – એક પતિ–પત્નીનો સિદ્ધાંત

**11.4** એક પતિ–પત્ની વિવાહ અને કાયદા

**11.5** સારાંશ

**11.6** તમારી પ્રગતિ ચકાસો

**11.7** ચાવીરૂપ શબ્દો

**11.8** ઉપયોગી પુસ્તકો

**11.9** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 11.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,*

- *એકપત્નીત્વ કે એક પતિત્વ (એક વિવાહ) - અર્થ અને પરિભાષા સમજી શકશો.*
- *કુટુંબની ઉત્પત્તિનો સિદ્ધાંત – એક પતિ–પત્નીનો સિદ્ધાંત સમજી શકશો.*
- *એક પતિ–પત્ની વિવાહ અને કાયદા વિશે માહિતગાર થશો.*

## 11.1 પ્રસ્તાવના

*ભારતીય સમાજમાં એક પત્નીત્વ અને એક પતિત્વ હંમેશાં લગ્નનો આદર્શ પ્રકાર રહ્યો છે. છતાં ઘણા સમાજોમાં બહુપતિત્વ અને બહુ પત્નીત્વ લગ્ન પ્રથા જોવા મળે છે, જેને બહુસાથી લગ્ન પ્રથા તરીકે ઓળખાવી શકાય. જેમાં એક પુરુષ એક સમયે એક સ્ત્રી સાથે લગ્ન કરે છે. સરળ રીતે કહીએ તો, તે એક સ્ત્રી સાથે એક પુરુષનું અને એક પુરુષ નું એક સ્ત્રી સાથેનું સામાજિક અને કાયદેસરનું જોડાણ છે. જો કે,* 1955 *સુધી, જે વર્ષ હિંદુ મેરેજ એક્ટ ઘડવામાં આવ્યો ત્યાં સુધી એક પુરુષ એક સમયે એક કરતાં વધુ મહિલાઓ સાથે લગ્ન કરી શકતો હતો. તેમ છતાં, બહુપત્નીત્વની આ પ્રથા સામાન્ય પ્રથા નહોતી. સમાજ દ્વારા તેની તરફેણ અને સામાજિક સ્વીકૃતિ કરવામાં આવી ન હતી. કુલીન, રાજાઓ, જમીનદારો, સરદારો, ગ્રામજનોના વડાઓ અને કેટલાક શ્રીમંત વ્યક્તિઓનો સમાવેશ કરતી વસ્તીનો એક નાનો હિસ્સો ઘણી સ્ત્રી ઓ સાથે લગ્ન કરવાનું પોતાની પ્રતિષ્ઠા ગણાવતા હતા. આથી આ એક પતિ–પત્ની વિવાહ વિષેની વિસ્તૃત*

*સમજ સમાજશાસ્ત્રી ય દૃષ્ટિકોણથી સમજવું આવશ્યક છે. જુદા-જુદા સમાજશાસ્ત્રી ઓ અને માનવશાસ્ત્રી ઓએ કુટુંબની ઉત્પત્તિનાં સિદ્ધાંતોની રચના કરી છે. તેમાં મુખ્યત્વે કુટુંબની ઉત્પત્તિનો સિદ્ધાંત – એક પતિ–પત્નીનો સિદ્ધાંત ની વિસ્તૃત ચર્ચા આપણે આ એકમમાં કરીશું.*

## 11.2 એક પત્નીત્વ કે એક પતિત્વ (એક વિવાહ) - અર્થ અને પરિભાષા

*બ્રિટાનિકા વિશ્વ ભાષા શબ્દકોશ* (Britannica World Language Dictionary) *મુજબ, મોનોગેમી શબ્દ ગ્રીક 'મોનોસ'- ર્દ્દર્હજ (એકલા -* Alone*) અને ગેમોસ -* Gamos *(લગ્ન -* Marriage) *પરથી આવ્યો છે.*

*રિચાર્ડ અલરિચ (*Reichard : 2003)*, "એકપત્નીત્વ" શબ્દ વિવિધ પ્રકારના સંબંધોમાંથી એકનો ઉલ્લેખ કરી શકે છે. સામાન્ય રીતે, આ સંદર્ભે ચાર બાબતોની રજૂઆત કરેલ છે –*

1. *વૈવાહિક એકપત્નીત્વ માત્ર બે લોકોના લગ્નનો ઉલ્લેખ કરે છે.*
2. *સામાજિક એકપત્નીત્વ એ બે ભાગીદારો સાથે રહે છે, એકબીજા સાથે જાતીય સંબંધ બાંધી શકે છે, વસવાટ, ખોરાક અને પૈસા જેવા મૂળભૂત સંસાધનો મેળવવામાં સહકાર આપે છે.*
3. *લૈંગિક એકપત્નીત્વ એ બે ભાગીદારોનો ઉલ્લેખ કરે છે જેઓ એકબીજા સાથે લૈંગિક રીતે વિશિષ્ટ રહે છે અને તેમની પાસે કોઈ અન્ય વ્યક્તિ સમાવિષ્ટ નથી.*
4. *આનુવંશિક એકપત્નીત્વ પિતૃત્વના આનુવંશિક પુરાવા સાથે લૈંગિક રીતે એકપત્નીત્વ સંબંધનો ઉલ્લેખ કરે છે.*

*મરિયમ વેબસ્ટર શબ્દકોશ* (Merriam-Webster Dictionary) *મુજબ,*

*'એકપત્નીત્વ* (Monogamy) *સાથે સંબંધિત, લાક્ષણિકતા કે જેમાં એક સમયે ફક્ત એક જ સાથી, જીવનસાથી અથવા જાતીય ભાગીદાર હોય.'*
*ઉપર્યુક્ત વ્યાખ્યાઓને આધારે કુટુંબની ઉત્પત્તિનો સિદ્ધાંત – એક પતિ–પત્નીનો સિદ્ધાંત વિસ્તૃત સમજીએ.*

## 11.3 કુટુંબની ઉત્પત્તિનો સિદ્ધાંત – એક પતિ–પત્નીનો સિદ્ધાંત (Principle Of Family Origin – Monogamous Theory)

"*માનવ લગ્નનો ઈતિહાસ*" (The History Of Human Marriage) *નામના પુસ્તકમાં વેસ્ટરમાર્કે આ સિદ્ધાંતની વિસ્તૃત વૈજ્ઞાનિક અભિગમથી રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રથમ એકપત્નીત્વ અને પછી અન્ય પ્રકારના એટલે કે બહુ પતિત્વ, બહુ પત્નીત્વ કુટુંબ અને અન્ય પ્રકારના લગ્ન દેખાયા. આ સિદ્ધાંતને ચાર્લ્સ ડાર્વિન, ઝુકરમેન અને બી. મેલિનોવસ્કી સહમત હતા. માનવશાસ્ત્રી ચાર્લ્સ ડાર્વિનના મતે, પરિવારનો ઉદ્દભવ પુરુષની એક સ્ત્રી ની માલિક, એક મહિલા પર આધિપત્ય ધરાવવું,*

*મહિલા પર સત્તા અને એ મહિલા અન્ય કોઈ પુરુષની સાથી ન બને તેવી ઈચ્છા અને મહિલાની જીવનમાં અગત્યની જરૂરિયાતથી થયો હતો. આ સિદ્ધાંત પુરુષની માલિકી, સત્તા, આધિપત્ય અને ઈર્ષ્યાની લાગણી પર આધારિત છે. એક વિવાહ ધરાવતું કુટુંબ વ્યક્તિની અંગત, વ્યક્તિગત બાબત ગણવામાં આવતી. એ પરિવારના સભ્યો પર હક્ક, અધિકાર, ફરજો, જવાબદારીઓ કુટુંબ પૂરતો અને વડીલ પુરુષ પૂરતો મર્યાદિત રહેતો. પુરુષ શક્તિ, શારીરિક બળ, આર્થિક જીવનનિર્વાહ અને સત્તાના કારણે, તે એક સ્ત્રી ને ધરાવવા માંગતો હતો અને તેની સાથે જાતીય સંબંધો બાંધતો હતો. એક વિવાહનો સિદ્ધાંતનાં સમર્થકો મુજબ, પ્રાચીન આદિમ સમાજ કંદમૂળ, શાકભાજી, ફળફળાદિ એકત્રિત કરી, શિકાર કરી, પશુપાલન - ખેતી કામ કરી પરિવાર સાથે સાદું અને સરળ જીવન ગુજારતો. તેમજ તેઓની સામાજિક, આર્થિક, કાયદેસર વ્યવસ્થા ખૂબ જ સરળ હતી. બહુવિવાહી સમાજવ્યવસ્થા ધરાવતા એ સમયગાળા દરમિયાન સ્ત્રી – પુરુષનું પ્રમાણ સમાન હતું. આથી એક વિવાહ પ્રથાનું ચાલન વધ્યું હોય તેમ કહી શકાય. આ ઉપરાંત બહોળા પ્રમાણમાં સમાજ એક વિવાહ પ્રથાને ફરજિયાતપણે અમલ કરવાનું મૂલ્ય અપનાવતો થયો. પાછળથી આ પ્રથા સામાન્ય રીતે સમાજ દ્વારા સ્વીકારવામાં આવી હતી. જુદા-જુદા ધર્મો, સંપ્રદાયોમાં પણ એક વિવાહપ્રથા સંસ્કાર સ્વરૂપે કે સામાજિક ધોરણરૂપે અમલી બન્યું.*

*કુટુંબની ઉત્પત્તિનો સિદ્ધાંત – એક પતિ–પત્નીનો સિદ્ધાંતનાં પ્રખર સમર્થક એચ. એલ. મોર્ગન* (Morgan), *બેચોફેન* (Bachofen), *ટેલર* (Tylor) *અને મેક્લેનન* (McLennon) *વગેરે હતા. કુટુંબની ઉત્પત્તિનો ઉત્ક્રાંતિ સિદ્ધાંત વૈજ્ઞાનિક ઢબે સૌપ્રથમ અમેરિકન માનવશાસ્ત્રી એલ.એચ. મોર્ગન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. મોર્ગન* (Morgan) *મુજબ, માનવ સમાજમાં શરૂઆતના તબક્કામાં પરિવાર અને લગ્ન નામની કોઈ સામાજિક સંસ્થા નહોતી. શરૂઆતના સમયગાળામાં જાતીય સામ્યવાદ* (Sexual Communism) *ની સ્થિતિ હતી. પછીના યુગમાં લગ્ન અને કુટુંબનો વિકાસ ધીમે ધીમે થયો.*

*અમેરિકન સમાજશાસ્ત્રી મોર્ગને કુટુંબ મૂળના ઉત્ક્રાંતિ સિદ્ધાંતને આગળ ધપાવ્યો છે. તેમણે તેમના કુટુંબના સંશોધનમાં તહેવારો, ઉજવણી તથા ખાસ પ્રસંગોનાં સમયે પત્નીની આપ-લે, આતિથ્ય સત્કાર માટે પત્નીની મુલાકાતો ગોઠવાતી તે બાબતો નો ઉલ્લેખ કરેલ છે. તેમના મતે ઉત્ક્રાંતિનો આ સિદ્ધાંત નીચેના તબક્કામાંથી પસાર થયો છે. મોર્ગને પરિવારના વિકાસના પાંચ સ્તરનો ઉલ્લેખ કર્યો છે. જે નીચે મુજબ છે.*

1. **સંલગ્ન કુટુંબ (Consanguine Family) :** *આને પરિવારના વિકાસનો પ્રથમ તબક્કો માનવામાં આવે છે. આ તબક્કામાં જાતીય સંબંધોના સામાજીક સ્થાપિત ધોરણો, પ્રતિબંધો જોવા મળતા ન હતા. આ તબક્કામાં રક્ત સંબંધીઓ, સગા ભાઈ-બહેન વચ્ચે જાતીય સંબંધો પણ સ્વીકાર્ય હતા. મોર્ગન આ સંદર્ભમાં ખાસ કરીને પોલિનેશિયન સમાજનો ઉદાહરણ તરીકે ઉલ્લેખ કરે છે.*

2. **સમૂહ વિવાહ પરિવાર કે મિશ્રિત વિવાહ પરિવાર (Punaluant Family) :** *આ પ્રકારના પરિવારમાં ગોત્ર, કુળ કે અમુક જ વિસ્તાર – ક્ષેત્રમાં લગ્ન સંબંધ બાંધવા જેવા કોઈ પ્રતિબંધો હતા નહિ. વ્યક્તિની ઈચ્છા અને સ્વતંત્રતાને પ્રથમ મહત્વ આપવામાં આવતું. જેના આધારે મિશ્રિત પરિવારની રચના, ઉત્પત્તિ થઈ. સમૂહ લગ્નો અસ્તિત્વ માં આવ્યા. આ પ્રકારના પરિવારમાં, એક પરિવારના ભાઈઓ બીજા પરિવારની બહેનો સાથે લગ્ન કરી શકે છે, પરંતુ તેમાં જાતીય સંબંધોઅંગે કોઈ પ્રતિબંધ નથી. જાતીય સંબંધોના સ્થાપિત ધોરણો, નિયમો નક્કી કરવામાં આવ્યા ન હતા.*
3. **સિન્ડાસમેન કુટુંબ (Syndasmain Family) :** *આ તબક્કામાં એક પુરુષ એક સમયે એક સ્ત્રી સાથે લગ્ન કરી શકે છે પરંતુ પરિવારમાં પરિણીત સ્ત્રી ના જાતીય સંબંધોને વ્યાખ્યાયિત કરવામાં આવ્યા ન હતા. એટલે કે પરિવારમાં સ્ત્રી પુરુષના જાતીય સંબંધો વિશેના ધોરણો, પ્રતિબંધો વિષે સ્પષ્ટ ઉલ્લેખ નથી.*
4. **પિતૃસત્તાક કુટુંબ (Patriarchal Family) :** *આ પ્રકારમાં પુરુષ કુટુંબનો મુખ્ય કર્તા ગણાય છે અને એક સમયે ઘણી સ્ત્રી ઓ સાથે જાતીય સંબંધો બાંધી શકે છે. આ પ્રકારના સમાજમાં મોટેભાગે પિતૃસત્તાત્મક, પિતૃસ્થાનીય, પિતૃ વંશીય કુટુંબ વ્યવસ્થા પ્રવર્તે છે. પુરુષ તેના બાળકો અને પત્ની પર પ્રભુત્વ ધરાવતો હતો. મહિલાઓની સ્થિતિ અત્યંત દયનીય, નિમ્ન કક્ષાની હતી.*
5. **એક વિવાહી પરિવાર (Monogamous Family) :** *આ વર્તમાન તબક્કો ગણાવી શકાય છે. કે જેમાં કાયદાકીય, સામાજિક રીતે વ્યક્તિ એક પુરુષ કે એક સ્ત્રી લગ્ન સંબંધ બાંધી શકે છે. આ કુટુંબમાં મોટેભાગે સમાનતા જોવા મળે છે તેમજ મહિલાઓનું સ્થાન નિમ્ન હોતું નથી.*

*મોર્ગન નાં આ સિદ્ધાંત સાથે ઘણા વૈજ્ઞાનિકો, માનવશાસ્ત્રી ઓ અસહમત છે. ઐતિહાસિકવાદ તરીકે ઓળખાતો મોર્ગનનો ઉત્ક્રાંતિ સિદ્ધાંત* (Evolutionary Theory) *બધા જ સમાજ માટે યોગ્ય ગણાવી શકાય નહિ. કુટુંબ ક્ષેત્રે ઉત્ક્રાંતિ થવા પાછળ મોર્ગનનાં દર્શાવેલ તબક્કાને જ આધારભૂત ગણાવી ન શકાય. વેસ્ટર માર્ક મુજબ, પશુ પક્ષીઓમાં પણ એક વિવાહ પ્રથા જોવા મળતી હતી, જે દર્શાવે છે કે માનવીઓમાં પણ એક સમયે એક વિવાહ પ્રથા પ્રચલિત હતી. બ્રિફાલ્ટ પણ ઉત્ક્રાંતિવાદનો આધાર ગણાવી આદિકાળમાં માતૃસત્તાત્મક પરિવાર હોવાનું જણાવે છે.*

## 11.4 એક પતિ–પત્ની વિવાહ અને કાયદા

*માનવ સમાજ અનેક ધોરણો, મૂલ્યો, રીત - રિવાજો અને નિયંત્રણોનો બનેલો છે. આથી સમાજ લગ્ન વિના જાતીય સંબંધો, લગ્ન વ્યવસ્થા અસ્તિત્વમાં આવ્યાબાદના સંબંધો, ત્યાર બાદ બહુસાથી લગ્ન વ્યવસ્થા અને છેલ્લે એકસાથી/ એક પતિ–પત્ની વિવાહ - એમ અનેક તબક્કાઓમાંથી માનવ પસાર થયો છે. જેનું મુખ્ય કારણ સમાજે સમાજે રચાતા કાયદા, સુધારા અને માનવીય જાગૃતિ જવાબદાર છે. માનવશાસ્ત્રમાં થયેલ*

*સંશોધનો મુજબ, અંદાજે* 85 *ટકા સમાજ પુરુષોને એકથી વધુ પત્નીઓ સાથે લગ્ન કરવાની પરવાનગી આપે છે* (Whiteand Others : 1988).*ભારતીય સમાજમાં ભારતીય બંધારણ અમલમાં આવ્યા બાદ વિવાહના સંદર્ભમાં અનેક કાયદા રચાયા જે નીચે મુજબ જોઈ શકાય છે :-*

**1. સ્પેશિયલ મેરેજ એક્ટ 1954 (Special Marriage Act 1954) :-**

*કલમ* 4 (a) [Section 4 (a)] *મુજબ, એકપત્નીત્વ એ સ્પેશિયલ મેરેજ એક્ટ* 1954 *હેઠળનો નિયમ છે. આ અધિનિયમમાં ઉલ્લેખિત સિવિલ મેરેજની વિધિની શરતોમાં સૌથી મહત્ત્વની બાબત એ છે કે "કોઈ પણ પક્ષનો જીવનસાથી ન હોવો જોઈએ." એટલે કે લગ્ન કરનાર વ્યક્તિ અપરિણીત, વિધવા કે વિધુર, અથવા છૂટાછેડા લીધેલ હોવો જોઈએ. આ અધિનિયમ મુજબ, એક પુરુષ એક મહિલા સાથે અને એક મહિલા એક પુરુષ સાથે લગ્ન કરી શકે છે. ભારતમાં આંતરધર્મી લગ્નો સ્પેશિયલ મેરેજ એક્ટ* (Special Marriage Act1954)*હેઠળ નોંધાયેલા છે. જે* 30*-દિવસની નોટિસ અવધિ ફરજિયાત કરે છે. જેમાં પુરુષની ઉંમર ઓછામાં ઓછા* 21 *વર્ષનો હોવો જોઈએ અને કન્યા ઓછામાં ઓછી* 18 *વર્ષની હોવી જોઈએ. ઉપરાંત લગ્ન કરનાર યુગલ પોતાની સંમતિથી લગ્ન કરી રહ્યા છે તેટલા માનસિક સક્ષમ હોવા જોઈએ. આમ, આ કાયદો એક પતિ પત્ની વિવાહને સમર્થન આપે છે.*

**2. હિન્દુ મેરેજ એક્ટ 1955 (Hindu Marriage Act 1955) :-**

*પ્રાચીન પરંપરાગત ભારતમાં બહુપત્નીત્વ, બહુપતિત્વ લગ્નને સામાજિક સ્વીકૃતિ મળતી હતી. જે અનિયંત્રિત હતું, ધોરણો, મૂલ્યો, રીત -રિવાજો દ્વારા વ્યક્તિ એક જીવનસાથી હોવા છતાં અનેક લગ્ન કરી શકતો હતો. ભારતીય હિંદુઓ, ભારતના મુસ્લિમ શાસકોમાં પણ બહુસાથી લગ્ન વ્યવસ્થા પ્રવર્તતી હતી. બ્રિટિશ શાસકો તથા અન્ય સમાજ સુધારકો કે જેમણે હિંદુ કાયદાના અન્ય કુપ્રથાઓ સુધારા કર્યા હતા, પરંતુ તેઓ કેટલેક અંશે પરંપરાગત હિંદુ કાયદા અને રિવાજ હેઠળ બહુપત્નીત્વ પરના નિયમોને નાબૂદ કરી શક્યા ન હતા.* 1872*માં અગાઉના બંગાળ પ્રાંતમાં તેમના માટે ઘડવામાં આવેલા વિશેષ કાયદા હેઠળ માત્ર બ્રહ્મોસમાજીઓ જ એકપત્નીત્વને કાયદેસર રીતે અપનાવવામાં સફળ થયા હતા.*

*ભારતની સ્વતંત્રતાના આગમન પછી, બોમ્બે, મદ્રાસ, સૌરાષ્ટ્ર અને મધ્ય પ્રાંતોમાં પ્રાંતીય ધારાસભાઓ દ્વારા હિંદુઓ માટે દ્વિપક્ષી વિરોધી કાયદાઓ ઘડવામાં આવ્યા હતા. છેવટે,* 1955*માં સંસદે હિંદુ લગ્ન અધિનિયમ ઘડ્યો, જે હિંદુઓ માટે લગ્નપ્રસંગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો. અન્ય ધર્મો જેવા કે, બૌદ્ધ, જૈનો અને શીખો માં પણ બહુસાથી લગ્નવ્યવસ્થા રદબાતલ અને દંડનીય જાહેર કરેલ* Au (Sections5, 11&17).*કલમ* 5 (i)[Section 5 (i)] *મુજબ, હિંદુ મેરેજ એક્ટ હેઠળ માન્ય લગ્ન માટેની શરતો પૈકીની એક એ છે કે "લગ્ન સમયે કોઈપણ પક્ષની પતિ કે પત્ની હયાત ન હોવો*

*જોઈએ" આ શરતનું ઉલ્લંઘન કરી થતા લગ્ન રદબાતલ ગણાશે. હિંદુ લગ્ન અધિનિયમની કલમ 17 ફરી એકવાર અધિનિયમ દ્વારા સંચાલિત વ્યક્તિઓ વચ્ચેના દરેક બહુસાથી લગ્નને રદબાતલ જાહેર કરે છે અને તેને ભારતીય દંડ સંહિતા 1860ની દ્વિ-વિવાહ વિરોધી જોગવાઈઓ હેઠળ સજાપાત્ર બનાવે છે.*

**3. ફોરેન મેરેજ એક્ટ 1969 (Foreign Marriage Act 1969) :-**

*આ કાયદો વિદેશી દેશોમાં બે ભારતીયો અથવા એક ભારતીય અને એક વિદેશી વચ્ચેના નાગરિક લગ્નનો નિર્દેશ કરે છે. આ અધિનિયમ હેઠળ પણ એકપત્નીત્વ એ મુખ્ય નિયમ છે, તેની જોગવાઈઓ ની કલમ 4 (a) હેઠળ લગ્નના સંસ્કાર માટેની પ્રથમ શરત તે છે કે "કોઈ પણ પક્ષ જીવનસાથી હોવી ન જોઈએ." એટલે કે લગ્ન કરનાર વ્યક્તિ અપરિણીત હોવો જોઈએ.*

*જો એકપત્નીત્વની શરત અને અધિનિયમની કલમ 4 માં દર્શાવેલ અન્ય શરતો પૂરી કરવામાં આવે તો, બે ભારતીયો અથવા એક ભારતીય અને વિદેશી વ્યક્તિ વચ્ચેના પહેલાથી અસ્તિત્વમાં રહેલા લગ્નને સ્થાનિક કાયદા હેઠળ વિદેશી મેરેજ એક્ટ હેઠળ નોંધણી કરાવી શકાય છે. જેના પર તે ઉપરોક્ત અધિનિયમ - કલમ 17 હેઠળ સંકલ્પ કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવશે. વિદેશી લગ્ન અધિનિયમની કલમ 19ની દ્વિ-વિવાહ વિરોધી દંડની જોગવાઈ દર્શાવેલ છે. આ અધિનિયમ મુજબ, કોઈપણ વ્યક્તિ કે જેના લગ્ન આ અધિનિયમ હેઠળ ધાર્મિક વિધિપૂર્વક કરવામાં આવ્યા છે અથવા કાયદેસર કરવામાં આવે છે અને જે તેના લગ્નના નિર્વાહ દરમિયાન, ભારતમાં કોઈપણ અન્ય લગ્ન કરે છે તે ભારતીય કલમ 494 અને 495માં આપવામાં આવેલા દંડને પાત્ર રહેશે. દંડ સંહિતા, અને આ રીતે કરાર કરાયેલ લગ્ન રદબાતલ ગણાશે. ઉપરાંત પેટા-કલમ(1)ની જોગવાઈઓ ભારતના કોઈપણ નાગરિક દ્વારા ભારત વિના અને તેની બહાર કરવામાં આવેલા આવા કોઈપણ ગુનાને પણ લાગુ પડે છે. સ્પેશિયલ મેરેજ એક્ટ 1954ની જેમ ફોરેન મેરેજ એક્ટની દ્વિ-વિવાહ વિરોધી જોગવાઈઓ, પક્ષકારોના ધર્મને ધ્યાનમાં લીધા વિના, તેના દ્વારા સંચાલિત તમામ કેસોને લાગુ પડે છે.*

**4. ક્રિશ્ચિયન મેરેજ એક્ટ 1872 (ChristianMarriageAct 1872) :-**

*આ એક્ટના કલમ 60 (Section 60)મુજબ, "લગ્ન કરવા ઈચ્છતી વ્યક્તિઓમાંથી કોઈની પણ પત્ની કે પતિ હજી જીવતો હોવો જોઈએ નહીં". અધિનિયમ જોગવાઈ કરે છે કે કોઈ વ્યક્તિ ખોટા શપથ અથવા ઘોષણા કરે છે અથવા ખોટી સૂચના પર સહી કરે છે, ઈરાદાપૂર્વક અને લગ્ન પ્રાપ્ત કરવાના હેતુથી, ભારતીય દંડ સંહિતાની કલમ 193 - કલમ 66 (Section193oftheIndianPenalCode – Section66)હેઠળ શિક્ષાપાત્ર અપરાધ માટે દોષિત રહેશે. એટલે કે આ અધિનિયમ પણ એક પતિ–પત્ની વિવાહને સમર્થન આપે છે.*

**5. પારસી મેરેજ એન્ડ ડિવોર્સ એક્ટ 1936 (Parsi Marriageand Divorce Act 1936) :-**

*પારસી મેરેજ એન્ડ ડિવોર્સ એક્ટ* 1936 *ખાસ કરીને દ્વિ-વિવાહને પ્રતિબંધિત કરે છે. આ અધિનિયમ મુજબ, ભારતીય દંડ સંહિતાની કલમો* 494-495 *એ કાયદા દ્વારા સંચાલિત કોઈપણ લગ્નમાં દ્વિ-વિવાહના દરેક કેસને લાગુ પડશે. આ અધિનિયમનું ઉલ્લંઘન કરી બહુસાથી વિવાહ કરનારને દ્વિ-વિવાહ વિરોધી જોગવાઈઓ હેઠળ સજાપાત્ર બનાવે છે.*

## 11.5 સારાંશ

*ભારત કે અન્ય દેશોમાં કાયદા ઘડાયા બાદ જ એક પતિ પત્ની વિવાહ – એક વિવાહ ફરજીયાત અને પ્રચલિત નથી બન્યું. પરંતુ ઘણા આદિમ સમાજોમાં પણ જીવનસાથી પ્રત્યેની વફાદારી હોવાથી એક વિવાહને પ્રાધાન્ય આપતા હતા. જ્યોર્જ પી. મુર્ડોક પોતાના પુસ્તક 'ધ એથનોગ્રાફિક એટલાસ'* (The EthnographicAtlas : George P. Murdock) *માં જણાવે છે તે મુજબ, એકપત્નીત્વ કેટલાક પરંપરાગત આદિવાસી સમાજો જેવા કે આંદામાનીઝ* (Andamanese), *બર્મામાં કેરેન* (Karen in Burma), *ઉત્તરી યુરેશિયામાં સામી અને કેટ* (Samiandka in northern Eurasia) *અને યુનાઈટેડ સ્ટેટ્સના પ્યુબ્લો ઈન્ડિયન્સ (*The Pueblo Indians of the United States) *માં જોવા મળે છે.*

*હિંદુ લગ્ન અધિનિયમ,* 1955*ના અમલ પહેલા, ઓગણીસમી સદી અને વીસમી સદીના પ્રારંભમાં પણ એકવિધ લગ્નની તરફેણમાં પ્રયાસો કરવામાં આવ્યા હતા. રાજા રામમોહન રોય, ઈશ્વરચંદ વિદ્યાસાગર, દયાનંદ સરસ્વતી જેવા સમાજ સુધારકો એ અગ્રણી વ્યક્તિઓ છે જેમણે બહુપત્નીત્વની કુપ્રથા સામે લડત આપી હતી અને મહિલાઓનું શોષણ થતું અટકાવ્યું હતું.*

## 11.6 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલ પ્રશ્નો વિશે આઠ થી દસ લીટીમાં લખો.**

1. *એક પત્નીત્વ કે એક પતિત્વ (એક વિવાહ) - અર્થ અને પરિભાષા સમજાવો.*
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

2. *કુટુંબની ઉત્પત્તિનો સિદ્ધાંત – એક પતિ–પત્નીનો સિદ્ધાંત સમજાવો.*

.........................................................
.........................................................
.........................................................
.........................................................
.........................................................
.........................................................
.........................................................
.........................................................
.........................................................
.........................................................

3. *એક પતિ–પત્ની વિવાહ અને કાયદા વિશે માહિતગાર સમજાવો.*

.........................................................
.........................................................
.........................................................
.........................................................
.........................................................
.........................................................
.........................................................
.........................................................
.........................................................
.........................................................

**(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

**1.** *મોનોગેમી શબ્દ* ___________ *'મોનોસ'-* monos *(એકલા* - alone*)* *અને ગેમોસ* - gamos *(લગ્ન* - marriage) *પરથી આવ્યો છે. (ગ્રીક, લેટીન, સંસ્કૃત)*

**2.** ___________ *મુજબ, 'એકપત્નીત્વ* (Monogamy) *સાથે સંબંધિત, લાક્ષણિકતા કે જેમાં એક સમયે ફક્ત એક જ સાથી, જીવનસાથી અથવા જાતીય ભાગીદાર હોય.' (મરિયમ વેબસ્ટર શબ્દકોશ, ઓક્સફર્ડ શબ્દકોશ, એકેય નહિ)*

**3.** *માનવ લગ્નનો ઈતિહાસ"* (The History Of Human Marriage) *નામનું પુસ્તક* ___________ *નું છે. (એલ.એચ. મોર્ગન, મેક્લેનન, વેસ્ટરમાર્ક)*

**4.** *કુટુંબની ઉત્પત્તિનો ઉત્ક્રાંતિ સિદ્ધાંત વૈજ્ઞાનિક ઢબે સૌપ્રથમ અમેરિકન માનવશાસ્ત્રી* ___________ *દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. (વેસ્ટરમાર્ક, એલ.એચ. મોર્ગન, મેક્લેનન)*

**5.** *મોર્ગને પરિવારના વિકાસના* ___________ *સ્તરનો ઉલ્લેખ કર્યો છે. (સાત, પાંચ, ત્રણ)*

6. *ઈ.સ. __________ માં 'હિન્દુ મૅરેજ ઍક્ટ' અમલમાં મુકાયો.* (1955, 1956, 1957)
7. *સ્પેશિયલ મેરેજ એક્ટ __________ માં અમલમાં મુકાયો.* (1955, 1954, 1953)
8. *ફોરેન મેરેજ એક્ટ __________ માં અમલમાં મુકાયો.* (1969, 1956, 1957)
9. *ક્રિશ્ચિયન મેરેજ એક્ટ __________ માં અમલમાં મુકાયો.* (1872, 1873, 1874)
10. *પારસી મેરેજ એન્ડ ડિવોર્સ એક્ટ __________ માં અમલમાં મુકાયો.* (1936, 1937, 1938)
11. *'ધ એથનોગ્રાફિક એટલાસ'* (The Ethnographic Atlas) *પુસ્તક __________ નું છે. (જ્યોર્જ પી. મુર્ડોક, એલ.એચ. મોર્ગન, મેક્લેનન)*

## 11.7 ચાવીરૂપ શબ્દો

- **વિસ્તૃત કુટુંબ (Extended Family) -** *એક એવું ઘર છે જેમાં ઓછામાં ઓછા એક માતાપિતા અને બાળક તેમજ દાદા દાદી, કાકી, કાકા અને પિતરાઈ જેવા અન્ય સંબંધીઓનો સમાવેશ થાય છે.*
- **કુટુંબ (Family) -** *વ્યક્તિઓના સામાજિક રીતે માન્ય જૂથો કે જેઓ રક્ત, લગ્ન અથવા દત્તક દ્વારા જોડાઈ શકે છે અને જેઓ ભાવનાત્મક જોડાણ અને સમાજનું આર્થિક એકમ બનાવે છે.*
- **પ્રજનન કુટુંબ (Family Of Procreation) -** *લગ્ન દ્વારા રચાયેલ કુટુંબ.*
- **એકસાથી વિવાહ -** *જેમાં એક સમયે એક જ વ્યક્તિ સાથી સાથે લગ્ન કરવા તે.*
- **દ્વિવિવાહ (Bigamy) -** *એકી વખતે બે પત્ની કે પતિઓ હોવા તે.*
- **દ્વિપક્ષીય વંશ (Bilateral Descent) -** *બંને માતાપિતાના પૂર્વજોની રેખાઓ દ્વારા સગપણનું નિશાન.*
- **સહવાસ (Cohabitation) -** *સાથે રહેવાની અને લગ્ન કર્યા વિના જાતીય સંબંધ રાખવાની સ્થિતિ.*

## 11.8 ઉપયોગી પુસ્તકો

1. Engels, Friedrich, The Origin Of The Family, Private Property And The State (New York, International Publishers, 1972). New World Paperback Edition With Introduction By Eleanor Burke Leacock.
2. George P. Murdock, The Ethnographic Atlas
3. Reichard, Ulrich H. (2003). "Monogamy: past and present". In Reichard, Ulrich H.; Boesch, Christophe (eds.). Monogamy: Mating Strategies and Partnerships in Birds, Humans and Other Mammals.

Cambridge University Press. pp. 3–25. ISBN 978-0-521-52577-0. Archive

4. Fishbein, Harold D. (2002). Peer Prejudice And Discrimination: The Origins Of Prejudice (2nd Ed.). Psychology Press. P. 27. Isbn978-0-8058-3772-8.
5. Hobel (1958) 'Man In The Primitive World An Introduction To Anthropology', New York, Toronto.
6. Hobel (1972), 'Cultural And Social Anthropology', New York.
7. Lerner, Gerda (1986). "Chapter 10: Symbols". The Creation Of Patriarchy. New York: Oxford University Press.
8. Lowie (1966), 'Culture And Anthropology', New York.
9. merriam-webster dictionary, https://www.merriam-webster.com/dictionary/monogamous
10. Radcliffe-BroWn (1952), 'Structure And Functions In Primitive Soceity', New York.
11. THE LAW COMMISSION OF INDIA (REPORT NO. 227) (2009), Government of India Law Commission of India https://lawcommissionofindia.nic.in/reports/report227.pdf
12. White D. R., B[a]zig L., Borgerhoff Mulder M., Chick G., Hartung J., Irons W., Low B. S., Otterbein K. F. 1988. R[a]hinking polygyny: co-wives, codes, and cultural systems (includes comments and author's reply). Curr. Anthropol. 29, 529(44).10.1086/203674
13. जैन शोभिता, भारत में परिवार, विवाह और नातेदारी, रावत पब्लिकेशन
14. तिवारी इति, समाज और परिवार
15. रानी अलका, भारत में पारिवारिक समाजशास्त्र का विकास, डी. के. पब्लिशर्स
16. *દવે જે. કે.* (2013), *કુટુંબનું સમાજશાસ્ત્ર, અનડા પબ્લિકેશન, અમદાવાદ*
17. *દવે હર્ષિદા* (2005), *'માનવશાસ્ત્ર', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.*
18. *ભારતમાં સમાજ ભાગ - 1 પેપર -02 વિભાગ -2 કુટુંબ, લગ્ન અને સગપણ જૂથ, પ્રકાશક - કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*
19. *વાઘેલા અનિલ* (2005), *'લગ્ન, કુટુંબ અને સગાઈસંબંધો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.*

## ❖ Suggested Reading :-

1. Parkin, Robert. 1997. Kinship: An Introduction To Basic Concepts. Oxford: Blackwell Publishers Ltd.
2. Parkin, Robert And Linda Stone (Eds.) 2004. Kinship And Family: An Anthropological Reader. Oxford: Blackwell Publishing Ltd.
3. Schneider, David. A. 1984. A Critique Of The Study Of Kinship. Michigan: The University Of Michigan Press.

## 11.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

### (બ) તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. *ગ્રીક*
2. *મરિયમ વેબસ્ટર શબ્દકોશ*
3. *વેસ્ટરમાર્ક*
4. *એલ.એચ. મોર્ગન*
5. *પાંચ*
6. 1955
7. 1954
8. 1969
9. 1872
10. 1936
11. *જ્યોર્જ પી. મુર્ડોક*

એકમ 12

# કુટુંબના પ્રકારો

**-: રૂપરેખા :-**

**12.0** ઉદ્દેશો

**12.1** પ્રસ્તાવના

**12.2** કુટુંબના પ્રકારો

અ. પિતૃસત્તાક કુટુંબ અને માતૃસત્તાક કુટુંબ

બ. સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ

ક. પિતૃસ્થાની કુટુંબ અને માતૃસ્થાની કુંટુંબ

ડ. એકસાથી કુટુંબ અને બહુસાથી કુટુંબ

**12.3.** સારાંશ

**12.4.** ચાવીરૂપ શબ્દો

**12.5.** કેટલાંક ઉપયોગી પુસ્તકો

**12.6.** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 12.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે -*

- *કુટુંબના પ્રકારોનું વર્ણન કરી શકશો.*
- *ભારતીય સમાજમાં કેન્દ્રસ્થ કુટુંબોની ચર્ચા કરી શકશો.*
- *કુટુંબનું સંયુક્તપણું જાણવા/માપવા માટેના માપદંડ કે લક્ષણોનો ખ્યાલ કરી શકશો.*

## 12.1 પ્રસ્તાવના

*એકમ-11માં આપણે કુટુંબની ઉત્ક્રાંતિના સિદ્ધાંતો વિશે જોઈ ગયા. આ એકમમાં આપણે કુટુંબના પ્રકારો વિશે ચર્ચા કરવાના છીએ. જેમાં સભ્યોની સંસ્થાના આધારે અને સત્તાના આધારે એમ બે રીતે કુટુંબના પ્રકારો વિશે જોઈશું.*

## 12.2 કુટુંબના પ્રકારો

*પ્રાચીન સમયથી શરૂ કરીને આજ સુધી કુટુંબએ સમાજનું પ્રાથમિક અને મૂળભૂત એકમ ગણાય છે. કુટુંબ સામાજિક જીવનનો મૂળભૂત પાયો છે. કુટુંબસંસ્થા સાર્વત્રિક સામાજિક સંસ્થા છે.*

*સામાન્યપણે સમાજ રચનાના પાયાગત એકમ તરીકે સગપણની પ્રાથમિક કડી ગણાવી શકાય. જેમ કે, પિતૃત્ત્વ માતૃત્ત્વ અને ભાઈ-બહેનના સંબંધ દર્શાવતું ભાતૃત્ત્વ, સાદા શબ્દોમાં સામાન્યપણે કુટુંબ એ ઉપરના સામાજિક સંબંધોના વિવિધ સંયોજનો તથા જોડાણોનું બનેલું છે. ભારતના સંદર્ભમાં આપણે કેન્દ્રસ્થ અને સંયુક્ત કુટુંબના બે વિરોધી પ્રકારોનો ખ્યાલ કરીએ છીએ.*

*સામાન્ય રીતે કુટુંબો કઈ રીતે સંગઠિત થયા છે આના આધારે કેન્દ્રસ્થ અને સંયુક્ત એવાં કુટુંબોનું વર્ગીકરણ કરવામાં આવે છે. દાખલા તરીકે, કેન્દ્રસ્થ કુટુંબની સૌથી વધુ જાણીતી વ્યાખ્યા દર્શાવે છે.તે પ્રમાણે પતિ-પત્ની અને તેમનાં અપરણિત સંતાનોનું બનેલું જૂથ એટલે કેન્દ્રસ્થ કુટુંબ. કેન્દ્રસ્થ કુટુંબ ઉપરાંત કોઈ એક પક્ષના એટલે કે પતિ અથવા તો પત્ની તરફના બધાં સગા એક ઘરમાં/રહેઠાણમાં રહેતાં હોય તેવા કુટુંબને સામાન્યપણે સંયુક્ત કુટુંબ તરીકે ઓળખવામાં આવે છે.*

*ઘણીવાર સંયુક્ત કુટુંબને બદલે 'વિસ્તૃત' કુટુંબ શબ્દ વાપરવામાં આવે છે. માતા-પિતા-સંતાન સંબંધોના વિસ્તરણ પર આધારિત કેન્દ્રસ્થ કુટુંબોના જોડાણનો તે નિર્દેશ કરે છે. આમ, પિતૃવંશીય વિસ્તૃત કુટુંબ એ પિતા-પુત્રના સંબંધોના વિસ્તરણ પર રચાયેલું છે. જ્યારે માતૃવંશીય વિસ્તૃત કુટુંબ તે માતા-પુત્રના સંબંધોના વિસ્તરણ પર રચાયેલું છે. વિસ્તૃત કુટુંબએ કુટુંબના આડા વિસ્તરણની એટલે કે તેમાં બે કે વધુ ભાઈઓ તેમની પત્નીઓ અને સંતાનોનો સમાવેશ કરે છે. આડા વિસ્તૃત કુટુંબને ભાતૃક અથવા તો પિતરાઈઓનું સંયુક્ત કુટુંબ કરી શકાય.*

*ભારતમાં કોઈપણ કુટુંબ આડું કે ઉભી રીતે વિસ્તરણ પામેલું હોય તો તેને માટે સંયુક્ત કુટુંબ શબ્દ વપરાય છે. જે સ્પષ્ટ રીતે મિલકતમાં હિસ્સો ધરાવનારાઓનું એકમ ગણી શકાય. માનવ ઈતિહાસમાં માનવ સમાજે વિભિન્ન કુટુંબ સ્વરૂપો ધારણ કર્યા છે. ડૉ. પટેલ નોંધે છે તેમ કુટુંબ માનવીની કેટલીક વૃત્તિઓ, ઈચ્છાઓ અને આવશ્યકતાઓમાંથી ઉદ્દભવ્યું છે અને ભિન્નભિન્ન પર્યાવરણોમાં ભિન્નભિન્ન પ્રકારના કુટુંબ સ્વરૂપો ધારણ કર્યા છે, કરે છે અને ભવિષ્યમાં પણ કરશે. એક જ સમાજની કુટુંબ વ્યવસ્થામાં પણ તેનાં સ્વરૂપો ભિન્ન ભિન્ન છે. કારણ કે પ્રત્યેક સ્થળની સામાજિક-આર્થિક-સાંસ્કૃતિક પરિસ્થિતિ વિશિષ્ટ હોય છે. એસ.સી.દુબે નોંધે છે. તેમ ભારતીય સમાજમાં કુટુંબના સ્વરૂપોમાં ઘણું વૈવિધ્ય છે. આમ, આપણે કુટુંબના પેટા પ્રકારો નીચે મુજબ જોઈશું. જીેમ કે, સમાજશાસ્ત્રીઓ અને સામાજિક માનવશાસ્ત્રીઓ સૈદ્ધાંતિક રીતે સત્તા અને વંશ, સભ્યપદ, રહેઠાણ અને જીવનસાથીની સંખ્યાના આધારે કુટુંબના પ્રકારો નીચે મુજબ વર્ણવી શકાય અથવા બીજી રીતે કરીએ તો સભ્યોની સંખ્યાને આધારે અને સત્તાના આધારે કુટુંબના પ્રકારો નીચે મુજબ વર્ણવી શકાય.*

### (અ) પિતૃસત્તાક કુટુંબ અને માતૃસત્તાક કુટુંબ

*પિતૃસત્તાક કુટુંબ કુટુંબમાં પિતા કે પુરુષની સત્તા પ્રભુત્વનો નિર્દેશ કરે છે અને માતૃસત્તાક કુટુંબ કુટુંબમાં માતા કે સ્ત્રીની સત્તા-પ્રભુત્વનો નિર્દેશ કરે છે. કુટુંબના આ બે*

*પ્રકારો કુટુંબમાં સત્તાને આધારે પાડવામાં આવ્યાં છે. આ બંને પ્રકારના કુટુંબ નીચે મુજબ છે.*

**(અ-1) પિતૃસત્તાક કુટુંબ**

*આ પ્રકારના કુટુંબમાં પિતા સર્વોપરી સત્તા ધરાવે છે. બાળકના નામની પાછળ પિતાનું નામ લખવામાં આવે છે. પિતા આર્થિક ઉત્પાદન કરવા માટે પોતાની વારસાગત મળેલા વ્યવસાયમાં જોડાય છે અથવા તો પોતાની સ્વભિયોગ્યતા, અભિરૂચિ અથવા સંજોગાવશત્ મળેલી તક પ્રકાણે આવા કોઈ વ્યવસાયમાં જોડાય છે. બાળ ઉછેર અને કુટુંબની સર્વ જવાબદારી સંભાળવામાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે જોડાયેલા હોય છે. ડૉ. તારા પટેલ નોંધે છે તેમ દુનિયાના ઘણા ખરા ભાગમાં તેમજ મોટા ભાગની વસ્તીમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા અસ્તિત્વમાં છે.*

**I પિતૃસત્તાક કુટુંબનો અર્થ અને લક્ષણો**

*"પિતૃસત્તાક કુટુંબમાં કૌટુંબિક સત્તા પિતા હસ્તક રહે છે. વંશની ગણતરી પિતાના નામથી થાય છે. મિલકતની વારસદાર પુત્ર ગણાય છે. પુત્રના લગ્ન બાદ પુત્રવધૂ શ્વસુર ગૃહે નિવાસ કરે છે. તેમાં સ્ત્રીનો દરજ્જો પુરુષ કરતાં નીચો હોય છે."*

**અથવા**

*"પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થામાં સત્તા પિતૃપક્ષે કેન્દ્રિત થયેલી હોય છે. પિતૃસત્તાક કુટુંબમાં પુરુષોની સત્તા સ્થાન અને દરજ્જો ઉચ્ચ કક્ષાનો હોય છે. તેથી સમાજના આર્થિક, ધાર્મિક, રાજકીય અને સામાજિક ક્ષેત્રે પુરુષોનું પ્રભુત્વ જોવા મળે છે. પિતૃસત્તાક કુટુંબ સામાન્ય રીતે પિતૃવંશી, પિતૃસ્થાની અને પિતૃનામી હોય છે. તેથી પિતાનો વંશ પુત્ર આગળ વધારે છે અને પિતાની મિલકતનો વારસદાર પણ પુત્ર બને છે. પિતૃસત્તાક કુટુંબમાં સ્ત્રીઓને અનેકવિધ અધિકારોથી વંચિત રહેવું પડે છે."*

**II લક્ષણો (પિતૃસત્તાક કુટુંબના લક્ષણો)**

*પિતૃસત્તાક કુટુંબનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે છે.*

**1. પિતૃસત્તાક કુટુંબમાં પિતા સર્વસત્તાધીશ હોય છે.**

*પિતૃસત્તાક શબ્દ જ કુટુંબમાં પિતાની સત્તાનો નિર્દેશ કરે છે. એટલે કે આ કુટુંબમાં સર્વ સત્તા પિતૃપક્ષે કેન્દ્રિત થઈ હોય છે. પિતાની ગેરહાજરીમાં કે પિતાની વૃદ્ધાવસ્થામાં કુટુંબની સૌથી મોટો પુરુષ કુટુંબજીવનને લગતી સર્વ સત્તાઓ ભોગવે છે. કુટુંબની આર્થિક, ધાર્મિક, સામાજિક વગેરે પ્રવૃત્તિઓ ઉપર પિતા અથવા પુરુષનું પ્રભુત્વ હોય છે. કેટલાક સમાજોમાં એક સમયે પિતા કૌટુંબિક બાબતોમાં અમર્યાદિત સત્તા ભોગવતો. ભારતમાં હિંદુ પિતૃસત્તાક કુટુંબમાં પિતા કુટુંબના વાલી તરીકેની ભૂમિકા ભજવે છે.*

**2. પિતૃસત્તાક કુટુંબ પિતૃવંશીય હોય છે.**

*પિતૃસત્તાક કુટુંબ એ પિતૃવંશી કુટુંબ પણ છે, જેમાં કુટુંબના વંશની ગણતરી પિતાના વંશ મુજબ ચાલે છે અને તે અનુસાર બાળકો પિતાના નામથી ઓળખાય છે તથા બાળકોનાં નામ સાથે પિતાનું નામ મુકાય છે. આથી તેને પિતૃનામી કુટુંબ કહેવાય છે. વંશજ અને પૂર્વજ વચ્ચેનો સંબંધ પિતાના વંશ દ્વારા નક્કી થાય છે.*

**3. પિતૃસત્તાક કુટુંબ પિતૃનામી કુટુંબ છે.**

*સંતાનોના નામની પાછળ પિતાનું નામ લખાય છે. એટલે કે સંતાનો પિતાના નામથી ઓળખાય છે.*

**4. પિતૃસત્તાક કુટુંબ પિતૃસ્થાનીય હોય છે.**

*પુત્રોના લગ્ન પછી કન્યા એટલે કે પુત્રવધુ પતિને ઘરે એટલે કે પતિના પિતાના ઘરે રહેવા માટે આવે છે.લગ્ન પછી કન્યા પતિના કુટુંબનો ભાગ બની જાય છે.*

**5. પિતૃસત્તાક કુટુંબમાં મિલકત અને આવક પર કુટુંબના વડા પુરુષનો અધિકાર હોય છે.**

*પિતૃસત્તાક કુટુંબમાં પિતાની મિલકતનો વારસદાર પુત્ર બને છે પિતાના તરફથી પુત્રને મિલકત વારસામાં મળે છે. કુટુંબની મિલકત-આવક સંયુક્ત છે. પરંતુ તેનું વિભાજન થઈ શકે છે.બધા પુત્રો પિતાની મિલકતના (હવે પુત્રીઓ પણ) સમાન વારસદાર છે.*

**6. પિતૃસત્તાક કુટુંબમાં સવિશેષ સ્વાતં…ય અને અધિકારી પુરુષો ભોગવતા હોય છે.**

*પિતૃસત્તાક કુટુંબમાં સવિશેષ સ્વાતંત્ર્ય અને અધિકારો પુરુષો ભોગવતા હોય છે, જ્યારે સ્ત્રીઓનો દરજ્જો નીચો હોય છે. પિતૃસત્તાક કુટુંબમાં સ્ત્રીઓએ અનેકવિધ અધિકારોથી વંચિત રહેવું પડે છે.*

**7. પિતૃસત્તાક કુટુંબ સંયુક્ત કુટુંબ છે.**

*ડૉ. એમ.એસ.ગોરે કહે છે કે સંયુક્ત કુટુંબમાં બે થી ત્રણ પેઢી સુધીના પિતૃવંશી પુરુષ સંબંધીઓ તેમના આશ્રિતો જોડે રહે છે. પિતૃસત્તાક કુટુંબમાં સંયુક્ત કુટુંબનાં લક્ષણો જોવા મળે છે.*

**8. પિતૃસત્તાક કુટુંબમાં લગ્ન એ કુટુંબની બાબત છે.**

*પિતૃસત્તાક કુટુંબમાં લગ્ન એ કુટુંબની બાબત છે અને બે સંયુક્ત કુટુંબો વચ્ચેનો સંબંધ છે.*

**9. પિતૃસત્તાક કુટુંબમાં પુરુષ અને પુત્રનું પ્રાધાન્ય હોય છે.**

*સ્ત્રી કરતાં પુરુષને તેમજ પુત્રી જન્મ કરતાં પુત્ર જન્મને પિતૃસત્તાક કુટુંબમાં મહત્ત્વ અપાય છે.*

**10. પિતૃસત્તાક કુટુંબમાં કુટુંબવાદને મહત્ત્વ આપ્યા છે.**

*પિતૃસત્તાક કુટુંબમાં કુટુંબવાદને મહત્ત્વ અપાય છે જ્યારે વ્યક્તિ હિતને ગૌણ માનવામાં આવે છે.*

## (ક) તમારી પ્રગતિ ચકાસો

**નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે દર્શાવો. દરેક વિધાન સામે સાચા માટે (√) અને ખોટાં માટે (×) લખો.**

1. *ભારતમાં સંયુક્ત કુટુંબ એ વિભક્ત કે કેન્દ્રસ્થ કુટુંબનો સમુચ્ચય કે સરવાળો માત્ર નથી.*
2. *પિતૃસત્તાક કુટુંબમાં વ્યવસ્થામાં સત્તા પિતૃપક્ષે કેન્દ્રિત થયેલી હોય છે.*
3. *પિતૃસત્તાક કુટુંબમાં પિતૃસત્તાક શબ્દ જ પિતાની સત્તાનો નિર્દેશ કરતો નથી.*

## III ભારતમાં પિતૃસત્તાક કુટુંબમાં વૈવિધ્ય

*આપણા ભારત દેશમાં જાતિ, જ્ઞાતિ, ધર્મ, લિંગ, રીત-રિવાજો, ભાષા, પ્રદેશ વગેરેમાં વૈવિધ્ય જોવા મળે છે. એ જ રીતે ભારતમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થામાં વૈવિધ્ય જોવા મળે છે. ભારતમાં પિતૃસત્તાક કુટુંબ ઘણીવાર સંયુક્ત કુટુંબના વિભાગ તરીકે જોવા મળે છે. ભારતમાં પ્રવર્તતા પિતૃસત્તાક કુટુંબો એક યા બીજા સ્વરૂપનાં નાના કે મોટાં કદના સંયુક્ત કુટુંબો એક યા બીજા સ્વરૂપનાં નાના કે મોટાં કદના સંયુક્ત કુટુંબ તરીકે વિકસેલાં છે. આમ છતાં તેમાં વૈવિધ્ય જોવા મળે છે. જેમ કે, હિંદુ પિતૃસત્તાક કુટુંબ નામ્બુદ્રી લોકોનું પિતૃસત્તાક મુજબ એકબીજાથી જુદાં પડે છે. તેમજ સામાન્ય હિંદુ પિતૃસત્તાક કુટુંબ અને નામ્બુદ્રી પિતૃસત્તાક કુટુંબથી વ્યવસ્થાઓનું વૈવિધ્ય છે, જે નીચે મુજબના મુદ્દાઓ પરથી સ્પષ્ટ થશે.*

### 1. હિંદુ પિતૃસત્તાક કુટુંબ

*આપણા ભારતમાં હિંદુ પિતૃસત્તાક કુટુંબ પિતૃવંશી, પિતૃસ્થાની સંયુક્ત કુટુંબ છે. આ કુટુંબ વ્યવસ્થાની વિસ્તૃત સમજ 'કુટુબ વ્યવસ્થા'માં જોઈ ગયા. રૂા કુટુંબ વ્યવસ્થામાં મિલકતનો વારસો પિતૃવંશી હતો, પિતા પુરુષ અને પુત્રનું પ્રાધાન્ય રહેવા પામે છે. કૌટુંબિક સત્તા પિતા કે પુરુષ હસ્તક રહે છે, તેઓ કુટુંબની આર્થિક જવાબદારીની બાબતોનું નિયમન કરે છે તેમજ નિર્ણયો લેવામાં તેની કેન્દ્રિય ભૂમિકા રહે છે. હિંદુ પિતૃસત્તાક કુટુંબમાં લગ્ન મા-બાપ યોજિત કરવામાં આવે છે એવી પ્રથા રહી છે. લગ્ન એ બે વ્યક્તિઓ વચ્ચેનું નહીં પણ બે કુટુંબો વચ્ચેનું બની રહે છે. લગ્ન ફરજિયાત અને અવિચ્છનીય મનાયું છે.સામાન્ય રીતે આવી કુટુંબ વ્યવસ્થા કુટુંબવાદની ખાસિયત ધરાવે છે. એટલું જ નહીં પરંતુ વ્યક્તિના સર્વાંગી જીવનમાં કુટુંબના કલ્યાણને કેન્દ્રમાં રાખી થતી પ્રવૃત્તિઓને અને લેવાતા નિર્ણયોને કુટુંબવાદ કહેવામાં આવે છે. કુટુંબવાદ એ વ્યક્તિવાદથી વિરુદ્ધનો ખ્યાલ છે. તેમાં કુટુંબના સ્સભ્યોના હિતો કુટુંબના હિતોમાં ઓતપ્રોત થઈ જાય તેવી અપેક્ષા રચાય છે. તેમાં સુખ-દુઃખ સૌના સહિયારા ગણાય છે. સુખમાં અને દુઃખમાં દરેક વ્યક્તિ એકબીજાને સાથ સહકાર આપે છે. એકબીજાને સમજી શકે છે. વ્યક્તિને પસંદગી સ્વાતં…ય મળતું નથી.દા.ત. લગ્ન અંગે નિર્ણય લેવો હોય તો વ્યક્તિ પોતે સ્વતંત્ર નિર્ણય લઈ શકતી નથી. પરંતુ કુટુંબના સભ્યો નિર્ણય લે છે અથવા ધાર્મિક ઉત્સવ ઉજવવો શોય તો એક વ્યક્તિએ પ્રસંગ કરી શકતી નથી, પરંતુ બધા સભ્ય*

*હળીમળીને કરે છે. પરંતુ આ પણ સ્વતંત્ર હોતું નથી. પરંતુ પ્રદેશ અને જ્ઞાતિ અનુસાર આ બધી લાક્ષણિકતાઓમાં વૈવિધ્ય રહ્યું છે. વર્તમાન સમયમાં આ બધાં લક્ષણોમાં આધુનિક પરિબળો દ્વારા પરિવર્તનો આવ્યાં છે. જેમ કે, લગ્ન પ્રત્યે, પ્રસંગ પ્રત્યે, ધર્મ પ્રત્યે કે પછી પોતાના વિકાસ અર્થે વ્યક્તિ પોતે જાતે નિર્ણય લઈ શકે છે. આમ છતાં, કેટલાંક લક્ષણો રૂઢિચુસ્ત કુટુંબોમાં હજુ પણ જોવા મળે છે.*

**2. નામ્બુદ્રી લોકોનું પિતૃસત્તાક કુટુંબ**

*મલબારમાં નામ્બુદ્રી લોકો બ્રાહ્મણ જ્ઞાતિના છે. તેઓમાં પિતૃસત્તાક, પિતૃવંશી અને પિતૃસ્થાની સંયુક્ત કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. જેને ઈલોમ તરીકે ઓળખવામાં આવે છે. આ કુટુંબમાં પુરુષો તેમની પત્નીઓ તેમના પુત્રો, પુત્રોની પત્નીઓ, પુત્રોના પુત્રો તેમજ પોતાની અપરણિત પુત્રીઓ અને પુત્રની અપરણિત પુત્રીઓનો સમાવેશ થાય છે. ટૂંકમાં નાબુદ્રી કુટુંબમાં ત્રણથી ચાર પેઢીનો સમાવેશ થાય છે. ઈલોમનાં લક્ષણો નીચે મુજબ છે.*

**3. મિલકતની અવિભાજ્યતા**

*ઈલોમ એ એક સંયુક્ત કુટુંબ હોવાથી ઈલામની મિલકત પણ સંયુક્ત છે. ઈલોમની મિલકતમાં પ્રત્યેક સભ્યનું કલ્યાણ સમાયેલું હોય છે. ઈલામની જે સંપત્તિ છે, તેમાં બધા સભ્યોને ભાગ હોય છે, પરંતુ તેનું વિભાજન થતું નથી, કોઈ સભ્ય ઈલામની મિલકતમાંથી હિસ્સો મેળવીને અલગ થઈ શકતો નથી. ઈલોમની સંપત્તિને બધા સભ્યોની સંમતિથી જ હસ્તાંતર કરી શકાય છે. આમ, ઈલોમની મિલકત અવિભાજ્ય છે.*

**4. સૌથી મોટો પુત્ર વારસદાર**

*ઈલોમની મિલકતની વારસદાર સૌથી મોટો પુત્ર જ છે, જે પિતાની મિલકત વારસામાં મેળવે છે, જ્યારે અન્ય પુત્રોને મિલકત વારસામાં મેળવવાનો અધિકાર નથી, અન્ય સભ્યોને તો માત્ર ભરણપોષણનો જ અધિકાર છે. મોટા પુત્રને મિલકત પર અધિકાર છે, આમ છતાં તે અબાધિત અધિકાર ભોગવી શકે નહીં, પરંતુ તેના પર અન્ય સભ્યોનું નિયંત્રણ હોય છે. ઈલોમની મિલકત પોતાની ઈચ્છા પડે તે પ્રમાણે વેચાણ કે ફેરફાર કરી શકે નહીં, દરેક સભ્યની સંમતિ લઈને જ ઈલામની મિલકતમાં ફેરફાર કે વેચાણ કરી શકે છે અથવા કોઈને ભેટ નિરંકુશ સત્તા ભોગવતો નથી, પરંતુ ઈલોમની મિલકતના વ્યવસ્થાપક કે મેનેજર તરીકેનું જ સ્થાન ધરાવે છે.*

**5. અન્ય પુરુષ સભ્યોનો મર્યાદિત મિલકત અધિકાર**

*ઈલોમમાં સૌથી મોટા પુત્ર સિવાયના અન્ય સભ્યો માત્ર ભરણપોષણનો અધિકાર ધરાવે છે. પરંતુ અન્ય સભ્યો જે પોતે કમાય છે તે મિલકત તેની સ્વતંત્ર મિલકત ગણાય છે. ઈલોમનો વડો (મોટો પુત્ર) મિલકત વેડફે નહીં કે વેચે નહીં તેનું ધ્યાન રાખવાનો અધિકાર તેઓ ધરાવે છે. જો તેણે અન્ય સભ્યોની સંમંતિ વિના મિલકતનું વેચાણ કર્યું હોય, બીજાને ભેટ તરીકે આપી હોય કે ફેરબદલી કરી હોય અને અન્ય સભ્યો તેનો વાંધો*

*ઉઠાવે તો તેઓના સ્થાનિક રિવાજ અનુસાર આ વેચાણ, ભેટ, ફેરબદલી ગેરકાયદેસરનું કરે છે.*

**6. પુરુષ સભ્યોની લગ્ન અધિકારમાં અસમાનતા**

*ઈલોમમાં સૌથી મોટા એક કે બે પુત્રોને જ નામ્બુદ્રી સ્ત્રી સાથે લગ્ન કરવાની અધિકાર કરી શકે છે. બાકીના પુત્રો અન્ય સાથે લગ્ન કરવાનો અધિકાર ધરાવે છે. કાપડિયા નોંધે છે તેમ "મોટો પુત્ર નામ્બુદ્રી સ્ત્રી સાથે લગ્ન કરે છે. બીજા પુત્રોને કાયદાથી આવી મનાઈ નથી, પરંતુ તેઓ સામાન્ય રીતે નામ્બુદ્રી સ્ત્રી સાથે લગ્ન કરી શકતા નથી. જેમ કે, "મોટો પરણિત પુત્ર, અપુત્ર રહે તો તેના પછીની બીજા નંબરનો પુત્ર નામ્બુદ્રી સ્ત્રી  સાથે લગ્ન કરે છે અને ઈલોમનું સાતત્ય ટકાવી રાખે છે." બાકીના પુત્રો અપરણિત રહે છે. આવા અપરણિત પુત્રો "માતૃવંશી ક્ષત્રિય અને નાયર જ્ઞાતિની સ્ત્રી સાથે જાતીય સંબંધ બાંધી શકે છે. પરંતુ નામ્બુદ્રી સ્ત્રી  સાથે લગ્ન કરી શકતા નથી." અથવા તો તે સભ્યો અપરણિત રહે છે. ઈલોમમાં લગ્નના જે આ નિયમો છે તે પાછળનો હેતુ ઈલોમના કદને મર્યાદિત રાખવાનો જ છે. મોટા પુત્રને સંતાન ન હોય તો તેનાથી નાનો ભાઈ કે તેનાં સંતાનો ઈલોમની સ્ત્રી સાથે લગ્ન કરી શકે છે અને ઈલોમનો વંશ જાળવે છે. આમ, ઈલોમમાં પુરુષ સભ્યોને લગ્નના અધિકારમાં અસમાનતા છે.*

**7. પત્નીના અધિકાર**

*હિંદુ સ્ત્રીની તુલનામાં ઈલોમની સ્ત્રી પત્ની તરીકે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઈલોમની વિધવા સ્ત્રીને પણ વિશિષ્ટ અધિકાર આપવામાં આવે છે. ઈલોમની વિધવા સ્ત્રી ને પુત્ર ન હોય તો તે નામ્બુદ્રી પામે તે માટેના પ્રયત્નો કરે છે. આ સ્ત્રી પતિની હયાતીમાં પણ પતિની મંજૂરી લીધા વિના દત્તક લેવાનો અધિકાર ધરાવે છે. પતિ-પત્નીની સંમતિ વગર મિલકત વેચી શકે નહીં. જો પતિ-પત્નીની સંમતિ વગર મિલકતનું વેચાણ કરે તો પુરુષને ઈલોમના મેનેજર પદેથી દૂર કરી શકે છે. આ ઉપરાંત ઈલોમ સ્ત્રી નામ્બુદ્રી પુરુષને વારસદાર તરીકે નિમણૂંક પણ કરી શકે છે.*

**તામારી પ્રગતિ ચકાસો (ખ)**

1. *ભારતમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થામાં વૈવિધ્ય વિશે બે લીટીમાં જવાબ લખો.*

   ..............................................................
   ..............................................................
   ..............................................................
   ...........................................................

2. *કુટુંબવાદ એટલે શુ ? બે-ત્રણ લીટીમાં જવાબ લખો.*

   ..............................................................
   ..............................................................
   ..............................................................
   ..............................................................

3. *નામ્બુદ્રી લોકોનું પિતૃસત્તાક કુટુંબ કોને કહેવાય ત્રણ-ચાર લીટીમાં દર્શાવો.*

................................................................

................................................................

................................................................

................................................................

4. *નામ્બુદ્રી ઈલોમમાં કોનો-કોનો સમાવેશ થાય છે. ત્રણ-ચાર લીટીમાં લખો.*

................................................................

................................................................

................................................................

................................................................

**(અ) સામાન્ય હિંદુ પિતૃસત્તાક કુટુંબ અને નામ્બુદ્રી પિતૃસત્તાક કુટુંબ વચ્ચેનો તફાવત**

*નામ્બુદ્રી પિતૃસત્તાક કુટુંબ હિંદુ પિતૃસત્તાક કુટુંબથી ઘણી બાબતોમાં જુદું પડે છે. આ બંને કુટુંબોના રૂઢિગત સ્વરૂપમાં નીચે મુજબ ભેદ દર્શાવી શકાય.*

| નામ્બુદ્રી પિતૃસત્તાક કુટુંબ | હિંદુ પિતૃસત્તાક કુટુંબ |
|---|---|
| 1. *મિલકત અવિભાજ્ય છે. પુત્ર કુટુંબની મિલકતમાંથી હિસ્સો મેળવીને જુદો થઈ શકતો નથી.* | 1. *મિલકત વિભાજ્ય છે કુટુંબની મિલકતમાંથી પુત્ર પોતાનો હિસ્સો મેળવીને જુદો થઈ શકે છે.* |
| 2. *સૌથી મોટો પુત્ર જ પિતાની મિલકતનો વારસદાર બની શકે છે અન્ય પુત્રોને માત્ર ભરણપોષણનો જ અધિકાર છે. તેમજ તેઓ પોતાની જાતકમાણીને ખાનગી મિલકત તરીકે રાખી શકે છે.* | 2. *બધા પુત્રો પિતાની મિલકતના સમાન વારસદાર છે. તેઓ ભરણપોષણ ઉપરાંત કુટુંબની મિલકતના સમાન ભાગીદાર છે. પોતાની જાતકમાણી કુટુંબની સંયુક્ત મિલકત બને છે.* |
| 3. *સૌથી મોટા પુત્રને કે પહેલા બે પુત્રને જ પોતાની જ્ઞાતિમાં લગ્ન કરવાનો અધિકાર છે. અન્ય પુત્રો અપરણિત રહે છે પરંતુ ક્ષત્રિય અને નાયર છે પરંતુ જાતીય સંબંધ રાખી શકે છે.* | 3. *દરેક પુત્રને લગ્ન કરવાનો સમાન અધિકાર છે.* |
| 4. *પત્ની ઈલોમના મેનેજર પદેથી પતિને દૂર કરી શકે.* | 4. *હિંદુ સંયુક્ત કુટુંબમાં પત્નીને આવો અધિકાર નથી. તેને માત્ર ભરણપોષણનો જ અધિકાર છે.* |
| 5. *મિલકતનું વેચાણ ભેટ કે ફેરબદલી કરવા માટે ઈલોમના સ્ત્રી સભ્યોની સંમતિ અનિવાર્ય છે.* | 5. *કુટુંબના વડાએ આ માટે પત્નીની કે સ્ત્રી સભ્યોની સંમતિ લેવી જરૂરી ગણાતી નથી.* |
| 6. *અપુત્ર વિધવા સ્ત્રી મિલકતનો વારસદાર નીમી શકે છે.* | 6. *અપુત્ર વિધવા સ્ત્રી મિલકતનો વારસદાર નીમી શકતી નથી.* |
| 7. *અપુત્ર સ્ત્રી પતિની હયાતીમાં પતિની મંજૂરી વિના નામ્બુદ્રી જ્ઞાતિના પુરુષ-બાળકને દત્તક લઈ શકે છે.* | 7. *પોતાની મંજૂરી વિના સ્ત્રી દત્તક લઈ શકતી નથી.* |

*આમ, નામ્બુદ્રી 'ઈલોમ' અને સામાન્ય હિંદુ સંયુક્ત કુટુંબ અને પિતૃસત્તાક, પિતૃવંશી અને પિતૃસ્થાની હોવા છતાં બંને વચ્ચે મહત્ત્વનો તફાવત રહેલો છે. નામ્બુદ્રી ઈલોમ મિલકતની અવિભાજ્યતાના લક્ષણથી સામાન્ય હિંદુ સંયુક્ત કુટુંબથી જુદું પડે છે. નામ્બુદ્રી સ્ત્રી સામાન્ય હિંદુ સ્ત્રી કરતા વિશેષ અધિકારો ભોગવે છે. તેમજ નામ્બુદ્રીના પુત્રો વચ્ચે લગ્ન અને મિલકતના હકોમાં અસમાનતા છે. જ્યારે હિંદુ સંયુક્ત કુટુંબમાં પુત્રો આ બધી બાબતોમાં સમાન અધિકારો ધરાવે છે.*

*આજે રૂઢિગત નામ્બુદ્રી ઈલોમમાં કાનૂન, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, નવી વિચારસરણી, શિક્ષણ વગેરે પરિબળોને લીધે પરિવર્તનો આવી રહ્યાં છે. આમ છતાં આજે પણ તેમાં કેટલાંક અંશે પરંપરાગત લક્ષણો જોવા મળે છે. આધુનિક સમયમાં જ નામ્બુદ્રી પુરુષોને રૂઢિગત રિવાજ અનુસાર નામ્બુદ્રી સ્ત્રી સાથે લગ્ન કરવાનો અધિકાર મેળવવા પ્રયાસ કરી રહ્યા છે. તેમના રિવાજગત માળખામાં સુધારો કરવા તેઓ પ્રયત્ન કરી રહ્યા છે. તેમજ આવા ઘણા પુરુષો નાયર સ્ત્રી સાથે લગ્નગ્રંથિથી જોડાઈને 'ઈલોમ'થી જુદાં પોતાનાં સ્વતંત્ર કુટુંબો પણ રચે છે.*

**પ્રવૃત્તિ : 1**

*સામાન્ય હિંદુ પિતૃસત્તાક કુટુંબ અને નામ્બુદ્રી પિતૃસત્તાક કુટુંબ વચ્ચેનો તફાવત જેવા બીજા તફાવત લખો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

## 8. ભીલ આદિવાસીઓનું પિતૃસત્તાક કુટુંબ

*ભારતમાં આદિવાસી જાતિઓમાં સંખ્યાની દૃષ્ટિએ સાંથલ અને ગોન્ડ પછી ત્રીજો નંબર ભીલોનો છે. ગુજરાતની આદિવાસી જાતિઓમાં ભીલોની સંખ્યા વધુ છે. તેઓ ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વસે છે. ગુજરાતના ભીલ આદિવાસીઓની કુટુંબ વ્યવસ્થા પિતૃસત્તાક, પિતૃવંશી અને પિતૃસ્થાની પ્રકારની છે. તેઓમાં સામાન્ય રીતે સંયુક્ત કુટુંબપ્રથા પ્રચલિત છે. પરંતુ આધુનિક પરિબળોની અસર નીચે તેઓમાં વિભક્ત કુટુંબપ્રથા પણ પ્રચલિત બનવા લાગી છે.*

*દા.ત. ડુંગરી ભીલ આદિવાસી સમાજમાં પિતૃસત્તાક, પિતૃવંશી અને પિતૃસ્થાની કુટુંબ વ્યવસ્થા છે. અલબત્ત, સ્ત્રીનું સ્થાન નીચું કે ગૌણ નહીં પણ ઊંચુ અને સન્માનજનક હોય છે. પુત્ર કે પુત્રીના જન્મ કે ઉછેરમાં કોઈ ભેદભાવ રાખવામાં આવતો નથી. આ સમાજ એક સમયે માતૃસત્તાક હોવાનું વિદ્વાન માને છે.*

*ભીલ આદિવાસીમાં લગ્ન બાદ સ્ત્રી પતિગૃહે નિવાસ કરે છે. પતિગૃહે જવાની વિધિને ભીલ લોકો, "આણીવર" પ્રથા તરીકે ઓળખાવે છે. આમ છતાં, ભીલ કુટુંબમાં સ્ત્રીનું સ્થાન એકંદરે પુરુષ સમોવડું જોવા મળે છે, કારણ કે પુરુષની જેમ સ્ત્રી પણ સ્વપસંદગીથી લગ્ન કરી શકે છે અને છૂટાછેડાનો અધિકાર ધરાવે છે. સ્ત્રી -પુરુષની જેમ ઘર બહારની આર્થિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે છે. આમ છતાં, સ્ત્રીને મિલકતનો અધિકાર નથી અને કૌટુંબિક નિર્ણયો લેવાની સત્તા પુરુષ હસ્તક હોય છે. ભીલ લોકોમાં જીવનસાથીની પસંદગી માટે મા-બાપ દ્વારા યોજિત લગ્નપ્રથા સવિશેષ પ્રચલિત છે.*

**પ્રવૃત્તિ : 2**

*ગુજરાત રાજ્યના કયા-કયા વિસ્તારમાં ભીલ આદિવાસીઓ રહે છે અને પિતૃસત્તાક સ્થાન ધરાવે છે તેની યાદી તૈયાર કરો.*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

### 9. ખરિયા આદિવાસીઓમાં પિતૃસત્તાક કુટુંબ

*ઓરિસ્સાના ખરિયા આદિવાસીમાં એકસાથી લગ્ન ઉપર રચાયેલું પિતૃવંશી, પિતૃસત્તાક અને પિતૃસ્થાની કુટુંબ પ્રવર્તે છે. ખરિયા કુટુંબ સંયુક્ત કુટુંબ છે.તેઓમાં પિતા કેન્દ્રવર્તી રચના ધરાવે છે. કૌટુંબિક બાબતોમાં બધી જ સત્તા પિતાને હસ્તક હોય છે. સંતાનો પિતાના વંશથી થાય છે.કુટુંબની બધી મિલકત પિતાની અને તેના પુત્રોની ગણાય છે. ખરિયા કુટુંબજીવનમાં માતાનો ભાઈ (મામો) મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આથી કેટલાક માનવશાસ્ત્રીઓ આ ઘટનાને માતૃવંશી કુટુંબના અંશ તરીકે ધરાવે છે. માતૃવંશી કુટુંબમાં માતાના ભાઈનો સમાવેશ થાય છે. કુટુંબનું પ્રતિનિધિત્વ તે જ કરે છે. સંતાનોના વાલી તરીકેની ભૂમિકા પણ માતાનો ભાઈ ભજવે છે. તેઓમાં પુત્ર-પુત્રી બંનેનો ભેદભાવ વિના અને પ્રેમપૂર્વક ઉછેર કરવામાં આવે છે. કુટુંબમાં પતિ સત્તા ભોગવે છે. આમ, છતાં*

*પત્ની ગૃહસંચાલનમાં મહત્ત્વની, જવાબદારીભરી અને સ્વતંત્ર ભૂમિકા ભજવે છે. સ્ત્રી ઉપર કેટલાક નિષેધો હોય છે. દા.ત. સ્ત્રી કૃષિકાર્ય કરી શકે નહીં, સ્ત્રી ધાર્મિક પ્રવૃત્તિમાં ભાગ લઈ શકે નહીં વગેરે. સ્ત્રી તેણે જાતે મેળવેલી વસ્તુઓ ઉપર મિલકત અધિકાર ધરાવે છે. તેઓમાં લિંગના પાયા ઉપર ભૂમિકા વિભાજન થયેલું છે.*

**10. ખાસા આદિવાસીઓમાં પિતૃસત્તાક કુટુંબ**

*ભારતના ઘણાખરા આદિવાસી સમૂહોમાં પિતૃવંશી કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. જેમ કે, પિતૃસત્તાક, પિતૃવંશી પિતૃસ્થાની સંગ્યુક્ત કુટુંબ છે. જો કે જુદા-જુદા સમાજોના પિતૃવંશી કુટુંબમાં ઓછાવત્તા તફાવતો હોય છે. પરંતુ પિતૃવંશી કુટુંબમાં કૌટુંબિક સત્તા પિતા એટલે કે પુરુષ અગર કુટુંબમાં મોટા પુત્રના હાથમાં હોય છે. પુરુષનું સ્થાન સ્ત્રીઓ કરતાં ઊંચુ હોય છે. તેઓમાં બહુપતિપ્રથાને લીધે તેઓમાં બહુસ્થાની સંયુક્ત કુટુંબ છે. ખાસા લોકોમાં સૌથી મોટો ભાઈ કુટુંબનો વડો છે. તે કુટુંબની મિલકતનો સંચાલક અને રખેવાળ છે. કુટુંબમાં તે સર્વોપરિ સ્થાન ધરાવે છે. આમ, છતાં વડા મારફત પુત્ર વારસદારોને મળે છે. તેઓમાં મિલકતના વારસા અંગે એક બાજુ પિતૃવંશી પદ્ધતિ છે અને બીજી બાજુ, માતૃવંશી પદ્ધતિ પણ લક્ષમાં લેવાય છે. કુટુંબનો વડો એક કે એક થી વધુ સ્ત્રી ઓ સાથે લગ્ન કરે છે. આ સ્ત્રીઓ લગ્ન કરનાર પુરુષના ભાઈઓની પણ પત્ની બને છે. લગ્ન પછી સ્ત્રી પતિગૃહે નિવાસ કરે છે. ખાસા લોકોમાં કુટુંબ વિભાજન અનિચ્છનીય ગણાય છે. આમ છતાં બધા સભ્યોની સંમતિથી કુટુંબનું વિભાજન થઈ શકે છે.*

**11. 'હો' આદિવાસીઓમાં પિતૃસત્તાક કુટુંબ**

*બિહારના 'હો' આદિવાસીઓ સિંગભૂમિમાં વસે છે. બિહારના 'હો' આદિવાસીઓમાં પિતૃસત્તાક, પિતૃવંશી અને પિતૃસ્થાની કુટુંબ વ્યવસ્થા છે. તેમનું પિતૃવંશી કુટુંબ અન્ય સમાજનાં પિતૃવંશી કુટુંબોથી જુદું પડે છે. તેઓ કેટલીક બાબતોમાં હિંદુ પિતૃસત્તાક સંયુક્ત કુટુંબ ઢબને અનુસરે છે. તેઓમાં ગોત્રજૂથ એક પ્રકારનું વિસ્તસત કુટુંબ છે. આ ગોત્રજૂથ 'કિલ્લી' તરીકે ઓળખાય છે. 'કિલ્લી' અને કુટુંબ પરસ્પરાવલંબી છે.*

*ખોરાકનું ઉત્પાદનકાર્ય કરવાની જવાબદારી કુટુંબ અને કિલ્લાની સંયુક્ત છે.બાળકો કુટુંબનાં ગણાય છે. પરંતુ બાળકોના શિક્ષણ અને તાલીમને લગતી બાબતોનો નિર્ણય કિલ્લિ દ્વારા લેવામાં આવે છે. કોઈ સભ્ય નિષેધનો ભંગ કરે તો કિલ્લિપંચ તેને શિક્ષા કરે છે. માંદગીના કિસ્સામાં કિલ્લિ જવાબદારી સંભાળે છે. ધાર્મિક પૂજાવિધિ સામુદાયિક પાયા પર થાય છે. તેમાં થતાં ખર્ચમાં કુટુંબ ફાળો આપે છે. તેઓમાં લગ્ન, મૃત્યુ, તહેવારો વગેરે સામુદાયિક બાબત ગણાય છે. કુટુંબ અને કિલ્લિ વચ્ચેના આ સંબંધો જોતાં જણાશે કે 'હો' પિતૃસત્તાક કુટુંબ અન્ય સમુદાયોના પિતૃસત્તાક કુટુંબોથી જુદું પડે છે.*

**(ગ) તમારી પ્રગતિ ચકાસો**

**ખાલીજગ્યા પૂરો.**

1. *ઓરિસ્સાના ......... આદિવાસીઓ છે.*

2. *ખરિયા આદિવાસીઓમાં વંશની ગણતરી ........ વંશથી થાય છે.*
3. *ખરિયા આદિવાસી કુટુંબમાં કુટુંબની બધી મિલકત પિતાની અને ........ ની ગણાય છે.*
4. *ખાસા આદિવાસીમાં પુરુષનું સ્થાન સ્ત્રીઓ કરતાં ....... હોય છે.*
5. *ખાસા આદિવાસીના કુટુંબની મિલકતનો વારસો કુટુંબના વડા મારફત ....... વારસદારોને મળે છે.*
6. *'હો' આદિવાસીઓ ........ રાજ્યના છે.*
7. *ગોત્રજૂથને ....... તરીકે ઓળખાવી શકાય છે.*
8. *'હો' આદિવાસીઓમાં ધાર્મિક પૂજાવિધિ ......... પાયા પર થાય છે.*

## (અ-2) માતૃસત્તાક કુટુંબનો અર્થ અને લક્ષણો

*ભારતના કેટલાક સમુદાયોમાં માતૃસત્તાક કુટુંબપ્રથા પ્રવર્તે છે. મલબાર-કેરળ વિસ્તારના નાયર લોકોમાં માતૃસત્તાક સંયુક્ત કુટુંબ છે. તેમની કુટુંબ વ્યવસ્થા 'તરવાડ' નામ્બુદ્રી પિતૃસત્તાક સંયુક્ત કુટુંબ 'ઈલોમ' સાથે કેટલુંક સામ્ય ધરાવે છે. આ ઉપરાંત ઉત્તરપૂર્વના ગારો અને ખાસી આદિવાસીઓમાં તેમજ દક્ષિણ ભારતના આ પિલ્લા, લક્ષદ્વીપ ટાપુ પરના રહેવાસીઓ તગા દક્ષિણ ભારતની કેટલીક આદિજાતિઓ અને બિનઆદિજાતિ જૂથોમાં માતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા છે. આ બધાં જૂથોમાં પ્રવર્તતી માતૃસત્તાક – માતૃવંશી કુટુંબ પ્રથાઓ એકબીજાથી ભિન્ન છે. આથી જણાશે કે માતૃસત્તાક કુટુંબ વ્યવસ્થાઓનું વૈવિધ્ય જોવા મળે છે. અહીં આપણે માતૃસત્તાક કુટુંબનો અર્થ અને લક્ષણોની સમજૂતી મેળવ્યા બાદ નાયર માતૃસત્તાક સંયુક્ત કુટુંબ 'તરવાડ'નો પરિચય કેળવીશું તેમજ 'તરવા' અને 'ઈલોમ' વચ્ચે જોવા મળતું સામ્ય તપાસીશું.*

### I માતૃસત્તાક કુટુંબનો અર્થ

*માતૃસત્તાક કુટુંબમાં માતા કે પત્નીની સત્તા, સ્થાન અને મહત્ત્વ ઉચ્ચ સ્થાને હોય છે. તેથી સમાજ જીવનમાં આર્થિક, સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓનું પ્રભુત્વ જોવા મળે છે. માતૃસત્તાક કુટુંબમાં કુટુંબના સભ્યો સ્ત્રીની એટલે કે માતા કે પત્નીની સર્વોપરી સત્તાને સ્વીકારે છે.*

*માતૃસત્તાક* (Matriachal) *કુટુંબની વ્યાખ્યા આપતી મેકાઈવર અને પેજ જણાવે છે કે, "જે કુટુંબમાં સર્વસત્તા માતા કે પત્નીમાં કેન્દ્રિત થયેલ હોય તેવા કુટુંબને માતૃસત્તાક કુટુંબ કહી શકાય". વધુ સ્પષ્ટ રીતે કહીએ તો પિતૃસત્તાક કુટુંબમાં જેમ કુટુંબને લગતી સર્વ સત્તા પિતા કે પતિના હાથમાં હોય છે અને કુટુંબને લગતી સર્વ બાબતોમાં માતા કે પત્નીનું પ્રભુત્વ અને નિયંત્રણ હોય છે. પરંતુ વાસ્તવમાં જોઈએ તો વિશ્વના કોઈ સમાજમાં આવા સ્વરૂપનું માતૃસત્તાક કુટુંબ જોવા મળતું નથી; કારણ કે જેને માતૃસત્તાક કુટુંબ તરીકે વર્ણવવામાં આવ્યું છે તેવા કુટુંબમાં વાસ્તવમાં સત્તા કોઈને કોઈ પુરુષને હસ્તક હોય છે. સ્ત્રીના મામા, ભાઈ કે પતિ સ્ત્રીના પ્રતિનિધિ તરીકે સત્તા ધરાવતા હોય છે. આથી ઘણા*

*વિદ્વાનો 'માતૃસત્તાક' શબ્દ પ્રયોગને બદલે માતૃમૂલક, માતૃપ્રધાન કે માતૃવંશી કે માતૃકીય શબ્દ પ્રયોગ વધુ ઉચિત ગણે છે. માતૃસત્તાક કુટુંબનાં લક્ષણો નીચે મુજબ છે.*

## II માતૃસત્તાક કુટુંબના લક્ષણો

1. **માતૃસત્તાક કુટુંબમાં કુટુંબની બધી સત્તા માતા કે પત્નીના હાથમાં હોય છે.**
   *બીજા શબ્દોમાં કહીએ તો સત્તા માતૃપક્ષે કેન્દ્રિત થયેલી હોય છે. એટલું જ નહીં, પત્નીના મામા કે પત્નીના ભાઈ કુટુંબમાં સત્તા ધરાવે છે. પરંતુ પતિના પક્ષે સત્તા હોતી નથી.*

2. **માતૃસત્તાક કુટુંબ માતૃસરાહનીય હોય છે.**
   *કુટુંબનું સભ્યપદ સ્ત્રીના પૂર્વજ તરફથી એનાં સંતાનોમાં ઉતરી આવે છે. કુટુંબના વંશની ગણતરી માતાના વંશ અનુસાર આગળ ચાલે છે.*

3. **માતૃસત્તાક કુટુંબ માતૃનાકી કુટુંબ છે.**
   *સંતાનોના નામની પાછળ માતાનું નામ લખાય છે. એટલે કે સંતાનો માતાના નામથી ઓળખાય છે.*

4. **માતૃસત્તાક કુટુંબ માતૃસ્થિાનીય કુટુંબ છે.**
   *લગ્ન પછી કન્યા પોતાના પતિને ઘેર જતી નથી, પરંતુ પોતાના ઘરે એટલે કે માતાની સાથે માતાના કુટુંબમાં રહે છે. લગ્ન પછી તેના પતિને તેની પત્નીના કુટુંબમાં આવીને રહેવું પડે છે. કેટલાકં માતૃસત્તાક કુટુંબોમાં લગ્ન પછી પુરુષ એટલે કે પતિ પોતાની માતાના ઘરમાં રહે છે તેમજ તે પત્ની અને સંતાનોને મળવા માટે અવારનવાર આવે છે. સંતાનો માતાની સાથે જ રહે છે. તેથી જ આવું કુટુંબ માતૃસ્થાનિય કુટુંબ ગણાય છે.*

5. **માતૃસત્તાક કુટુંબમાં મિલકતની માલિકી અને વારસો માતા તરફથી સ્ત્રી -સંતાનને એટલે કે પુત્રીને પ્રાપ્ત થાય છે.**
   *જો કે વારસા અંગેના નિયમોમાં હોવા છતાં સ્ત્રીનો ભાઈ તેનો વહીવટ સંભાળે છે. આ કુટુંબમાં પતિનો મિલકતમાં કોઈ અધિકાર હોતો નથી.*

6. **માતૃસત્તાક કુટુંબમાં સ્ત્રીઓને પ્રમાણમાં વિશેષ અધિકારો પ્રાપ્ત થાય છે.**
   *માતૃસત્તાક કુટુંબમાં પુત્રી, પત્ની અને માતા તરીકે સ્ત્રીનો દરજ્જો પુત્ર, પતિ અને પિતા તરીકેના પુરુષના દરજ્જા કરતાં રુચો ગણાય છે.*

7. **માતૃસત્તાક અને માતૃવંશી કુટુંબમાં સ્ત્રી તેના માતૃવંશી સગાં**
   *એટલે કે માતા, ભાઈ, બહેન, માતા વગેરે સાથે અને પોતાનાં સંતાનો સાથે ખૂબ જ નિકટના સંબંધો રાખે છે.*

8. **માતૃસત્તાક કુટુંબમાં**
   *પુરુષની જવાબદારી પોતાની બહેનમાં સંતાનોનું ભરણપોષણ કરવાની હોય છે. તેથી પતિ-પત્નીના સંબંધો કરતાં ભાઈ-બહેનના સંબંધોનું સવિશેષ મહત્ત્વ હોય છે.*

**પ્રવૃત્તિ : 3**

*માતૃસત્તાક કુટુંબ વિશે તમારા આજુ-બાજુના બનાવ વિશે યાદી બનાવો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**અ.2. 1. નાયર કુટુંબ 'તરવાડ'**

*ભારતમાં દક્ષિણ-પશ્ચિમ અથવા નૈઋત્ય ખૂણામાં નાયર લોકો વસે છે. લોકોમાં માતૃમૂલક કુટુંબ વ્યવસ્થા પ્રવર્તે છે. તેઓનું આ કુટુંબ, સંયુક્ત કુટુંબ છે જે 'તરવાડ' તરીકે ઓળખાય છે. નાયર સંયુક્ત કુટુંબ તરવાડમાં સ્ત્રી તેનાં ભાઈઓ અને બહેનો તથા પોતાના અને તેની બહેનના પુત્રો તેમજ પુત્રીઓનો સમાવેશ થાય છે. નાયર તરવાડમાં સ્ત્રીના પતિ, પુત્રીના પતિ, બહેનના પતિ, પુત્રની પત્ની વગેરેનો સમાવેશ થતો નથી. ટૂંકમાં કરીએ તો તરવાડમાં લગ્નથી થતા સગાંનો સમાવેશ કરવામાં આવતો નથી. તરવાડમાં સૌથી મોટી સ્ત્રી મિલકતની માલિક છે. પરંતુ મિલકતનો સાચો વ્યવસ્થાપક તો સૌથી મોટો પુરુષ 'કર્ણવાન' છે.*

**નાયર માતૃસત્તાક કુટુંબ તરવાડની લક્ષણિકતાઓ**

1. **મિલકતની વારસદાર સ્ત્રી**

*નાયર માતૃસત્તાક કુટુંબમાં સૌથી મોટી મિલકતના માલિક હોય છે. આ સ્ત્રી જ કુટુંબ પર પ્રભુત્વ અને નિયંત્રણ ધરાવે છે. તરવાડ એ માતૃસત્તાક છે, જેથી સૌથી મોટી વયની સ્ત્રીને મિલકતના વારસદાર તરીકે ગણવામાં આવે છે. સ્ત્રી દ્વારા સ્ત્રી વંશજોને મિલકત વારસામાં મળે છે. વારસદાર સ્ત્રી પોતાના મામા કે ભાઈને મિલકતના વ્યવસ્થાપક તરીકે નીમે છે, જેને 'કર્ણવાન' તરીકે ઓળખવામાં આવે છે.*

2. **કર્ણવાનના અધિકારો**

*કર્ણવાન તરવાડની મિલકત તથા કૌટુંબિક બાબતોની વ્યવસ્થા અને સંચાલન કરે છે. પરંતુ તે તરવાડના સભ્યોની પ્રત્યક્ષ કે પરોક્ષ સંમતિ વિના મિલકતનું વેચાણ કરી શકતો નથી. જો તે તરવાડની મિલકતનો દુરુપયોગ કરે તો તે કારણસર કર્ણવાનને સ્થાનભ્રષ્ટ કરી શકાય છે.*

*કર્ણવાન, તરવાડની મિલકતની વ્યવસ્થા કરે છે અને તેના પર દેખરેખ રાખે છે. પોતાના નામે મિલકતનું વેચાણ કરી શકે છે, પોતાના નામે જમીન ખરીદી શકે છે. જમીનનાં ભાડાં મેળવી શકે છે તથા પોતાના નામે કોર્ટમાં કેસ ચલાવી શકે છે. તે*

*કુટુંબના સભ્યોનો 'વાલી' ગણાય છે. સભ્યના નામની નામ પાછળ કર્ણવાનનું નામ જોડાય છે. જેમ આપણામાં પુત્રના નામ પાછળ પિતાનું નામ જોડાય છે અને છેલ્લે અટક લખાય છે તેમ નાયર લોકોમાં વ્યક્તિના નામની પાછળ કર્ણવાનનું નામ જોડાય છે અને અટકને સ્થાને તરવાડનું નામ જોડવામાં આવે છે. વર્તમાન સમયમાં તેઓ તરવાડના નામને બદલે 'નાયર' લખે છે. આ કાર્યો શુભ-નિષ્ઠાથી કરે ત્યાં સુધી તરવાડના કોઈ સભ્ય તેનો વિરોધ કરી શકતા નથી, પરંતુ તે કોઈપણ કાર્ય બદદાનતથી કરે તો સભ્યો તેનો વિરોધ કરી તેને સ્થાન ભ્રષ્ટ કરી શકે છે. આમ, છતાં વ્યવહારમાં કર્ણવાનનો બદઈરાદો સાબિત કરવો મુશ્કેલ બને છે. પરિણામે તે તરવાડમાં સર્વસત્તાધીશ બની રહે છે.*

**3. મિલકતની અવિભાજ્યતા**

*નાયર કુટુંબની મિલકત સંયુક્ત મિલકત ગણાય છે; બધા સ્ત્રી અને પુરુષ સભ્યોની મિલકત ગણાય છે. તરવાડની મિલકત અવિભાજ્ય છે. દરેક સભ્ય પોતાનો મિલકતનો હિસ્સો મેળવવાનો હક્ક ધરાવતા નથી. સભ્યો પોતાની ઈચ્છાનુસાર તરવાડની મિલકતને વિભાજિત કરી શકે નહીં. બધા સભ્યોની સંમતિથી જ મિલકતનું વિભાજ્ય થઈ શકે છે. એકપણ સભ્ય વિભાજનનો વિરોધ કરે તો તેનું વિભાજન થઈ શકે નહીં. આમ, તરવાડની મિલકત અવિભાજ્ય ગણાય છે.*

**4. અન્ય સભ્યોના અધિકારો**

*તરવાડમાં વારસદાર સિવાય અન્ય સભ્યોને માત્ર ભરણપોષણનો જ અધિકાર હોય છે તેમજ કર્ણવાન પર દેખરેખ રાખવાનો જ અધિકાર હોય છે. અન્ય સભ્યોની પોતાની મિલકત ખાનગી મિલકત ગણાય છે. આ ખાનગી મિલકતનો તે ઈચ્છા પ્રમાણે ઉપયોગ કરી શકે છે, પરંતુ તેના અવસાન બાદ ખાનગી મિલકત તરવાડને મળે છે. તરવાડનું જ્યારે કદ વિસ્તૃત બનતુ જાય છે ત્યારે બધા સભ્યોની સંમતિથી અન્ય સ્ત્રી તરવાડથી જુદું કુટુંબ રચે છે, જેને 'તવાઝી' તરીકે ઓળખવામાં આવે છે. 'તરવાડ' અને 'તવાઝી' તરીકે ઓળખવામાં આવે છે. 'તરવાડ' અને 'તવાઝી' કુટુંબો વચ્ચે મિલકતના સંબંધો રહેતા નથી. તેમની વચ્ચે રક્તસંબંધોનાં બંધનો જ રહે છે.*

## (ઘ) તમારી પ્રગતિ ચકાસો

**ખરાં-ખોટાં જણાવો.**

1. *ભારતમાં દક્ષિણ-પશ્ચિમ અથવા નૈઋત્ય ખૂણામાં નાયર લોકો વસે છે.*
2. *તરવાડનાં સૌથી મોટી સ્ત્રી મિલકતની માલિક છે.*
3. *મિલકતના વારસદાર તરીકે નીમે છે તેને 'કર્ણવાન' કહેવાય.*
4. *કર્ણવાન તરવાડની મિલકત તથા કૌટુંબિક બાબતોની વ્યવસ્થા અને સંચાલન કરતાં નથી.*
5. *વર્તમાન સમયમાં તેઓ તરવાડના નામને બદલે 'નાયર' લખતાં નથી.*

**(અ) નાયર 'તરવાડ' અને નામ્બુદ્રી 'ઈલોમ' વચ્ચે સામ્ય :**

*નાયર લોકોમાં માતૃમૂલક સંયુક્ત કુટુંબ છે. આમ, છતાં આ બંને કુટુંબમાં નીચે મુજબ સામ્ય જણાય છે :*

| **'તરવાડ' (નાયર)** | **'ઈલોમ' (નામ્બુદ્રી)** |
|---|---|
| 1. *મિલકતની અવિભાજ્યતા* | 1. *મિલકતની અવિભાજ્યતા* |
| 2. *કર્ણવાન સર્વસત્તાધીશ હોવા છતાં તેને દૂર કરી શકાય છે અન્ય સભ્યોનું તેના પર નિયંત્રણ છે.* | 2. *'ઈલોમ'નો વડો પુરુષ મિલકતનો વારસદાર હોવા છતાં ઈલોમના સભ્યોનું તેના પર નિયંત્રણ છે. તેને દૂર કરી શકાય છે.* |
| 3. *તરવાડના સભ્યોને ભરણપોષણનો જ અધિકાર છે. સ્વપ્રયત્નો થી મેળવેલ મિલકત તેઓ ખાનની મિલકત તરીકે રાખી શકે છે.* | 3. *ઈલોમમાં પણ આ ઘટના દૃષ્ટિગોચર થાય છે.* |

*નામ્બુદ્રી અને નાયર લોકો એક જ પ્રદેશમાં વસે છે. બંનેમાં ભિન્ન કુટુંબ સ્વરૂપો છે. છતાં બંને વચ્ચેના સંપર્કને પરિણામે કુટુંબની આંતરિક રચનામાં સામ્ય વિકસેલું જણાય છે.*

*નાયર 'તરવાડ'માં પરિવર્તનની પ્રક્રિયા શરૂ થઈ છે. નાયર કુટુંબમાં પતિ તેની પત્નીની અવારનવાર મુલાકાતે જતો. સામાન્ય રીતે સાંજે જમીને તે તેની પત્નીના કુટુંબમાં જતો અને રાતવાસો કરી સવારે પોતાની માતાના કુટુંબમાં પાછો ફરતો. પરંતુ હવે ઘણા નાયર પુરુષો પોતાની પત્ની સાથે સ્થાયી સહનિવાસ કરવા લાગ્યા છે. કેટલાક પ્રભાવશાળી કર્ણવાન પોતાની પત્નીને પોતાના તરવાડની આસપાસ નિવાસ સ્થાનમાં વસાવે છે. ઘણા શિક્ષિત નાયર પુરુષોએ શરીરોમાં સ્થળાંતર કર્યું છે અને આવા પુરુષો પત્નીના કુટુંબમાં સહનિવાસ કરતા હોય છે, આ રીતે મૂળ તરવાડથી સ્વતંત્ર કુટુંબ એકમો રચાવા લાગ્યા છે. કેટલાક પુરુષો પત્નીના કુટુંબમાં સહનિવાસ કરતા હોય છે, તો કેટલીક વખત પત્ની પણ પતિના કુટુંબમાં સહનિવાસ કરતી જોવા મળે છે. મિલકત અંગેના કાનૂનને લીધે તરવાડની મિલકત હવે પહેલાં જેવી અવિભાજ્ય રહી નથી. નાયર સ્ત્રી અમુક ચીજવસ્તુ માટે પોતાના પતિ ઉપર આધાર રાખે છે. પુરુષ જ્યારે તેની પત્ની અને બાળકોનું વધુ ધ્યાન રાખે છે કે પત્ની અને બાળકોની જરૂરિયાત પૂરી પાડવા લાગે છે ત્યારે તરવાડમાં સંઘર્ષ થાય છે અને તે રીતે 'તરવાડ' વિઘટનની પરિસ્થિતિમાં મુકાય છે.*

**પ્રવૃત્તિ : 4**

*તમારા વિસ્તારમાં રહેતા 'તરવાડ' અને નામ્બુદ્રી કુટુંબ વચ્ચે આધુનિક યુગમાં કેવા-કેવા ફેરફાર છે તે દર્શાવતું કોષ્ટક બનાવો.*

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## (બ) સંયુક્ત અને વિભક્ત કુટુંબ

### (બ -1) સંયુક્ત કુટુંબ

*ભારતીય કુટુંબ પ્રાચીનકાળથી સંયુક્ત કુટુંબ તરીકે અસ્તિત્વ ધરાવે છે. સંયુક્ત કુટુંબએ ભારતીય સમાજ-વ્યવસ્થાની લાક્ષણિકતા બની રહે છે. ભારતની ગ્રામકૃષિ અર્થવ્યવસ્થાએ સંયુક્ત કુટુંબના વિકાસ અને સાતત્ય માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડ્યું છે. ભારતના કેટલાક ધાર્મિક ગ્રંથોમાં સંયુક્ત કુટુંબના ઉલ્લેખો જોવા મળે છે. એટલું જ નહીં પરંતુ કેટલાક ગ્રંથોમાં સંયુક્ત કુટુંબ પારિભાષિત થયેલું જણાય છે. જો કે, અહીં એ નોંધવું જરૂરી બનશે કે, ભારતના બધા પ્રદેશના લોકો, બ્રાહ્મણ સંસ્કૃતિએ પરિભાષિત કરેલ, સંયુક્ત કુટુંબ પ્રણાલીને અનુસરતા નથી. આમ છતાં ભારતમાં સદીઓથી સંયુક્ત કુટુંબપ્રથા પ્રવર્તે છે તે નિર્વિવાદ છે.*

*બ્રિટિશ અમલથી વિભિન્ન આધુનિક પરિબળોની અસરો ભારતીય સંયુક્ત કુટુંબ પર થતી રહી છે, આમ છતાં પશ્ચિમી ઢબનાં વિભક્ત કુટુંબો ભારતમાં અપવાદરૂપ જણાય છે. મોટાં ભાગના કુટુંબો એક યા બીજા સ્વરૂપે નાના કે મોટા સંયુક્ત કુટુંબ તરીકે જોવા મળે છે.*

*ડૉ. અક્ષયકુમાય દેસાઈ અને નીરા દેસાઈ નોંધે છે તેમ ભારતની કુટુંબ વ્યવસ્થા સંયુક્ત કુટુંબનું બિરુદ પામી છે. કુટુંબ નાનું હોય કે મોટું; એક સ્થળે રહેવું હોય કે જુદા-જુદા આવાસોમાં હોય, પરંતુ તે મુખ્યત્વે લોહીના સંબંધથી સંકળાયેલી વ્યક્તિઓ દ્વારા રચાયેલું હોય છે. કુટુંબ અનેક કાર્યો કરતું ઉત્પાદન અને ઉપભોગનું એકમ હોય છે. કુટુંબના કાર્યો એટલે ઉત્પાદન, ઉપભોગ, મિલકત, માલિકી, વારસોઘ ધાર્મિક, રાજકીય, શૈક્ષણિક, તબીબી, બાળઉછેર, મનોરંજન અને અનેકવિધ સેવાઓ અને સમાજીકરણની પ્રવૃત્તિઓ.*

### I સંયુક્ત કુટુંબની વ્યાખ્યા

**ઈરાવતી કર્વે :** *સંયુક્ત કુટુંબની વ્યાખ્યા નીચે પ્રમાણે આપે છે : "સંયુક્ત કુટુંબએ એકબીજા સાથે અમુક ચોક્કસ પ્રકારના રક્તસંબંધો ધરાવતી વ્યક્તિઓનું બનેલું જૂથ છે, જેઓ સામાન્ય રીતે એક જ મકાનમાં વસવાટ કરે છે, એક જ રસોડે જમે છે, સહિયારી મિલકત ધરાવે છે તેમ જ કુટુંબની ધાર્મિક પૂજા-આરાધનામાં સમાન રીતે ભાગ લે છે." રક્ત સંબંધીઓની સ્પષ્ટતા કરતાં તેઓ નોંધે છે કે "સંયુક્ત કુટુંબમાં ત્રણથી ચાર પેઢીના પુરુષ સગાઓ જેવા કે, પિતામાહ અને પિતામહના ભાઈઓ, પિતા અને પિતાના ભાઈઓ, પોતાના ભાઈઓ અને પિતરાઈઓ, પુત્રો અને ભત્રીજા-ભત્રીજીઓ તથા આ*

*બધા જ પુરુષ સગાની પત્નીઓને તેમ જ પોતાની અપરણિત બહેનો અને પુત્રીઓનો સમાવેશ થાય છે.''*

**ડૉ. એમ. એસ. ગોરે :** *સંયુક્ત કુટુંબની સમજૂતી આપતાં નોંધે છે કે, ''રૂઢિગત ભારતીય કુટુંબને એક પ્રકારનું વિસ્તૃત કુટુંબ ગણી શકાય, જેમાં બે થી ત્રણ પેઢી સુધીના પિતૃપક્ષી પુરુષ સંબંધીઓ તેમના આશ્રિતો સાથે રહે છે. આ પુરુષોમાં મુખ્યત્વે કુટુંબના પુખ્તવયના પુરુષોની પત્નીઓ, તેમનાં બાળકો, ભત્રીજા, ભત્રીજીઓ વગેરેનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે આ પ્રકારના કુટુંબને 'સંયુક્ત' કુટુંબ કહે છે.''*

**પ્રો. ડી. જી. મેન્ડલબૉમ :** *શુદ્ધ સ્વરૂપના સંયુક્ત કુટુંબનું વર્ણન કરતાં લખે છે કે, ''સંયુક્ત કુટુંબ એવું કુટુંબ છે જેમાં અનેક પરિણીત યુગલો પોતાનાં સંતાનો સહિત એક જ ઘરમાં રહે છે.''*

**II સંયુક્ત કુટુંબના લક્ષણો :**

1. *સહનિવાસ*
2. *એક રસોડે ભોજન*
3. *મિલકતની સંયુક્ત માલિકી*
4. *વિધિક્રિયાનું બંધન*
5. *પિતા કે કુટુંબના વડા હસ્તક સત્તા*
6. *સગપણ સંબંધોથી સભ્યો બંધાયેલા*

**(બ-2) વિભક્ત કુટુંબ**

**I વિભક્ત કુટુંબની વ્યાખ્યા**

**આઈ. પી.દેસાઈ :***વિભક્ત કુટુંબની બહુ સ્પષ્ટ વ્યાખ્યા આપતાં જણાવે છે કે, ''જે કુટુંબમાં પતિ-પત્ની અને અપરણિત બાળકોનો સમાવેશ થતો હોય અને મિલકત, આવક, હક્કો અને ફરજોની બાબતમાં અન્ય સંબંધીઓમાં અપેક્ષા રખાય તેવા તેમનો કશો સંબંધ ન હોય તેવા કુટુંબને વિભક્ત કુટુંબ તરીકે ઓળખાવી શકાય.''*

**દૂબે નોંધે છે***તેમ વિભક્ત કુટુંબ પરિણીત યુગલ અને તેમનાં બાળકોનું બનેલું છે. મોટા ભાગનાં વિભક્ કુટુંબો વિસ્તૃત કુટુંબોમાં વિકસા પામે છે અને પછી અપૂર્ણ વિસ્તૃત કુટુંબમાં વિકાસ પામે છે અને પછી અપૂર્ણ વિસ્તૃત કુટુંબોમાં કે વિભક્ત કુટુંબોમાં વિભાજિત થાય છે. વિસ્તૃત કુટુંબમાંથી આ રીતે અલગ થયેલા એકમોને ઘરેલું જૂથો કે ઘર તરીકે ઓળખવામાં આવે છે.*

**એલિન રોસ નોંધે છે કે,** *''માતા અથવા પિતા કે બંને અને તેમનાં સંતાનોનો જેમાં સમાવેશ થતો હોય તેવા કુટુંબ કરી શકાય''*

*પતિ અને પત્નીને લક્ષમાં રાખીને જોઈએ તો, વિભક્ત કુટુંબ લગ્ન સંબંધી કુટુંબ* (Conjugal Family) *છે અને બાળકોને લક્ષમાં રાખીને જોઈએ તો વિભક્ત કુટુંબ*

*લોહીના સંબંધીઓનું કુટુંબ* (Consanguineal Family) *નો ભાગ છે. વિભક્ત કુટુંબનાં સ્વરૂપોમાં વૈવિધ્ય હોવા છતાં તેમાં નીચે મુજબની ભૂમિકાઓ જોવા મળે છે.*

(1) *માતા-પિતા* (2) *પત્ની-મામા* (3) *પુત્ર-ભાઈ* (4) *પુત્રી-બહેન દરેક વ્યક્તિ ઓછામાં ઓછા નીચે મુજબનાં બે વિભક્ત કુટુંબોનો સભ્ય હોય છે.*

**વિભક્ત કુટુંબ બે રીતે જોઈ શકાય છે :-**

**(1) જન્મ ઉછેર કુટુંબ (2) પ્રજનન કુટુંબ**

1. **જન્મ ઉછેર કુટુંબ :** *જે વિભક્ત કુટુંબમાં વ્યક્તિનો જન્મ અને ઉછેર થયો હોય` કુટુંબને જન્મ ઉછેર કુટુંબ કહેવાય. આવું કુટુંબ વ્યક્તિ માટે ફરજિયાત જૂથ છે. આવા કુટુંબનો દરજ્જો અર્પિત દરજ્જો છે અને તેમાં વ્યક્તિ પુત્ર કે પુત્રી તરીકેનું સ્થાન ધરાવે છે.*
2. **પ્રજનન કુટુંબ :** *જે વિભક્ત કુટુંબ દ્વારા શરૂ થાય છે તે કુટુંબને પ્રજનન કુટુંબ કહેવાય. જ્યાં જીવનસાથીની મુક્ત પસંદગી હોય ત્યાં આવું કુટુંબ વ્યક્તિ માટે સ્વૈચ્છિક જૂથ છે, આવા કુટુંબનો દરજ્જો વ્યક્તિ માટે પ્રાપ્ત દરજ્જો છે. પરંતુ જ્યારે જીવનસાથીની પસંદગી મા-બાપ દ્વારા જ થતી હોય કે બાળલગ્ન પ્રથા હોય ત્યાં આવું કુટુંબ વ્યક્તિ માટે ફરજિયાત જૂથ છે અને આવા કુટુંબનો દરજ્જો વ્યક્તિ માટે આર્થિક દરજ્જો છે. પ્રજનન કુટુંબમાં વ્યક્તિ પતિ કે પત્ની તરીકેનું સ્થાન ધરાવે છે.*

## II વિભક્ત કુટુંબનાં લક્ષણો

*વિભક્ત કુટુંબનાં લક્ષણો નીચે પ્રમાણે આપી શકાય.*

### 1. એક-બે પેઢીનું બનેલું જુથ

*પ્રાચીન સમયમાં હિંદુઓમાં સંયુક્ત કુટુંબ પ્રથા હતી. અંગ્રેજોના આગમન પછી ઉદ્યોગીકરણ અને શહેરીકરણને લીધે સંયુક્ત કુટુંબ તુટતાં વિભક્ત કુટુંબ અસ્તિત્વમાં આવ્યું. વિભક્ત કુટુંબમાં એક-બે પેઢીના સભ્યો સાથે વસવાટ કરે છે. વિભક્ત કુટુંબમાં પતિ-પત્ની અને તેમનાં સંતાનોનો સમાવેશ થાય છે.*

### 2. સગપણ સંબંધીઓનો અભાવ

*સંયુક્ત કુટુંબના સભ્યો એકબીજા સાથે સગપણ સંબંધોથી લોહીની સગાઈથી જોડાયેલા છે. તેથી સંયુક્ત કુટુંબમાં દાદા, દાદી, કાકા, કાકી, ભત્રીજા, ભત્રીજી, સાસુ, નણંદ જેવા રક્ત સંબંધીઓનો સમાવેશ થાય છે. જ્યારે વિભક્ત કુટુંબમાં પુરુષના ભાઈઓ અને તેમનાં સંતાનોનો સમાવેશ થતો નથી. જ્યારે વિભક્ત કુટુંબમાં પુરુષના ભાઈઓ અને તેમનાં સંતાનોનો સમાવેશ થતો નથી. વિભક્ત કુટુંબમાં પતિ-પત્ની અને તેમનાં સંતાનોનો જ સમાવેશ થાય છે. આમ, વિભક્ત કુટુંબમાં સગપણ સંબંધીઓનો અભાવ હોય છે.*

**3. વ્યક્તિનું પ્રાધાન્ય અને સ્વાતંત્ર્ય**

*વિભક્ત કુટુંબમાં તેના સભ્યો, ખાસ કરીને પતિ અને પત્ની તેની મિલકત, આવક વગેરે બાબતો અંગે નિર્ણય કરવામાં સંપૂર્ણપણે સ્વતંત્ર હોય છે. હક્કો-ફરજો-ધર્મ અને પૂજા અંગે વિભક્ત કુટુંબમાં તેના સભ્યો સ્વતંત્રતા ધરાવે છે.*

**4. સ્ત્રી -પુરુષમાં સમાનતા**

*વિભક્ત કુટુંબમાં પતિ-પત્ની વચ્ચેના સંબંધો મુખ્યત્ત્વે સમાનતાની ભૂમિકા પર રચાયેલા હોય છે. આથી તેમાં સ્ત્રી વધારે સ્વતંત્ર્ય ભોગવી શકે છે. આ સંબંધોને પ્રાથમિક મહત્ત્વ અપાય છે.*

**5. બાળઉછેરમાં સમાનતા**

*વિભક્ત કુટુંબમાં માતા-પિતા વધુ જવાબદારીપૂર્વક બાળકોનો ઉછેર કરે છે અને તેમના શિક્ષણની વ્યવસ્થા કરે છે. આજે માતા-પિતા પોતાનાં સંતાનોને વધુ શિક્ષિત અને વધુ કૌશલ્યપૂર્ણ બનાવવા અથાગ પ્રયત્ન કરે છે.*

**(ચ) તમારી પ્રગતિ ચકાસો**

1. *વિભક્ત કુટુંબ એટલે શું ? દર્શાવો*

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

2. *વિભક્ત કુટુંબનાં લક્ષણો જણાવો*

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

3. *વિભક્ત કુટુંબમાં જન્મ ઉછેર કુટુંબ વિશે ત્રણ-ચાર લીટીમાં લખો.*

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

4. *વિભક્ત કંટુંબની વ્યાખ્યા કયા-કયા સમાજશાસ્ત્રી એ આપી, તે દર્શાવો.*

.......................................................................
.......................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(અ) વિભક્ત અને સંયુક્ત કુટુંબ વચ્ચેનો તફાવત દર્શાવો.**

*વિભક્ત કુટુંબ અને સંયુક્ત કુટુંબ વચ્ચેનો તફાવત નીચેના મુદ્દાઓ દ્વારા દર્શાવી શકાય.*

| વિભક્ત કુટુંબ | સંયુક્ત કુટુંબ |
|---|---|
| 1. *વિભક્ત કુટુંબમાં પતિ-પત્ની અને તેમનાં અપરણિત સંતાનોનો સમાવેશ થાય છે.* | 1. *સંયુક્ત કુટુંબમાં બે કે તેથી વધુ પેઢીના સભ્યો એકસાથે વસવાટ કરે છે.* |
| 2. *વિભક્ત કુટુંબનું કદ નાનું હોય છે.* | 2. *સંયુક્ત કુટુંબનું કદ મોટું હોય છે.* |
| 3. *વિભક્ત કુટુંબમાં રક્ત સંબંધીઓનો અભાવ હોય છે.* | 3. *સંયુક્ત કુટુંબમાં દાદા, દાદી, કાકા, ભત્રીજા, ભત્રીજી જેવા રક્ત સંબંધીઓનો સમાવેશ થાય છે.* |
| 4. *વિભક્ત કુટુંબ સાર્વત્રિક છે.* | 4. *સંયુક્ત કુટુંબ સાર્વત્રિક નથી* |
| 5. *વિભક્ત કુટુંબમાં બાળકોના ઉછેર અને શિક્ષણની જવાબદારી માતા-પિતાની હોય છે.* | 5. *સંયુક્ત કુટુંબમાં બાળકોના ઉછેર અને શિક્ષણની જવાબદારીમાં માતા-પિતાનો ફાળો ઓછો, જ્યારે દાદા-દાદી, કાકા-કાકી, પિતરાઈઓ વગેરે મહત્ત્વનો ભાગ ભજવે છે.* |
| 6. *વિભક્ત કુટુંબમાં પતિ-પત્ની સ્વાતંત્ર્ય ભોગવે છે.* | 6. *સંયુક્ત કુટુંબના વડાના નિયંત્રણ નીચે કુટુંબના સભ્યો વ્યવહાર કરે છે.* |
| 7. *વિભક્ત કુટુંબમાં પતિ-પત્ની વચ્ચેના સંબંધમાં સમાનતા હોય છે.* | 7. *સંયુક્ત કુટુંબ મોટે ભાગે પિતૃસત્તાક હોય છે. તેથી પુરુષની સત્તા વધુ હોય છે. પતિ-પત્ની વચ્ચેના સંબંધમાં સમાનતા હોતી નથી.* |

**પ્રવૃત્તિ : 5**

*તમારા ગામ તથા શહેરમાં વિભક્ત અને સંયુક્ત કુટુંબ વચ્ચે કેવા-કેવા તફાવત છે તે દર્શાવતો કોષ્ટક તૈયાર કરો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(ક) પિતૃસ્થાની અને માતૃસ્થાની કુટુંબ**

*લગ્ન બાદ રહેઠાણની ઢબના આધારે કુટુંબનાં મુખ્ય બે પ્રકારો છે; એક પિતૃસ્થાની કુટુંબ અને બીજું માતૃસ્થાની કુટુંબ. કુટુંબના આ બે પ્રકારો નીચે મુજબ છે.*

**(ક-1) પિતૃસ્થાની કુટુંબ**

*લગ્નબાદ રહેઠાણની ઢબના આધારે કુટુંબનાં મુખ્ય બે પ્રકારો છે; એક, પિતૃસ્થાની કુટુંબ કહેવાય. ભારતમાં પિતૃસ્થાની રહેઠાણ સામાન્ય છે.*

**(ક.2) માતૃસ્થાની કુટુંબ**

*લગ્ન બાદ પતિ તેની પત્નીની માતાના કુટુંબમાં રહેવા જાય ત્યારે તેને માતૃસ્થાની કુટુંબ કહેવાય.*

*ભારતમાં માતૃસ્થાની રહેઠાણના દૃષ્ટાંત ખાસી અને ગારો તથા નાયરમાં જોવા મળે છે. આ ઉપરાંત કેટલાંક અન્ય માતૃવંશી જૂથોમાં માતૃસ્થાની રહેઠાણ જોવા મળે છે.*

*કેટલાંક આદિવાસી જૂથોમાં નવદંપતી માટે નવું રહેઠાણ પસંદ કરવામાં આવે છે. જેને* Neolocal Residence *કહેવામાં આવે છે. સામાન્ય રીતે આ નવું ઘર પિતૃસ્થાની કે માતૃસ્થાની કુટુંબમાં અમુક સમયના રહેઠાણ બાદ વસાવવામાં આવે છે.*

**દા.ત.** *લક્ષદ્વીપ અને મધ્ય કેરળમાં રહેઠાણની સ્વીકૃતિ ઢબ દ્વિ-સ્થાનીય* (Duolocal) *છે. લગ્ન બાદ પતિ તેની માતાના કુટુંબ (તરવાડ)માં રહેવાનું ચાલુ રાખે છે. (જે.કે.દવે*2011-12. Page No. 42-43*)*

**(ડ) એકસાથી કુટુંબ અને બહુસાથી કુટુંબ**

*દુબે નોંધે છે તેમ જીવનસાથીની સ્થાપનાના આધારે પણ કુટુંબ પ્રકારોનું વર્ગીકરણ કરી શકાય. જીવનસાથીની સંખ્યાના બહુસાથી કુટુંબના બે પેટા પ્રકાર પડે છે. એક બહુપતિ કુટુંબ અને બીજું બહુપત્ની કુટુંબ, આમ, જીવનસાથીની સંખ્યાનાં આધારે એકસાથી કુટુંબ, બહુપતિ કુટુંબ અને બહુપત્ની કુટુંબ એમ ત્રણ કુટુંબ પ્રકારો છે.*

**(ડ-1) એકસાથી કુટુંબ**

*એકસાથી લગ્નમાં વ્યક્તિ એકી સમયે માત્ર એક જ સાથી પતિ કે પત્ની ધરાવી શકે છે. એકપતિ-પત્નીવાળા કુટુંબને એકસાથી કુટુંબ કહેવાય. બીજી રીતે કરીએ તો એકસાથી કુટુંબમાં એક સ્ત્રીને એક પતિ અને એક પુરુષને એક પત્ની હોય છે. આધુનિક સભ્ય અને સંસ્કૃત સમાજોમાં મહદંશે એકસાથી કુટુંબ જોવા મળે છે. જીવનસાથીના અવસાન અથવા કાયદેસરના છૂટાછેડા મળ્યા પહેલાં બીજો પતિ કે બીજી પત્ની કરી શકાય નહીં.*

*દુબે નોંધ્યુ છે કે* 1956*ના વિધવા પુનર્લગ્ન કાનૂન પસાર થાય પહેલાં કેટલીક ઉચ્ચ હિંદુ જ્ઞાતિઓમાં વિધવાઓને પુનર્લગ્ન કરવાની છૂટ ન હોતી. વિધવા સ્ત્રીઓ માટે જીવનભર એકસાથીનું બંધન હતું.*

*આનાથી વિરુદ્ધ પશ્ચિમી સમાજોમાં અનુક્રમિક એકસાથી પ્રવર્તે છે અને હવે કાયદા દ્વારા ભારત સહિતના ઘણા સમાજોમાં અનુક્રમિક એકસાથી પ્રચલિત બનવા લાગી છે. અનુક્રમિક એક સાથી એટલે એક સાથી સાથે છૂટાછેડા મેળવીને બીજા સાથી સાથે લગ્ન કરવા અને બીજા સાથી સાથે છૂટાછેડા લઈને ત્રીજા સાથી સાથે લગ્ન કરવા. (દૂબે :*2011-12 : 43*)*

**(ડ-2) બહુસાથી કુટુંબ**

*આ પ્રકારના કુટુંબમાં એક કરતાં વધુ જીવનસાથીનો સમાવેશ થાય છે. આ કુટુંબનાં મુખ્ય બે પ્રકારો છે.*

**I બહુપત્ની કુટુંબ**

*પતિ એકથી વધુ પત્ની ધરાવતો હોય તેવા કુટુંબને બહુપત્ની કુટુંબ કહેવાય.એટલે કે બહુપત્ની કુટુંબમાં પતિ બે કે વધુ પત્નીઓ ધરાવતો હોય છે.*

*દા.ત. ભારતમાં બહુપત્ની પ્રથા આદિવાસીઓ, હિંદુઓ અને મુસ્લિમોમાં વ્યાપક પ્રમાણમાં પ્રચલિત હતી. ઈ.સ.* 1955*ના હિંદુ લગ્નના કાયદાએ હિંદુઓમાં એક નિયમ તરીકે એકસાથી અપનાવવા ફરજ પાડી. પરંતુ વસતિગણતરીની માહિતી પરથી જણાયું છે કે હજુ મર્યાદિત પ્રમાણમાં બહુપત્ની પ્રવર્તે છે. અનુસૂચિત આદિજાતિઓને તેમના રિવાજગત કાનૂનને અનુસરવાની છૂટ છે. મુસ્લિમોમાં તેમનો પર્સનલ લૉ બહુપત્ની કરવાની છૂટ આપે છે. જો કે, પાકિસ્તાન સહિતના કેટલાક મુસ્લિમ દેશોએ બહુપત્ની પ્રથા નાબૂદ કરવા કાયદો પસાર કર્યો છે. બધા મુસ્લિમ પુરુષો ચાર પત્ની કરતા નથી. એક સર્વેક્ષણથી જણાયું છે કે બહુપત્ની લગ્નોનું પ્રમાણ ઘટતું જાય છે અને તે રીતે બહુપત્ની કુટુંબોનું પ્રમાણ ઘટતું જાય છે.*

*આધુનિક યુગમાં કાયદા પ્રમાણે હિંદુ, મુસ્લિમ વગેરે ધર્મમાં પણ બહુપત્નીપ્રથા નાબૂદ થતી જોવા મળે છે. એની સાથો-સાથ શિક્ષણનું પ્રમાણ વધ્યું હોવાથી અને સ્ત્રી - પુરુષ સમાન શિક્ષણ વધ્યું છે.*

**II બહુપતિ કુટુંબ**

*આ પ્રકારના કુટુંબમાં પત્નીને એક થી વધારે પતિ હોય છે. એક સ્ત્રીને એક થી વધારે પતિવાળા કુટુંબને બહુપતિ કુટુંબ કહેવાય. બહુપતિપ્રથામાં સ્ત્રી બે કે વધુ પતિઓ ધરાવી શકે છે. આવી પ્રથાવાળા કુટુંબો બહુપતિ કુટુંબો છે.*

*ભારતમાં બહુપતિ કુટુંબ પ્રથા કેટલાંક મર્યાદિત વિસ્તારો પુરતી સીમિત છે. ઉત્તર ભારતમાં ખાસા, હિમાચલ પ્રદેશમાં કિનૌર, લાહોલ અને સ્થિતી લોકોમાં બહુપતિ પ્રથા પ્રચલિત છે અને તેથી તેઓમાં બહુપતિ કુટુંબોનું પ્રચલન છે. આ લોકોને અનુસૂચિત આદિજાતિઓ તરીકે જાહેર કરવામાં આવ્યાં હોવાથી તેઓ દ્વિ-સાથી પર નિષેધ મૂકતા*

*હિંદુ કાનૂન હેઠળ આવતાં નથી. તેઓ ભાતૃકીય બહુપતિપ્રથા પાંચાલી પ્રથાને અનુસરે છે.*

*તેઓમાં જ્યારે સૌથી મોટોભાઈ એક સ્ત્રી સાથે લગ્ન કરે છે ત્યારે બધા જ ભાઈઓ એકસાથે તે સ્ત્રીના પતિઓ બને છે. એક થી વધુ સ્ત્રીને ભાઈઓ સાથે પરણાવી શકાય છે. આને એક પ્રકારના સમૂહ લગ્ન* (Group Marriage) *ગણી શકાય.*

*દક્ષિણ ભારતના ટોડામાં સ્ત્રીના પતિઓ ભાઈઓ હોય તે જરૂરી નથી. આવા લગ્નને અભ્રાતૃકીય બહુપતિલગ્ન તરીકે ઓળખવામાં આવે છે. અભ્રાતૃકીય બહુપતિ કુટુંબમાં સંતાનોના પિતૃત્વની સમસ્યા ઊભી થાય છે. આ સમસ્યા "ધનુષ્ય અને બાણ"ની વિધિ દ્વારા હલ કરવામાં આવે છે. સામાન્ય રીતે આ વિધિ સ્ત્રીનો કોઈપણ એક પતિ કરે છે. સ્ત્રી ગર્ભાવસ્થામાં હોય ત્યારે આ વિધિ કરવામાં આવે છે. જે પતિ આ વિધિ કરે છે તે બાળકનો પિતા બને છે અને તેને ભવિષ્યમાં જન્મનાર બધા બાળકોનો પિતા ગણવામાં આવે છે. આ રીતે 'ટોડા'માં જૈવિક પિતૃત્ત્વ કરતાં સામાજિક પિતૃત્વ વધુ અગત્ય ધરાવે છે. (ભારતીય સમાજમાં કુટુંબ : જે. કે. દવે,* 2011-2012 : 44*)*

## 12.3. સારાંશ

*આ એકમમાં ભારતમાં કુટુંબની સંસ્થાના પ્રકારોનું વર્ણન કર્યું છે અને કુટુંબના પ્રકારો સભ્યોની સંખ્યાના આધારે અને સત્તાના આધારે કઈ રીતે છે તેની ચર્ચા કરી છે. ત્યારબાદ કુટુંબના પ્રકારોમાં મુખ્ય* 4 *પ્રકારો છે જે સભ્યોની સંખ્યાના આધારે અને સત્તાના આધારે તેમાં પિતૃસત્તાક કુટુંબ, માતૃસત્તાક કુટુંબ એજ રીતે સંયુક્ત કુટુંબ, વિભક્ત કુટુંબ એજ રીતે એકસાથી કુટુંબ અને બહુસાથી કુટુંબની ચર્ચા કરવામાં આવી છે.*

## 12.4. ચાવીરૂપ શબ્દો

- **<u>કોપારર્નરી (Coparcenary)</u>** - *પિતૃવંશી સમાજમાં કુટુંબના પુરુષ સભ્યો વચ્ચે સંયુક્તપણે ગણાતી મિલકતની માલિકી.*
- **<u>માતૃવંશીય (Matrilineal)</u>**- *સ્ત્રી પક્ષે વંજ ઓળખવા અંગેની સિદ્ધાંત કે પદ્ધતિ*
- **<u>પિતૃવંશીય (Patrilineal)-</u>** *પુરુષપક્ષે વંશજ ઓળખવા અંગેની સિદ્ધાંત કે પદ્ધતિ*
- **<u>પેટ્રો-વિરીલોકલ (Patri-Virilocal)-</u>** *પરિણીત દંપતી લગ્ન બાદ પતિના પિતાને ત્યાં, પિતાના રહેઠાણમાં રહે તેને માટે આ પરિભાષા વપરાય છે.*
- **<u>એકસાથી લગ્ન (Monogamy)-</u>** *એક વ્યક્તિને એક સાથે એક વ્યક્તિ સાથે લગ્નની છૂટ આપતો પ્રકાર.*
- **<u>બહુપતિ લગ્ન (Polyandry)-</u>** *સ્ત્રીનો એક સાથે બે કે તેથી વધુ પુરુષો સાથે લગ્ન કરવાનો પ્રકાર.*
- **<u>ગોત્ર (Clan)</u>** *-સમાન/એક જ વડવા કે પૂર્વજ દ્વારા એકતા ધરાવતા જૂથને ક્લાન કહેવાય છે. ભારતના સમાજ સંદર્ભમાં જ્યારે પેટાજ્ઞાતિ કે સમાન કે સહિયારું ગોત્ર ધરાવતી હોય છે ત્યારે તેને ક્લાન કહેવાય છે.*

- **<u>લગ્નસંબંધ (Affinity)-</u>** *લગ્ન દ્વારા થતા સંબંધને લગ્ન સંબંધ તરીકે વર્ણવવામાં આવે છે.*
- **<u>લગ્ન સંબંધ જોડાણ (Alliance)-</u>** *સગપણ અભ્યાસોના સંદર્ભમાં બે કુટુંબો વચ્ચે લગ્ન દ્વારા થતા સંબંધને આ રીતે વર્ણવામાં આવે છે.*
- **<u>રક્ત સંબંધ (Consanguinity)</u>**- *લોહીની સગાઈ દ્વારા સ્થપાયેલા સગપણનો નિર્દેશ કરે છે. વ્યક્તિ સાથે લોહીનું સગપણ ધરાવનારા બધા સગાં તેનાં સગોત્રીઓ છે.*
- **<u>વંશ/કુળ (Descent)-</u>** *એક પૂર્વજ કે વડવામાંથી ઊભી આવેલાને એક વંશ કે કુળતા કહેવાય છે. મૂળ ખોળવાના વિવિધ ઉપાયો છે. આથી માનવ સમાજોમાં વંશની વિવિધ વ્યવસ્થાઓ જોવા મળે છે.*

## 12.5. કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. Dube, Leela, 1974. Sociology of Kinship. Popular Prakashan : Bpmbay.
2. Gore, M. S. 1968 : Urbanization and Family Change in India, Popular Prakashan : Bombay.
3. Prof. J. K. Dave, 2011-2012 : Family in Indian Society. Popular Prakashan : Ahmedabad.


## 12.6. તમારી પ્રગતિ ચકાસોના જવાબો

### (ક) તમારી પ્રગતિ ચકાસો

*(ક)* √

*(ખ)* ×

*(ગ)* √

*(ઘ)* ×

### (ખ) તમારી પ્રગતિ ચકાસો

1. *આપણા ભારત દેશમાં જાતિ, જ્ઞાતિ, ધર્મ, લિંગ, રીત-રિવાજો, ભાષા, પ્રદેશ વગેરેમાં વૈવિધ્ય જોવા મળે છે. જેમ કે, પિતૃસત્તાક ઘણીવાર સંયુક્ત કુટુંબમાં જોવા મળે તો ઘણીવાર નાના કે મોટા કદના કુટુંબ જોવા મળે છે.*
2. *હિંદુ પિતૃસત્તાક કુટુંબમાં લગ્ન મા-બાપ દ્વારા આયોજિત કરવામાં આવે છે એવી પ્રથા રહી છે. લગ્ન એ બે વ્યક્તિઓ વચ્ચેનું નહીં પણ બે કુટુંબો વચ્ચેનું બની રહે છે. લગ્ન ફરજિયાત અને અવિચ્છનીય મનાયું છે. સામાન્ય રીતે આવી કુટુંબ વ્યવસ્થા કુટુંબવાદની ખાસિયત ધરાવે છે.*
3. *મલબારમાં નામ્બુદ્રી લોકો બ્રાહ્મણ જ્ઞાતિના છે. તેઓમાં પિતૃસત્તાક, પિતૃવંશી અને પિતૃસ્થાની સંયુક્ત કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. આવા કુટુંબને નામ્બુદ્રી કુંટુંબ કહેવાય. નામ્બુદ્રી ઈલોમમાં પુરુષો, તેમની પત્નીઓ, તેમના પુત્રો, પુત્રોની*

*પત્નીઓ, પુત્રોના પુત્ર તેમજ પોતાની અપરણિત પુત્રીઓ અને પુત્રની અપરણિત પુત્રીઓનો સમાવેશ થાય છે.*

**(ગ) તમારી પ્રગતિ ચકાસો**

1. *ખરિયા*
2. *પિતાના વંશથી*
3. *પુત્રની*
4. *ઊંચુ*
5. *પુત્ર વારસદારને*
6. *બિહાર*
7. *સામુદાયિક*

**(ઘ) તમારી પ્રગતિ ચકાસો**

1. √
2. √
3. √
4. ×
5. ×

**(ચ) તમારી પ્રગતિ ચકાસો**

1. *વિભક્ત કુટુંબ એક જ પેઢીનું હોય છે. વિભક્ત કુટુંબમાં પતિ-પત્ની અને તેમના અપરણિત સંતાનો રહે છે.*
2. *કુટુંબના લક્ષણો :* (1) *એક-બે પેઢીનું બનેલું જુથ* (2) *સગપણ સંબંધીઓનો અભાવ* (3) *વ્યક્તિનું પ્રાધાન્ય અને સ્વાતંત્ર્ય* (4) *સ્ત્રી -પુરુષમાં સમાનતા* (5) *બાળ ઉછેરમાં સમાનતા*
3. *જે વિભક્ત કુટુંબમાં વ્યક્તિનો જન્મ અને ઉછેર થયો હોય તે કુટુંબને જન્મ ઉછેર કહેવાય.*
4. *વિભક્ત કુટુંબની વ્યાખ્યા આઈ.પી.દેસાઈ, દૂબે અને એલીન રોઝ વગેરે સમાજશાસ્ત્રીઓએ વિભક્ત કુટુંબની વ્યાખ્યા આપી.*

## એકમ 13 કુટુંબ : કાર્યો, તેમાં આવેલ પરિવર્તન અને પરિવર્તન લાવનારા પરિબળો

-: રૂપરેખા :-


**13.0.** ઉદ્દેશો

**13.1.** પ્રસ્તાવના

**13.2.** કુટુંબનો અર્થ અને વ્યાખ્યા **(Meaning And Definition Of Family)**

**13.3.** કુટુંબનાં કાર્યો **(Functions of Family)**

**13.4.** કુટુંબનાં કાર્યોમાં આવેલ પરિવર્તન **(Changes In The Functions Of The Family)**

**13.5.** કુટુંબનાં કાર્યોમાં પરિવર્તન લાવનારા પરિબળો **(Factors That Change Family Functions)**

**13.6.** સારાંશ

**13.7.** તમારી પ્રગતિ ચકાસો

**13.8.** ચાવીરૂપ શબ્દો

**13.9.** ઉપયોગી પુસ્તકો


### 13.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,*

- *કુટુંબની વ્યાખ્યા અને તેના અર્થની માહિતી મેળવી શકશો.*
- *સમાજ માટે કુટુંબના કાર્યો, વ્યક્તિ માટે કુટુંબનાં કાર્યો અને કુટુંબનાં અન્ય ગૌણ કાર્યોની સમજૂતી મેળવી શકશો.*
- *કુટુંબનાં કાર્યોમાં આવેલ પરિવર્તન સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સમજી શકશો.*
- *કુટુંબનાં કાર્યોમાં પરિવર્તન લાવનારા પરિબળો વિશે માહિતગાર થઈ શકશો.*

### 13.1 પ્રસ્તાવના

*કુટુંબ એ સમાજનું પ્રાથમિક અને અનિવાર્ય એકમ છે. કોઈપણ માનવ સમાજ કુટુંબ વિનાનો હોઈ જ ન શકે. કુટુંબ એ લગ્ન, રક્ત અથવા દત્તક દ્વારા જોડાયેલા લોકોનો સમૂહ છે. તે કોઈ ઔપચારિક કે માત્ર ચોક્કસ હેતુઓ પરિપૂર્ણ થાય ત્યાં સુધી રચાયેલી સંસ્થા નથી પરંતુ તે એક એવી સામાજિક સંસ્થા છે કે પ્રત્યેક વ્યક્તિના જન્મથી માંડી મૃત્યુ*

*સુધી સુધીના જીવનકાળ દરમિયાન ટકી રહે છે. કુટુંબ બધા સમાજમાં અસ્તિત્વ ધરાવે છે. ભલે તે પછાત, આદિવાસી, ગ્રામીણ, શહેરી, અલ્પવિકસિત કે વિકસિત સમાજ જ કેમ ન હોય, પ્રત્યેક સમાજનો મૂળભૂત પાયો 'કુટુંબ' જ છે. જો કે જુદા-જુદા કુટુંબની રચના, સ્વરૂપ, લક્ષણો અલગ-અલગ હોઈ શકે. કોઈ સમાજ સંયુક્ત કુટુંબ ધરાવતું હોઈ શકે, કોઈ સમાજ વિભક્ત અથવા તો કોઈ સમાજ એકલ કુટુંબ ધરાવતું હોઈ શકે. વ્યક્તિ એકલો પણ રહેતો હોય તોય અંતે તો ક્યાંકને ક્યાંક પોતાનું મૂળ કુટુંબ સાથે જોડાયેલો રહે છે. સગાઈસંબંધોનું બનેલું વિશાળ સમૂહ એવા 'કુટુંબ' નાં કાર્યો કયા કયા છે? તે સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સમજવું આવશ્યક છે. ઉપરાંત 'કુટુંબ' નાં કાર્યોમાં આવેલ પરિવર્તન અને પરિવર્તન લાવનારા પરિબળો કયા કયા છે, તેની વિસ્તૃત ચર્ચા આપણે આ એકમમાં કરીશું.*

## 13.2 કુટુંબનો અર્થ અને વ્યાખ્યા (Meaning And Definition Of Family)

*સામાજિક વ્યવસ્થાને ટકાવી રાખતું અને સમાજનું મૂળભૂત એકમ 'કુટુંબ' વિષે જુદા-જુદા સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓએ વ્યાખ્યા સ્વરૂપે સમજૂતી આપવાનો પ્રયત્ન કર્યો છે, અહી કેટલીક વ્યાખ્યાઓ પ્રસ્તુત કરેલ છે:*

**બર્જ અને લોક (BurgesAndLock,** 1950**),**

*"કુટુંબ એ લગ્ન, રક્ત અથવા દત્તક લેવાના સંબંધો દ્વારા એકીકૃત થયેલ વ્યક્તિઓનો સમૂહ છે જે એકલ કુટુંબની રચના કરે છે જે પતિ અને પત્ની, માતા અને પિતા, ભાઈ અને બહેનની તેમની સંબંધિત સામાજિક ભૂમિકામાં એકબીજા સાથે ક્રિયાપ્રતિક્રિયા કરે છે, એક સામાન્ય સંસ્કૃતિનું નિર્માણ કરે છે"*

**મર્ડોક (Murdock,** 1949**)કુટુંબની વ્યાખ્યા આપતા જણાવે છે કે,**

*"કુટુંબ એ એક સામાજિક જૂથ છે જે સામાન્ય રહેઠાણ, આર્થિક સહકાર અને પ્રજનન દ્વારા વર્ગીકૃત થયેલ છે. તેમાં બંને જાતિના પુખ્ત વયના લોકોનો સમાવેશ થાય છે જેમાંથી ઓછામાં ઓછા બે જેઓ સામાજિક રીતે માન્ય જાતીય સંબંધ જાળવી રાખે છે અને લૈંગિક રીતે સહ-આવાસ કરતા પુખ્ત વયના અથવા તેમના દ્વારા દત્તક લીધેલા એક અથવા વધુ બાળકોનો સમાવેશ થાય છે."*

**મેકઆઈવર અને પેજ (Maciver And Page,** 1959**) કુટુંબની વ્યાખ્યા આપતા જણાવે છે કે,**

*કુટુંબ એ એક જૂથ છે જે લૈંગિક-સંબંધો દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે બાળકોના જન્મ અને ઉછેર માટે પૂરતા પ્રમાણમાં ચોક્કસ અને ટકાઉ હોય છે.*

**કિંગ્સલે ડેવિસ (KingsleyDavis, 1960) મુજબ,**

*"કુટુંબ એ વ્યક્તિઓનો સમૂહ છે જેમના એકબીજા સાથેના સંબંધો એકાગ્રતા પર આધારિત છે અને જેઓ એકબીજાના સગા છે."*

**મેલિનોવસ્કી (Malinowski, 1927) કુટુંબની વ્યાખ્યા આપતા જણાવે છે કે,**

*"કુટુંબ એ સંસ્થા છે કે જેમાં સમાજની સાંસ્કૃતિક પરંપરાઓ નવી પેઢીને સોંપવામાં આવે છે. જ્યાં સુધી માતાપિતા અને બાળકો વચ્ચેના સંબંધો ન હોય ત્યાં સુધી આ અનિવાર્ય કાર્ય પૂર્ણ થઈ શકતું નથી; સત્તા અને સન્માનના પારસ્પરિક સંબંધો કુટુંબમાં જોવા મળે છે."*

*ઉપર્યુક્ત વ્યાખ્યાઓથી સ્પષ્ટ થાય છે કે કુટુંબ એક એવી વ્યવસ્થા છે જેની અંદર આવતા સંબંધોનો મુખ્ય આધાર રક્ત સંબંધ અને વિવાહ સંબંધ હોય છે અને સાથે સાથે એને સામાજિક સ્વીકૃતિ પણ પ્રાપ્ત થાય છે. આમ કુટુંબ એ પાયાનું અને નાનું એકમ હોવા છતાં તેનું ક્ષેત્ર અત્યંત વ્યાપક અને અનિવાર્ય છે.*

## 13.3 કુટુંબનાં કાર્યો (FunctionsofFamily)

*કુટુંબ એ એક એવું એકમ છે, જે પરિવારના સભ્યો માટે અનેક કાર્યો કરે છે. જુદા જુદા સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓએ કુટુંબનાં કાર્યો દર્શાવ્યા છે જે નીચે મુજબ છે :*

*કિંગ્સલે ડેવિસ* (DavisKingsley : 1960)*એ કુટુંબના મુખ્ય કાર્યોને ચાર વિભાગોમાં વર્ગીકૃત કર્યા છે*

### 1. પ્રજનન (Reproduction) :-

*સમાજનું અસ્તિત્વ ત્યારે જ ટકી શકે જ્યારે સતત કુટુંબના સભ્યો દ્વારા નવા સભ્યોની ભરતી થતી જાય. પતિ પત્નીના અંગત સંબંધો – સંભોગ અથવા તો પ્રજનન કાર્ય દ્વારા જ કુટુંબમાં નવા સભ્યોનો જન્મ થતો રહે છે. કુટુંબનું આ મુખ્ય અને અતિ મહત્ત્વનું કાર્ય ગણાવી શકાય. પ્રજનન કાર્ય ને પરિણામે જાતીયવૃત્તિનો સંતોષ મળતો રહે છે. જાતીય વૃત્તિ એ મનુષ્યની પ્રાથમિક અને અનિવાર્ય જરૂરિયાત છે. આથી કુટુંબ યુવાન યુવક અને યુવતીઓના લગ્ન કરાવી સામાજિક માન્યતા આપે છે. અને તે દ્વારા જ લગ્ન બાદ પતિ પત્નીતરીકેનો દરજ્જો મળ્યા બાદ તેઓ એકબીજા સાથેનાં સંબંધ દ્વારા જાતીય સંતોષ મેળવે છે. આ રીતે જોતા કુટુંબ એ જાતીયવૃત્તિના સંતોષ દ્વારા કુટુંબનાં સભ્યોની જરૂરિયાત પૂર્ણ કરે છે અને પ્રજનન દ્વારા નવા બાળકોની ભરતી થતી રહે છે.*

### 2. જાળવણી (Maintenance) :-

*કુટુંબનાં સભ્યોની જાળવણી કરવી, તેઓને રક્ષણ આપવું એ કુટુંબનું મહત્ત્વનું કાર્ય છે. ભલે તે નવા જન્મેલા બાળકો હોય, વૃદ્ધો હોય કે પછી યુવાનો હોય. પ્રત્યેક*

*સભ્યની કાળજી લેવી, તેઓનું ભરણપોષણ કરવું, સમાજનાં સભ્ય તરીકે સામાજિક વ્યક્તિ બનાવવાનું કાર્ય પણ કુટુંબ જ કરે છે. નવા જન્મેલાં બાળકને કુટુંબનાં સભ્યોનો પ્રેમ, હૂંફ, લાગણી, આંતરક્રિયા, સહકાર મળતો રહે છે. જો કુટુંબનાં સભ્યોની જાળવણી, રક્ષણ કરવામાં ન આવે તો પારિવારિક વાતાવરણ વેર વિખેર થઈ જાય છે. મતભેદ, સંઘર્ષ, વ્યર્થ અને છિન્ન ભિન્ન જીવનશૈલી બની જાય છે. કુટુંબ તથા સમાજને ટકાવી રાખવો મુશ્કેલ બને છે. કુટુંબ અને સમાજમાં પ્રજનન જેટલું અનિવાર્ય છે, તેટલું જ આવશ્યક પરિવારના સભ્યોની જાળવણી છે. કુટુંબ દ્વારા કુટુંબનાં સભ્યોની જાળવણી ન થાય તો તે સભ્યો પશુ સમાન બની જાય છે. આથી સભ્યોની જાળવણી કુટુંબનું મુખ્ય કાર્ય છે.*

**3. નિયુક્તિ (Placement) :-**

*પ્રત્યેક વ્યક્તિ કુટુંબમાં અને અન્ય સામાજિક ક્ષેત્રોમાં કોઈને કોઈ પ્રકારની ચોક્કસ ભૂમિકા, દરજ્જો ધરાવતા હોય છે. માતા-પિતા જન્મ સમયે બાળકોને જાતિ, વંશીયતા, ધર્મ અને સામાજિક વર્ગના સંદર્ભમાં તેમની પોતાની સામાજિક ઓળખ આપી સમાજના કે પરિવારના સભ્ય તરીકે નિયુક્તિ કરે છે. એ જ કુટુંબ યુવાન બાળકોના લગ્ન કરાવી, લગ્ન કરીને આવેલ પુત્રવધુની નિયુક્તિ કરે છે. લગ્ન બાદ સ્ત્રી પુરુષ સામાજિક રીતે પતિ પત્નીતરીકે નિયુક્ત થાય છે અને જાતીય સંબંધ બાંધવા, જીવનસાથી તરીકેની સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત કરે છે. ત્યારબાદ નવા જન્મેલ બાળકની નિયુક્તિ કરે છે. કુટુંબની વારસાગત મિલકત, જમીન કે અન્ય અધિકારો માટે કેટલાક સમાજોમાં યુવાન પુત્રો કે પુત્રીઓને વારસદાર તરીકે નિયુક્ત કરવામાં આવે છે. કુટુંબમાં મૃત્યુ પામેલ વ્યક્તિનાં કાર્યો, ફરજો, સત્તા વગેરે પરિવારની અન્ય વ્યક્તિ પોતાને હસ્તક લઈ લે છે અને મૃત્યુ પામેલ વ્યક્તિની ખાલી જગ્યા ભરી કુટુંબને આગળ ધપાવે છે. એ રીતે સતત નિયુક્તિનું ચક્ર કુટુંબ જીવનમાં ચાલતું રહે છે. આમ, સામાજિક જરૂરિયાતો પરિપૂર્ણ થઈ રહે તે માટે કુટુંબ સતત નિયુક્તિનું કાર્ય કરતું જ રહે છે.*

**4. યુવાનોનું સામાજિકીકરણ (Socialization Of The Young) :-**

*કુટુંબમાં પરિવારના સભ્યોની પ્રાથમિક અને જાતીય જરૂરીયાતો સંતોષવા પુરતું જ કુટુંબનું કાર્ય નથી. પરંતુ કુટુંબના વ્યક્તિનું જન્મથી માંડી મૃત્યુ પર્યંત સામાજિકીકરણ કરવું એ કુટુંબનું મહત્ત્વનું કાર્ય ગણાય છે. પ્રત્યેક કુટુંબ પોતાનો આગવો ધર્મ, જ્ઞાતિ, સંસ્કૃતિ ધરાવે છે. જે સતત નવી પેઢીને શીખવતા રહેવું પડે છે, કે જેથી કૌટુંબિક સંસ્કૃતિ, રિવાજો જળવાઈ રહે. કુટુંબના વડીલો દ્વારા બાળકો, યુવાનોને ધોરણો, મૂલ્યો, રીત રિવાજો, ખોરાક, પોશાક, કેવું વર્તન કરવું, કેવું વર્તન ન કરવું વગેરે શીખવવામાં આવે છે. સામાજિકીકરણ દ્વારા યુવાનો કુટુંબના વાતાવરણ સાથે જોડાયેલ રહે છે, તેઓમાં સમાનતા, ભાવનાત્મક વિકાસ શક્ય બને છે. સામાજિકીકરણથી શીખેલી વર્તણૂક યુવાનો પોતાની નવી પેઢીને શીખવે છે. ટૂંકમાં, કૌટુંબિક સામાજિકકરણ સમગ્ર જીવન ચક્ર દરમિયાન ચાલુ રહે છે. લગ્નમાં પુખ્ત વયના લોકો બદલાય છે, અને, કોઈપણ માતાપિતા*

*જાણે છે, માતાઓ અને પિતા તેમના બાળકોના ઉછેરમાંથી એટલું જ શીખે છે જેટલું તેમના બાળકો તેમની પાસેથી શીખે છે.*

*કિંગ્સલે ડેવિસ* (Kingsley Davis: 1960)*એ કુટુંબના ગૌણ કાર્યોને છ વિભાગોમાં વર્ગીકૃત કર્યા છે*

1. *આર્થિક કાર્યો*
2. *વૃદ્ધોની કાળજી*
3. *સભ્યનું રક્ષણ*
4. *ધાર્મિક કાર્યો*
5. *મનોરંજન કરવાનું કાર્ય*
6. *શૈક્ષણિક કાર્ય*

*લુંડબર્ગ* (LundbergG A. : 1956)*એ કુટુંબના ચાર મૂળભૂત કાર્યોની સૂચિબદ્ધ કરી છે:*

1. *જાતીય વર્તન અને પ્રજનનનું નિયમન (*The Regulation Of Sexual Behaviour And Reproduction)
2. *બાળકોની સંભાળ અને તાલીમ* (Care And Training Of Children)
3. *સહકાર અને શ્રમનું વિભાજન (*Co-Operation And Division Of Labour)
4. *પ્રાથમિક જૂથ-સંતોષ* (Primary Group-Satisfaction)

*ઓગબર્ન અને નિમકોફ* (Ogburn, W. F. And Nimkoff, M. F. : 1940)*એ કૌટુંબિક કાર્યોને છ મુખ્ય શ્રેણીઓમાં વિભાજિત કર્યા છે :*

1. *સ્નેહપૂર્ણ* (Affectional)
2. *આર્થિક* (Economic)
3. *મનોરંજન* (Recreational)
4. *રક્ષણાત્મક* (Protective)
5. *ધાર્મિક* (Religious)
6. *શૈક્ષણિક* (Educational)

## 13.4 કુટુંબનાં કાર્યોમાં આવેલ પરિવર્તન (Changes In The Functions Of The Family)

*સૌથી મહત્ત્વપૂર્ણ પ્રાથમિક જૂથ તરીકે કુટુંબ ઘણા કાર્યો કરે છે. આધુનિક ઔદ્યોગિકીકરણ, શિક્ષણનો ફેલાવો, પરિવહન અને સંદેશાવ્યવહારના ઝડપી વિકાસને કારણે આજે કુટુંબના કાર્યો ઝડપથી બદલાઈ રહ્યા છે. આધુનિક ટેક્નોલોજીના યુગમાં કુટુંબનાં પરંપરાગત કાર્યોમાં પરિવર્તન આવી રહ્યું છે, જે નીચે મુજબ દર્શાવેલ છે :*

1. **લૈંગિક જરૂરિયાતોની સંતોષના સંદર્ભમાં પરિવર્તન (Change With Regards To Satisfaction of Sex Needds) :-**

*કુટુંબ પરિવારના સભ્યોને જન્મ આપવા, સામાજીકીકરણ કરવું, આર્થિક, ધાર્મિક, મનોરંજનાત્મક કાર્યો કરવા વગેરે કાર્યોની સાથે પરિવારના સભ્યોની જાતીય ઈચ્છાની પરિપૂર્તિ કરવી, લૈંગિક જરૂરિયાતોની સંતોષ એ પરિવારના સૌથી આવશ્યક કાર્યોમાંનું એક છે. આથી જ વડીલો દ્વારા બાળકો યુવાન થતા તેઓના લગ્ન કરાવી દેવામાં આવે છે. જેથી સામાજિક વ્યવસ્થા ટકી શકે. પરંતુ આધુનિક સમયમાં લગ્ન પહેલા અને લગ્નેતર સંબંધો વધી રહ્યા છે. વેશ્યાવૃત્તિ કેન્દ્રો, ડાન્સ બાર, પ્રેમની આડમાં જાતીય ઈચ્છાઓનો સંતોષ મેળવવો વગેરેની સંખ્યા પણ વધી રહી છે. માતા-પિતા કે વડીલોની પરવાનગી વગર ઘણી વખત ધાર્મિક સ્થળોએ જઈને અને કોર્ટમાં કાયદેસર રીતે લગ્ન કરવામાં આવે છે. આધુનિક કુટુંબ તેના સભ્યોની જાતીય વર્તણૂકને નિયંત્રિત કરવામાં તેના પરંપરાગત નિયંત્રણનો ઉપયોગ કરવામાં નિષ્ફળ જાય છે.*

2. **પ્રજનન કાર્યમાં પરિવર્તન (Change In The Reproduction Function) :-**

*રૂઢિગત અને આધુનિક સમાજમાં પ્રજનન કાર્યો કુટુંબના સૌથી મહત્ત્વપૂર્ણ આવશ્યક કાર્યોમાંનું એક છે. પરંતુ સમયના પરિવર્તન સાથે પરિવારના આ કાર્ય પર પણ અમુક હદે અસર થાય છે. હાલમાં હોસ્પિટલ અને દવાખાનામાં બાળકનો જન્મ થાય છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસ સાથે, ખાસ કરીને જિનેટિક એન્જિનિયરિંગના વિકાસ સાથે તબીબીક્ષેત્રમાં રોગનિદાન સરળ થયું પરંતુ પતિ પત્નીના સંબંધોમાં, નવા જન્મનાર બાળકોના સંદર્ભમાં નવી સામાજિક સમસ્યાઓ ઉદ્દભવીછે. પ્રાચીન સમયમાં બાળકીને દૂધપીતી કરવામાં આવતી હતી જ્યારે આજે ટેક્નોલોજીના યુગમાં સોનોગ્રાફીના દુરુપયોગથી ભ્રૂણહત્યાની સમસ્યા પણ પેદા થઈ છે. લગ્ન પહેલા અને લગ્ન બાદ લિંગ પરિવર્તન શક્ય બનતા, પતિ પત્નીના સંબંધોમાં ઊંડી અસરો ઉદ્દભવીછે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસે પતિ પત્નીના જાતીય સંબંધોમાં કૃત્રિમતા લાવી દીધી છે. જાતીય આવેગો સંતોષતા સાધનો પ્રાપ્ય બનતા અપરિણીત રહેવાનું ચલણ વધવા લાગ્યું છે. ઉપરાંત ટેસ્ટ ટ્યુબ બાળકો જન્મમાં વધારો, સરોગસી,* Ivf *ટેક્નોલોજીના સાધનોને કારણે સ્ત્રીના પ્રજનનકાર્ય, સંતતિનિયમન અને સંતતિ જન્મ ઉપર અસર ઉપજાવી છે. જેના કારણે કુટુંબનું મુખ્ય કાર્ય – પ્રજનન કાર્ય પરિવર્તિત થઈ રહ્યું છે.*

3. **આરોગ્ય – કાળજીના કાર્યમાં પરિવર્તન (Change In Function Relating To Health) :-**

*પરિવારના સભ્યોના શારીરિક માનસિક આરોગ્ય સંબંધિત કાળજી લેવી તે કુટુંબનું મહત્ત્વનું કાર્ય છે. કુટુંબમાં વડીલ મહિલા, માતા પોતાના બાળકો, વૃદ્ધ વડીલોની સેવા કરી, રક્ષણ કરી આરોગ્યની કાળજી રાખતા હતા. ઉપરાંત સભ્યને કોઈ રોગ, પીડા કે વાગ્યું પણ હોય ત્યારે પરિવારના સભ્યો જ સેવા કાળજી લઈ, ઘરેલું ઉપચાર કરી લેતા હતા. જ્યારે સતત ઝડપી અને વ્યસ્ત આધુનિક કુટુંબમાં આરોગ્ય કાળજીના કાર્યમાં*

*પરિવર્તન આવ્યું છે. વર્તમાન સમયમાં પરિવારના સભ્યોના રોગ, પીડા કે અકસ્માત વખતે દવાખાના, હોસ્પિટલોમાં પરિવારના રોગી કે માંદા સભ્યને દાખલ કરવામાં આવે છે. પ્રાચીન સમયમાં બાળકનો જન્મ દાયણ દ્વારા ઘરમાં જ નોર્મલ પ્રસૂતિ* (NormalDelivery) *થતી હતી, જ્યારે હવે હોસ્પિટલ્સમાં કૃત્રિમ રીતે સિઝેરિયન* (Cesarean) *દ્વારા બાળકોનો જન્મ થાય છે. આમ, કુટુંબના આરોગ્યના પરિવર્તનથી સમાજમાં વિઘાતક અસરો થવા પામી છે.*

**4. સમાજીકરણ કાર્યમાં પરિવર્તન (Change In Socialisation Function) :-**

*કુટુંબ બાળકના સામાજિકકરણની પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. માનવ બાળક પરિવારના સભ્યોની સીધા સંપર્ક અને અંગત સંભાળમાં રહીને માનવી બને છે. પરિણામે બાળક સંપૂર્ણ વ્યક્તિત્વ પ્રાપ્ત કરી, સામાજિક માનવી બને છે. પરંતુ કુટુંબના સામાજિકકરણના કાર્યોમાં ઘણું પરિવર્તન આવ્યું છે. આધુનિક સમયમાં કુટુંબ તેના બાળકોને સામાજિક બનાવવામાં ખૂબ જ ઓછી ભૂમિકા ભજવે છે. કુટુંબના સામાજિકકરણના કેટલાક કાર્યો હવે શાળા, કૉલેજ, કાઉન્સેલિંગ સેન્ટર, પર્સનાલિટી ડેવલપમેન્ટ સેન્ટર વગેરે જેવી અન્ય ઘણી વિશેષ એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે. આમ ચર્ચાથી આપણે સ્પષ્ટ છીએ કે કુટુંબના લગભગ તમામ કાર્યો જે અગાઉ જોવા મળતા હતા તે નાશ પામ્યાં નથી પરંતુ મોટા પ્રમાણમાં બદલાઈ ગયા છે.*

**5. આર્થિક કાર્યમાં પરિવર્તન (Change In Economic Function) :-**

*પ્રાચીન સમયમાં કુટુંબ આર્થિક ઉત્પાદન, વપરાશ અને વિતરણનું મુખ્ય કેન્દ્ર હતું. કુટુંબના સભ્યો ખેતી, પશુપાલન, માછલી પકડવી, અનાજ દળવું વગેરે જેવા બધા જ કાર્યો ભેગા મળીને કરતા. આર્થિક ઉત્પાદન ની સાથે ભરણપોષણ પણ થતું. જ્યારે હાલમાં કુટુંબ ઉત્પાદનના કેન્દ્રને બદલે માત્ર વપરાશનું એકમ બનીને રહી ગયું છે. તેના મોટાભાગના આર્થિક કાર્યો ફેક્ટરી અથવા ઔદ્યોગિક એકમો દ્વારા કરવામાં આવે છે. ઉદ્યોગોમાં મળતો તૈયાર સામાન પરિવારની જરૂરિયાતો પૂરી કરે છે. પરિવારના સભ્યો હવે ખેતીકામ કે પશુપાલન કરતાં ઓફિસો, ઉદ્યોગોમાં કામ કરવાનું પસંદ કરે છે. આધુનિક પરિવારના સભ્યો સાથે મળીને કામ કરતા નથી. તેઓ ઘરની બહાર જુદી જુદી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહે છે. પરિણામે કુટુંબનું આર્થિક મહત્ત્વ અનેકગણું ઘટી ગયું.*

**6. શૈક્ષણિક કાર્યોમાં પરિવર્તન (Changes In Educational Functions) :-**

*પરંપરાગત કુટુંબ તેના સભ્યો માટે અનેક શૈક્ષણિક કાર્યો કરે છે. કુટુંબ બાળકો માટેની પ્રથમ શાળા હતી. તે પોતાનું પ્રાથમિક શિક્ષણ અને થોડું વ્યવસાયિક શિક્ષણ પરિવાર પાસેથી શીખે છે. બાળક લખતા, વાંચતા કુટુંબ પાસેથી જ શીખે છે. પરંતુ વર્તમાન સમયમાં શિક્ષણમાં પરિવારની ભૂમિકા ઘણી ઘટી ગઈ છે. પ્લે-સ્કુલ, નર્સરી, શાળા, કોલેજ, યુનિવર્સિટીઓ અને ટેકનિકલ સંસ્થાઓએ કુટુંબનું સ્થાન લઈ લીધું છે અને શિક્ષકો માતા-પિતાના વિકલ્પ બન્યા છે. આ ઉપરાંત વર્તમાન સમયમાં કુટુંબમાંથી*

આધુનિક શિક્ષણ મેળવવું શક્ય નથી. તેથી કુટુંબના શૈક્ષણિક કાર્યોમાં ઘણો ફેરફાર થાય છે.

**7. ધાર્મિક કાર્યમાં પરિવર્તન (Change In Religious Function) :-**

પરંપરાગત ભારતીય સમાજમાં કુટુંબ પૂજા, આરાધના, ભક્તિ કરવી, પ્રાર્થના અને ધાર્મિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતું. બાળ જન્મથી જ અનેક ધાર્મિક વિધિઓ થતી અને એ દ્વારા ધર્મજ્ઞાન બાળકને શીખવવામાં આવતું. પરંતુ આધુનિક સમયમાં પરિવારના આ ધાર્મિક કાર્યોમાં પણ મોટો ફેરફાર આવ્યો છે. આજે લોકો શાળા, કોલેજ, ધાર્મિક સ્થળોના ધાર્મિક વ્યક્તિઓ પાસેથી જ્ઞાન મેળવે છે. ઉપરાંત ટેલીવિઝન, ઈન્ટરનેટના માધ્યમો લોકોને ધાર્મિકતા શીખવે છે. ધાર્મિક પ્રથાઓ અને તહેવારોએ તેમનું પરંપરાગત મહત્ત્વ ગુમાવ્યું છે. પરિણામે કુટુંબના ધાર્મિક કાર્યોમાં પરિવર્તન જોવા મળે છે.

**8. મનોરંજન કાર્યમાં પરિવર્તન (Changes In The Recreational Function) :-**

પ્રાચીન સમાજોમાં કુટુંબ તમામ પ્રકારના મનોરંજન કુટુંબના સભ્યોને કરાવતો હતો. વૃદ્ધ વડીલો બાળકોને બોધપાઠ આપતી વાર્તાઓ, કવિતાઓ સંભળાવતા, બાળકો પરિવાર સાથે હરવા ફરવા જતા. ઉપરાંત ઘરના બધા જ સભ્યો ભેગા મળીને રમતો રમતા, તેઓ ગાતા, નૃત્ય કરતા અને પારિવારિક સંબંધોની મુલાકાત લેતા જેથી તેઓનું મનોરંજન થતું હતું. જ્યારે આધુનિક સમયમાં મનોરંજનનું આ કાર્ય ટેલિવિઝન, ઈન્ટરનેટ, સોશિયલ મીડિયાએ લઈ લીધું છે. વ્યક્તિ પોતાનું મનોરંજન જાતે જ કરતો થયો છે. બાળકો ટેલિવિઝન પર કાર્ટૂન જોઈને મનોરંજન કરે છે. ઘરના અન્ય સભ્યો બાગ-બગીચામાં જી, પીકનીક પર જઈ, આધુનિક ક્લબોમાં જઈને, ઓનલાઈન ગેમ રમીને, ગીતો સાંભળીને, મિત્રો સાથે હરીફરીને, મિત્રો કે સગાઓ સાથે ઓનલાઈન ચેટિંગ, વિડીયો કોલિંગ કરીને મનોરંજન કરતો થયો છે. આથી પરિવારના મનોરંજન કાર્યોમાં ઘણા ફેરફારો જોવા મળે છે.

## 13.5 કુટુંબનાં કાર્યોમાં પરિવર્તન લાવનારા પરિબળો (FactorsThatChangeFamilyFunctions)

કુટુંબ એ એક એવી સામાજિક સંસ્થા છે, જે અનેક સામાજિક, વ્યક્તિગત માટેના અને અન્ય ગૌણ કાર્યો કરે છે. જો કે આધુનિક ટેક્નોલોજીના યુગમાં કુટુંબનાં પરંપરાગત સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક કાર્યોમાં પરિવર્તન આવી રહ્યું છે, કાર્યોમાં પરિવર્તન લાવનારા પરિબળો અનેક છે, જે નીચે મુજબ દર્શાવેલ છે :

**1. ઉદ્યોગ અને ઔદ્યોગિકીકરણ (Industry And Industrialization) :-**

યંત્ર વિજ્ઞાન, ટેક્નોલોજી, યંત્ર શક્તિ સંચાલિત મશીનરી ઉદ્યોગોની શરૂઆત બ્રિટિશ શાસન દરમિયાન અમલી થઈ. ફ્રાંસની રાજ્ય ક્રાંતિ અને ઔદ્યોગિક ક્રાંતિની સીધી અસર ભારતીય કુટુંબ, લગ્ન અને સગપણ સંબંધો પર થઈ. ખાસ કરીને ભારતનાં ગ્રામીણ, શહેરી વિસ્તારોમાં અનેકવિધ નાના, મધ્યમકદના તથા મોટા ઉદ્યોગો અને

*કારખાના વિકસવા લાગ્યા. જેના પરિણામે ઉદ્યોગો અને ઉદ્યોગીકરણની પ્રક્રિયાનું પ્રચાર પસાર થવા લાગ્યું. ઉદ્યોગો વિકસતા મોટાભાગના યુગલો પોતાના પરિવાર સાથે અથવા તો એકલા જ સ્થળાંતર કરવા લાગ્યા. સ્થળાંતર યુગલો પોતાના મૂળ કુટુંબથી અલગ વસવાટ કરવા લાગ્યો પરિણામે અંગત સંબંધો, કૌટુંબિક સંબંધો ઉપર અસર ઉદ્દભવી. ગ્રામીણ કુટુંબનાં લોકો પર ઉદ્યોગ અને ઔદ્યોગિકીકરણનો ઊંડો પ્રભાવ પડવા લાગ્યો. જે પુરુષ ઉદ્યોગ કે કારખાનાના મશીનરી વ્યવસાય સાથે સંકળાયેલ હોય તેની સાથે પોતાની યુવાન દીકરીઓના લગ્ન કરવા માટે વધુ પ્રેરાયા. જેના કારણે ગ્રામીણ યુવાનો – પુરુષો પણ ખેતીનો વ્યવસાય છોડી ઉદ્યોગો તરફ વળ્યા. ઔદ્યોગિકીકરણે કુટુંબ સંસ્થાને સીધી અસર કરી અને તેમાં પરિવર્તન લાવ્યા.*

*પરિવારના આર્થિક કાર્યોમાં આધુનિક ઉદ્યોગોએ ઘટાડો કર્યો છે અને કુટુંબનું કદ ઘટાડ્યું છે. લોકો રોજીરોટી કમાવવા માટે પરિવારની બહાર કામ માટે જવા લાગ્યા છે. નવા ઉદ્યોગોમાં નોકરી શોધવા, ઉદ્યોગોનો ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કરવા અને પૈસા કમાવવાની પ્રક્રિયામાં મહિલાઓ પણ પુરુષો સાથે જોડાઈ છે. તેનાથી મહિલાઓના સ્થાન, દરજ્જો, આત્મસન્માન અને આત્મવિશ્વાસમાં વધારો થયો છે. ઉદ્યોગોમાં કામ કરતી ઘણી મહિલાઓ પોતાની કમાણીથી પરિવારના કોઈ સભ્યના કે પોતાના લગ્નનો ખર્ચ ઉઠાવતી થઈ છે. તેમના માતા-પિતા, કુટુંબનો આર્થિક બોજ ઓછો થયો છે. ઉદ્યોગીકરણે પતિ પત્નીના સંબંધોમાં વ્યક્તિવાદને જન્મ આપ્યો છે. વ્યક્તિવાદ વ્યક્તિગત સ્વાતંત્ર્યનો ખ્યાલ વિકસાવે છે તથા ઉચ્ચ જીવનધોરણ, સંપૂર્ણ સુખ સુવિધા મેળવવાની ઝંખના જગાડે છે. આથી વ્યક્તિ પોતાની કમાણી પોતાના મોજ શોખ કે અંગત જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પોતાના પૂરતી સીમિત રાખવા પ્રેરાય છે અને કુટુંબના અન્ય સભ્યો પ્રત્યેની ખાસ તો પતિ પત્નીના સંબંધોમાં ખેંચતાણ ઊભી થાય છે, ફરજો અને જવાબદારી નિભાવી શકવા સમર્થ ન બનતા પારિવારિક સંઘર્ષ ઊભો થાય છે.*

*યુવાનો પરંપરાગત વ્યવસાય છોડીને પોતાનો ઉદ્યોગ સ્થાપવા તરફ આગળ વધ્યા છે. આધુનિક ઉદ્યોગોમાં કામ કરતા પુત્રોને પિતા કે વડીલ પુરુષો ભાવિ માર્ગદર્શન કે સલાહ-સૂચન આપવા સમર્થ રહેતો નથી. ઉદ્યોગ સાથે સંકળાયેલ પુત્ર લગ્ન બાદ પિતાનું ઘર છોડી પત્નીસાથે અલગ વસવાટ કરવા જતો રહે છે, જેથી પારિવારિક વડીલોની સત્તા કે નિયંત્રણ શક્તિ નબળી બને છે. ઔદ્યોગિક વ્યવસાય સાથે સંકળાયેલ પુત્રની કમાણી પર પત્નીનું નિયંત્રણ આવી જતા પરિવારના અન્ય સભ્યો અલગતાની લાગણી અનુભવે છે, લાગણી, હૂંફ, એકતા અને સહકારની ભાવનામાં ઘટાડો થતો જણાય છે. ઉદ્યોગીકરણને લીધે કુટુંબના સભ્યો વિભિન્ન ઔદ્યોગિક વ્યવસાયોમાં જોડાય છે અને તેઓની આવકના તફાવતોની સાથે ઉદ્યોગ અને પરિવાર એમ બંને જગ્યાએ દરજ્જો ભૂમિકામાં અસમાનતા ઊભાં થાય છે. કુટુંબના સભ્યોની આવકના તફાવતો કૌટુંબિક સંબંધો ઉપર અસર ઉપજાવે છે. આવકના તફાવતો દરજ્જા-ભૂમિકાના તફાવતો પેદા કરે છે. કૌટુંબિક બંધનો નબળા પડે છે, સ્ત્રીઓનો આધુનિક વ્યવસાયોમાં પ્રવેશ થતા સ્ત્રી માટે ઘર પરિવારની જવાબદારી, પતિ-બાળકોની કાળજી અને વ્યવસાય કરવો વગેરે*

*બેવડી ભૂમિકાની સમસ્યા ઊભી થવા પામી તેમજ આંતરપેઢીય અંતર ઊભું થાય છે. આમ, આ બધી જ બાબતોએ, કુટુંબ સંસ્થાને અસર કરી છે.*

**2. શહેરી વિકાસ – શહેરીકરણ (Urban Development - Urbanization) :-**

*ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણ એક સિક્કાની બે બાજુ ગણાવી શકાય છે. શહેરોનો વિકાસ અને શહેરીકરણ પછાત વિસ્તારો કે ગામડામાંથી શહેરમાં સ્થળાંતર કરી વસવાટ કરવાનો, શહેરોની સંખ્યા અને કદમાં વૃદ્ધિ-વિકાસનો નિર્દેષ કરે છે. ઉદ્યોગીકરણે ભારતમાં ઔદ્યોગિક શહેરો વિકસાવ્યા છે. શહેરો આધુનિક ઔદ્યોગિક, પશ્ચિમી સંસ્કૃતિના કેન્દ્રો બનતા જાય છે. શહેરી વ્યવસાય અને કૌટુંબિક સંબંધો વચ્ચે વિભેદન, કુટુંબના સભ્યો વચ્ચે વ્યાવસાયિક અને આવકના, શિક્ષણના, વિચાર-વલણોમાં અને જીવનશૈલીમાં ભિન્નતા, બિનસાંપ્રદાયિકતા, વ્યક્તિવાદ વગેરે ઔદ્યોગિક શહેરીકરણની ખાસિયતો છે. આ ખાસિયતો કૌટુંબિક સંબંધો પર વિભિન્ન રીતે અસર ઉપજાવે છે. ઔદ્યોગિકીકરણ, મશીનરી, યંત્ર વિજ્ઞાન શહેરીકરણની પ્રક્રિયાને વધુ વેગ આપે છે. જેમ જેમ શહેરોના વિકાસ, પ્રાથમિક સુવિધાની સરળતા ઉપલબ્ધ બનતી જાય છે તેમ તેમ કુટુંબ સંસ્થાઓ પર ઊંડો પ્રભાવ પડે છે. શહેરની જાહોજલાલી, આકર્ષકતા વ્યક્તિને પોતાના પરંપરાગત સમુદાય, પરંપરાગત સંસ્કૃતિથી દૂર કરે છે. શહેરોનો વિકાસ અને શહેરીકરણને કારણે યુવાનો પોતાની પસંદગીથી લગ્ન કરવા પ્રેરાય છે. મોટેભાગે શહેરોના યુવક-યુવતીઓ પોતાના જીવનસાથીની પસંદગી જાતે જ કરવા માંગતા હોય છે. વડીલો લગ્નની બાબતમાં રોક ટોક કરતા નથી. ક્યાંક વડીલો લગ્નની બાબતમાં રોક ટોક કરે તો, યુવાનો તેઓને મનાવી લેવાની વૃત્તિ રાખે છે તો ક્યાંક વડીલો સામે સંઘર્ષમાં પણ ઉતરે છે. ગામડાની સરખામણીમાં શહેરી લોકો તેમના લગ્નમાં દેવીપૂજા કરે છે. બાળ લગ્નો શહેરોમાં પ્રતિબંધિત છે, છતાં ક્યાંક બાળ લગ્નો થતા હોઈ શકે, જે કાયદાકીય જોગવાઈઓને કારણે સામે આવતા નથી.*

*શહેરી કુટુંબના સભ્યો મોટેભાગે એક બીજાનો સંપર્ક સાધવા, વ્યવહાર કરવા અથવા સંબંધ ટકાવી રાખવા લગ્ન સમારંભો, જન્મ કે મૃત્યુ પ્રસંગોમાં હાજરી આપતા હોય છે. એટલે કે શહેરી સભ્યો વચ્ચે પ્રેમ, હૂંફ, લાગણી કરતા ઔપચારિકતા વધુ જોવા મળે છે. શહેરોમાં કૌટુંબિક પ્રસંગ સમયે વધુ ખર્ચ પ્રતિષ્ઠાનો વિષય ગણાય છે. શહેરોમાં કોઈ તહેવાર, ઉજવણી, પ્રસંગ વખતે ક્લબોમાં પાર્ટી, મંડપને સજાવવા, પંડાલ ગોઠવવા, ભવ્ય જમણવારની વ્યવસ્થા, ઘરે લઈ જવા માટે મીઠાઈઓ, સંગીત ઓર્કેસ્ટ્રા, ડીજેની રમઝટ, વિડીયો શૂટિંગ, ફોટોગ્રાફી, સરઘસ, મહેમાનોની આગતા સ્વાગતા વગેરે પાછળ લાખો રૂપિયા પણ ખર્ચવામાં આવે છે. પ્રાચીન સમાજમાં કુટુંબના સભ્યો એકબીજા સાથે વધુ સમય ફાળવતા, સુખ દુખના પ્રસંગમાં સાથે રહેતા, સભ્યોનું રક્ષણ, મનોરંજન કરતા જ્યારે શહેરી વિકાસ અને શહેરીકરણના કારણે કુટુંબના સભ્યો અન્ય સંસ્થાઓમાં જઈ રક્ષણ મેળવી લે છે, સોશિયલ મીડિયા, ટેલિવિઝનના માધ્યમથી મનોરંજન મેળવી લે છે. જેના કારણે કૌટુંબિક વિઘટન થયું છે. શહેરોમાં પતિ-પત્નીસંબંધો, સાસુ-વહુ*

*સંબંધોમાં સત્તા-તાબેદારીના સ્થાને સમાનતા-સ્વાતંત્ર્યના સંબંધો કૌટુંબિક સંઘર્ષ પેદા કરે છે અને વિભક્ત વસવાટો અસ્તિત્વમાં આવે છે. શહેરી વિકાસ અને શહેરીકરણે લગ્ન પહેલાના જાતીય સંબંધો અને લગ્ન બાદ પતિ કે પત્ની સિવાયના અન્ય સ્ત્રી કે પુરુષ સાથેના જાતીય સંબંધોમાં વધારો કર્યો છે.*

**3. આધુનિકતા અને આધુનિકીકરણ (Modernism And Modernization) :-**

*કુટુંબ વ્યવસ્થામાં પરિવર્તન લાવનાર પ્રક્રિયા તરીકે આધુનિકતા અને આધુનિકીકરણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આધુનિકીકરણ નવા વિચારો, મૂલ્યો, ધ્યેયો, જીવનશૈલી પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે. ઉચ્ચ દરજ્જો, ઉચ્ચ મહત્ત્વાકાંક્ષા, બિનસાંપ્રદાયિક વલણ, સાધનો અને ધ્યેયો, સ્વાતંત્ર્ય, પરમ્પરાગત રિવાજો અને નિયંત્રણમાંથી મુક્તિની ઈચ્છા, વિશાળ જીવનદૃષ્ટિ, ઉર્ધ્વ ગતિશીલતાની તીવ્ર ઈચ્છા તેના આધુનિકતા અને આધુનિકીકરણના પાસાં છે, જેની સીધી અસર કુટુંબ સંસ્થા પર પડે છે.ઉદ્યોગીકરણ, શહેરીકરણ, શિક્ષણ, વાહનવ્યવહાર, સંચારસાધનોનો પ્રચાર પ્રસાર, કાનૂનીકરણ, સામુદાયિક વિકાસ કાર્યક્રમો વધવાની સાથે આધુનિકીકરણની પ્રક્રિયા વ્યાપક અને સર્વાંગી અને ઝડપી બનતી જાય છે.*

*પરંપરાગત, સત્તાત્મક રૂઢિવાદિતાથી આધુનિકીકરણની પ્રક્રિયા અવરોધાય છે. કુટુંબના રૂઢિ, પરંપરા, સત્તા તાબેદારીના મૂલ્યોને વળગી રહેવાનું વલણ આધુનિકીકરણના પ્રસરણમાં અવરોધ ઊભો કરે છે. પરંતુ આધુનિકતા આધુનિકીકરણની પ્રક્રિયા કુટુંબના રૂઢિગત ધોરણો, મૂલ્યો, કુપ્રથાઓ પર પ્રહાર કરે છે. આધુનિકતાના પરિણામે કુટુંબમાં લગ્ન બાદ પતિ પત્નીની ઉચ્ચજીવનની મહત્ત્વકાંક્ષા, વ્યવસાયિક ગતિશીલતા, વડીલોના નિયંત્રણમાંથી મુક્ત થવાની ઈચ્છા વગેરે કૌટુંબિક જીવનમાં પ્રવેશતા આધુનિકીકરણના પાસા નવી પેઢીના વિભક્ત વસવાટને પ્રોત્સાહન આપે છે, કૌટુંબિક સંબંધો વિખેરાય છે. આધુનિકતા અને આધુનિકીકરણ કુટુંબના સહનિવાસ, સહભોજિતા, સંયુક્ત મિલકત, સંયુક્ત પૂજા આરાધના, સંયુક્ત આવક, વડીલોની સત્તાની ઢબ, વગેરે ઉપર અસર ઉપજાવે છે. બીજી બાજુ પ્રલોભનો આપતી ઉચ્ચ જીવનદષ્ટિ, બિનસાંપ્રદાયિકતા, સમાનતા જેવા આધુનિકીકરણના તત્ત્વો પણ કુટુંબ જીવન માં પ્રવેશતા જાય છે. પિતા કે કુટુંબના વૃદ્ધ વડીલો આધુનિકતાને અપનાવી તેમના સંતાનોને આધુનિક બનાવવા તરફ ધકેલે છે, લગ્ન, વ્યવસાય, શિક્ષણ, ધર્મ, જીવનશૈલી વગેરે ક્ષેત્રે સ્વાતંત્ર્ય અને સમાનતા ભોગવવા અનુકૂળતા આપવા લાગે છે. સંતાનોના લગ્ન બાદ વડીલો તેઓ પ્રત્યે વધુ સહિષ્ણુ અને ઉદાર વલણ દાખવતા થયા છે, ઉપરાંત તેઓ અલગ વસવાટ કરવા ઈચ્છતા હોય ત્યારે વડીલો સહમતિ દર્શાવે છે. કુટુંબ જીવનની રૂઢિવાદિતા, સંસ્કૃતિ અને આધુનિકતા વચ્ચેના સમન્વયથી આધુનિક લગ્ન કુટુંબ, પતિ પત્નીવાળું કુટુંબ ઉદ્દભવ્યું છે, જેમાં સમાનતા, સ્વતંત્રતા, સહિષ્ણુતા, ઉદારતા, આદર, એકબીજાને કામમાં મદદરૂપ, મિત્રતા જેવા મૂલ્યો વિકસ્યા છે. આધુનિકતાની ઝડપી*

*ગતિમાં અનુકૂલન દ્વારા લગ્નના અને રક્ત દ્વારા જોડાયેલા કૌટુંબિક સંબંધો જાળવી રાખવામાં આવતા હોય છે.*

**4. વિજ્ઞાન અને ટેકનોલોજી (Science And Technology) :-**

*કુટુંબ જીવન અસ્તિત્વમાં આવ્યું ત્યારથી આધુનિકતાને ગતિશીલ બનાવવામાં વિજ્ઞાન અને ટેકનોલોજીની મહત્ત્વની ભૂમિકા છે. માનવ સમાજના ઉદભવથી જ માનવી વૈજ્ઞાનિક શોધો કરતો આવ્યો છે. વિભિન્ન પ્રાકૃતિક અને સામાજિક વિજ્ઞાનોના ક્ષેત્રમાં થતી શોધો અને રોજીંદા જીવન, કુટુંબ જીવનમાં વ્યવહારુ ઉપયોગ દ્વારા માનવ સમાજ પરિવર્તિત પામી રહ્યો છે. કૌટુંબિક જીવનમાં ઉપયોગી થતા રોજબરોજ શોધાતા અવનવા યંત્રવિજ્ઞાન, મશીનરી, ટેક્નોલોજી એ સમગ્ર સમાજ પર ઘેરી અસર ઉપજાવી છે. ખાસ કરીને કુટુંબ સહિતની સર્વ સંસ્થાઓ ઉપર ઊંડી અસર ઉપજાવી છે. આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ ઉદ્યોગો, વ્યવસાય, સંશોધનો પૂરતો સીમિત ન રહેતાં તેનો ઉપયોગ સમાજજીવનના તમામ ક્ષેત્રોમાં થાય છે. જેમ કે, ઘરમાં નાનામાં નાના કામકાજમાં પણ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. યંત્રવિજ્ઞાનના સતત વિકાસથી ભૌતિક અને સામાજિક આંતરમાળખાનો ઉર્ધ્વગામી વિકાસ બન્યો છે. યંત્ર વિજ્ઞાન આધુનિકતાનો ફેલાવો કરતો હોવાથી સમાજનાં પરંપરાગત અને વધુ પડતા નિયંત્રિત ધોરણો, મૂલ્યો, રીત રીવાજો નબળા પડ્યા છે. યંત્ર વિજ્ઞાન સાથે અનુકૂલન સાધવાની પ્રક્રિયા અને યંત્ર વિજ્ઞાનની પ્રાથમિક જરૂરિયાતને પરિણામે નવાં ધોરણો, મૂલ્યો અને નવીન સંસ્કૃતિ વિકસવા લાગી છે. આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજી એ પરંપરા અને વડીલોનાં નિયંત્રણો ઓછા થયા છે પરંતુ ક્યાંક ને ક્યાંક અસામાજિક તત્વો, અસામાજિક મૂલ્યો, અસામાજિક ધોરણો ફેલાવા લાગ્યા છે.*

*આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજી યંત્ર વિજ્ઞાનની અસરોએ સંયુક્ત કુટુંબ ને વિભક્ત કુટુંબમાં પરિવર્તિત કર્યું છે, આધુનિક સમયમાં વિભક્ત કુટુંબ પણ એકલ કુટુંબ તરફ ગતિશીલ બની રહ્યો છે. પતિ પત્નીની ભૂમિકા, દરજ્જા અંગેના વિચારો, વર્તન વ્યવહારમાં પરિવર્તન નિપજાવ્યું છે. કુટુંબ ભાવના, કુટુંબની સંયુક્તતા નબળી પાડી છે. ઉપરાંત તબીબીક્ષેત્રમાં રોગનિદાન સરળ થયું પરંતુ પતિ પત્નીના સંબંધોમાં, નવા જન્મનાર બાળકોના સંદર્ભમાં નવી સામાજિક સમસ્યાઓ ઉદ્દભવી છે. પ્રાચીન સમયમાં બાળકીને દૂધપીતી કરવામાં આવતી હતી જ્યારે આજે ટેક્નોલોજીના યુગમાં સોનોગ્રાફીના દુરુપયોગથી ભ્રૂણહત્યાની સમસ્યા પણ પેદા થઈ છે. લગ્ન પહેલા અને લગ્ન બાદ લિંગ પરિવર્તન શક્ય બનતા, પતિ પત્નીના સંબંધોમાં ઊંડી અસરો ઉદ્દભવી છે, કુટુંબના વડીલો પણ આધુનિક નકારાત્મકતાને સ્વીકારતા થયા છે.*

*વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસે પતિ પત્નીના જાતીય સંબંધોમાં કૃત્રિમતા લાવી દીધી છે. જાતીય આવેગો સંતોષતા સાધનો પ્રાપ્ય બનતા અપરિણીત રહેવાનું ચલણ વધવા લાગ્યું છે. ઉપરાંત સરોગસી,* Ivf *ટેક્નોલોજીના સાધનોને કારણે સ્ત્રીના*

*પ્રજનનકાર્ય, સંતતિનિયમન અને સંતતિ જન્મ ઉપર અસર ઉપજાવી છે. સંતતિનિયમન-કુટુંબનિયોજન અપનાવવાને લીધે કુટુંબ વધુનેવધુ નાનું બનવા લાગ્યું છે. આ ઘટના પતિ પત્નીના અંગત સંબંધમાં, મા-બાપ સંતાનો વચ્ચેના સંબંધોમાં, ઘરના અન્ય અપરિણીત, વિધવા, વિધુરના સંબંધોમાં, બાળઉછેરની પદ્ધતિમાં, ઘરમાં મા-બાપના સ્થાનમાં તેમજ કુટુંબની આત્મનિર્ભરતામાં પરિવર્તન નિપજાવે છે. આમ, વિજ્ઞાન અને ટેકનોલોજી કૌટુંબિક સંબંધોના સ્વરૂપમાં તેમજ લાગણીઓ અને ભાવનામાં આમુલ પરિવર્તન લાવે છે.*

**5. સામાજિક સુધારણા (Social Reform) :-**

*ભારત દેશમાં વ્યાપેલી અનેક પ્રથાઓ - કુપ્રથાઓ મોટેભાગે કુટુંબ સંસ્થા સાથે સંકળાયેલી છે. જેમ જેમ સમાજસુધારકો દ્વારા ક્રાંતિ થતી ગઈ, વિરોધ થતો ગયો તેમ તેમ લગ્ન સંસ્થામાં રહેલી કુપ્રથાઓ નાબૂદ થતી ગઈ. પ્રાચીન સમયમાં કુટુંબના વડીલો દ્વારા જ લગ્ન નક્કી કરી દેવામાં આવતા હતા, જયારે અનેક સામાજિક સુધારણા થતા આજના આધુનિક સમયમાં યુવાનોની સંમતિને પ્રાધાન્ય આપવામાં આવે છે. નવી વિચારસરણી કેન્દ્રસ્થ બની છે, વ્યક્તિના વિચારો, ઈચ્છાને વધુ પ્રાધાન્ય અપાતું હોવાથી ઉદારમતવાદ કેન્દ્રસ્થાને રહ્યો. છે. સામાજિક સુધારણા દ્વારા બાળ લગ્નો અટક્યા છે, લગ્ન સમયે અપાતી દહેજ પ્રથાનો અંત આવ્યો છે, લગ્ન વયમાં વધારો થયો છે, વિધવા પુનર્લગ્ન શક્ય બન્યા છે. કાપડિયા  મુજબ, વ્યક્તિનું ગૌરવ મુખ્ય છે. વ્યક્તિ પોતાના વિચારોની અભિવ્યક્તિ કરતો થયો છે, પોતાના અધિકારો પ્રત્યે જાગૃત બન્યો છે. જેના પરિણામે કૌટુંબિક, લગ્ન દરમિયાન થતા સંઘર્ષો વધ્યા છે. લગ્ન જેવી ગંભીર બાબતમાં વ્યક્તિની ઈચ્છા, સંમતિને માન આપી ઉદારમતવાદ વિકસ્યો છે. સાવિત્રીબાઈ ફૂલે, મહાત્મા જ્યોતિબા ફૂલે, ડૉ. બાબા સાહેબ આંબેડકર, રાજા રામમોહન રાયથી મહાત્મા ગાંધીજી સુધીના વિભિન્ન સુધારકોએ સમાજજીવનમાં ખાસ કરીને કુટુંબ અને લગ્નના ક્ષેત્રોમાં સુધારણા માટેના સંગઠિત પ્રયાસો કર્યા છે. બાળલગ્ન નાબૂદી, વિધવા પુનર્લગ્નને સામાજિક કાયદેસર માન્યતા, આંતરજ્ઞાતિય, આંતરધર્મીય તથા સ્વપસંદગી લગ્નો માટેના પ્રયાસો, શિક્ષણ પ્રચાર, શિક્ષણ માટેની પ્રવૃત્તિઓ, સ્ત્રીની વ્યાવસાયિક સ્વાતંત્ર્ય, સ્ત્રીના મિકલત અધિકાર માટેના પ્રયાસો વગેરેની કુટુંબના સભ્યો અને લગ્નના સંબંધો ઉપર ઘેરી અસરો થઈ છે. સ્ત્રી શિક્ષણ, મહિલા સશક્તિકરણના પ્રસારે સ્ત્રી આત્મનિર્ભર બની છે. વડીલો અને  સાસુના નિયંત્રણમાંથી મુક્તિ મેળવવાની તથા પતિ સમોવડી બનવાની તક મળી છે. સામાજિક સુધારણા દ્વારા મહિલાઓ પોતાના હક્ક અધિકારો પ્રત્યે જાગૃત બની છે. આમ, સામાજિક સુધારણાને પરિણામે કુટુંબની રચના, વડીલની સત્તા, સંયુક્ત મિલકત અને આવક, કુટુંબમાં સ્ત્રીની ગૃહિણી તરીકેની ભૂમિકા, લગ્ન વ્યવહારો, જીવનસાથી પસંદગી વગેરે ઉપર અસર ઉપજાવી છે.*

**6. શૈક્ષણિક પરીબળ (Educational Factor) :-**

*શિક્ષણને પરિણામે કુટુંબ સંસ્થામાં મહત્ત્વનું પરિવર્તન આવ્યું છે. અંગ્રેજ સમયગાળા દરમિયાન શિક્ષણ સર્વ માટે અમલી બન્યું હતું. પ્રાથમિક, માધ્યમિક અને*

*ઉચ્ચ શિક્ષણની શરૂઆત થઈ. સ્ત્રી શિક્ષણ, વૃદ્ધ શિક્ષણ શરુ થતા કુટુંબનું માળખું બદલાયું. સ્વતંત્ર ભારતમાં શિક્ષણનો વ્યાપ-વિસ્તાર વધતા, શિક્ષિત લોકોની માંગ ઊભી થઈ. દેશમાં 1951માં શિક્ષણનું પ્રમાણ લગભગ 17ટકા જેટલું હતું અને છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર વધારો થયો છે. લગ્ન બાદ પણ મહિલાઓ અને પુરુષો પોતાનું શિક્ષણ કાર્ય સતત ચાલુ જ રાખે છે. તેમ છતાં પુરુષ-શિક્ષણ કરતાં સ્ત્રી-શિક્ષણ પ્રમાણ ઘણું ઓછું છે. છતાં સ્ત્રી-શિક્ષણનું મહત્ત્વ અને જરૂરિયાત વધતી જાય છે. શિક્ષણ વધતા લગ્ન બાદ મહિલાઓ વ્યવસાય ચાલુ રાખે છે, કેટલીક વાર તેની ગંભીર અસરો ઉભી થાય છે. મહિલા અને પુરુષ પોતાના પરિવારમાં સમય ફાળવી શકતા નથી. શિક્ષિત અને અશિક્ષિત પરિવારના સભ્યો વચ્ચે વિચારો, અભિવ્યક્તિ, ખોરાક, પોશાક એમ અનેક બાબતોમાં મતભેદ થતાં બે પેઢીઓ વચ્ચેનું અંતર વધે છે. વ્યક્તિવાદનો વિકાસ થતા પતિ પત્નીના સંબંધો તંગ બને છે, ક્યાંક છૂટાછેડાનું પણ પ્રમાણ વધે છે. લગ્ન, કુટુંબ, બાળછેર અંગેના વિચારો, વ્યક્તિગત હિતોમાં પરિવર્તન આવ્યું છે. આમ, શિક્ષણ કૌટુંબિકસંબંધોના સ્વરૂપમાં તેમજ પતિ પત્નીની અંગત લાગણીઓ અને ભાવનામાં આમુલ પરિવર્તન લાવે છે.*

**7. ભારતીય બંધારણ (Constitution Of India) :-**

*કુટુંબ વ્યવસ્થામાં પરિવર્તન લાવવામાં સંવિધાનની મહત્ત્વની ભૂમિકા રહી છે. ભારતીય બંધારણે પ્રત્યેક વ્યક્તિને સમાનતા, સ્વતંત્રતા આપી છે. સંવિધાનના આમુખમાં, મૂળભૂત અધિકારોમાં અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં આ બાબતો જોઈ શકાય છે. લગ્નના બંધનમાં પતિ પત્નીએકબીજાના જીવનસાથી બને છે પરંતુ ભારતીય સમાજમાં મહિલાને નિમ્ન સ્થાન રહ્યું છે, પુરુષ હસ્તક સત્તા, અન્ય પર આશ્રિત હોવાથી મહિલાનો દરજ્જો, ભૂમિક ગૌણ ગણાતું હતું. પરંતુ ભારતીય બંધારણ અમલમાં આવતા અને મહિલાઓ તથા સમાજમાં જાગૃતિ ફેલાતા વ્યક્તિનું ગૌરવ સ્વાતંત્ર્ય અને સમાનતા, સામાજિક ન્યાય અને બિનસાંપ્રદાયિકતાનાં મૂલ્યોને વધુ પ્રાધાન્ય મળ્યું છે. જેની કુટુંબ અને લગ્ન પર અસર થતી જોવા મળે છે. ભારતીય બંધારણે સામાજિક, કૌટુંબિક, લગ્નની અનેક સમસ્યાઓનું નિવારણ લાવી દીધું છે. જીવનસાથી પસંદગીનો અધિકાર, આંતરધર્મીય, આંતરજ્ઞાતિય લગ્નનો અધિકાર પ્રાપ્ત થયો છે, લગ્ન બાદ પત્નીને પતિની મિલકતમાં અધિકાર પ્રાપ્ત થયો છે. કૌટુંબિક સમાનતા આવી છે. આમ, ભારતીય બંધારણ અને મૂળભૂત અધિકારોએ કુટુંબ, લગ્ન અને સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન લાવવવામાં એક મહત્ત્વના પરિબળ તરીકે ભાગ ભજવ્યો છે.*

**8. સામાજિક કાયદા – કાનૂન (Social Law - Regulation) :-**

*કુટુંબમાં પરિવર્તન લાવવા માટેનું મહત્ત્વનું પરિબળ સામાજિક કાયદા કાનૂન છે. ભારતમાં બાળલગ્ન પ્રતિબંધક અધનિયમ-1929ની કલમ 13(4)હેઠળ બિન સરકારી સભ્યોની સલાહકાર સમિતિની રચના મુજબ બાળ લગ્ન ગુનો બને છે. બાળલગ્ન*

*પ્રતિબંધક ધારાની જોગવાઈઓ મુજબ* 18 *વર્ષથી ઓછી ઉંમરની બાળા અનને* 21 *વર્ષથી ઓછી ઉંમરનો યુવક ના લગ્ન તે બાળલગ્ન ગણાય છે અને ગુન્હાને પાત્ર છે. બાળલગ્ન અટકાવતો આ કડક કાયદામાં ઘણા સુધારા થયા છે, છેલ્લે બાળ લગ્ન અટકાવવા માટે ‘બાળ લગ્ન અધિનિયમ* 2006 *આવ્યો અને તે તારીખ* – 10-1-2007*થી અમલમાં મુકાયો. આ કાયદો આવતા જ નાની ઉંમરના બાળકોના લગ્ન કરાવવામાં આવે તો તે પ્રતિબંધિત ગણાય છે. જેના કારણે પરંપરાગત રિવાજ બાળ લગ્ન ઘટવા લાગ્યા છે.*

*કાયદાના પ્રયાસો દ્વારા આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન મળ્યું છે. હિંદુ લગ્ન કાયદો,* 1955(Hindu Marriage Act 1955)*તથા વિશેષ લગ્ન કાયદો* 1954 (Special Marriage Act 1954)*દ્વારા આંતરજ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન મળ્યું છે. આ ઉપરાંત* 1949*ના ‘હિંદુ મેરેજ વેલિડીટી એક્ટ’ હેઠળ સરકાર દલિત જ્ઞાતિ અને અન્ય જ્ઞાતિ વચ્ચે થયેલા લગ્નને કાયદાકીય સુરક્ષા, આર્થિક સહાય અને પ્રોત્સાહન આપ્યું છે. હિંદુઓમાં જૈન, બૌધ અને શીખોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હોવાથી તેઓ વચ્ચે થતા આંતરજ્ઞાતિય લગ્નોને બંધારણીય સ્વીકૃતિ મળી ગઈ છે. ‘વિશેષ લગ્ન કાયદો,* 1954’ (Special Marriage Act 1954)*દ્વારા વિભિન્ન ધર્મોના પરસ્પર લગ્નને માન્ય ગણીને આંતરધર્મીય લગ્નને પણ પ્રોત્સાહન આપ્યું છે.*

*કેટલાક કુટુંબમાં લગ્ન વખતે દહેજ આપવા –લેવાની પ્રથા હોય છે. લગ્નમાં અપાતા દહેજને નિવારવાના ભાગરૂપે કેટલીક જ્ઞાતિઓમાં ’સમૂહલગ્ન’ ની એક નવતર યોજના સાકાર કરીને ’દહેજ નાબૂદી ઝુંબેશ’ શરુ થઈ છે. ઉપરાંત કાયદાકીય રીતે* 1961*માં દહેજ આપવાની કે લેવાની સામાજિક પ્રથા પર પ્રતિબંધ મૂક્તો “દહેજ પ્રતિબંધક અધિનિયમ”* (Dowry Prohibition Act, 1961)*ઘડવામાં આવેલો. તે પછી વર્ષ* 1984*માં કાયદામાં સુધારવામાં આવ્યો અને કાયદા નીચે દહેજની માંગણી કરનાર, તે આપનાર અને લેનારને ગુનેગાર ગણાવી કડક શિક્ષાની જોગવાઈ કરવામાં આવી. વર્ષ* 1986*માં ભારતીય ફોજદારી ધારામાં દહેજ મૃત્યુની કલમ* 304(*બી) નો ઉમેરો કરવામાં આવી. આ કલમને અનુરૂપ* 113(*બી) નો પણ* 1986*માં ઉમેરો કરી આ ગુનાને સખત શિક્ષાને પાત્ર બનાવ્યો. દહેજ અધિનિયમ મુજબ, જો કોઈપણ વ્યક્તિ દહેજ આપે કે, દહેજ આપવાનું કે દહેજ લેવાનું દુષ્પ્રેરણ કરે તો તેને ઓછામાં ઓછી છ માસની અને વધુમાં વધુ પાંચ વર્ષની અને પંદર હજાર રૂપિયા દંડ અથવા દહેજની કિંમત જેટલી રકમ,બેમાંથી જે વધુ હોય તેટલા દંડની જોગવાઈ કરવામાં આવી છે.*

*કાયદાકીય દષ્ટિએ જોઈએ તો,* 16 *જુલાઈ* 1856*ના રોજ પસાર થયેલ હિંદુ વિધવા પુનઃલગ્ન અધિનિયમ* 1856, *અધિનિયમ ૪૬,* 1856*પણ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન હેઠળ ભારતના તમામ અધિકારક્ષેત્રોમાં વિધવાઓના પુનર્લગ્નને કાયદેસર બનાવ્યો હતો. આ અધિનિયમ* 26 *જુલાઈ* 1856*ના રોજ ઘડવામાં આવ્યો હતો (*Carroll : 2008). *ઈશ્વરચંદ વિદ્યાસાગર વિધવાઓના પુનર્લગ્નનાં સૌથી અગ્રણી પ્રચારક હતા, તેમણે વિધાન પરિષદમાં અરજી કરી. લોર્ડ ડેલહાઉસીએ વિરોધ હોવા છતાં વ્યક્તિગત*

*રીતે બિલને અંતિમ સ્વરૂપ આપ્યું હતું. તેનો મુસદ્દો લોર્ડ ડેલહાઉસીએ તૈયાર કર્યો હતો અને 1857ના ભારતીય બળવા પહેલા લોર્ડ કેનિંગ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. લોર્ડ વિલિયમ બેન્ટિંક દ્વારા 1829માં સતી પ્રથા નાબૂદ કર્યા પછી તે પહેલો મોટો સામાજિક સુધારણા કાયદો હતો. આ કાયદાનો વિરોધ થયો અને પરંપરાગત સમયે પ્રચલિત રિવાજોનો સ્પષ્ટ ભંગ માનવામાં આવતો હતો (*Chandrakala : 1948).

*આમ, જુદા જુદા કાયદા કાનૂનોએ વ્યક્તિને કૌટુંબિક મિલકતમાં અધિકાર, સ્વપસંદગી લગ્નનો અધિકાર, વિધવા પુનર્લગ્ન શક્ય, પિતાની મિલકતમાં પુત્રીને પણ મિલકત અધિકાર, પુત્રી, પત્નીઅને માતા તરીકે સ્ત્રીને પુરુષ સમકક્ષ અધિકારો તેમજ છૂટાછેડાના કાયદાએ દુ:ખી દાંપત્ય જીવનનો અંત લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.*

**9. અન્ય પરિબળો :-**

*કુટુંબમાં પરિવર્તન લાવતા અન્ય પરિબળો જેવાં કે,*

- *આયોજિત વિકાસ કાર્યક્રમો અને નીતિ નિર્માણના કાર્યો*
- (Planned Development Programs And Policy Making Functions)
- *વાહન વ્યવહારની સુવિધા* (Facilitate Vehicle Transactions)
- *સંચાર માધ્યમો – મુદ્રિત માધ્યમ અને વિજાણું માધ્યમ* (Media - Printed And Electronic Media)
- *બે પેઢી વચ્ચેનું અંતર* (The Distance Between Two Generations)
- *સમાનતા, સ્વાતંત્ર્યતા અને વ્યક્તિત્વ વિકાસનાં મૂલ્યોનો વિકાસ* (Development Of Values Of Equality, Independence And Personality Development)
- *મહિલાની બેવડી ભૂમિકા* (The Dual Role Of Women)
- *વિસ્તૃત વ્યાવસાયિક સિદ્ધિ અને તકો* (Extended Professional Achievement And Opportunities)

*આમ, કુટુંબમાં પરિવર્તન લાવતાં અનેક પરિબળો મહત્ત્વના છે.*

## 13.6 સારાંશ

*માનવ સમાજને હૂંફ, સલામતી આપતું એવું કુટુંબ વ્યક્તિ માટે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. ગમે તેટલો આધુનિક સમાજ બનશે, આધુનિક કુટુંબ બનશે પરંતુ કુટુંબનું મહત્ત્વ વ્યક્તિ માટે અનિવાર્ય બની રહેશે. આધુનિક વિકાસની સાથે કુટુંબ રચના, તેના કાર્યોમાં પરિવર્તન આવ્યું છે છતાં અનેક પરિવર્તન આવતું હોવા છતાં કુટુંબ તેના કાર્યોને સતત ચાલુ જ રાખે છે. માટે જ 'કુટુંબ' સૌથી મહત્ત્વપૂર્ણ સામાજિક સંસ્થાઓમાંની એક તરીકે ચાલુ છે. ટી.બી. બોટોમોર યથાર્થ જ કહ્યું છે કે "કુટુંબ તેના જાતીય જરૂરિયાતની સંતોષ, પ્રજનન, રક્ષણ અને બાળકોની સંભાળ અને ઘરગથ્થુ જીવનની સ્થાપનાને લગતા કાર્યોને ટાળી શકે નહીં."*

## 13.7 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલ પ્રશ્નો વિશે આઠ થી દસ લીટીમાં લખો.**

1. *કુટુંબની વ્યાખ્યા અને તેનો અર્થ સમજાવો.*
2. *કિંગ્સલે ડેવિસ (*Davis Kingsley*) એ દર્શાવેલ કુટુંબના મુખ્ય કાર્યો સમજાવો.*
3. *લુંડબર્ગ (*Lundberg G A.*) એ દર્શાવેલ કુટુંબના મુખ્ય કાર્યો સમજાવો.*
4. *ઓગબર્ન અને નિમકોફ (*Ogburn, W. F. And Nimkoff, M. F.) *દર્શાવેલ કુટુંબના મુખ્ય કાર્યો સમજાવો.*
5. *કુટુંબનાં કાર્યોમાં આવેલ પરિવર્તન સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી સમજાવો.*
6. *કુટુંબનાં કાર્યોમાં પરિવર્તન લાવનારા પરિબળો વિશે વિસ્તૃત સમજાવો.*

## 13.8 ચાવીરૂપ શબ્દો

- **કુટુંબ (Family)**- *રક્ત, લગ્ન, કાયદો અથવા રિવાજ દ્વારા સંબંધિત લોકોનું જૂથ.*
- **ગોત્ર (Clan)** - *સમાન / એક જ વડવા કે પૂર્વજ દ્વારા એકતા ધરાવતા જૂથને ગોત્ર કે ક્લાન કહેવાય છે. ભારતના સમાજના સંદર્ભમાં જ્યારે પેટાજ્ઞાતિ કે સમાન કે સહિયારું ગોત્ર ધરાવતી હોય છે ત્યારે તેને ગોત્ર કે ક્લાન કહેવાય છે.*
- **વંશ / કુળ (Desceni**) - *એક પૂર્વજ કે વડવામાંથી ઊતરી આવેલાને એક વંશ કે કુળના કહેવાય છે. મૂળ ખોળવાના વિવિધ ઉપાયો છે. આથી માનવ સમાજોમાં વંશની વિવિધ વ્યવસ્થાઓ જોવા મળે છે.*
- **શ્રમનું જાતીય વિભાજન (Sexual Division Of Labor)**- *પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે વિવિધ કાર્યોનું પ્રતિનિધિમંડળ.*
- **વિસ્તૃત કુટુંબ (Extended Family)** -*એક એવું ઘર છે જેમાં ઓછામાં ઓછા એક માતાપિતા અને બાળક તેમજ દાદા દાદી, કાકી, કાકા અને પિતરાઈ જેવા અન્ય સંબંધીઓનો સમાવેશ થાય છે.*
- **કુટુંબ (Family)** - *વ્યક્તિઓના સામાજિક રીતે માન્ય જૂથો કે જેઓ રક્ત, લગ્ન અથવા દત્તક દ્વારા જોડાઈ શકે છે અને જેઓ ભાવનાત્મક જોડાણ અને સમાજનું આર્થિક એકમ બનાવે છે.*
- **પ્રજનન કુટુંબ (Family Of Procreation)** -*લગ્ન દ્વારા રચાયેલ કુટુંબ.*
- **સંસ્કરણ કુટુંબ (Family Of Orientation)** - *જે કુટુંબમાં કોઈનો જન્મ થયો છે.*

## 13.9 ઉપયોગી પુસ્તકો

1. Bhushan,V., And Sachdeva, R. D. 2000. An Introduction To Sociology. Patna: Bottomore, T. B. 1962. Sociology: A Guide To Pmblems And Literature. London:
2. Burges, E.W., And Locke, H. J. 1950. The Family. New York: American Books Co.

3. Davis, Kingsley. 1960. Human Soci[a]y. New York: The Macmillan Company.
4. Dhruvaranjan, V. 1 989. Religious Ideology And Inter-Personal Relationship Within The Family, Journal Of Comparative Family Studies, 19 : 173 – 285
5. Hobel (1958) 'Man In The Primitive World An Introduction To Anthropology', New York, Toronto.
6. Hobel (1972), 'Cultural And Social Anthropology', New York.
7. Karve, I. 1965. Kinship Organization In India. Murnbai: Asia Publishing House. Kitab Mahal.
8. Lowie (1966), 'Culture And Anthropology', New York.
9. Lundberg, G A. 1956. Foundations Of Sociology. New York: The Macmillan, Co.
10. Maciver, R. M., And Page. C. H. 1959, Soceity: An Introductory Analysis. London: Macmillan And Co.
11. Malinowski, B. 1927. Sex And Repression In Savage Soci[a]y. New York: Harcourt, Brace & Co.
12. Murdock, G P, 1949. Social Structure. New York: The Macmillan Co.
13. Ogburn, W. F,, And Nimkoff, M. F. 1940. A Handbook Of Sociology. Boston: Houghton Mifflin Co.
14. Radcliffe-BroWn (1952), 'Structure And Functions In Primitive Soceity', New York.
15. Unwin University Books,
16. जैन शोभिता, भारत में परिवार, विवाह और नातेदारी, रावत पब्लिकेशन
17. तिवारी इति, समाज और परिवार
18. रानी अलका, भारत में पारिवारिक समाजशास्त्र का विकास, डी. के. पब्लिशर्स
19. *દવે જે. કે. (*2012), *'ભારતીય સમાજમાં કુટુંબ', અનડા પ્રકાશન, અમદાવાદ*
20. *દવે જે. કે. (*2015), *'કુટુંબનું સમાજશાસ્ત્ર', અનડા પ્રકાશન, અમદાવાદ*
21. *દવે હર્ષિદા (*2005), *'માનવશાસ્ત્ર', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ*
22. *ભારતમાં સમાજ ભાગ -* 1 *પેપર* -02 *વિભાગ* -2 *કુટુંબ, લગ્ન અને સગપણ જૂથ, પ્રકાશક - કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*
23. *નિયામક, સમાજ સુરક્ષા, ગુજરાત સરકાર* 2021 Https://Sje.Gujarat.Gov.In/Dsd/Information/1484
24. *વાઘેલા અનિલ (*2005), *'લગ્ન, કુટુંબ અને સગાઈસંબંધો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.*

# એકમ 14 લગ્ન સંસ્થાનો – પરિચય, અર્થ, હેતુઓ અને મહત્ત્વ

-: રૂપરેખા :-


**14.0** ઉદ્દેશો

**14.1** પ્રસ્તાવના

**14.2** લગ્નનો અર્થ

**14.3** લગ્નની વ્યાખ્યા

**14.4** લગ્નના હેતુઓ

**14.5** લગ્ન સંસ્થાનું મહત્ત્વ

**14.6** તમારી પ્રગતિ ચકાસો

**14.7** સંદર્ભ સૂચિ


## 14.1 ઉદ્દેશા

*વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,*

- *લગ્ન સંસ્થાનો અર્થ સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી જાણી શકશો.*
- *લગ્ન સંસ્થાના હેતુઓ જાણી શકશો.*
- *લગ્ન સંસ્થાનું મહત્વ સમજી શકશો.*

## 14.1 પ્રસ્તાવના

*સમાજમાં કુટુંબની રચના માટે લગ્ન આવશ્યક ગણાય છે. લગ્ન સમાજમાન્ય રીતે સ્ત્રી અને પુરુષની જાતીયવૃત્તિના કાયમી સંતોષની વ્યવસ્થા પૂરી પાડે છે અને સાથો-સાથ સમાજના સાતત્યને માટે જરૂરી એવા પ્રજોત્પાદનના કાર્ય માટેનો સમાજમાન્ય માર્ગ પણ પૂરો પાડે છે. આમ, લગ્ન વ્યક્તિ અને સમાજની મૂળભૂત જરૂરિયાતો સંતોષે છે. આથી લગ્નને એક સામાજિક સંસ્થા તરીકે ઓળખવામાં આવે છે. લગ્નનું સ્વરૂપ અને તેની પદ્ધતિઓની બાબતમાં વિવિધ સમાજોમાં ઓછીવત્તી ભિન્નતા જોવા મળે છે, આમ છતાં એક પાયાની સામાજિક જરૂરિયાત તરીકે લગ્નસંસ્થા સર્વે સમાજોમાં અસ્તિત્વ ધરાવે છે.*

*સ્ત્રી-પુરુષનો સંબંધ આદિકાળથી શાશ્વત રૂપે ચાલતો આવ્યો છે. લગ્ન-સંસ્થા અસ્તિત્વમાં આવી તે પહેલાં પણ સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે અનિયંત્રિત જાતીય સંબંધો અથવા સ્વેચ્છાચાર પ્રવર્તતા હોવાનું માનવામાં આવે છે. જ્યારથી બંને વચ્ચેનો લગ્ન સંબંધ અસ્તિત્વમાં આવ્યો ત્યારથી સ્ત્રીને પુરુષની અર્ધાંગિની માનવામાં આવી છે અને પ્રત્યેક કૌટુંબિક કાર્યમાં બંને હંમેશા એકબીજાની સાથે રહેવા પ્રયત્ન કરે છે. વિભિન્ન દેશો અને સમાજોમાં લગ્નના સ્વરૂપ જોવા મળ્યા છે. પશ્ચિમના સમાજમાં લગ્નને સમજૂતી*

*માનવામાં આવે છે. ભારતીય હિંદુમાં લગ્નને ધાર્મિક સંસ્કાર ગણ્યો છે. મુસ્લિમોમાં કરારના સ્વરૂપે, તો ક્યાંક માત્ર કાનૂની સંબંધ જ ગણાય છે. કેટલીક જનનીતિઓમાં સ્ત્રીને સંપતિ માનવાથી તે આર્થિક સ્વરૂપે સ્વીકાર પામેલ છે, તો કોઈક પ્રદેશમાં લગ્ન માત્ર યૌન સંબંધ જ ગણાય છે. પરંતુ સમય, દેશ, ગતિશીલતા પ્રમાણે એમાં પરિવર્તન આવ્યું છે.*

*સમાજશાસ્ત્રીય વિચારકોની દૃષ્ટિએ લગ્ન એક કે વધુ પુરુષોનો, એક કે વધુ સ્ત્રીઓ સાથેનો સમાજમાન્ય જાતીય અને સામાજિક સંબંધ છે. લગ્ન દ્વારા જ સ્ત્રી-પુરુષના પરસ્પર સંબંધ અને બાળકો સાથેના તેમના સંબંધો નક્કી થાય છે.*

*સ્ત્રી-પુરુષ વચ્ચેના લગ્નને સમાજની સ્વીકૃતિ પ્રાપ્ત થાય તે આશયથી દરેક દરેક સમાજમાં લગ્ન અંગેની નિશ્ચિત વિધિ હોય છે. આવી વિધિનું સ્વરૂપ સરળ પણ હોઈ શકે, અથવા જટિલ પણ હોઈ શકે. પાશ્ચાત્ય સમાજોમાં લગ્ન કરનાર સ્ત્રી-પુરુષ સ્વ-પસંદગી કરી અદાલતમાં હાજર થઈ રજિસ્ટાર કરીને લગ્ન કરી શકે છે. જ્યારે રૂઢીગત સમાજોમાં માતા-પિતા સાથીની પસંદગી કરે છે. ત્યારબાદ જટિલ એવા સામાજિક-ધાર્મિક વિધિઓ પૂરી થયા બાદ જ પતિ-પત્ની તરીકેનો લગ્નસંબંધ મંજૂર ગણાય છે. અન્ય સમાજોમાં પણ જે તે સમાજના રીતરિવાજો મુજબ સમાજમાન્ય વિધિ થયા બાદ જ લગ્ન સંબંધો કાયદેસરના ગણાય છે. લગ્ન વિધિ વખતે લેવડ-દેવડ પણ થતી હોય છે કેટલાંક સમાજોમાં કન્યાના માતા-પિતાને 'કન્યા મૂલ્ય' રૂપે વરપક્ષ તરફથી જીવનસામગ્રી ઘરેણાં અને આર્થિક વસ્તુઓ આપવાનો રિવાજ હોય છે. જ્યારે બીજા કેટલાક સમાજોમાં કન્યાના માતા-પિતા વર અને તેના માતા-પિતાને 'વરમૂલ્ય' રૂપે આર્થિક વસ્તુઓ અથવા નાણાં અથવા બંને આપે તેવો રિવાજ હોય છે. આ જાતની લેવડ-દેવડ સામાજિક પ્રતિષ્ઠાનો સવાલ હોય છે.*

*વળી, લગ્ન એ વ્યક્તિ અને કુટુંબના જીવનમાં એક આનંદોત્સવનો પ્રસંગ બને છે. લગ્નની વિધિ વખતે સગાં અને અમૂહના અન્ય લોકોને આમંત્રણ આપવામાં આવે છે તે વખતે કન્યા અને વરપક્ષ તરફથી મિજબાની આપવાનો રિવાજ હોય છે. ઘણા સમાજોમાં લગ્નની ખુશાલીમાં નૃત્ય, સંગીત તથા અન્ય મનોરંજનની ખુશાલીમાં ગીત ગાવાનો અને ગરબા ગાવાનો રિવાજ છે. આવા પ્રસંગે સગાઓ અને આમંત્રિતો વગેરે હાજર રહે તે માત્ર આનંદની બાબત જ હોતી પણ તે તેમની એક સામાજિક જવાબદારી પણ મનાય છે.*

## 14.2 લગ્નનો અર્થ

*લગ્ન શબ્દ 'લગ' ધાતુ પરથી આવ્યો છે.જેનો અર્થ લાગવું, જોડાવું એવો થાય છે. વૈદિક કાળમાં વાચસ્પતિ શબ્દકોષના શબ્દાર્થ મુજબ લગ્ન માટે વિવાહ શબ્દ પ્રચલિત થયો હતો. તેની વ્યુત્પતિમાં વિ+વહ+ઘઅન સંયોજન રહેલ છે. એના અર્થાનુસાર આવો આપણે સહયોગ થાય એવો ભાવ અભિપ્રેત છે. વિવાહ શબ્દ સંસ્કૃત ભાષાનો 'ઉરૂહ'*

*શબ્દથી બન્યો છે. જેનો અર્થ વધુને વરના ઘર પર લઈ જવી એવો અર્થ થાય છે. એટલે કે વિધિસર પત્ની તરીકે સ્વીકાર કરીને પોતાના ઘેર લઈ જવું એવો અર્થ થાય છે. આનો અર્થ એ થયો કે શાસ્ત્રોક્ત ધાર્મિક વિધિ અનુસાર સ્ત્રીને પરણીને પોતાના ઘેર ગૃહસ્થ જીવન માટે લઈ જવાની ક્રિયાને વિવાહ તરીકે ઓળખવામાં આવે છે. શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પતિ અને પત્ની તરીકે જોડાવું તેને લગ્ન કહે છે.*

## 14.3 લગ્નની વ્યાખ્યા

*લગ્નની વિવિધ વિદ્વાવાનોએ વ્યાખ્યાઓ આપી છે.તે પૈકીની કેટલીક મહત્ત્વની વ્યાખ્યાઓ નીચે મુજબ છે.*

1. **બોર્ગાડસના મતાનુસાર :** *"લગ્ન સ્ત્રીઓ અને પુરુષોનો પારિવારિક જીવનમાં પ્રવેશ કરાવતી એક સંસ્થા છે."*
2. **રિવર્સના મત મુજબ :** *"જે સાધનો દ્વારા માનવસમાજ લૈંગિક સંબંધોનું નિયમન કરે છે અને લગ્નની સંજ્ઞા આપવામાં આવે છે."*
3. **વેસ્ટર માર્કના મંતવ્ય પ્રમાણે :** *"લગ્ન એક અથવા એક થી વધુ પુરુષો અથવા એક કે તેથી વધુ સ્ત્રીઓ સાથે થતો એવો સંબંધ છે." જેને પ્રથા અથવા કાનૂન સ્વીકાર કરે છે અને જેમાં લગ્ન કરાવવાવાળી વ્યક્તિઓ અને એનાથી પેદા થતાં સંભવિત સંતાનો વચ્ચે એક બીજા પ્રત્યે થનાર અધિકારો અને કર્તવ્યનો સમાવેશ થાય છે.*
4. **શ્યામચરણ દુબેના મતાનુસાર** *: "પરિવારના નિર્માણ માટે પતિ-પત્ની બંને સભ્યોને જરૂરી માન્ય છે. લગ્નના કાર્યોનો ઉલ્લેખ કરતાં તેઓ કહે છે કે કુટુંબના કાર્યોમાંથી મહત્ત્વપૂર્ણ કાર્ય યૌન સંબંધોને નિયમિત કરીને સંતાનો પ્રાપ્તિમાં યોગ આપવાનો છે. એમના અનુસાર યૌન સંબંધોને સ્થિર કરીને તથા પરિવારને સ્થાયી સ્વરૂપ પ્રદાન કરવાની દૃષ્ટિથી જ લગ્ન સંસ્થાનો ઉદ્દભવ થયો છે."*
5. **હેવલોક એલિસ :** *"લગ્ન બે માણસો વચ્ચેનો એક સંબંધ છે જે એકબીજાની પ્રત્યે યૌન સંવેદના અને સામાજિક સહાનુભૂતિના બંધન દ્વારા આકર્ષિત થાય છે અને જો કોઈ રીતે તે શક્ય બને તો તેને અનંત સમય સુધી ટકાવી રાખવાની ઈચ્છા થાય છે."*

*ઉપરાંત વ્યાખ્યાઓ પરથી એક નિષ્કર્ષ એવો નીકળે છે કે લગ્ન સમાજ અને કાનૂન દ્વારા માન્યતા પ્રાપ્ત પદ્ધતિ છે જેના દ્વારા સ્ત્રી-પુરુષ કુટુંબની સ્થાપના કરે છે તથા કૌટુંબિક જીવન પ્રારંભ કરે છે. જાતીય ઈચ્છાની પૂર્તિ, સંતાનોપ્રાપ્તિ, બાળકોનું પાલન પોષણ તથા સમાજીકરણ કરે છે. પતિ-પત્ની તથા સંતાનોમાં પરસ્પર સામાજિક, આર્થિક, કાનૂની અધિકાર તથા કર્તવ્યોની વ્યવસ્થા હોય છે.*

*વિદ્વાન સમાજશાસ્ત્રી કે.એમ.કાપડિયાએ લખ્યું છે કે હિંદુ લગ્ન એક સંસ્કાર છે. એના અનેક પ્રમાણો આપીને સ્પષ્ટ કર્યું છે કે હિંદુ લગ્ન એક ધાર્મિક સંસ્કાર છે અન્ય સમાજમાં છૂટાછેડાની જોગવાઈ છે પરંતુ હિંદુ લગ્ન તો જન્મ જન્માંતરનો સંબંધ માને છે જેને તોડી શકાય નહીં. અન્ય સમાજમાં લગ્નને સામાજિક અથવા કાનૂની આધાર લઈને સમાપ્ત કરી શકાય છે પરંતુ હિંદુ સમાજમાં લગ્ન એક અતૂટ સંબંધ છે. હિંદુ સમાજમાં*

*વ્યક્તિ પોતાનો જીવનમાં અને ધાર્મિક સંસ્કારો પૂર્ણ કરીને જીવનમાં આગળ વધે છે તથા પૂર્ણ વ્યક્તિત્વને વિકસાવે છે.*

## 14.4 લગ્નના હેતુઓ

*કુટુંબ અને લગ્ન માનવસમાજની પ્રાથમિક અને આવશ્યક જરૂરીયાત હોવાની સાથે માનવને નિયંત્રિત કરતું સાધન પણ છે. કુટુંબ અને લગ્ન દ્વારા જ સભ્યોનું એકબીજા પર પ્રભુત્વ અને નિયંત્રણ શક્ય બને છે. લગ્નસંસ્થાની શરૂઆતના સંદર્ભમાં જોઈએ તો, લગ્નસંસ્થાની ઉત્પત્તિ ઘણા સમયબાદ થઈ. લગ્નની ઉત્પત્તિ થવા પાછળના મુખ્ય હેતુઓ નીચે મુજબ દર્શાવી શકાય :-*

### 1. પારિવારિક સહકારની તૃપ્તિ :-

*લગ્ન એક એવું માધ્યમ છે કે જેના દ્વારા નવા જ કુટુંબની રચના થાય છે, નવું પરિવાર રચાય છે. કુદરતી નિયમ મુજબ, જે જન્મે છે તે મૃત્યુ પામે છે. આથી પરિવારનાં સભ્યો વૃદ્ધ થતાં, કોઈ સભ્યો બિમાર થતાં કે અન્ય કોઈ અગમ્ય કારણોસર માનવી મૃત્યુ પામે છે. આથી સમાજમાં પરિવારનું અસ્તિત્વ ટકી રહે તે માટે બાળકો યુવાનો થાય ત્યારે તેઓના લગ્ન કરાવી દેવામાં આવે છે. પારિવારિક સભ્યો વચ્ચે સંઘર્ષ, નિયંત્રણ, મતભેદ થતા હોય તે સામાન્ય બાબત છે. છતાં લગ્ન દ્વારા રચાયેલ નવા કુટુંબ દ્વારા સહકાર અને સંતોષની લાગણી ઉદભવે છે. પ્રાચીન સમયમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા અસ્તિત્વમાં હતી, પરંતુ અનેક પરિબળો જેવા કે, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, પશ્ચિમીકરણ, શિક્ષણ, વ્યવસાયનાં પ્રભાવ હેઠળ વ્યક્તિ પોતાના પરિવારથી દૂર સ્થળાંતર કરવા લાગ્યો. જે વ્યક્તિ સ્થળાંતર કરતો, તે પોતાની પત્ની તથા બાળકોને સાથે લઈ જતો, તેનું મુખ્ય કારણ વ્યક્તિને પારિવારિક સંતોષ મળી રહે તે હતો. જો કે એમાંથી વિભક્ત કુટુંબ અસ્તિત્વમાં આવ્યું અને લગ્ન વ્યવસ્થામાં પણ પરિવર્તન આવ્યું. આમ, આ પરથી કહી શકાય કે, પારિવારિક સભ્યોના સાથ, સહકાર, શારીરિક-માનસિક સંતોષ માટે લગ્નસંસ્થાનો હેતુ રહેલો છે.*

### 2. આર્થિક સહકારની પરિપૂર્તિ :-

*લગ્નસંસ્થાનો અન્ય હેતુ સભ્યોનાં આર્થિક સહકારની પરિપૂર્તિ કરવાનો છે. આદિમ સમાજની અર્થવ્યવસ્થા મુજબ, પુરુષ જ્યારે જંગલમાં, શિકાર કરવા, ખેતી કામ માટે જતો ત્યારે મહિલાઓ અને બાળકોના રક્ષણ માટે, તેઓની દેખરેખ માટે કોઈ અન્ય પુરુષની જરૂરિયાત રહેતી. આદિમ સમાજની અર્થવ્યવસ્થા મુજબ, પુરુષ જ્યારે જંગલમાં, શિકાર કરવા, ખેતી કામ માટે જતો ત્યારે મહિલાઓ ઘરે રહી, ઘરકામ કરી બાળકોનું રક્ષણ, તેઓની દેખરેખ કરતી. આધુનિક સમયમાં પણ પુરુષ અને મહિલા બંને આર્થિક રીતે સદ્ધર થયા છે, મહિલાઓ પુરુષ સમકક્ષ નોકરી કરતી થઈ છે. છતાં મોંઘવારી, આર્થિક સહકારને પહોંચી વળવા માટે, જરૂરિયાતો પૂર્ણ કરવા માટે લગ્નનો*

*ઉદ્દેશ્ય ગણાવી શકાય. આમ, વ્યક્તિ પોતાના પરિવારની પ્રાથમિક, સામાજિક જરૂરિયાતો પૂર્ણ કરવા માટે જવાબદારીમાં બંધાઈ જાય છે, આ જવાબદારી અને જરૂરિયાતોની પૂર્તિ માટે લગ્નનો હેતુ રહેલો છે.*

**3. જાતીયવૃત્તિનો સંતોષ :-**

*માનવીની પ્રાથમિક જરૂરિયાતો જે રીતે ખોરાક, રહેઠાણ, પહેરવેશ છે તે જ રીતે અમુક ઉંમરે પહોંચતા જાતીયવૃત્તિનો સંતોષ મેળવવો આવશ્યક અને અનિવાર્ય બની રહે છે. સમાજમાં પ્રત્યેક પુરુષ અને સ્ત્રી માટે જાતીયવૃત્તિનો સંતોષ મળી રહે તે માટે લગ્ન સંસ્થાનો હેતુ રહેલો છે. આથી જ જે તે ધર્મ, જ્ઞાતિ, સમુદાય પોતાના રીત-રીવાજો, ધોરણો, મૂલ્યો, વિધિ-વિધાનોને અનુસરીને સમાજ સમક્ષ સ્ત્રી અને પુરુષનાં લગ્ન કરાવવામાં આવે છે અને લગ્ન બાદ જાતીયવૃત્તિનો સંતોષ મેળવી શકે છે. લગ્ન બાદ બંધાયેલા સંબંધો સમાજ દ્વારા સ્વીકાર્ય ગણવામાં આવે છે. સમાજ દ્વારા નિર્મિત લગ્ન વ્યવસ્થાનો અનાદર કરીને એટલે કે લગ્ન કર્યા વિના વ્યક્તિ જાતીય સંતોષ મેળવવાનો પ્રયત્ન કરે તો સમાજ દ્વારા દંડ, સજાની જોગવાઈ પણ કરવામાં આવે છે.*

**4. જાતીયવૃત્તિનું નિયંત્રણ :-**

*માનવસમાજની પ્રાથમિક જરૂરીયાતો પૂર્ણ થવી આવશ્યક છે, તેટલું જ આવશ્યક પ્રાથમિક જરૂરિયાતો પર નિયંત્રણ આવે તે જરુરી છે. ભૂખ, તરસ સંતોષાય ત્યારે વ્યક્તિ નિયંત્રિત થાય છે, તે જ રીતે વ્યક્તિની જાતીય ઈચ્છાઓ સંતોષાય અને તેના પર નિયંત્રણ આવે તે જરૂરી છે. પરંતુ અન્ય ઈચ્છાઓ પર નિયંત્રણ આવે તે રીતે જાતીયવૃત્તિ પર નિયંત્રણ મેળવવું ખૂબ જ મુશ્કેલ છે. આથી જ લગ્નનો મુખ્ય હેતુ રહેલો છે કે, વ્યક્તિની જાતીય ઇચ્છાઓની તૃપ્તિની સાથે નિયંત્રણ મુકવું. જો લગ્ન વ્યવસ્થા અસ્તિત્વમાં જ ન હોય તો જાતીયવૃત્તિ પર નિયંત્રણ મૂકી શકાતું નથી જેથી સમાજમાં છેડતી, બળાત્કાર, જાતીય સતામણી વગેરે જેવી સામાજિક સમસ્યાઓ, અસામાજિક ઘટનાઓ બનવાની સંભાવના વધી જાય છે. આથી લગ્નનાં હેતુ પૂર્ણ કરવાની સાથે સામાજિક સમસ્યાઓને અટકાવવાનાં ભાગરૂપે પણ લગ્ન સંસ્થા મહત્વની છે.*

**5. પ્રજોત્પાદન :-**

*લગ્નનો અન્ય એક મુખ્ય અને અનિવાર્ય હેતુ પ્રજોત્પાદન કરવાનો છે. માનવસમાજનાં અસ્તિત્વને ટકાવી રાખવા માટે માનવનો જન્મ થતો રહેવો આવશ્યક છે. સમાજનાં ધારા-ધોરણો, વિધિ-વિધાનો મુજબ સ્ત્રી – પુરુષનાં લગ્ન બંધનમાં બંધાય છે અને ત્યારબાદ જે બાળકોનો જન્મ થાય તે સમાજ સ્વીકૃત ગણવામાં આવે છે. આથી પ્રજોત્પાદન થતું રહે તે લગ્નનો મુખ્ય હેતુ રહેલો છે.*

**6. બાળકોનું સમાજીકરણ :-**

*લગ્નનો હેતુ પ્રજોત્પાદન-બાળજન્મ કરવા પૂરતું સીમિત નથી. પરંતુ લગ્નબાદ સ્ત્રી-પુરુષ પતિ-પત્ની તરીકેનો દરજ્જો અને ભૂમિકા પ્રાપ્ત કરે છે. ત્યારબાદ તેઓના બાળકોનો જન્મ થતા તેઓ માતા-પિતા તરીકેનો દરજ્જો-ભૂમિકા મેળવે છે. સમાજમાં જેટલા બાળકો જન્મે છે, તેઓને સભ્ય સમાજનાં નાગરિક બનાવવું, માનવી તરીકેની સંવેદનાઓ જન્માવવી, પોતાના સમુદાય, ધર્મ, જ્ઞાતિ, કુટુંબનાં ધોરણો, મૂલ્યો, રીત રિવાજો, ખોરાક, પોશાક, કેવું વર્તન કરવું, કેવું વર્તન ન કરવું વગેરે શીખવવામાં આવે છે. વ્યક્તિનું જન્મથી માંડી મૃત્યુ પર્યંત સામાજિકીકરણ કરવું એ લગ્ન બાદ રચાયેલા કુટુંબનું મહત્વનું કાર્ય ગણાય છે. સામાજિકીકરણ દ્વારા કુટુંબના સભ્યો કૌટુંબિક વાતાવરણ સાથે જોડાયેલ રહે છે, તેઓમાં સમાનતા, ભાવનાત્મક વિકાસ શક્ય બને છે. સામાજિકીકરણથી શીખેલી વર્તણૂક યુવાનો પોતાના લગ્નબાદ પોતાની નવી પેઢીને શીખવે છે. ટૂંકમાં, સામાજિકકરણ સમગ્ર જીવન ચક્ર દરમિયાન ચાલુ રહે તે લગ્ન સંસ્થાનો મુખ્ય હેતુ છે.*

## 14.5 લગ્નસંસ્થાનું મહત્ત્વ

- *લગ્નએ માનવસમાજની સાર્વત્રિક સંસ્થા છે અને તે કુટુંબની રચના માટેનું પ્રથમ આવશ્યક ચરણ છે. લગ્ન, સ્ત્રી-પુરુષના સંબંધોનું નિયંત્રણ કરનારી પ્રત્યેક સમાજની આવશ્યક સંસ્થા છે. લગ્ન સંબંધથી જોડાતા સ્ત્રી-પુરુષ દ્વારા પ્રજનન કુટુંબ* (Family of Procreation) *ની રચના થવા પામે છે. આવા કુટુંબમાં પ્રજનન કાર્ય દ્વારા થતા સંતાનોનો ઉછેર થતાં તે જન્મ ઉછેર કુટુંબ* (Family of Procreation)*નું સર્જન થાય છે. આમ, લગ્ન દ્વારા કુટુંબની રચના થવા પામે છે. આ રીતે કુટુંબનું પ્રજનન દ્વારા નવા સભ્યની ભરતી કરીને કુટુંબ તથા સમાજનું સાતત્ય શક્ય બનાવે છે.*
- *લગ્ન સંસ્થા વ્યક્તિ, કુટુંબ અને સમાજની જરૂરિયાતો પૂરી પાડતી સંસ્થા છે. તે સ્ત્રી-પુરુષના જાતીય જીવનની જરૂરિયાત સંતોષે છે તેનાથી સ્ત્રી-પુરુષ વચ્ચે સ્થાયી અને અંગત લાગણી સ્થાપિત થાય છે. એટલે લગ્ન સામાજિક-માનસિક જરૂરિયાતો પૂરી પાડે છે. સ્ત્રી-પુરુષને લગ્ન દ્વારા પત્ની અને પતિ તરીકેનો દરજ્જો પ્રાપ્ત થાય છે એટલે લગ્ન સ્ત્રી-પુરુષ માટે સામાજિક ગતિશીલતાનું દ્વાર બની રહે છે.*
- *લગ્ન દ્વારા સ્ત્રી-પુરુષ વચ્ચે સ્થાપિત થતા કાયદેસરના જાતીય સંબંધો દ્વારા થતા સંતાનોને કાયદેસરનો પુત્ર કે પુત્રી તરીકેનો દરજ્જો મળે છે. આવી કાયદેસરતા પતિ-પત્નીને, મા-બાપ સામાજિક ભૂમિકા ભજવવા શક્તિમાન બનાવે છે. લગ્નથી તેઓના હક્કો અને ફરજો તેમજ જવાબદારીઓ સ્થાપિત થાય છે, જે પરસ્પરને સામાજિક સુરક્ષા અને હૂંફ પૂરી પાડે છે.*

- *સ્ત્રી-પુરુષમાં જાતીય જીવનની તેમજ સાતત્યપૂર્ણ સહવાસની જરૂરિયાત રહેલી છે. લગ્ન સંસ્થા આ જરૂરિયાતો સંતોષતી મહત્ત્વની સંસ્થા છે. કુટુંબમાં નવા સભ્યોની ભરતી લગ્ન દ્વારા અને લગ્નબાદ પતિ-પત્ની વચ્ચેના જાતીય સંબંધોથી થતી સંતતિ દ્વારા થાય છે. કુટુંબમાં આ રીતે નવા સભ્યોની ભરતીથી કુટુંબનું સાતત્ય જળવાય છે તેની સાથોસાથ સમાજમાં વસ્તીની જાળવણી થવા પામે છે અને સમાજનું સાતત્ય સમાજ માટે અગત્યની જરૂરિયાતો પૂરી પાડતી સંસ્થા છે.*
- *લગ્ન આર્થિક સંસ્થા પણ છે. કારણ કે લગ્ન સંબંધથી જોડાતા સ્ત્રી-પુરુષના પતિ-પત્ની તરીકેની મિલકત અને વારસાના અધિકારો પણ નક્કી થવા પામે છે. એ જ રીતે થતી સંતતિના મિલકત અને વારસાના અધિકારો નક્કી થવા પામે છે. આવા અધિકારો આર્થિક સુબરક્ષા પૂરી પાડે છે.*
- *લગ્ન સંબંધથી સ્ત્રી-પુરુષના વચ્ચે અંગત સંબંધ સ્થાપિત થાય છે લગ્ન દ્વારા સ્થાપિત થતો અંગત સંબંધ અન્ય સંબંધો કરતા વધારે અંગત, ગાઢ અને નિકટનો હોય છે. આવા સંબંધમાં સ્ત્રી-પુરુષના સમગ્ર વ્યક્તિત્ત્વ કેન્દ્રિત થાય છે અને વ્યક્ત થાય છે; પરસ્પરની લાગણી અને સ્નેહનાં તીવ્ર સ્પંદનો જાગૃત થાય છે અને સ્ત્રી-પુરુષના સમગ્ર વ્યક્તિત્ત્વ આ લાગણી અને સાથીપણું સ્નેહના પ્રભાવ હેઠળ આવે છે. તેમજ તેઓ માનવી તરીકે જીવન જીવ્યાનો સર્વપ્રકારનો સંતોષનો અનુભવ કરે છે.*
- *લગ્ન માનવીની જાતીયવૃત્તિનું નિયંત્રણ કરે છે, અને જાતીયવૃત્તિનું નિયંત્રણ કુટુંબ અને સમાજ માટે ઉપયોગી બને છે. લગ્નથી સ્ત્રી અને પુરુષ પરસ્પરના પત્ની અને પતિ તરીકેનો દરજ્જો પ્રાપ્ત કરે છે. લગ્નથી જાતીય સંબંધોની કાયદેસરતા પ્રાપ્ત થાય છે અને આવા સંબંધોમાંથી જન્મતા બાળકોને કાયદેસરનો દરજ્જો મળે છે અને તેના સર્જક પતિ-પત્નીને માતા-પિતાનો દરજ્જો મળે છે. સમાજશાસ્ત્રીય દષ્ટિએ લગ્નની કાયદેસરતા કુટુંબને તેની સામાજિક ભૂમિકા ભજવવા શક્તિમાન બનાવે છે. સમાજ કે કાયદાની સ્વીકૃતિ વિનાના જાતીય સંબંધોથી જન્મનારા બાળકો માટે સમાજમાં તેમના સ્થાનનો પ્રશ્ન ઊભો થાય છે. લગ્નબાદ સ્ત્રી-પુરુષના દરજ્જો અને ભૂમિકા તેમજ તે અંગેના ધોરણો અને મૂલ્યો બદલાય છે અને સમાજશાસ્ત્રીય દષ્ટિએ આજ મહત્ત્વનું છે. લગ્ન બાદ સ્ત્રી-પુરુષના પત્ની-પતિ બનતાં તેમની વચ્ચે પરસ્પર સહકાર, સ્થાયી રહેઠાણ તથા જાતીય સાહચર્ય સ્થાપિત થવા પામે છે.*
- *લગ્ન સંસ્થા જાતીય જીવન અને સહવાસની જરૂરિયાત સંતોષે છે. આધુનિક સમયમાં લગ્ન વિના જાતીય જીવન અને સહવાસની જરૂરિયાત સંતોષાય તેવા નવા વિકલ્પો વિકસ્યા છે. લગ્ન વિના સહજીવન, સજાતીય સંબંધો, ધંધાદારી યૌન સંબંધો આવા નવા વિકલ્પો છે. પરંતુ આવા નવાં વિકલ્પો અપનાવતા સ્ત્રી-પુરુષોને સામાજિક સ્વીકૃતિની સમસ્યાનો સામનો કરવો પડે છે. આવા સંબંધોથી સ્થાયી સામાજિક-માનસિક સંતોષ પ્રાપ્ત થતો નથી તેમાં નિકટતા પૂર્વક સહચર્ય અને સલામતીનો અભાવ રહેવા પામે છે. વળી સ્ત્રી-પુરુષમાં રહેલી માતૃત્ત્વ અને પિતૃત્વની લાગણી સંતોષાતી નથી. આવા સંબંધોમાં શોષણનો અનુભવ થતો હોય છે, વફાદારીનો પ્રશ્ન*

*પણ ઊભો થતો હોય છે અન. અનુભવે સમજાતું હોય છે કે યોગ્ય છે. અનુભવે થતી આવી પ્રતીતિમાં વ્યક્તિ માટે લગ્ન સંસ્થાનું કાર્યાત્મક મહત્ત્વ વ્યક્ત થાય છે.*

## 14.6 તમારી પ્રગતિ ચકાસો

**ક. મોટા પ્રશ્નો**

1. *લગ્નનો અર્થ આપી લગ્નના હેતુઓ જણાવો.*

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

2. *લગ્નસંસ્થાનું મહત્ત્વ સવિસ્તાર સમજાવો.*

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

**(ખ )યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

**1. માનવસમાજની મૂળભૂત અને પ્રાચીન સામાજિક સંસ્થા કઈ છે ?**
(A) *લગ્ન* (B) *જ્ઞાતિ* (C) *કુટુંબ*

**2. હિંદુ લગ્ન એક સંસ્કાર છે નીચેનામાંથી કયા સમાજશાસ્ત્રીએ કહ્યું ?**
(A) *કે. એમ. કાપડિયા* (B) *વેસ્ટરમાર્ક* (C) *કિંગ્સલે ડેવિસ*

**3. હિંદુ લગ્નના ઉદ્દેશોમાં સૌથી મહત્ત્વનો ઉદ્દેશ કયો છે ?**

(A) *ધર્મ* (B) *પ્રજા* (C) *રતિ*

**4. લગ્ન કયા આશ્રમનું પ્રવેશદ્વાર છે.**

(A) *વાનપ્રસ્થાશ્રમ* (B) *ગૃહસ્થાશ્રમ* (C) *બ્રહ્મચર્યાશ્રમ*

**1. લગ્ન સ્ત્રીઓ અને પુરુષોનો પારિવારિક જીવનમાં પ્રવેશ કરાવતી એક સંસ્થા છે.**

(A) *બોગાર્ડસ* (B) *રિવાર્સ* (C) *વેસ્ટરમાર્ક*

**2. હિંદુધર્મ અનુસાર કેટલા પુરુષાર્થ છે.**

(A) *બે* (B) *ત્રણ* (C) *ચાર*

**3. કુટુંબ રચનાનું આવશ્યક ચરણ છે.**

(A) *જ્ઞાતિ* (B) *લગ્ન* (C) *ધર્મ*

**(ખ ) ના જવાબો.**

**1.** (C) *કુટુંબ*
**2.** (A)*કે.એમ. કાપડિયા*
**3.** (B) *પ્રજા*
**4.** (B) *ગૃહસ્થાશ્રમ*
**5.** (C) *વેસ્ટરમાર્ક*
**6.** (C) *ચાર*
**7.** (B) *લગ્ન*

## 14.7 સંદર્ભ સૂચિ

1. *વાઘેલા અનિલ એસ.– લગ્ન, કુટુંબ અને સગપણ સંબંધ (રક્ત સંબંધ)* (2005) *યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ*
2. *રાવ હેમીક્ષાબેન અને દવે હર્ષિદાબેન– લગ્ન, કુટુંબ અને સગપણ સંબંધો* (2005 – 2006) – *ક્રિએટીવ પ્રકાશન*
3. *દવે જે. કે. અને શાહ એ. જી. – ભારતમાં સમાજ – માળખું અને પરિવર્તન* (2004 – 2005) *અનડા પ્રકાશન.*
4. *શાહ એ. જી. અને દવે જે. કે. – ભારતની સામાજિક સંસ્થાઓનો પરિચય* (1992) *અનડા પ્રકાશન.*
5. *શાહ એ. જી. અને દવે જે. કે. – સગપણ- સંબંધો, લગ્ન, કુટુંબ અને કુટુંબકલ્યાણ* (2006- 2007) *અનડા પ્રકાશન.*
6. *શાહ એ. જી . અને દવે જે. કે.– ભારતીય આદિવાસી સંસ્થાઓ* (2001) *અનડા પ્રકાશન.*
7. *લવાનિયા એમ. એમ.– વિવાહ કા સમાજશાસ્ત્ર* (2007) *રિસર્ચ પબ્લિકેશન જયપુર.*
8. *દવે જે. કે. "ભારતમાં સમાજ"* (2012-13), *અનડા પ્રકાશન.*

એકમ 15

# લગ્નસંસ્થાના પ્રકારો

**-: રૂપરેખા :-**

**15.0 ઉદ્દેશો**

**15.1 પ્રસ્તાવના**

**15.2 લગ્નના અર્થની સમજૂતી**

**15.3 લગ્નના પ્રકારો**

**15.4 સારાંશ**

**15.5 તમારી પ્રગતિ ચકાસો**

**15.6 સંદર્ભ સૂચિ**

## 15.0 ઉદ્દેશો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,*

- *લગ્ન સંસ્થાને સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી સમજી શકશો.*
- *લગ્નનાં અર્થની સમજૂતી મેળવી શકશો.*
- *લગ્નનાં પ્રકારો વિષયક માહિતી મેળવી શકશો.*

## 15.1 પ્રસ્તાવના

*જન્મ વિકાસ અને મૃત્યુ એ એક કુદરતનો નિયમ છે. માનવી કુદરતના આ નિયમને આધીન છે તેથી દરેક સમાજમાં જન્મ દ્વારા નવા સભ્યો આવે છે અને મૃત્યુને કારણે એ સમાજમાંથી છૂટા થાય છે. કુદરતના આ નિયમમાંથી કોઈ પણ માનવી અથવા સમાજ બાકાત નથી. લગ્નસંસ્થા માનવસમાજના સ્ત્રી-પુરુષ વચ્ચેના જાતીય સંબંધોનું નિયમન કરી સમાજને સ્વીકૃતિ હોય એવી રીતે વંશવૃદ્ધિ દ્વારા સમાજને નિરંતર નવા સભ્યો મળતા રહે તે માટેની એક માનવસર્જિત વ્યવસ્થા છે. માનવીના શારીરિક જાતીય ભાવનાઓને સમાજોપયોગી રીતે એટલે કે લગ્ન સંસ્થા નિયંત્રિત કરી સમાજની વ્યવસ્થા અને નિરંતરતા જાળવી રાખવા માટેની એક સામાજિક પ્રયુક્તિ છે. તેનું અસ્તિત્વ આ અર્થમાં સાર્વત્રિક છે. જો કે બધા જ સમાજોમાં તેના સ્વરૂપ અને પ્રકારો થોડે ઘણે અંશે અલગ પડે છે. લગ્નસંસ્થામાં સમાજે-સમાજે અને જ્ઞાતીએ – જ્ઞાતીએ જોવા મળતી વિવિધતા મુખ્યત્વે જે – તે સમાજમાં પ્રવર્તમાન લગ્ન અંગેની સામાજિક અને પોત – પોતાની ધાર્મિક માન્યતા, લગ્નસાથીની પસંદગી માટેની પદ્ધતિ અને લગ્નસંસ્થા હેઠળ જોડાઈ શકે એવા સ્ત્રી-પુરુષની સંખ્યા વગેરે બાબતો પર આધાર રાખે છે.*

## 15.2 લગ્નના અર્થની સમજૂતી

*સ્ત્રીઅને પુરુષ વચ્ચે પતિ-પત્ની તરીકેના સંબંધોને સમાજ અને કાયદાની સ્વીકૃતિ કરતી પ્રથા એટલે લગ્ન. પ્રસિદ્ધ વિદ્વાન વેસ્ટર માર્ક જુદા જુદા સમાજોમાં લગ્નસંસ્થાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી લગ્નની વ્યાખ્યા આપી જણાવે છે કે 'લગ્ન એ એક કે વધારે પુરુષોનો, એક કે વધારે સ્ત્રીઓ સાથેનો સંબંધ છે અને સમાન રિવાજો કે કાયદા દ્વારા આવા સંબંધોનો સ્વીકાર થતો હોય છે. વધુમાં તે જણાવે છે કે, આ રીતે લગ્ન કરનાર વ્યક્તિઓના એક બીજા પ્રત્યે અને તેમનાં બાળકો પરત્વેનાં હક્કો અને ફરજો પણ સમાજ દ્વારા સૂચવાયેલા હોય છે. આ વ્યાખ્યામાં દુનિયાના સર્વે સમાજોમાં હોય છે. પ્રવર્તમાં લગ્નસંસ્થાનો અર્થ સમાઈ જાય છે. ટૂંકમાં ઉપર્યુક્ત વ્યાખ્યા પરથી લગ્નસંસ્થાનો નીચે મુજબના મુદ્દાઓ તારવી શકાય.*

1. *લગ્ન એ એક અથવા વધારે પુરુષોના એક કે વધારે સ્ત્રીઓ વચ્ચે પતિ-પત્ની તરીકેનો દરજ્જો નક્કી કરતી સંસ્થા છે.*
2. *લગ્નસંસ્થા હેઠળ જોડાયેલા પુરુષો અને સ્ત્રીઓ વચ્ચેનું જાતીય સંબંધો સમાજ અને કાયદા દ્વારા સ્વીકૃત થયેલા હોય છે.*
3. *આવા સંબંધોથી ઉત્પન્ન થતાં સંતાનને સમાજની સ્વીકૃતિ મળે છે અને બાળકોને પિતા અથવા માતા તરફથી સામાજિક દરજ્જો તથા વંશ પ્રાપ્ત થાય છે.*
4. *પતિ અને પત્ની તરીકેના સંબંધોનો જ્યાં સુધી સમાજ સ્વીકૃતિ હોય એવી રીતે વિચ્છેદ ન થાય ત્યાં સુધી તે કાયમી રહે છે.*
5. *પતિ અને પત્ની પારસ્પારિક અને પોતાના બાળકો પ્રત્યે ભરણપોષણ, બાળઉછેર અને કૌટુંબિક બાબતોમાં કેટલીક જવાબદારી અને હક્કો ધરાવતાં હોય છે. આથી જવાબદારી તથા હક્કો, જે તે સમાજના રિવાજો અથવા ધાર્મિક માન્યતા દ્વારા સ્પષ્ટ કે વાલીઓ પ્રવૃત્તિશીલ રહે તેવી પરંપરા ચાલી આવી છે. બંને પક્ષના વડીલોને બંને પાત્રો પસંદ પડે તે પછી સંમતિ માટે તેઓને પૂછવામાં આવે છે તેવો જ રિવાજ ચાલ્યો આવે છે. નિમ્ન સ્તરની જ્ઞાતિઓમાં વડીલો જેને પસંદગી આપે તે જ સ્વીકારવાની રૂઢિ અને પરંપરા રહી છે. તેમાં વર-કન્યા એક બીજાને લગ્ન પછી જ મળી શકતાં એવું બન્યું છે. ઘણી વખત પાછળથી પરસ્પરને પસંદ પણ પડતાં હોય તો પણ જીવનપર્યંત ગૃહસ્થ જીવન જીવતાં રહ્યાં છે.*

*વિભિન્ન સમાજોમાં પ્રાપ્ત વૈવાહિક વ્યવસ્થાઓમાં કેટલાક આધારો પર પ્રકારો પાડવામાં આવ્યા છે. સમગ્ર સમાજને વિસ્તૃત પરંપરાઓથી તપાસીએ તો સંપ્રદાય, જ્ઞાતિઓ કે કોમના તમામ સ્તરે લગ્ન ક્ષેત્રના નિયમો અને મૂળભૂત શાસ્ત્રીય માન્યતાઓ સ્વીકારવામાં આવ્યા છે. આમાં જીવનસાથીની પસંદગી સંબંધે કેટલાક નિયમો જોવા મળે છે. વિભિન્ન પ્રકારોને વ્યવસ્થિત અને નિયંત્રિત કરે છે.*

## 15.3 લગ્નના પ્રકારો

*હિંદુ સમાજે લગ્નને એક સંસ્કાર માન્યો હોઈ વર અને કન્યાની સગાઈ અગાઉ એક બીજાના કુળની પરંપરાઓ તથા સંસ્કારોને તપાસવા માતા-પિતા જીવનસાથીની સંખ્યાના આધારે જીવનસાથીની પસંદગીના નિયમને આધારે આંતરલગ્ન અને બહિર્લગ્ન માટેના નિયમો જોવા મળે છે.*

### 1. આંતરલગ્ન (Endogamy)

*લગ્નનો એક નિયમ જે અનુસાર વ્યક્તિઓ પોતાના સમૂહ, જાતિ, ધર્મ, પ્રજાતિ વગેરેમાં લગ્ન કરવા માટે ભેગા થવું પડે છે. તે આંતરલગ્ન કહેવાય છે. આ નિયમ અનુસાર એક હિંદુએ પોતાની જાતિમાં લગ્ન કરવા અનિવાર્ય હોય છે.*

*આંતરલગ્ન એવો નિયમ છે જેના દ્વારા લગ્ન ક્ષેત્રની બાહ્ય સીમાને નિશ્ચિત કરવામાં આવે છે. આંતરલગ્નનો નિયમ હિંદુ જાતિનો આધાર છે પ્રત્યેક જાતિના સભ્યો પોતાની જાતિમાં લગ્ન કરવા માટે બંધાયેલા હોય છે. એ સંતાનને સમાજમાં આદરનું સ્થાન મળતું નથી. આદિવાસીઓમાં પણ આંતરલગ્નનો નિયમ સર્વમાન્ય છે. પરંતુ જેમ શિક્ષણનો વિકાસ થતો ગયો તેમ ધીમે ધીમે આ બંધનો નબળા પડતાં ગયા.*

*આંતરલગ્ન માટે અંગ્રેજીમાં* Endogamy *શબ્દ વપરાય છે. જે ગ્રીક શબ્દનો બનેલો છે. '*End*' નો અર્થ* Within *એટલેકે અંદર તથા* gamy*નો અર્થ લગ્ન કરવા એવો થાય છે. આંતરલગ્નનો સંપૂર્ણ અર્થ પોતાના નિશ્ચિત સમૂહની અંદર લગ્ન કરવા એવો થાય છે. સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી આંતરલગ્નનો અર્થ થાય છે કે એક વ્યક્તિ જે વિશષ્ટ સમૂહનો સભ્ય છે એ સમૂહમાં લગ્ન કરી શકે છે. આ સમુહની બહાર લગ્ન કરતાં નથી. આ નિયમ પ્રમાણે જીવનસાથીની પસંદગી પોતાના સમૂહમાંથી કરવાની હોય છે. વૈદિક તથા ઉત્તરવૈદિક કાળમાં દ્વિજ આંતવિર્વાહી સમૂહ હતા. બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય દ્વિજ હતા તથા આને એક જ વર્ણના માનવામાં આવતા હતા. શુદ્ર વર્ણ આનાથી અલગ હતો તથા આને દ્વિજ માનવામાં આવતો ન હતો. ધીમે ધીમે એક વર્ણની કેટલીક જાતિ તથા પેટા જાતિમાં લગ્ન કરવા લાગ્યા. આંતરલગ્ન પ્રથામાં વિકસિત થઈ સમાજમાં લગ્નના પ્રતિબંધો વધુ કઠોર થતાં ગયા તથા સમૂહના સ્તરે આંતરલગ્નના પ્રતિબંધોના કેટલા સ્વરૂપો જોવા મળ્યા. વ્યક્તિ પોતાની જાતિ, પેટા જાતિ, પ્રજાતિ, વર્ગ, ધર્મ, ક્ષેત્ર, ભાષા વગેરેને ધ્યાનમાં રાખીને સીમિત સમૂહોમાં લગ્ન કરવા લાગ્યા.*

*આ રીતે સમૂહ આંતરલગ્ન સમૂહ બની ગયાં તથા વર-વધુની પસંદગીના ક્ષેત્ર સીમિત તથા સંકુચિત થતાં ગયાં. આંતરલગ્નના વિવિધ પ્રકારોમાં વિભાગીય અથવા જનજાતીય આંતરલગ્ન, જાતિ આંતરલગ્ન,વર્ગ આંતરલગ્ન, પેટા જાતિ આંતરલગ્ન તથા પ્રજાતિ આંતરલગ્નનો સમાવેશ થાય છે.*

*આંતરલગ્નના કારણોમાં અલગતાનીતિ, સંપત્તિનું વિભાજન થતું અટકાવવું, સંખ્યાની શક્તિને હાનિ થતી અટકાવવી, ધર્મની ભિન્નતાને કારણે પ્રજાતિ અથવા સંસ્કૃતિના તફાવતને કારણે ઊંચ – નીચનો ભેદભાવ તથા ભૌગોલિક અલગતાનો સમાવેશ થાય છે.*

*આંતરલગ્નને લીધે સમૂહમાં એકતાની ભાવના જળવાઈ રહે છે, સ્ત્રીઓ સુખી રહે છે. સમૂહની સંપત્તિના વિભાજન પર બીજાને અધિકાર મળતો નથી. સમૂહના વ્યાવસાયિક રહસ્ય ગુપ્ત રહે છે. સમૂહની શુદ્ધતા જળવાઈ રહે છે આવા અનેક કાયદા આંતરલગ્નને કારણે થાય છે.*

*આંતરલગ્નને કારણે રાષ્ટ્રીય એકતા છિન્નભિન્ન થઈ જાય છે. કારણકે સમૂહવાર વધે છે આનાથી જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર મર્યાદિત બની જાય છે. બીજા સમૂહો પ્રત્યે ઈર્ષા અને દ્વેષ વધે છે. ભારતમાં જાતિવાદ તથા જ્ઞાતિવાદની કુરીતિનું મૂળ કારણ આંતરલગ્ન છે.*

*વર્તમાનકાળમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હિતની દૃષ્ટિએ આંતરલગ્નનું બંધન તોડવું સામાન્ય બની ગયું છે. દહેજની પ્રથાને કારણે તેના માઠાં પરિણામો કન્યાને ભોગવવા પડે છે. ક્યારેક ક્યારેક લગ્ન વય ધરાવતી છોકરીઓને આત્મહત્યા કરવા તરફ લઈ જાય છે. કજોડાં લગ્ન અને મોટી વયે થતાં લગ્નને કારણે સમાજમાં વ્યભિચાર ફેલાય છે. આ બધાનો અંત લાવવાનો એક માત્ર ઉપાય આંતરલગ્નની પ્રથાને સમાપ્ત કરવાનો છે. વાસ્તવમાં આંતરલગ્નનું બંધન ફક્ત રક્ત સંબંધીઓ માટે જ ઉપયોગી છે. અન્ય બધા પ્રકારના આંતરલગ્નના બંધનો દૂર થવા જોઈએ. આધુનિક પાશ્ચાત્ય શિક્ષણ બને સભ્યતાનો પ્રભાવ પડવાથી હવે આંતરલગ્નના બંધનો તૂટવા લાગ્યા છે.*

- **આંતરલગ્નના નિયમો :-**

*અમુક ક્ષેત્રમાંથી જ જીવનસાથીની પસંદગી થઈ શકે તેવાં નિયમને આંતરલગ્ન કહેવાય.*

*પેટ્રીશિયા ઉબેરોઈ આંતરલગ્નની વ્યાખ્યા આપતાં નોધે છે તેમ "કયા જૂથમાં લગ્ન થઈ શકે તે નક્કી કરતા નિયમોને આંતરલગ્ન કહેવાય, તેમજ કેટલીકવાર અમુક ચોક્કસ કક્ષાના સગા સાથેનાં લગ્નસંબંધને પસંદગી આપવામાં આવે છે" આ નિયમોમાં નીચે મુજબના નિયમોનો સમાવેશ થાય છે.*

1. *જ્ઞાતિ આંતરલગ્ન*
2. *ગ્રામ કે પ્રાદેશિક આંતરલગ્ન*
3. *પસંદગી વિષયક લગ્નો : આમાં નીચેના નિયમોનો સમાવેશ થાય છે.*
    I. *કઝિન મેરેજ (ભાઈ –બહેનના સંતાનોના લગ્ન)*
    II. *દિયરવટું*
    III. *સાળીવટું*

IV. *અનુલોમ લગ્ન*

## 2. બહિર્લગ્ન (Exogamy)

*બહિર્લગ્ન એક પ્રથા નિયમ અથવા ચલન જે અનુસાર એક વ્યક્તિને સ્થાનિક રૂપથી પરિભાષિત તથા અનુમોદિત સંબંધોની સીમા જેવાંકે પરિવાર, ગોત્ર, પ્રજાતિ વગેરેની બહાર લગ્ન કરવા આવશ્યક છે. આ નિયમ અનુસાર એક વ્યક્તિ પોતાના વંશ અથવા ગોત્ર સમૂહમાં વિવાહ કરી શકતો નથી.*

*ભારતની ગોત્ર ચિન્હોવાળી અનેક જનનીતિઓમાં જેને ગોત્ર સમૂહોમાં વિભાજિત કરી શકાય છે. સગોત્ર સભ્યો વચ્ચે લગ્ન વર્જ્ય છે. સંસારના જેટલા માનવ સમાજોના વિષયમાં જાણકારી પ્રાપ્ત થાય છે. તે બધામાં આ પ્રકારની એક આંતરિક સીમારેખા છે. જેની અંદર આવતા સભ્યોમાં પરસ્પર લગ્ન અને યોન સંબંધોનો નિષેધ છે. આને બહિર્લગ્ન કહે છે અને જેના નિયમ પર આ આધારિત છે. અને બહિર્લગ્ન નિયમ (*Rules of Exogamy*) કહે છે.*

*બહિવિર્વાહ માટે અંગેજીમાં* Exogamy *શબ્દ વપરાય છે.જે ગ્રીક ભાષાના શબ્દોથી બનેલો છે.* Exo*નો અર્થ* OutSide *અર્થાત્ બહારનો અર્થ* Gamy *થાય છે. બહારના લોકોમાં લગ્ન કરવા પ્રત્યેક સમાજમાં નજીકના સંબંધીઓ સાથે લગ્ન કરવા નિષેધ છે જેમકે ભાઈ-બહેન, માતા-પુત્ર, પિતા-પુત્રી વગેરે બહિવિર્વાહનું તાત્પર્ય છે કે એક વ્યક્તિ પોતાના નિકટના સંબંધીઓના સમૂહની બહાર વિવાહ કરે છે. હિંદુઓમાં બહિવિર્વાહની પ્રથા તથા નિષેધોના અનુસાર વ્યક્તિ એકાંકી પરિવાર સંયુક્ત પરિવાર, વંશ, ગોત્ર, અપ્રવર અને સપિંડ સમૂહોની બહાર લગ્ન કરી શકે છે. બહિર્લગ્નના નિયમની પ્રત્યેક કન્યાએ અને વરે પોતાના વર્ણના ગોત્ર પ્રવર, સપિંડ પ્રવરની બહાર લગ્ન કરવાના રહે છે. ધર્માચાર્યોએ લોહીની સગાઈ સંબંધોની પવિત્રતા, કામવૃત્તિનો અંકુશ, નિકટવર્તી સ્થિરતા વગેરે પાળી શકતાં સમજાવેલા છે. મનસ્મૃતિના આદેશ પ્રમાણે પિતાના પક્ષેથી સાત પેઢી અને માતાના પક્ષેથી પાંચ પેઢી સુધીના સગોત્ર લગ્નસંબંધને નિષેધ રાખવાના છે. પિતા પક્ષના સંતાનો સગોત્રી ભાઈ બહેનો અને માતા પક્ષના સંતાનો ભિન્ન ગોત્રી સંબંધના ભાઈ બહેનો ગણાવ્યા છે. એ ભાવનાથી નિકટના સંબંધોમાં અસામાજિક ઘટનાઓથી સમાજને બચાવી લેવાયેલો છે.*

*બહિર્લગ્નના નિયમના અન્ય સ્વરૂપોમાં સગોત્ર બહિર્લગ્ન, ટોટમ બહિર્લગ્ન, સપ્રવર બહિર્લગ્ન, સપિંડ બહિર્લગ્ન, પ્રાદેશિક બહિર્લગ્ન, વિભાગીય બહિર્લગ્ન, વંશ બહિર્લગ્ન, ગોત્ર બહારના લગ્ન સ્થાન બહિર્લગ્નનો સમાવેશ થાય છે. બહિર્લગ્નના કારણે વિભિન્નસમૂહોનો સંપર્ક થાય છે અને આદાન પ્રદાન વધે છે. જૈવકીય દષ્ટિએ પણ સારુ માનવામાં આવે છે. આનાથી સંતાનો બુદ્ધિમાન અને તેજસ્વી થાય છે. કારણકે એમાં રક્ત સંબંધો નથી હોતાં આ તેના લાભો છે.*

*બહિર્લગ્નથી પસંદગીનું ક્ષેત્ર સંકુચિત અને મર્યાદિત થઈ જાય છે. આને કારણે દહેજની સમસ્યા ઉદ્દભવે છે. દેવું કરીને દહેજ આપે તો પણ કન્યાને સુખી રાખતા નથી. સસરાવાળા વધુ દહેજની માંગણી મૂકે છે. અને જો માંગણી ન સંતોષાય તો કન્યાને યાતના સહેવી પડે છે. આને કારણે અનેક કન્યાઓ આત્મહત્યા કરવા પ્રેરાય છે. જો માં-બાપ દહેજ ન આપે તો કજોડા લગ્ન કરવા મજબુર બને છે. આવી અનેક મુશ્કેલીઓ નડે છે.*

**બહિર્લગ્નના નિયમો :**

*આ નિયમોમાં નીચે મુજબના નિષેધાત્મક નિયમોનો સમાવેશ થાય છે.*

1. *સમાન રૂધિર લગ્નનિષેધ*
2. *સપિંડ લગ્નનિષેધ*
3. *સગોત્ર લગ્નનિષેધ*
4. *સપ્રવર લગ્નનિષેધ*
5. *પ્રતિલોમ લગ્નનિષેધ*


**15.3.2 સાથીની સંખ્યાના આધારે કે પતિ કે પત્નીની સંખ્યાના આધારે લગ્નના નીચે મુજબ બે પ્રકાર છે. જેને લગ્નના સ્વરૂપો પણ કહેવામાં આવે છે.**

1. *એકસાથી લગ્ન*
2. *બહુસાથી લગ્ન*

**બહુસાથી લગ્નના બે પેટા પ્રકાર નીચે મુજબ છે :-**

I. *બહુપત્ની લગ્ન*
II. *બહુપતિ લગ્ન*

*બહુપતિ લગ્નના બે પેટા પ્રકાર છે. એક ભ્રાતૃકીય બહુપતિ લગ્ન અને બીજું અ ભ્રાતૃકીય બહુપતિ લગ્ન જેને આકૃતિમાં નીચે મુજબ દર્શાવી શકાય.*




**1. એકસાથી લગ્ન :- એક પતિ-પત્ની લગ્ન (Monogamy)**

*એકસાથી લગ્ન પ્રથામાં સ્ત્રી અથવા પુરુષ એકી સમયે એક પુરુષ અથવા એક સ્ત્રી સાથે લગ્ન કરી શકે છે. વધુ સ્પષ્ટ રીતે કહીએ તો આ પ્રકારમાં એકી*

*સમયે કોઈપણ પરિણીત સ્ત્રી અથવા પરણિત પુરુષ અનુક્રમે એક જ પતિ અથવા એક જ પત્ની હયાત હોય છે. જ્યાં સુધી પ્રથમનું લગ્ન અસ્તિત્વમાં હોય ત્યાં સુધી બીજું લગ્ન કરી શકાતું નથી. જીવનસાથીનું અવસાન થાય અથવા કાનૂન કે સામાજિક પ્રથા દ્વારા માન્ય એવા છૂટાછેડા લગ્નસંબંધોનો અંત આવે ત્યારબાદ જ સ્ત્રી પુરુષ બીજું લગ્ન કરી શકે છે.*

*વિશ્વના મોટાં ભાગના સમાજમાં એકસાથી લગ્નપ્રથા છે. પ્રાચીન ભારતના હિંદુઓમાં બહુપત્ની લગ્ન સમાજ માન્ય હતું. કાપડિયા કહે છે તેમ વૈદિક આદર્શ એક પતિ પત્ની લગ્નની તરફેણમાં રહ્યો હતો. ઋગ્વેદના મંત્રોમાં પણ લગ્નના બંધનને પવિત્ર ગણીને પતિ પત્નીની પરસ્પર વફાદારી ઉપર ભાર મુકવામાં આવ્યો છે. ઋગ્વેદમાં પુરુષને એકથી વધુ પત્નીઓ હોવાના અનેક ઉલ્લેખો મળે છે. મનુએ પણ અમુક વિશિષ્ટ સંજોગોમાં જ (પુત્ર ન હોય તો) પુરુષને એકથી વધુ પત્નીઓ કરવાની છૂટ આપી છે. આમ છતાં બહુપત્ની લગ્નો સર્વસામાન્ય પ્રથા તરીકે પ્રવર્તતા નહોતા. ઉત્તર વૈદિકયુગમાં બ્રાહ્મણ લેખકોએ બહુપત્નીપ્રથાને હંમેશા એક અપવાદ તરીકે જ દર્શાવેલ હતી. જો પત્ની ધાર્મિક વિધિઓમાં ભાગ લઈ શકતી હોય અને પુત્રને જન્મ આપતી હોય તો પુરુષે બીજી સ્ત્રી સાથે લગ્ન કરવાની જરૂર રહેતી નથી. વૈદિક પરંપરામાં અને ઉક્તિઓમાં બહુપત્ની લગ્ન પ્રથા પ્રવર્તમાન હતી તેવા પુરાવાઓ મળતા હોવા છતાં ઉત્તર વૈદિક અને પ્રારંભિક સ્મૃતિઓના કાળમાં બહુપત્ની લગ્નપ્રથા પ્રવર્તમાન હતી. તેમ કહી શકાય એમ નથી.*

*પ્રાચીન ભારતમાં શાસ્ત્રકારોએ બહુપત્ની લગ્ન અમુક સંજોગોમાં જ સ્વીકાર્ય ગણ્યુ હતું. આમ છતાં એક પતિ-પત્ની લગ્નને આદર્શ પ્રકાર તરીકે સમાજ આગળ રજૂ કરવામાં આવતો. બહુપત્ની લગ્ન પ્રથા માન્ય હોવાથી અમીર ઉમરાવ કે શાહી કુટુંબોમાં જ મુખ્યત્વે તેનું પ્રચલન હતું. સમાજના અન્ય વર્ગોમાં સંસ્કૃત અને સભ્ય સમાજોના એકપતિ પત્ની લગ્ન-પ્રકાર પ્રવર્તતો હતો. વર્તમાન ભારતમાં તો ૧૯૫૫ ના હિંદુ લગ્નના કાયદાથી હિંદુઓમાં એકપતિ – પત્ની લગ્નનો માત્ર એક જ પત્નીની હયાતીમાં બીજી પત્ની કરવા ઉપર અને એક પતિની હયાતીમાં બીજો પતિ કરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે. એટલું જ નહીં આવું બીજી વખતનું લગ્ન ગેરકાનૂની હોઈ તે રદબાતલ ગણાય છે અને તેમાથી જન્મેલા બાળકો પણ ગેરકાયદેસરના ગણતાં હોઈ કૌટુંબિક મિલકતમાં અધિકૃત વારસદાર બની શકતા નથી.* 1955 *નો કાયદો માત્ર હિન્દુઓને જ લાગુ પડે છે. મુસ્લિમ સમાજમાં ૪ સુધી પત્નીઓ કરવાની છૂટ હોવાથી ભારતના મુસ્લિમો આજે પણ બહુપત્ની પ્રથા તેમના સમાજ કાનૂન અને ધર્મ દ્વારા માન્ય ગણાય છે. પરંતુ મોટાં ભાગના મુસ્લિમો એકપત્ની પ્રથાને અનુસરે છે.*

**2. બહુસાથી લગ્ન (Polygamy)**

*એક સમયમાં એકથી વધુ સાથી વિવાહને બહુસાથી લગ્ન કહે છે. અર્થાત્ એક સમયમાં પતિ જયારે એક થી વધુ પત્નીઓ રાખે છે અથવા પત્ની એક થી વધુ પતિ રાખે છે તો તેને બહુસાથી પ્રથા કહેવાય છે. વિવિધ સમાજોમાં ક્યારેક એક પુરુષ એકથી વધુ લગ્ન કરવા અથવા એક સ્ત્રીને એકથી વધુ પતિ હોવાની સ્થિતિ સંયુક્ત રૂપથી બહુવિવાહ*

*કેહેવામાં આવે છે જ્યારે પતિ અથવા પત્નીઓની સંખ્યા એક કરતાં વધારે હોય છે ત્યારે આવા લગ્નને બહુસાથી અથવા એના આધાર પર બનેલા પરિવારને બહુવિવાહી કુટુંબ કહે છે. બહુવિવાહી પરિવારોમાં એકથી વધુ યૌનસાથી સ્વીકૃતિ હોય છે. બહુસાથી લગ્નના પેટા પ્રકારોમાં બહુપત્નીત્વ બહુપતિત્વનો સમાવેશ કરવામાં આવે છે.*

**I. બહુપત્નીત્વ (Polygamy) લગ્નપ્રથા :**

*લગ્નનું એક સ્વરૂપ જેમાં એક પુરુષ એક સમયમાં એકથી વધુ સ્ત્રીઓની સાથે લગ્ન કરી શકે છે તથા એકથી વધુ પત્નીઓ રાખી શકે છે. બહુપત્નીત્વવાળા પરિવારો મુસ્લિમ દેશો, ભારત અને પૂર્વના દેશોમાં જોવા મળે છે. લગ્નનો આ પ્રકાર ભારતમાં વૈદિક સમયથી માંડીને આધુનિક સમય સુધી જોવા મળે છે. આ બાબતે એક માન્યતા એવી હતી કે સમુદાયમાં સ્ત્રીઓની સંખ્યા વધુ હોવાને કારણે જ બહુપત્ની લગ્નની પ્રથાનું પ્રચલન વધ્યું હતું. પરંતુ આધુનિક અભ્યાસો આ માન્યતાને ભ્રામક બતાવે છે. મરડોક નામના માનવશાસ્ત્રીના અભ્યાસમાં જોવા મળ્યું છે કે લગભગ 70 ટકા સમાજમાં બહુ પત્નીત્વની પ્રથા પ્રચલિત છે. એમાં સ્ત્રી-પુરુષની સંખ્યામાં કોઈ વિશેષ તફાવત નથી. પૂર્વ ભારતની અને મધ્ય ભારતની કેટલીક આદિવાસી જાતિઓમાં બહુપત્ની વિવાહ પ્રથા જોવા મળે છે. જેમાં ખાસી નાગા, ગોબૈગા વગેરેનો સમાવેશ થાય છે. આની પાછળનું કારણ આર્થિક બાબત છે. આદિવાસી સમુદાયોને પોતાના જીવનનિર્વાહ મત જંગલો પર આધા રાખવો પડતો, જેના સંગ્રહ માટે એકથી વધુ વ્યક્તિઓની જરૂર પડતી એટલે આ પ્રથા ચલણમાં આવી હશે. જે લોકો કહેતી સાથે સંકળાયેલા હતા તેમને ખેતીના વિવિધ કાર્યમાં એકથી વધારે સ્ત્રીઓની જરૂર પડતી હતી એટલે આ પ્રથા ચલણમાં આવી હશે. જે લોકો ખેતી સાથે સંકળાયેલા હતા તેમને ખેતીના વિવિધ કાર્યમાં એકથી વધારે સતીઓની જરૂર પડતી હતી એટલે આ પ્રથા અમલમાં આવી હશે. કેટલાક અભ્યાસો દર્શાવે છે કે જ્યાં બહુપત્નીત્વની પ્રથા આપનાવવામાં આવી છે ત્યાં સ્ત્રીઓની વચ્ચે સહકાર અને સહાનુભૂતિનું વાતાવરણ સચવાય છે. પરંતુ આજે પરિસ્થિતિ જુદી છે. વધુ પૈસાદાર વ્યક્તિઓમાં બહુપત્નીત્વ પ્રથાનું પ્રચલન વધારે છે. વધુ મૂલ્ય ન આપી શકવાને પણ આ પ્રથા અમલી બની હશે. જે સમાજમાં બહુપત્ની લગ્નની પ્રથા વિદ્યમાન છે તે તેમની પ્રતિષ્ઠાનું દ્યોતક છે. જે વ્યક્તિ વધુ પત્ની રાખે તેનામાં પાલન પોષણની અને તેમના દ્વારા પેદા થતાં સંતાનોના ભરણપોષણની જવાબદારી ઉપાડવાની સામર્થતા છે એટલેકે જેમ પત્નીની સંખ્યા વધારે તેમ સામાજિક પ્રતિષ્ઠા ઊંચી એવી માન્યતા જોવા મળે છે. વધુ પત્નીઓ શ્રેષ્ઠતા અને સંપન્નતાનું પ્રતીક માનવામાં આવે છે. નાગા જનજાતિમાં એક કરતાં વધુ પત્નીઓનું હોવું શૂરવીરતા અને પુરુષત્વનું પ્રતીક સમજે છે. દુશ્મનોનું આક્રમણ થાય ત્યારે ધન દોલત લૂંટવા માટે આ સ્ત્રીઓ ઉપયોગી થાય છે. નિરંતર યુદ્ધઅને સંઘર્ષની સ્થિતિમાં શૌર્ય અને પરાક્રમ જેવા સાંસ્કૃતિક મૂલ્ય પ્રોત્સાહિત થયા હોઈ આ પ્રથાનું ચલણ વધ્યું હોય એમ લાગે છે. કેટલીક ઉચ્ચ જ્ઞાતિઓમાં પણ આ પ્રથા અપનાવવામાં આવતી હતી. જેમકે બંગાળના કુલીન બ્રાહ્મણો, ગુજરાતના ભીલોમાં પણ આ પ્રથા જોવા મળે છે. ટૂંકમાં બહુપત્નીત્વ પ્રથા સામાજિક દરજ્જા માટે આર્થિક બાબતો*

*માટે પણ પ્રાપ્તિ અર્થે તેમજ ગૃહ કાર્યોમાં મદદરૂપ બની શકે તે આશયથી અસ્તિત્વમાં આવી હશે એવું મનાય છે.*

*બહુપત્ની લગ્નના કેટલાક કારણો જોવા મળે છે. જેમકે હિંદુઓમાં પુત્રનું મહત્ત્વ, સામાજિક પ્રતિષ્ઠા મેળવવા માટે, કુલીન લગ્ન પ્રથાનું પ્રચલન, સ્ત્રીઓનો નીચો દરજ્જો અને સ્ત્રી – પુરુષનું કૃત્રિમ અસમાન પ્રમાણ વગેરે વિવિધ કારણો આ પ્રથાના ઉદ્દભવ માટે જવાબદાર છે.*

**II. બહુપતિત્વ (Polyandry)**

*એક સ્ત્રીનું એકથી વધુ પતિ સાથેનું લગ્ન તેને બહુપતિત્વ તરીકે ઓળખવામાં આવે છે. એક સ્ત્રીના એક સમયમાં જ્યારે અનેક પુરુષ હોય અથવા કેટલાક પુરુષો મળીને એક સમયમાં એક પત્ની રાખતાં હોય ત્યારે આ પ્રથા બહુપતિત્વ કહેવાય છે. માઈકલના શબ્દોમાં એક સ્ત્રી દ્વારા એક પતિના જીવિત હોવા છતાં અન્ય પુરુષોની સાથે લગ્ન કરવા અથવા એ જ સમયમાં બે કે તેથી વધુ પુરુષો સાથે લગ્ન કરવા બહુપતિ લગ્ન કહેવાય છે. ભારત, ઉત્તર અમેરિકા અને આફ્રિકાના કેટલાક પ્રદેશોમાં આજે પણ આ પ્રથા જોવા મળે છે. લોવી* (Lowie) *એ એસ્કિમો લોકોની આ પ્રકારની પ્રથાનો અભ્યાસ કરીને બતાવ્યું છે કે ત્યાં આ પ્રથાનું મૂળ કારણ એ લોકોની અર્થવ્યવસ્થા છે. એસ્કિમો લોકોને પોતાના જીવનનિર્વાહ માટે વધારે પ્રાકૃતિક સંઘર્ષ કરવો પડે છે. સ્ત્રીઓ અશક્ત હોવાને કારણે સંઘર્ષ કરવામાં બરાબર નથી રહેતી એટલે એને બોજ માનીને એની હત્યા કરી દેવામાં આવે છે. સમાજમાં સ્ત્રીઓની સંખ્યા ઓછી હોવાને કારણે ત્યાં બહુપતિ પ્રથાનું પ્રચલન છે. પૂર્વ આફ્રિકાની વારુ જનજાતિમાં બહુપતિ પ્રથાનું પ્રચલન છે. તેની પાછળનું કારણ આર્થિક વ્યવસ્થા છે. ત્યાં જ્યારે એક વ્યક્તિ આવશ્યક વધુ મૂલ્ય ચુકવવા અક્ષમ હોય છે તો બધા ભાઈઓ સાથે મળીને એક સ્ત્રી સાથે લગ્ન કરી લે છે. એ સ્ત્રી પર બધા ભાઈઓના એ સમય સુધી અધિકાર હોય છે. જ્યાં સુધી તે ગર્ભવતી ન થાય, ગર્ભવતી બન્યા પછી એ સ્ત્રી પર માત્ર એનો જ અધિકાર હોય છે જેની મદદ અન્ય ભાઈઓએ વધુ ધન ચુકવવા માટે કરી હોય, ઉત્તર અમેરિકાના રેડ ઈન્ડીયન્સ તેમજ અલકાન તટની જનજાતિઓમાં બહુપતિ લગ્નની પ્રથા અપનાવાય છે. ઉત્તર નાઈજીરિયાની ગ્વાસી જનજાતિનો અભ્યાસ કરીને મિકે* (Meak) *બતાવ્યું છે કે ત્યાં એક સ્ત્રીના અનેક પતિ હોય છે. તથા તેઓ અલગ - અલગ સ્થાને રહેતા હોય છે. બાળકો પર પ્રથમ પતિનો અધિકાર નથી હોતો માત્ર વાસ્તવિક પિતાનો જ અધિકાર હોય છે. વૈદિક કાળમાં આ પ્રથા જોવા મળતી ન હતી. પરંતુ એક અત્યંત જાણીતો દાખલો દ્રોપદીનો પાંડવો સાથેનાં લગ્નનો છે.*

**બહુ પતિત્વના બે પ્રકારો જોવા મળે છે.**

(i) *ભ્રાતૃક બહુપતિ વિવાહ* (Fraternal Polyandry)

(ii) *અભ્રાતૃક બહુપતિ વિવાહ* (Non Fraternal Polyandry)

**(i) ભ્રાતૃક બહુપતિ વિવાહ :-**

*આ પ્રકારના લગ્નમાં સગાં ભાઈઓ મળી એક સ્ત્રીને સાથે લગ્ન કરી લે છે. તથા તે એ બધા ભાઈઓની પત્ની બની જાય છે. ભારતમાં આ પ્રથા કેટલાક આદિવાસી સમૂદાયો જેવા કે જોનસાર, બાવરના ખાસી, ટોડા, ઈરવાન વગેરેમાં આ પ્રથા જોવા મળે છે. આ પ્રથાનું પ્રમાણ બહુ જ થોડું છે. મોટાભાઈ ઉપરાંત બીજા ભાઈઓ પણ તે ભાઈની પત્ની સાથે જાતીય સંબંધો રાખી શકે છે. એટલેકે કુટુંબનો મોટો ભાઈ લગ્ન કરે છે. અને તેની પત્ની બીજા ભાઈઓની પત્ની મનાય છે. આ ઉપરાંત બીજો ભાઈ પત્ની લાવે તો પણ તેની પત્ની બધાંની સહિયારી મિલકત મનાય છે.*

*ખાસી જનજાતિમાં લગ્ન ફક્ત મોટો ભાઈ કરે છે પરંતુ એની પત્ની બાકીના ભાઈઓની પત્ની મનાય છે. આ જનજાતિમાં નાનો ભાઈ પણ લગ્ન કરી શકે છે. એના લગ્ન કરવા ઉપરાંત એની પત્ની પણ બધા ભાઈઓની પત્ની મનાય છે. અર્થાત્ કોઈ ભાઈને અલગ પત્ની રાખવાનો અધિકાર નથી. કુટુંબમાં મોટાભાઈનું સ્થાન મહત્ત્વ પૂર્ણ છે. કોઈપણ પત્ની એની સાથે સહવાસ કરવાની ના પાડી શકે નહીં. જો સ્ત્રી ના પાડે તો તેનો ત્યાગ કરવામાં આવે છે. જો સ્ત્રીને લગ્ન પૂર્વે ઉત્પન્ન થયેલું સંતાન લાવે તો તેના પર માત્ર મોટાભાઈનો અધિકાર હોય છે. પ્રથમ સંતાનનો પિતા મોટો ભાઈ મનાય છે. એના પછી ઉત્પન્ન થયેલાં સંતાનો ક્રમશઃ નાનાં ભાઈઓના હોય છે. બાળકો પોતાના પિતાને વિભિન્ન નામોથી સંબોધે છે. પ્રથમ ભાઈ કે (મોટાભાઈ) પતિને બારી બાબા* (BariBaba) *બીજાને ડાંગર બાબા* (DangerBaba) *ત્રીજાને ભેડી બાબા* (BhediBaba) *કહીને બોલાવે છે.*

*ટોડા જનજાતિમાં આવી પ્રથા જોવા મળે છે. એનું કારણ એમની આર્થિક વ્યવસ્થા છે. જો ભાઈઓ અલગ અલગ લગ્ન કરે તો એમની જમીનના અનેક ટુકડાઓમાં વિભાજન થઈ જાય અને પરિવારની આર્થિક સ્થિતિ બગડી જાય. આ આર્થિક સમસ્યાને હલ કરવા માટે બધાં ભાઈઓ સાથે રહે છે. મોટા ભાઈ લગ્ન કરે તો એના પત્ની અન્ય ભાઈઓની પત્ની બની જાય છે. એટલે સુધી કે લગ્ન બાદ ઉત્પન્ન થયેલા ભાઈની પણ તે પત્ની બની જાય છે. અધિકાંશ : આ ભાઈના સગાં સંબંધ હોય છે. પરંતુ ક્યારેક ક્યારેક ગોત્રના ભાઈઓ પણ એના પતિ બની શકે છે. જ્યારે પત્ની ગર્ભવતી બને તો એક સંસ્કારના માધ્યમથી મોટાભાઈને એનો પતિ જાહેર કરવામાં આવે છે. આ પ્રકારના ક્રમશઃ ઉત્પન્ન થયેલાં સંતાનો અન્ય ભાઈઓને પિતાની સ્થિતિ પ્રદાન કરે છે. જો કોઈ ભાઈ સંયુક્ત કુટુંબથી અલગ થઈ જાય તો તે પિતા અને પતિના અધિકારથી વંચિત થઈ જાય છે.*

*કાપડિયાના મત મુજબ ટોડાની ભાષામાં વ્યભિચાર કે પરસ્ત્રીગમન માટે કોઈ સૂચક શબ્દ નથી પણ પુરુષ સંગને કારણે છૂટાછેડા આપવામાં આવતા નથી. વ્યભિચારને તેઓ ગુનો ગણતા નથી. જાતીય છૂટછાટ માત્ર ક્ષમ્ય છે. એટલું જ નહીં પણ સામાજિક રીતે પણ માન્ય છે ટોડામાં સામાજિક પિતૃત્વ નક્કી કરાય છે. એટલે કે છૂટાછેડાનું પ્રમાણ ઘણું ઓછું છે.*

*મેન્ડેલબોસના મતાનુસાર ભાઈઓ દ્વારા પત્નીને સંયુક્ત રીતે ભોગવવાની પ્રથા સમાનતાના સિધ્ધાંત ઉપર આધારિત છે. સંયુક્ત કુટુંબમાં રહેવાની પ્રબળ ભાવના છે. અંગ્રેજોના આગમનથી અનેક આર્થિક, ધાર્મિક અને રાજકીય સંસ્થાઓ અસર પામી હોવા છતાં આ સિધ્ધાંતના કારણે આ પ્રથા આજે પણ પ્રચલિત છે.*

**(ii) અભ્રાતૃક બહુપતિ વિવાહ** *:*

*જ્યારે કોઈ એક સ્ત્રી એવા પુરુષો સાથે લગ્ન કરે છે જે સગાં ભાઈઓ નથી હોતા તો તેને અભ્રાતૃક બહુપતિ વિવાહ કહે છે. આ પ્રથાની અંદર એક સ્ત્રી પછી એક પતિને ઘેર જઈને રહે છે. અથવા એના પતિ પછી બીજાપતિ એના ઘેર જઈ રહે છે. જ્યારેપત્નીની પાસે એનો કોઈ પતિ હોય છે તો અન્ય પતિઓ પર એનો અધિકાર નથી હોતો.*

*દક્ષિણ ભારતના મલબારમાં રહેતા નાયર લોકોમાં અભ્રાતૃક બહુપતિ વિવાહની પ્રથા છે. અહીં નાયર છોકરાના લગ્ન નાબૂદ્રી છોકરી સાથે કરવામાં આવે છે. કારણકે આ સમાજ માતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા ધરાવે છે. એટલે છોકરી માતાના ઘરે રહે છે. પોતાની માતાના ઘરે એને કેટલાંય નાયર છોકરાઓ સાથે શારીરિક સંબંધો સ્થાપિત કરવાની છૂટ આપવામાં આવે છે. સંતાનો અને સંપત્તિપર કોઈ પણ પતિનો અધિકાર નથી હોતો. એના પર પત્ની (માતા)નો જ સર્વાધિકાર હોય છે. આધુનિકતાના આ સમયમાં આ પરંપરા હવે સમાપ્ત થતી જાય છે.*

*વિદ્વાનોના મતાનુસાર આ પ્રથાનો વિકાસ માનવીય અને સામાજિક જરૂરિયાતોને કારણે થયો છે. વેસ્ટરમાર્ક આ પ્રથાની પ્રચલન સંબંધે કારણ બતાવતા કહે છે કે આ બાબત સમાજમાં પુરુષોની તુલનામાં સ્ત્રીઓની સંખ્યા ઓછી હોવા સાથે સંબંધિત છે. કેટલાંક વિદ્વાનો આ પ્રથાનું કારણ આર્થિક મુશ્કેલી બતાવે છે જે સમાજમાં વધુ મૂલ્યની વ્યવસ્થા કરવામાં મુશ્કેલી નડે છે ત્યાં આ પ્રથા અપનાવવામાં આવે છે.*

*બહુપતિ પ્રથા અમુક લોકોમાં પ્રચલિત છે. આના કારણોમાં આર્થિક તંગી, સંઘર્ષય જીવન આર્થિક સંશોધન મર્યાદિત, વારસદારોની સંખ્યા સીમિત કરવા, સંપતિનું વિભાજન સીમિત થાય અથવા નથાય વગેરે ગણાવી શકાય. આ ઉપરાંત ગરીબી, ભય, જાતીય સંબંધોમાં સ્વતંત્રતા વગેરે બાબતોને પણ જવાબદાર ગણી શકાય.*

*આઝાદી પછી બહુપતિ પ્રથા દૂર કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. સને 1955નો લગ્ન અંગેનો ખરડો પસાર થયા પછી આ પ્રથા દૂર થઈ છે. 1955નાકાયદા અનુસાર લગ્ન માટે કોઈપણ સ્ત્રી એક કરતાં વધુ પુરુષ સાથે લગ્ન કરી શકે નહીં તેમજ 1954ના કાયદા અનુસાર લગ્ન કરવાનાં સર્વ કોમ માટે સમાન ગણાય. આ બંને કાનૂનો સનદી છે. આમ છતાં રિવાજ અનુસાર જીવતાં અનેક સમૂહો ગેરકાયદેસર આ પ્રથાને અનુસરી રહ્યાં છે તે બાબત ખેદ જનક છે.*

*માત્ર ભારતમાં જ નહીં, પણ વિશ્વની લગભગ તમામ જનજાતિઓમાં બહુપતિ લગ્નનું પ્રચલન બહુપત્નીના પ્રચલન કરતાં ઓછું. જેમ જેમ આદિવાસીઓ સભ્ય સમાજ સાથે સંપર્કમાં આવતા ગયાં તેમ તેમ એકસાથી લગ્નની પ્રવૃત્તિનો વિકાસ થતો ગયો.*

- **દરજ્જાના આધારે અનુલોમ – પ્રતિલોમ લગ્ન :-**

*દરેક સમાજમાં લગ્ન કોની સાથે કરી શકાય અને કોની સાથે ન કરી શકાય તે અંગે દરેક જ્ઞાતિમાં તે અંગેના લેખિત અને અલેખિત નિયમ હોય છે. અને તે અનુસાર લગ્ન થાય તેમજ ઉચિત માનવામાં આવે છે. તેને પસંદગી, લગ્ન એટલા માટે કહેવામાં આવે છે કે પોતાના જૂથના અમુક રક્તસંબંધીઓ આવે છે. અથવા આવી પસંદગીને મહત્ત્વ આપવામાં આવે છે. કેટલાક સમૂહમાં આવિ પસંદગી વધુ ઈરછનીય અને ફરજિયાત ગણવામાં આવે છે. આ નિયમો અનુસાર થતાં લગ્નોને પસંદગીના લગ્ન કહેવાય છે. જેમકે દિયરવટું, જેઠવટું, સાળીવટું અને અનુલોમ લગ્ન.*

**1. અનુલોમ લગ્ન.**

*આ લગ્નના નિયમ પ્રમાણે કન્યાના લગ્ન તેના કુટુંબના દરજ્જા અને પ્રતિષ્ઠાથી ઉચ્ચકુળ કે સમકક્ષ કુટુંબમાં થાય એવી અપેક્ષા હોય છે. ભારતમાં પ્રાચીન યુગથી આ લગ્નના નિયમોનું પાલન થતું આવ્યું છે. જ્ઞાતીઓમાં અંતર્લગ્નની પ્રથા હોવા છતાં અનુલોમ લગ્નને સ્વીકૃતિ મળતી ન હતી.*

*અનુલોમ લગ્ન સમાજ માન્ય હોવાથી આવા લગ્ન હેઠળ થતાં સંતાનને પણ સમાજ માન્યતા મળે છે. આ લગ્નના નિયમો ચુસ્તપણે પાલન થાય ત્યારે કેટલાક પ્રશ્નો ઊભા થાય છે. જેમકે, નીચો દરજ્જો ધરાવનાર કુટુંબ પોતાની કન્યાને ઊંચા કુળ કે કુટુંબમાં લગ્ન કરાવી વધુ ઊંચી પ્રતિષ્ઠા અને દરજ્જો લાવવાનો પ્રયાસ કરે છે. ત્યારે ઊંચા કુળના કુટુંબમાં વધુ ઊંચું વર મૂલ્ય હોય છે. અથવા વધુ દહેજ આપવું પડે છે.*

*ઉચ્ચ કુળના કુટુંબોના છોકરાઓને લગ્નમાં કન્યાઓની ઘણી પસંદગી મળતી હોય છે. જ્યારે નિમ્ન કુળના કુટુંબના છોકરાઓને કન્યા મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે.*

*ઉચ્ચ કુળમાં છોકરાઓ એકથી વધુ સ્ત્રીઓ, એકથી વધુ સ્ત્રીઓ સાથે લગ્ન કરતાં થયા છે. કારણકે તેમ કરવાથી આર્થિક લાભ પણ પ્રાપ્ત થાય છે. બંગાળના કુલીન બ્રાહ્મણોના આ કારણથી બહુપત્ની લગ્ન પ્રથા પ્રચલિત બની હતી.*

*વર્તમાન સમયમાં અનુલોમ મોટાભાગની નીતિ અને પેટા જ્ઞાતિઓમાં જોવા મળ છે. મા-બાપ અને દીકરી બંને પોતાના કુટુંબના સામાજિક દરજ્જા કરતાં વધુ ઊંચા કુળ કે કુટુંબમાં લગ્ન કરવાનું ઈરછે છે. તેની પાછળ માં- બાપ અને દીકરીને વધુ પ્રતિષ્ઠા, મોભો અને ઉંચો દરજ્જો મળે છે. તેની અપેક્ષા રાખે છે. તેમજ વધુ પોતાનાથી સારા કુટુંબમાં જવાથી સલામતી અને સુરક્ષા મળી રહેશે એવી માન્યતા રહેલી છે. તેથી આર્થિક સગવડતા ન હોવા છતાં માં-બાપ પોતાની દીકરીને ગમે તેમ કરીને વધુ સારા કુટુંબમાં*

*લગ્ન કરે છે. જ્યારે બીજી બાજુ વધુ દહેજ મેળવવાની મનોકામના ધરાવનારા કુટુંબો પુત્રવધૂને હેરાન પરેશાન કરે છે અને કેટલીક વખત મારી પણ નાખે છે.*

**2. પ્રતિલોમ લગ્ન :-**

*અનુલોમ લગ્ન કરતાં અલગ નિયમો પ્રતિલોમ લગ્નમાં જોવા મળે છે. આ નિયમો પ્રમાણે ઉચ્ચ કુળ કે કુટુંબની કન્યામાં લગ્ન નિમ્નવર્ણ કે કુટુંબમાં કરી શકાય નહી તેવાં પ્રતિબંધ દર્શાવતાં નિયમો હોય છે. પ્રાચીનવર્ણ વ્યવસ્થાના નિમ્નવર્ણના પુરુષના ઉચ્ચવર્ણની સ્ત્રી સાથે લગ્ન થાય તો પ્રતિલોમ લગ્ન કહેવાય.*

*ભારતીય સમાજ વ્યવસ્થામાં પણ અનેક જ્ઞાતિ અને પેટા જ્ઞાતિઓને ચોક્કસ દરજ્જાના કોટિક્રમમાં સ્થાન મળેલું હોય છે. તેમ નીચી પેટા જ્ઞાતિના પુરુષના લગ્ન ઉચ્ચ જ્ઞાતિની સ્ત્રી સાથે થતાં લગ્નને પ્રતિલોમ લગ્ન કહેવાય. પશ્ચિમના સમાજમાં વર્ણવ્યવસ્થા અને જાતિ ભેદના કારણે ગરીબ સ્ત્રીના લગ્ન નીગ્રો પુરુષ અથવા ગરીબ વર્ગના પુરુષ સાથે કરવામાં આવતાં નથી.*

*પ્રતિલોમ લગ્નનો નિષેધ હોવાથી આવા લગ્નોને સમાજ સ્વીકૃત ગણતા નથી અનેકદાચ થતાં હોય તો તેના સંતાનોને સામાજિક માન્યતા મળતી નથી. પરંતુ વર્તમાન સમયમાં સામાજિક સમાન સ્વત્રંત્રતા અને લગ્ન સંસ્થામાં સમય અને જરૂરિયાત અનુસાર સુધારાઓ અને નવા રિવાજો આવતા ગયાં છે. આજે સામાજિક જરૂરિયાતો જ સ્વયં પરિવર્તન લાવવાનું કાર્ય કરે છે. આંજે આવા કુંટુંબમાં અને લગ્નના કારણો અને વિચારોમાં પરિવર્તનો આવતા જોઈ શકાય છે. જો આ આવતા પરિવર્તનો સાથે કોઈ અનુકૂલન સ્થાપવામાં આવે નહીં તો તેના માઠા પરિણામો આવશે. લગ્નની વ્યવહારિક ઉપયોગિતા એ વાત પર આધારિત છે કે લગ્ન અંગેના પરિવર્તનો સાથે ચાલવું. આ ઉદ્દેશ્યથી જ લગ્નસંસ્થાના વિકાસ માટે લગ્ન અગેના કાયદાઓમાં પણ પરિવર્તનો લાવવામાં આવ્યા છે. જેમાં નવી પેઢીઓની નવી અપેક્ષાઓ, જરૂરિયાતોનો સંતોષ જોઈ શકાય છે.*

## 15.4 સારાંશ

*માનવીની જાતીય જીવનની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટે 'લગ્ન સંસ્થા'નો ઉદ્દભવ થયો હશે, તેમ કહી શકાય. જેમ-જેમ માનવ સમાજ સાંસ્કૃતિક, ધાર્મિક તેમજ બૌદ્ધિક રીતે વિકસિત થયો ગયો તેમ-તેમ લગ્ન સંસ્થા તથા લગ્નનાં રીત-રિવાજો, જીવનસાથીની પસંદગીમાં પરિવર્તનો આવતાં ગયાં. અનેક પરિવર્તનોનાં પરિણામ સ્વરૂપ બહુસાથી લગ્ન, એકસાથી લગ્ન સંસ્થાનો ઉદ્દભવ થયો. સાથે જ ધોરણો, મૂલ્યો, લગ્નનાં રિવાજો, સ્ત્રી- પુરુષની આકાંક્ષાઓમાં પણ પરિવર્તનો આવ્યા છે.*

## 15.5 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલ પ્રશ્નોનાં સવિસ્તાર ઉત્તર આપો.**

1. *લગ્નનો અર્થ આપી લગ્નના પ્રકારો જણાવો.*

...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................

2. *ભ્રાતૃકીય અને અભ્રાતૃકીય બહુપતિ લગ્ન પ્રથા સવિસ્તાર સમજાવો.*

...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................

3. *અનુલોમ અને પ્રતિલોમ લગ્ન પ્રથા સવિસ્તાર સમજાવો.*

...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................

3. *બહુપતિ લગ્ન પ્રથાને 'કોટા' અને 'ટોડા'ના સંદર્ભમાં ચર્ચો.*

...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................
...................................................................................

**(ખ) ટૂંકનોંધ**

1. *બહુપત્ની લગ્ન*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

2. *પ્રતિલોમ લગ્ન*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

3. *એકસાથી અને બહુસાથી લગ્ન*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**(ગ) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

1. **એક પુરુષ અને એક સ્ત્રી લગ્ન દ્વારા જાતીય સંબંધથી જોડાય તે ક્યાં પ્રકારનાં લગ્ન કહેવાય.**

   A) *એકસાથી લગ્ન* B) *બહુપતિત્વ લગ્ન* C) *બહુપત્નીત્વ લગ્ન*

2. **એક પુરુષ એકથી વધુ સ્ત્રીઓ સાથે લગ્ન કરી જાતીય સંબંધ બાંધે તે ક્યા પ્રકારના લગ્ન કહેવાય.?**

   A) *એકસાથી લગ્ન* B) *બહુપતિત્વ લગ્ન* C) *બહુપત્નીત્વ લગ્ન*

3. **એક સ્ત્રી એકથી વધુ પુરુષો સાથે લગ્ન કરી જાતીય સંબંધ બાંધે તે ક્યા ક્યા પ્રકારના લગ્ન કહેવાય.**

   A) *બહુપત્નીત્વ લગ્ન* B) *બહુપતિત્વ લગ્ન* C) *એકસાથી લગ્ન*

4. **હિંદુઓમાં ઉચ્ચ વર્ણનો પુરુષ પોતાનાથી નિમ્ન વર્ણની સ્ત્રી સાથે લગ્ન સંબંધ બાંધે તો તે ક્યા લગ્ન કહેવાય.**

   A) *અનુલોમ* B) *કુલીનશાહી* C) *પ્રતિલોમ*

5. **હિંદુઓમાં નિમ્ન વર્ણનો પુરુષ પોતાનાથી ઉચ્ચ વર્ણની સ્ત્રી સાથે લગ્ન સંબંધ બાંધે તો તેને ક્યા લગ્ન કહેવાય.**

   A) *સમલોમ* B) *પ્રતિલોમ* C) *અનુલોમ*

6. **પોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરવા એ ક્યા પ્રકારના લગ્ન કહેવાય?**

A) *આંતરલગ્ન* B) *બહિર્લગ્ન* C) *સમૂહલગ્ન*

**7. અમુક ક્ષેત્રમાંથી જ જીવનસાથીની પસંદગી થઈ શકે તેવાં નિયમને ________________ કહેવાય.**

A) *આંતરલગ્ન* B) *બહિર્લગ્ન* C) *સમલોમ લગ્ન*

**8. ભારતના ક્યા આદિવાસીઓમાં ભ્રાતૃકીય બહુપતિ પ્રથા જોવા મળે છે.**

A) *બૈગા* B) *ટોડા* C) *ગોંડ*

## 15.6 સંદર્ભ સૂચિ


1. *અનિલ એસ. વાઘેલા – લગ્ન, કુટુંબ અને સગપણ સંબંધો* (2005)*યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ*
2. *હેમીક્ષાબેન રાવ અને ડૉ. હર્ષિદાબેન દવે – લગ્ન, કુટુંબ અને સગપણ સંબંધો* (2005 – 2006) – *ક્રિએટીવ પ્રકાશન*
3. *જે. કે. દવે અને એ. જી. શાહ – ભારતમાં સમાજ – માળખું અને પરિવર્તન* (2004 – 2005) *અનડા પ્રકાશ.*
4. *એ. જી. શાહ અને જે. કે. દવે – ભારતની સામાજિક સંસ્થાઓનો પરિચય* (1992)*અનડા પ્રકાશ.*
5. *એ. જી. શાહ અને જે. કે. દવે – સગપણ- સંબંધો, લગ્ન, કુટુંબ અને કુટુંબકલ્યાણ* (2006- 2007)*અનડા પ્રકાશ.*
6. *એ. જી .શાહ અને જે. કે. દવે – ભારતીય આદિવાસી સંસ્થાઓ* (2001) *અનડા પ્રકાશ.*
7. *ડૉ. એમ. એમ. લવાનિયા – વિવાહ કા સમાજશાસ્ત્ર* (2007) *રિસર્ચ પબ્લિકેશન જયપુર.*


**(ગ) ના જવાબો**

1. (A) *એકસાથી લગ્ન*
2. (C )*બહુપત્નીત્વ લગ્ન*
3. (B) *બહુપતિત્વ લગ્ન*
4. (A )*અનુલોમ*
5. (B) *પ્રતિલોમ*
6. (A) *આંતરલગ્ન*
7. (B) *બહિર્લગ્ન*
8. (B) *ટોડા*

એકમ 16

# લગ્ન સંસ્થામાં આવતું પરિવર્તન

**-: રૂપરેખા :-**

**16.0** ઉદ્દેશો

**16.1** પ્રસ્તાવના

**16.2** લગ્ન સંસ્થામાં આવતું પરિવર્તન

**16.3** સારાંશ

**16.4** તમારી પ્રગતિ ચકાસો

**16.5** ચાવીરૂપ શબ્દો

**16.6** ઉપયોગી પુસ્તકો

**16.7** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 16.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,*

- *લગ્ન સંસ્થામાં કેવા પ્રકારનું પરિવર્તન આવી રહ્યું છે? તે સમજી શકશો.*
- *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે એકસાથી વિવાહ, લગ્નને ધાર્મિક સંસ્કાર ગણવું – તેમાં પરિવર્તન વિશે માહિતી મેળવી શકશો.*
- *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે બાળલગ્ન ઉપર નિયંત્રણ, વિધવા પુનર્લગ્ન, આંતરજ્ઞાતીય લગ્નને પ્રોત્સાહન વિશે માહિતી મેળવી શકશો.*
- *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે આંતરધર્મીય લગ્નને પ્રોત્સાહન, લગ્નના ક્ષેત્રનો વિસ્તાર, સામાજિક મૂલ્યમાં પરિવર્તન વિશે માહિતી મેળવી શકશો.*
- *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે સત્તાત્મક પરિવર્તન, પતિ-પત્નીના સંબંધોમાં સમાનતા, દહેજપ્રથા પ્રતિબંધ વિશે માહિતી મેળવી શકશો.*
- *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે રૂઢિગત ધાર્મિક પરંપરાઓમાં પરિવર્તન અને અન્ય સામાજિક પરિવર્તન વિશે સમજૂતી મેળવી શકશો.*

## 16.1 પ્રસ્તાવના

*લગ્ન ને અંગ્રેજીમાં 'મેરેજ'* (Marriage *અથવા તો* Matrimony Or Wedlock) *તરીકે ઓળખવામાં આવે છે. વિલિયમ અને અન્ય (*William; Prins; Mcbrid; Walrath : 2011)*મુજબ, 'લગ્ન એ સ્ત્રી અને પુરુષ વચ્ચેનું સાંસ્કૃતિક અને ઘણીવાર*

*કાયદેસર રીતે માન્યતા પ્રાપ્ત જોડાણ છે જેને જીવનસાથી કહેવાય છે. તે તેમની વચ્ચે, તેમજ તેમના અને તેમના બાળકો વચ્ચે અને તેમની અને તેમના સાસરિયાઓ વચ્ચે અધિકારો અને જવાબદારીઓ સ્થાપિત કરે છે.'*

*પ્રસિદ્ધ વૈજ્ઞાનિકો વેખોફન* (Wekhofan 1815–80 Ad), *મોર્ગન* (Morgan 1818–81 Ad*) અને મેકલિનન (*Macleanan 1827–81) *એ માનવ સમાજમાં લગ્નની સંસ્થાની ઉત્પત્તિ અંગેના વિવિધ પુરાવાઓ, અભ્યાસોના આધારે આ મત રજૂ કર્યો હતો કે માનવસમાજની આદિમ સ્થિતિમાં લગ્નનું કોઈ બંધન નહોતું, દરેક સ્ત્રી - પુરુષને ઈચ્છિત આનંદ મેળવવાનો અધિકાર હતો. ઉપરાંત, લોર્ડ એવબરી* (Lord Avbury*), ફિસન* (Fisson*), હોવિટ (*Howitt), *ટેલર (*Taylor*), સ્પેન્સર (*Spencer*), ઝિલાકોં લેવસ્કી (*Zilankov Levski*), લિઆર્ટ (*Liart) *અને શુર્ટ્ઝ (*Schurtz) *વગેરે જેવા પશ્ચિમી વિદ્વાનોએ લગ્નની આદિમ સ્થિતિને કામાચર* (Pramiscuiti*) ની સ્થિતિ ગણાવી હતી. ક્રોપાટિન વ્લાખ (*KropatkinVlakh*) અને વ્રફાલ્ટ (*Vrfalt*) એ અનુમાન કર્યું કે બહુપત્નીત્વ, અથવા બહુવિધ પત્નીઓ રાખવાની પ્રથા, પ્રારંભિક જાતીય સંભોગની સ્થિતિ પછી વિકસિત થઈ, અને પછી એકલ સ્ત્રી સાથે એકપત્નીત્વનો નિયમ પ્રચલિત બન્યો.*

*ચાર્લ્સ ડાર્વિને (*CharlesDarwin*) પ્રાણીશાસ્ત્ર (*Zoology*), વેસ્ટરમાર્ક (*Westermark*), લોંગ ગ્રાસ (*Long Grass*) અને ક્રોલી પ્રભાતિ (*CrawleyPrabhti*) ના સમાજશાસ્ત્રી ઓના આધારે લગ્નના આદિમ સ્વરૂપની આ પૂર્વધારણાને ભારપૂર્વક નકારી કાઢી હતી. પ્રાચીન સમયથી માંડી વર્તમાન સમયમાં લગ્નમાં અનેક પરિબળોને કારણે પરિવર્તન આવતું ગયું છે. માનવ સમાજે આ પરિવર્તનને સ્વીકાર્યો પણ છે. લગ્નસંસ્થામાં આવતા પરિવર્તનને નીચે મુજબ જોઈ શકાય છે.*

## 16.2 લગ્ન સંસ્થામાં આવતું પરિવર્તન

### 1. એકસાથી વિવાહને પ્રોત્સાહન (Promoting One-Partner Marriage)

*ભારતીય સમાજમાં કાયદાઓ કરતા ધોરણો, મૂલ્યો રીત રિવાજોનું પ્રચલન અને વળગી રહેવાનું વલણ ખૂબ જ હતું. જેના કારણે ખાસ તો હિંદુ સમાજમાં બહુપત્નીત્વનું પ્રચલન વધુ રહ્યું હતું. વિશેષતઃ બંગાળના કુલીન કુટુંબમાં ઉપરાંત આદિવાસી સમાજોમાં કે રૂઢિગત પુરુષપ્રધાન સમાજોમાં વધારે પત્નીઓ કરવાનો રિવાજ હતો. જેમ જેમ ભારતમાં કાયદા કાનૂન સ્થાપિત થતા ગયા તેમ તેમ પરંપરાગત રિવાજોનો કુપ્રથાઓનો અંત આવ્યો. ઈ.સ.* 1955*ના 'હિન્દુ મૅરેજ ઍક્ટ' હેઠળ હિન્દુઓમાં બહુપતિ તેમજ*

*બહુપત્ની લગ્ન ગેરકાયદેસર બન્યાં છે. આ કાયદાના કારણે હિન્દુ સમાજમાં બહુપતિ અને બહુપત્ની લગ્નપ્રથાનો સંપૂર્ણ અંત આવ્યો છે. પરિણામે એકપતિ અથવા એકપત્ની વિવાહ (એક વિવાહ)ને માન્યતા મળી. પરંતુ જ્યારે પતિ કે પત્ની હયાત ન હોય અથવા તો છૂટાછેડા લીધેલ હોય તેવી સ્થિતિમાં વ્યક્તિ બીજા લગ્ન કરી શકતો હતો. ભારતીય કાયદાએ અનિવાર્યપણે કુટુંબને એક પત્નીવાળું બનાવી દીધું છે. બહુપતિ કે બહુપત્ની લગ્નો બંધ થતાં સ્ત્રીની સામાજિક સ્થિતિમાં, દરજ્જા અને સ્થાનમાં સુધારો થયો છે. આ ઉપરાંત લગ્નમાં પતિ પત્નીની વફાદારી વધી રહી છે.*

**પ્રવૃત્તિ (1)**

**આપના કુટુંબમાં થતા એકસાથી વિવાહ પ્રથાની સમજૂતી આપો.**

...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................

**2. લગ્નને ધાર્મિક સંસ્કાર ગણવું – તેમાં પરિવર્તન (Considering Marriage As A Religious Rite - Change In It)**

*આધુનિક સામાજિક કાયદાઓ, ઉદ્યોગીકરણ, પશ્ચિમીકરણની લગ્નની પરંપરાગત વિચારસરણી, રીત રિવાજો ઉપર ઊંડી અસર પડી છે. પહેલાં લગ્ન એક પવિત્ર અને જન્મ જન્માંતરનું અતૂટ સાંસ્કારિક બંધન ગણવામાં આવતું હતું. ધાર્મિક સંસ્કાર હોવાની સાથે 'પતિ એ જ પરમેશ્વર' એ માન્યતા અગ્રેસર હતી. સમાજનાં મોટાભાગના સભ્યોની હાજરીમાં વિધિ વિધાનપૂર્વકના થતા લગ્નને જ સમાજિક માન્યતા પ્રાપ્ત થતી હતી. જ્યાં સુધી લગ્નની ધાર્મિક કે ક્રિયાઓ કરવામાં ન આવે ત્યાં સુધી લગ્ન ગણાતા નહી. ઉપરાંત પત્ની પોતાના પતિને આધીન રહેતી. જ્યારે હવે આધુનિક સમયમાં લગ્ન સામાજિક કે ધાર્મિક સંસ્કાર ન રહેતાં કેવળ પતિ પત્નીની અંગત કે વૈયક્તિક બાબત બની ગઈ છે. સ્ત્રી અને પુરુષ સામાજિક ધાર્મિક ક્રિયા ન કરે અને કાયદાકીય રીતે લગ્ન કરે તો પણ તે સમાજ સ્વીકૃત ગણવામાં આવે છે. શ્રી કે.ટી. મર્ચન્ટ દર્શાવે છે તેમ હિંદુ લગ્નને ઘણાં યુવક અને યુવતીઓ ધાર્મિક સંસ્કાર નહિ માનીને તેના વૈયક્તિક સ્વરૂપને જ વધુ મહત્ત્વ આપે છે.*

*1955ના હિંદુ લગ્ન અને લગ્ન વિચ્છેદના કાયદાએ પુરુષ અને સ્ત્રી લગ્ન વિચ્છેદની કેટલીક વિશેષ સુવિધાઓ કરી આપી છે. જેના કારણે પતિ પત્ની સંબંધો સમાન બન્યા છે. 'પડ્યું પાનું નિભાવવું પડે', 'લગ્ન એ તો ભવો ભવનું બંધન' વગેરે જેવી માન્યતા નષ્ટ પામી છે. પતિ પત્નીને એકબીજા સાથે ન ફાવે, સંઘર્ષ વધતો જતો હોય તેવી પરિસ્થિતિમાં તેઓ છૂટાછેડા પણ લઈ શકે છે. એ રીતે જોતા ભારતીય સમાજમાં લગ્ન આજે એક અતૂટ, પવિત્ર, સામાજિક, ધાર્મિક સંસ્કારમાંથી એક સમજૂતી અથવા કરાર ફેરવાઈ રહ્યું છે. પરંતુ આજે પણ કેટલાક ગ્રામીણ, પછાત વિસ્તારમાં કે રૂઢિગત જીવનશૈલી જીવતા વિકસિત સમાજનાં લોકો લગ્નને હજી પણ અતૂટ અને પવિત્ર બંધન ગણાવે છે.*

**પ્રવૃત્તિ (1) આપના કુટુંબમાં લગ્નસંદર્ભે કેવા પ્રકારે પરિવર્તન આવી રહ્યું છે? તેની સમજૂતી આપો.**

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

### 3. બાળલગ્ન ઉપર નિયંત્રણ અને પ્રતિબંધ (Control And Prohibition On Child Marriage)

*ભારતમાં બાળ લગ્ન જેવી કુપ્રથા ખૂબ જ પ્રચલિત હતી. પરંતુ અનેક સમાજ સુધારકો, શિક્ષણનાં પ્રચાર –પ્રસારથી બાળલગ્નમાં ઘટાડો થવા પામ્યો છે. કવિ દલપતરામે બાળલગ્ન, મૃત્યુ પાછળ થતા રિવાજોની ઠેકડી ઉડાવીને સ્ત્રીઓનાં બંધન અને દેશાટન પરનાં નિયંત્રણોને દૂર કરવાના પ્રયાસો કર્યા. ઉપરાંત બાળલગ્ન પ્રતિબંધક અધનિયમ-1929ની કલમ 13(4) હેઠળ બિન સરકારી સભ્યોની સલાહકાર સમિતિની રચના મુજબ બાળલગ્ન ગુનો બને છે. બાળલગ્ન પ્રતિબંધક ધારાની જોગવાઈઓ મુજબ 18 વર્ષથી ઓછી ઉંમરની બાળા અને 21 વર્ષથી ઓછી ઉંમરનો યુવક ના લગ્ન તે બાળલગ્ન ગણાય છે અને ગુન્હાને પાત્ર છે. બાળલગ્ન અટકાવતા આ કડક કાયદામાં ઘણા સુધારા થયા છે, છેલ્લે બાળ લગ્ન અટકાવતા માટે 'બાળ લગ્ન અધિનિયમ 2006 આવ્યો અને તે તારીખ – 10-1-2007થી અમલમાં મુકાયો. આ કાયદો આવતા જ નાની ઉંમરના બાળકોના લગ્ન કરાવવામાં આવે તો તે પ્રતિબંધિત ગણાય છે. જેના કારણે પરંપરાગત*

*રિવાજ બાળ લગ્ન ઘટવા લાગ્યા છે. જો કે પછાત વિસ્તારો, ગ્રામીણ ક્ષેત્રો કે રૂઢિગત જીવનશૈલી જીવતા સમજોમાં બાળ લગ્ન છુપી રીતે કરવામાં આવે છે. મહિલાની વ્યાવસાયિક સિદ્ધિ, સરકારી પ્રચાર પ્રસાર, સ્વૈચ્છિક સંસ્થાઓ, સમાજ સુધારકો તથા શિક્ષણના પ્રસારને કારણે પણ બાળલગ્ન ઓછાં થતાં ગયાં છે. પરંતુ આ કાયદાના સખત અમલને પરિણામે ગ્રામ્ય વિસ્તારોમાં બાળલગ્નોની સંખ્યા ઉત્તરોત્તર ખૂબ ઘટતી જાય છે. આમ, બાળલગ્ન વિરુદ્ધ સામાજિક ચેતના જગાડવામાં અને બાળલગ્નને અટકાવવામાં, બાળકોનું ભવિષ્ય ઉજજવળ બનાવવામાં આ કાયદાની મહત્ત્વની ભૂમિકા રહેલી છે.*

**પ્રવૃત્તિ (1) બાળલગ્ન વિશે આપના વિચારો જણાવો.**

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

**4. વિધવા પુનર્લગ્નને પ્રાધાન્ય (Prefer Widow Remarriage)**

*ભારતીય સમાજમાં વિધવા મહિલાઓનું સ્થાન ખૂબ જ નિમ્ન હતું . પરંતુ,અનેક સમાજ સુધારકોએ દહેજ પ્રથાનો આકરો વિરોધ કર્યો છે. ગુજરાતમાં સામાજિક સુધારક એવા કવિ નર્મદે વિધવા સ્ત્રીને આશ્રય આપીને, તેમની સાથે લગ્ન કરીને સમાજસુધારાના વિચારો વહેતા કર્યા; વિધવાવિવાહનો પ્રચાર કર્યો. કાયદાકીય દષ્ટિએ જોઈએ તો,* 16 *જુલાઈ* 1856*ના રોજ પસાર થયેલ હિંદુ વિધવા પુનઃલગ્ન અધિનિયમ* 1856, *અધિનિયમ* XV, 1856 *પણ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન હેઠળ ભારતના તમામ અધિકારક્ષેત્રોમાં વિધવાઓના પુનર્લગ્નને કાયદેસર બનાવ્યો હતો. આ અધિનિયમ* 26 *જુલાઈ* 1856*ના રોજ ઘડવામાં આવ્યો હતો (*Carroll : 2008). *ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર વિધવાઓના પુનર્લગ્નનાં સૌથી અગ્રણી પ્રચારક હતા, તેમણે વિધાન પરિષદમાં અરજી કરી. લોર્ડ ડેલહાઉસીએ વિરોધ હોવા છતાં વ્યક્તિગત રીતે બિલને અંતિમ સ્વરૂપ આપ્યું હતું. તેનો મુસદ્દો લોર્ડ ડેલહાઉસીએ તૈયાર કર્યો હતો અને* 1857*ના ભારતીય બળવા પહેલા લોર્ડ કેનિંગ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. લોર્ડ વિલિયમ બેન્ટિંક દ્વારા* 1829*માં સતી પ્રથા નાબૂદ કર્યા પછી તે પહેલો મોટો સામાજિક સુધારણા કાયદો હતો. આ કાયદાનો વિરોધ થયો અને પરંપરાગત સમયે પ્રચલિત રિવાજોનો સ્પષ્ટ ભંગ માનવામાં આવતો હતો*

(Chandrakala : 1948). *કાયદા દ્વારા વિધવાઓનું લગ્ન શક્ય બન્યું છે. સમાજે પણ વિધવા પુનર્લગ્નનો સ્વીકાર કરીને વિધવાઓને સામાજિક ન્યાય આપ્યો છે, વ્યક્તિ તરીકે તેઓનો સ્વીકાર થયો છે. તેમનો સ્થાન દરજ્જો ઉચ્ચ બન્યો છે. આમ, પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે વિધવા પુનર્લગ્નને પ્રોત્સાહન મળ્યું છે. ભારતીય રૂઢિગત સમાજ પણ વિધવાઓના લગ્ન પ્રત્યે જાગ્રત થતો જાય છે.*

**પ્રવૃત્તિ (1) વિધવા પુનલગ્ન કરેલ વ્યક્તિઓ વિશે જાણતા હોવ તો તે વિશે જણાવો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**પ્રવૃત્તિ (2) વિધવા પુનર્લગ્ન વિશે આપના વિચારો જણાવો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

### 5. આંતરજ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન અને પ્રાધાન્ય (Promoting And Prioritizing Interracial Marriage)

*પરંપરાગત ભારતીય સમાજમાં પોતાની જ જ્ઞાતિ કે પોતાના જ ધર્મ અથવા તો સમાજે નક્કી કરેલા ક્ષેત્ર માંથી જ જીવનસાથીની પસંદગી કરવાની રહે છે. જ્યારે કાયદાના પ્રયાસો દ્વારા આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન મળ્યું છે. હિંદુ લગ્ન કાયદો,* 1955 (Hindu Marriage Act 1955)*તથા વિશેષ લગ્ન કાયદો* 1954 (Special Marriage Act 1954) *દ્વારા આંતરજ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન મળ્યું છે. આ ઉપરાંત*

1949ના *'હિંદુ મેરેજ વેલિડિટી એક્ટ' હેઠળ સરકાર દલિત જ્ઞાતિ અને અન્ય જ્ઞાતિ વચ્ચે થયેલા લગ્નને કાયદાકીય સુરક્ષા, આર્થિક સહાય અને પ્રોત્સાહન આપ્યું છે. હિંદુઓમાં જૈન, બૌદ્ધઅને શીખોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હોવાથી તેઓ વચ્ચે થતા આંતરજ્ઞાતીય લગ્નોને બંધારણીય સ્વીકૃતિ મળી ગઈ છે. 'વિશેષ લગ્ન કાયદો,* 1954' (Special Marriage Act 1954) *દ્વારા વિભિન્ન ધર્મોના પરસ્પર લગ્નને માન્ય ગણીને આંતરધર્મીય લગ્નને પણ પ્રોત્સાહન આપ્યું છે. જોકે, આ બાબતમાં કોઈ ક્રાંતિકારક પરિવર્તન આવ્યું નથી, પણ આંતરજ્ઞાતીય અને આંતરધર્મીય લગ્નોનું પ્રમાણ હવે વધવા લાગ્યું છે.*

*આંતરજ્ઞાતીય લગ્નને પ્રોત્સાહન માટે સમાજમાં સમાનતા પ્રવર્તે, સામાજિક વિષમતા દૂર થાય અને એક તંદુરસ્ત સામાજિક પરિસ્થિતિનું નિર્માણથાય એવા ઉમદા હેતુથી ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજના રાજ્ય સરકારે અમલમાં મૂકી છે. જ્ઞાતિ વિહીન એકત્રિત હિન્દુ સમાજની રચના માટે, સામાજિક ભેદભાવોને દૂર કરવા માટે અનુસૂચિત જાતિ અને સવર્ણ જાતિ વચ્ચે આંતરજ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ યોજના અન્વયે લગ્ન કરનાર યુગલોને રૂ.*50 *હજાર નાણાકીય સહાય આપવામાં આવે છે. જે પૈકી રૂ.*25 *હજાર રાષ્ટ્રીય બચત પત્રના રૂપમાં અને રૂ.*25000 *ઘરગથ્થું માલસામાન માટે આપવામાં આવે છે. મહિલા શિક્ષણ, સહ શિક્ષણ, સહકાર્ય, જુદી જુદી યોજનાઓ અને સામાજિક સુધારકોના પ્રયત્નોથી લગ્ન સંસ્થામાં પરિવર્તન આવ્યું છે અને આંતરજ્ઞાતીય લગ્ન શક્ય અને સરળ બન્યા છે.*

**પ્રવૃત્તિ (1) આપના કુટુંબમાં આંતરજ્ઞાતીય લગ્ન વિશેની માન્યતા કેવી છે? તેની સમજૂતી આપો.**

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

**પ્રવૃત્તિ (2)**

**આપની આજુબાજુ રહેતાં યુગલે આંતરજ્ઞાતિય લગ્ન કરેલ હોય તો તે વિશે 'એકમ અભ્યાસ' કરો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

## 6. આંતરધર્મીય લગ્નને પ્રોત્સાહન અને પ્રાધાન્ય (Promoting And Prioritizing Interfaith Marriage)

*રૂઢિગત ભારતીય સમાજનાં કેટલાક સંવેદનશીલ વિસ્તારોમાં આંતરધર્મી લગ્ન વિવાદાસ્પદ છે, ખાસ કરીને હિંદુ અને મુસ્લિમ ધર્મના યુવાનો એકબીજા સાથે લગ્ન સંબંધથી બંધાય ત્યારે સમાજમાં અંધાધૂંધી ફેલાવાનો કે તેઓની નિંદા થવાનો વધુ ભય રહે છે. આંતરધર્મી લગ્ન, જેને કેટલીકવાર "મિશ્ર ધર્મીય લગ્ન" તરીકે ઓળખાવી શકાય છે, કારણ કે લગ્ન સંબંધથી બંધાતા યુગલો અલગ અલગ ધર્મ ધરાવતા હોય છે. ભારતમાં આંતરધર્મી લગ્નો સ્પેશિયલ મેરેજ એક્ટ (*Special Marriage Act 1954*) હેઠળ નોંધાયેલા છે. જે* 30-*દિવસની નોટિસ અવધિ ફરજિયાત કરે છે.*

*કેટલાક મુખ્ય ધર્મો આંતરધર્મીય લગ્નનો અસ્વીકાર કરે છે. વંશીય-ધાર્મિક જૂથો માટે, આંતરધર્મી લગ્નનો વિરોધ કરવો એ પોતાની જ જ્ઞાતિ કે પોતાના જ ધર્મને સર્વશ્રેષ્ઠ માનવું એ માન્યતા ધરાવતા હોઈ શકે. આંતરધર્મી લગ્નમાં, દરેક જીવનસાથી સામાન્ય રીતે તેમના પોતાના જ ધર્મનું પાલન કરે છે, પોતે જેમની સાથે લગ્ન કર્યા છે તે અન્ય ધર્મને અનુસરતો નથી. આવા આંતરધર્મીય લગ્નમાં યુગલ એકબીજા સાથે સ્વતંત્ર જોવા મળે છે, જેથી સામાજિક એકતા વધતી જોઈ શકાય છે. બાળકોને ઉછેરવા, વ્યવસાય, શિક્ષણ કે ઘરના મહત્વના નિર્ણયો લેવામાં યુગલ સ્વતંત્ર હોય છે. એ સંદર્ભમાં જોઈએ તો આંતર ધર્મીય પ્રેમલગ્ન કરનાર યુગલો સમાનતા ફેલાવવામાં અગ્રેસર ગણાવી શકાય.. જો કે, સંચાર માધ્યમો, શિક્ષણ, પશ્ચિમીકરણ, ઉદ્યોગીકરણ, સમરસતાના ફેલાવા, જુદી જુદી યોજનાઓ અને સામાજિક સુધારકોના પ્રયત્નોને કારણે આંતરધર્મીય લગ્ન શક્ય બન્યા છે. સમાજના વડીલો દ્વારા આંતર ધર્મીય લગ્નનો સ્વીકાર સરળ બન્યો છે.*

### 7. લગ્નના ક્ષેત્રનો વિસ્તાર વિસ્તૃત બન્યો (The Area Of Marriage Expanded)

*પરંપરાગત રૂઢિચુસ્ત ભારતીય સમાજમાં લગ્ન અંગેના ખૂબ જ કડક નિયમો પ્રચલિત હતા. યુવાનો એ લગ્ન કયા ક્ષેત્રમાં કરવું, કયા ક્ષેત્રમાં ન કરવું, કોની સાથે કરવું, કોની સાથે ન કરવું વગેરે જેવા ધોરણો ફરજીયાત હતા. જે દર્શાવે છે કે, પ્રાચીન સમયમાં લગ્નના ક્ષેત્રમાં અનેક કઠોર નિયંત્રણો હતાં. વ્યક્તિ કેવળ પોતાના જ ધર્મની અને પોતાની જ જાતિની વિષમલિંગી વ્યક્તિ સાથે લગ્ન કરી શકતી. તેમાં ગોત્ર, પ્રવર, પિંડ, જાતિ, ફળિયું, માતા કે પિતાના પક્ષે અમુક પેઢી સુધી લગ્ન ન કરવા વગેરે જેવા અનેક નિષેધોનું પાલન કરવામાં આવતું. અર્થાત્ લગ્ન કરનાર વ્યક્તિઓ એક જ ફળિયું, રક્ત સંબંધી, ગોત્ર, પ્રવર અને પિંડની ન હોવી જોઈએ. આને પરિણામે લગ્નનું ક્ષેત્ર બહુ સીમિત હતું પરંતુ નવીન સામાજિક કાયદાઓએ ધર્મ, જાતિ, ગોત્ર, પ્રવર વગેરે નિષેધોને દૂર કરીને લગ્નના ક્ષેત્રને અતિવિસ્તૃત બનાવ્યું છે. આજે આધુનિક ટેક્નોલોજીના સમયમાં યુવાનો અન્ય જ્ઞાતિ, અન્ય ધર્મ, અન્ય રાજ્ય કે દેશના વ્યક્તિ સાથે લગ્ન સંબંધથી બંધાઈ શકે છે. એ રીતે જોતા લગ્નના ક્ષેત્રનો વિસ્તાર વિસ્તૃત બન્યો છે અને લગ્નમાં પરિવર્તન આવ્યું છે.*

**પ્રવૃત્તિ (1)**

**આપના કુટુંબમાં લગ્નના ક્ષેત્રનો વિસ્તાર કેટલો વિસ્તૃત બન્યો છે? તે વિશે નિરીક્ષણ કરો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

### 8. સામાજિક ધોરણો – મૂલ્યોમાં પરિવર્તન (Change In Social Norms And Values)

*પોતાના સમાજના ધોરણો, મૂલ્યો, રીત રિવાજોનું પાલન કરવું, તેને વળગી રહેવું પરંપરાગત ભારતીય સમાજમાં અનિવાર્ય ગણાતું હતું. ખાસ કરીને લગ્ન પ્રસંગોમાં રીત રિવાજોને કડકપણે અનુસરવામાં આવતા હતા. વર્તમાન સહશિક્ષણપ્રથા, ઔદ્યોગિકરણ, શહેરીકરણ ચલચિત્રો, ટેલિવિઝન વગેરેની અસરને કારણે તેમાં પરિવર્તન*

આવ્યું છે. પહેલાના સમયમાં લગ્નની વિધિઓ મહિનાઓ કે દિવસો સુધી થતી રહેતી હતી. જ્યારે આજે લગ્નનાં ધોરણો, મૂલ્યો, રિવાજો નબળા પડ્યા છે. આધુનિક સમયમાં લગ્ન એક જ દિવસમાં અથવા તો એક જ કલાકમાં આટોપાઈ જાય છે. આંતરજ્ઞાતીય અને આંતરધર્મીય લગ્નો સરળ અને શક્ય બન્યા છે. ઉપરાંત લગ્ન બાદ પતિ પત્નીમાં અણબનાવ, સંઘર્ષમાં વધારો થાય તો તેઓ છૂટાછેડા પણ લઈ શકે છે. સમાજ, ધર્મનું બંધન કે આધિપત્ય નિયંત્રણ નબળું પડ્યું છે.

## 9. પારિવારિક સત્તા અને નિર્ણયોમાં પરિવર્તન (Changes In Family Powers And Decisions)

પરંપરાગત કુટુંબમાં જે રીતે પોતાના જ ઘરના વડીલ વ્યક્તિની સત્તા અગ્રેસર રહેતી તે જ રીતે દૂરના સગા, દૂરના રક્ત સંબંધીઓનું આધિપત્ય, સત્તા અગ્રેસર રહેતી હતી. જ્યારે આધુનિક પેઢી દૂરના સગાને ઓળખતી પણ નથી, તેમજ ઘરના સભ્યોની સત્તા તાબેદારીના સંબંધો ઘટ્યા છે. લગ્નના નિર્ણયો યુવાનો પોતે જ લેતા થયા છે. યુવાનો એ લગ્ન કયા ક્ષેત્રમાં કરવું, કયા ક્ષેત્રમાં ન કરવું, કોની સાથે કરવું, કોની સાથે ન કરવું વગેરે જેવા પ્રશ્નોનું નિરાકરણ જાતે જ લાવી દીધું છે. ઉપરાંત લગ્ન કરાવનાર સંસ્થાઓ અસ્તિત્વમાં આવતી જાય છે. જાહેર ખબરો દ્વારા વર - કન્યાની પસંદગી થઈ શકે છે. લગ્નવિષયક પતિ પત્નીના અંગત સમસ્યાઓના નિરાકરણ માટે શહેરોમાં સંસ્થાઓ સને સલાહકેન્દ્રો અસ્તિત્વમાં આવ્યાં. જેના કારણે પણ વડીલોની સત્તાનો અંત આવ્યો છે. સંચાર માધ્યમો, શિક્ષણ, પશ્ચિમીકરણ, ઉદ્યોગીકરણ, મહિલાની વ્યાવસાયિક સિદ્ધિ, સરકારી પ્રચાર પ્રસાર, સ્વૈચ્છિક સંસ્થાઓ, સમાજ સુધારકો તથા શિક્ષણના પ્રસારને કારણે રૂઢીચુસ્ત સત્તા અને નિર્ણયો નબળા પડ્યા છે. ઉપરાંત કાયદાકીય બળ દ્વારા આંતર જ્ઞાતીય અને આંતરધર્મીય લગ્ન શક્ય બનતા સામાજિક દબાણ હળવું બન્યું છે. તાજેતરના વર્ષોમાં, ભારતમાં ડેટિંગ સંસ્કૃતિની શરૂઆત સાથે, ગોઠવાયેલા લગ્ન, આટા-સાટા લગ્ન અને જન્માક્ષર – કુંડળીના વિશ્લેષણમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે, જેમાં સંભવિત વર અને કન્યા પોતાના જીવનસાથીને જાતે પસંદ કરવાનું પસંદ કરે છે અને નહીં કે તેમના માતાપિતા પસંદ કરે તે જ. ગ્રામીણ પ્રદેશો કરતા શહેરી અને પરા વિસ્તારોમાં આ વધુ જોવા મળે છે. આજે હિંદુઓમાં લગ્નની સંસ્કૃતિ પ્રેમ-ગોઠવેલાં લગ્ન અથવા ગોઠવેલા-પ્રેમ લગ્નની આવી નવી સંકલ્પના છે.આજે યુવાનો લગ્ન કોની સાથે કરવા, કયા વિસ્તારમાં કરવા, ઉપરાંત જમવાના મેનુ થી લઈ ભેટ સોગાદો, પહેરવેશ, સંગીત – ડીજે વગેરે જેવી જમાવટ કેવી રીતે કરવી તે જાતે નક્કી કરતાં થયાં છે, વડીલો પણ તેમાં સંપૂર્ણ સહમતિ દર્શાવતા થયા છે. આમ, લગ્નની બાબતમાં પરિવારની રૂઢીચુસ્ત સત્તા, નિયંત્રણો નબળા બનતા પરિવર્તન આવ્યું છે.

### 10. પતિ-પત્નીના અંગત સંબંધોમાં સમાનતા અને મિત્રતા (Equality And Friendship In The Personal Relationship Of Husband And Wife)

*પ્રાચીન રૂઢિગત ભારતીય સમયમાં પતિ પત્નીના સંબંધો સત્તા અને તાબેદારીના પાયા પર રચાયેલા હતા. પહેલાં લગ્ન એક પવિત્ર અને જન્મ જન્માંતરનું અતૂટ સાંસ્કારિક બંધન ગણવામાં આવતું હતું. પતિના જીવનમાં પત્નીનું સ્થાન ઘણું ઊંચું મનાતું હોવા છતાં પત્નીનું સ્થાન સામાજિક રીતે ખૂબ જ નિમ્ન અને ગૌણ હતું. લગ્ન ધાર્મિક સંસ્કાર હોવાની સાથે 'પતિ એ જ પરમેશ્વર', 'પડ્યું પાનું નિભાવવું પડે', 'લગ્ન એ તો ભવો ભવનું બંધન', 'લગ્ન એ એક સંસ્કાર' વગેરે જેવી માન્યતાઓ અગ્રેસર હતી. પતિની આજ્ઞા માનવી, પતિની સેવા કરવી, પતિ જેમ કહે તેમજ કરવું એ પત્ની માટે ફરજીયાત બની રહેતું. જ્યારે આધુનિક સમયમાં પતિ પત્નીના સંબંધોમાં સુધારો આવ્યો છે. માટે સમાન મિત્ર બન્યા છે. આધુનિક સમયમાં પતિ પત્નીનાં દામ્પત્યજીવનમાં સંઘર્ષ કે મતભેદ પ્રવર્તતો હોય ત્યારે કાયદાકીય જોગવાઈથી છૂટાછેડા મેળવી શકાય છે. તેમજ સમાજ તેને સહજ સ્વીકારતો થયો છે. પત્નીનું શોષણ થતું અટક્યું છે. આજે પત્ની દાસી કે અનુચરી મટીને સહચરી, મિત્ર અને સાથી તરીકે સન્માનને પાત્ર બનતી જાય છે. ભારતના બંધારણે પણ સ્ત્રી ને પુરૂષ સમાન દરજ્જા આપતાં પત્નીની પ્રતિષ્ઠા, સ્થાન અને દરજ્જોમાં વધારો થયો છે.*

### 11. દહેજ જેવી કુપ્રથાઓ પર પ્રતિબંધ (Prohibition Of Evil Practices Like Dowry)

*લગ્ન સમયે માતા પિતા દ્વારા દીકરીને અથવા સામા પક્ષને અમુક ભેટ સોગાદો આપવાનો રિવાજ ભારતીય સમાજમાં ઘણો પ્રાચીન છે. દહેજ એટલે લગ્ન પ્રસંગે કન્યાપક્ષ તરફથી વરપક્ષને અપાતી ભેટસોગાદ. એમાં સોના, ચાંદીનાં ઘરેણાં - દાગીના, તાંબા-પિતળ-સ્ટીલના વાસણો, પહેરવાના કપડાં, રોકડ-રકમ ઉપરાંત અન્ય માલ મિલકતનો સામાન, ઘર વખરીનો સામાન જેમ કે, સ્ટીલનું કબાટ, કૂલર, ફ્રીજ, ટીવી, સ્કૂટર, મોટર, બંગલો, જમીન- જાયદાદ, કાર વગેરે જેવી અનેક ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. કેટલીક જ્ઞાતિઓમા આપવા કે લેવાની પ્રથાને 'પૈઠણ' કે 'વાંકડો' તરીકે પણ ઓળખાય છે. અનેક સમાજ સુધારકોએ દહેજ પ્રથાનો આકરો વિરોધ કર્યો છે. સ્ત્રી શિક્ષણની હિમાયત કરી, મરણ પાછળ રોવા-કૂટવાના રિવાજોનો અને દહેજપ્રથાનો વિરોધ કર્યો. આધુનિક યુવાનોમાં તેમજ નવીન વિચારસરણીને વરેલા વડીલો દહેજ જેવી કુપ્રથાઓનો અસ્વીકાર કરે છે. દહેજ ને નિવારવાના ભાગરૂપે કેટલીક જ્ઞાતિઓમાં 'સમૂહલગ્ન' ની એક નવતર યોજના સાકાર કરીને 'દહેજ નાબૂદી ઝુંબેશ' શરુ થઈ છે.*

*ઉપરાંત કાયદાકીય રીતે* 1961*માં દહેજ આપવાની કે લેવાની સામાજિક પ્રથા પર પ્રતિબંધ મૂક્તો "દહેજ પ્રતિબંધક અધિનિયમ" (*Dowry Prohibition Act, 1961) *ઘડવામાં આવેલો. તે પછી વર્ષ* 1984*માં કાયદામાં સુધારવામાં આવ્યો અને કાયદા નીચે દહેજની માંગણી કરનાર, તે આપનાર અને લેનારને ગુનેગાર ગણાવી કડક શિક્ષાની જોગવાઈ કરવામાં આવી. વર્ષ* 1986*માં ભારતીય ફોજદારી ધારામાં દહેજ મૃત્યુની કલમ* 304(*બી) નો ઉમેરો કરવામાં આવી. આ કલમને અનુરૂપ* 113(*બી) નો પણ* 1986*માં ઉમેરો કરી આ ગુનાને સખત શિક્ષાને પાત્ર બનાવ્યો. દહેજ અધિનિયમ મુજબ, જો કોઈપણ વ્યક્તિ દહેજ આપે કે દહેજ આપવાનું કે દહેજ લેવાનું દુષ્પ્રેરણ કરે તો તેને ઓછામાં ઓછી છ માસની અને વધુમાં વધુ પાંચ વર્ષની અને પંદર હજાર રૂપિયા દંડ અથવા દહેજની કિંમત જેટલી રકમ બેમાંથી જે વધુ હોય તેટલા દંડની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદામાં એવી પણ જોગવાઈ કરાઈ છે કે જો કોઈ દહેજ અંગેના કેસમાં અદાલતને ગુનાની ગંભીરતા ઓછી દેખાય તો અદાલત ચુકાદામાં પૂરતા અને ખાસ કારણોની નોંધ કરીને પાંચ વર્ષથી ઓછી મુદતની સજા પણ કરી શકે છે. પરંતુ આધુનિક સમયમાં ક્યાંક દહેજ પ્રથાનું ચલણ વધતું જણાય છે, લગ્નમાં આપવા અને લેવાની પ્રથા ક્યાંક ફેશન બની ગઈ છે, તેમજ દહેજ આપવું એ પ્રતિષ્ઠાની બાબત ગણાય છે. જ્યારે દહેજ પ્રથાનો વિરોધ કરનારી વ્યક્તિ નિમ્ન સ્થાન પામે છે. યુવાનોના માતા પિતા પોતાના બાળકના વ્યવસાયિક દરજ્જા, શિક્ષણ તથા પગાર વગેરે જેવી બાબતોને આગળ ધરીને દહેજ લેવાને પ્રાધાન્ય આપે છે. એ સંદર્ભમાં જોઈએ તો, આજે કડક કાયદાકીય જોગવાઈ હોવા છતાં ક્યાંક ને ક્યાંક છુપી રીતે દહેજ પ્રથામાં વધારો થયો છે.*

**પ્રવૃત્તિ (1)**
**દહેજપ્રથા વિશે આપના વિચારો જણાવો.**

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

**12. રૂઢિગત સામાજિક ધાર્મિક પરંપરાઓમાં પરિવર્તન (Changes In Traditional Socio-Religious Traditions)**

*ભારતમાં લગ્ન એ એક સંસ્કાર તરીકે ગણીને તેને વધુ મહત્ત્વ આપવામાં આવતું. ઉપરાંત લગ્ન સમયે આખા સમાજને લગ્નમાં આમંત્રિત કરવામાં આવતું, લગ્નમાં ભોજન સમારંભ ગોઠવાતો હતો. ધાર્મિક વ્યક્તિ દ્વારા ચોક્કસ પ્રકારની વિધિઓ, હવન – પૂજા કરવામાં આવતી. તેમાં દિવસના ત્રણ થી ચાર સમયગાળા દરમિયાન ભોજન અપાતું. સાત દિવસ સુધી કે વધુ દિવસો સુધી લગ્નની અનેકવિધ વિધિઓ ચાલતી હતી. તેના બદલેહવે આધુનિક સમયમાં સવારથી સાંજ કલાકોની ગણતરીમાં લગ્ન આટોપાઈ જાય છે. લગ્નપ્રસંગમાં ફોટો સેશન, વીડિઓગ્રાફી કરવામાં આવે છે. ઉપરાંત હવે તો પ્રિ-વેડિંગ ફોટોશૂટ અને પોસ્ટ-વેડિંગ ફોટોશૂટ પણ કરવામાં આવે છે. ધાર્મિક રિવાજો, વિધિઓ, વડીલોની સત્તા, સમાજના ધોરણો નબળા બન્યા છે. પતિ પત્નીના સમાજમાન્ય સંબંધોને જીવનસાથીના સ્વરૂપે, મિત્રતાના સ્વરૂપે જાહેરમાં માન્યતા આપવામાં આવે છે. આજે જીવનસાથીની પસંદગી માટે વર્તમાનપત્રોમાં, સોશિયલ મીડિયામાં જાહેરાત આપીને મેરેજબ્યુરો મારફતે પસંદ કરવામાં આવે છે. તેમજ સમૂહલગ્ન વિધિ કે ફક્ત વર પક્ષ અને કન્યા પક્ષના પરિવારને જ લગ્નમાં સામેલ કરવામાં આવે છે. આમ, લગ્ન વ્યવસ્થામાં રૂઢિગત સામાજિક ધાર્મિક પરંપરાઓમાં પરિવર્તન આવ્યું છે.*

**પ્રવૃત્તિ (1) આપના મતે, લગ્ન સંસ્થામાં રૂઢિગત સામાજિક ધાર્મિક પરંપરાઓમાં કેવા પ્રકારનું પરિવર્તન આવ્યું છે? તેની યાદી બનાવો.**

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................

**13. અન્ય સામાજિક પરિવર્તન (Other Social Change)**

*લગ્ન માટે પરંપરાગત રીતે વડીલો જ યુવાન બાળકો માટે જીવન સાથીની પસંદગી કરતા હતા. યુવાનો પોતાની રીતે જીવનસાથી પસંદગી કરી નહોતા શકતા, ઉપરાંત લગ્ન બાદ જ યુગલ – દંપતી એકબીજાને જોઈ શકતા. આજે જીવનસાથી પસંદગીમાં પરિવર્તન આવ્યું છે. વડીલો પોતાના યુવાન બાળકોને જીવનસાથી પસંદગી કરવાની તક અને સ્વતંત્રતા આપે છે. આ ઉપરાંત પોતાની જ જ્ઞાતિ કે પેટાજ્ઞાતિમાં લગ્ન કરવા, એકડા, ગોળ કે ગોત્રમાં લગ્ન કરવા એ બધા પ્રતિબંધો નાબૂદ થવા લાગ્યા છે. જીવનસાથી પસંદગીમાં વ્યવસાય, શિક્ષણ, મિલકત વગેરે જેવા પરિબળો મુખ્ય બન્યા છે. પહેલાનાં સમયમાં દિયરવટુ, જેઠવટુ, સાળીવટુ વગેરે જેવી કુપ્રથાઓ અસ્તિત્વમાં હતી, તેમાં પણ પરિવર્તન આવ્યું છે. વિધવા કે વિધુરના લગ્ન માટે પણ વડીલો દ્વારા કુટુંબનાં સભ્યો દ્વારા જીવનસાથી પસંદગીને પ્રાધાન્ય આપવામાં આવે છે. યુવાનોમાં પણ આ બાબતે સ્વતંત્રતા જોવા મળે છે. જેના કારણે ક્યાંક ને ક્યાંક વડીલોની પસંદગીનું મહત્ત્વ ઘટતું જાય છે.*

*ભારતીય સમાજમાં પ્રાચીન સમયની તુલનામાં બાળલગ્નો, દહેજ પ્રથાની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. નવા કાનૂની સુધારા દ્વારા લગ્નવય છોકરા માટે 21 વર્ષની અને છોકરી માટે 18 વર્ષની કરવામાં આવી છે. કાનૂની સુધારા ઉપરાંત મહિલા શિક્ષણનો વિકાસ, ધાર્મિક ખ્યાલોનો તથા જ્ઞાતિના પરંપરાગત રિવાજોનો ઘટેલો પ્રભાવ વગેરે કારણોસર લગ્નવય રુચી ગઈ છે. પુખ્તવયે લગ્ન એ હવે રિવાજ બનતો જાય છે.*

*લગ્ન પહેલા જાતીય સંબંધ બાંધવો તે ગુનો ગણાતો, તેમજ પતિ અને ખાસ તો પત્નીની જાતીય પવિત્રતા પર ભાર મુકાતો. જ્યારે હવે લગ્ન પહેલા જાતીય પવિત્રતાનું ધાર્મિક મહત્ત્વ ઘટ્યું છે. આ ઉપરાંત લગ્ન વખતે અપાતી દહેજ પ્રથા અને કુલીન લગ્નપ્રથાને કારણે કજોડાં લગ્ન જોવા મળતા હતા. આવાં લગ્નોમાં વર કન્યાની ઉંમરમાં લગભગ 20 કરતાં પણ વધારે વર્ષોનો તફાવત જોવા મળતો હતો પરંતુ વર્તમાન યુગમાં મહિલા શિક્ષણ, સહ શિક્ષણ, સહકાર્ય, જુદી જુદી યોજનાઓ અને સામાજિક સુધારકોના પ્રયત્નોથી આંતરજ્ઞાતીય લગ્ન, આંતરધર્મીય લગ્ન, પ્રેમ લગ્ન, જીવનસાથીની પસંદગીમાં સ્વતંત્રતા વગેરેને કારણે કજોડાં લગ્નો લગભગ સમાપ્ત થઈ ગયાં છે.*

*રૂઢિચુસ્ત ભારતીય સમાજમાં પ્રાચીન સમયમાં સ્ત્રી -પુરુષ વચ્ચે પ્રેમ ઉદ્દભવતા ગાંધર્વ લગ્ન થતાં હતાં. વર્તમાન સહ – શિક્ષણ પ્રથા, ઔદ્યોગિકરણ, શહેરીકરણ ચલચિત્રો, ટેલિવિઝન, સંચાર માધ્યમો, ટેક્નોલોજી વગેરેની અસરને કારણે પ્રેમ કે આકર્ષણ થતાં પ્રેમ લગ્ન થવાં લાગ્યાં છે. તેમજ તેની સંખ્યામાં વધારો થતો દેખાય છે.*

*આધુનિક સમયમાં લગ્નસંસ્થામાં સ્વ-પસંદગીની બાબતમાં પરિવર્તન આવ્યું છે. સમાજમાં ચાલતા અનેક પરિબળોના કારણે સ્વ પસંદગીનાં લગ્ન થવા લાગ્યાં છે. આવાં લગ્નોની સંમતિની બાબતમાં સમાજ ઉદારતા, સમાનતા અને સહિષ્ણુતાભર્યું વર્તન દાખવે છે. વડીલો દ્વારા સ્વ-પસંદગીનાં લગ્નોની સ્વીકૃતિ મળતાં આવાં લગ્નનું પ્રાધાન્ય વધ્યું છે*

*લગ્ન કરવું એ દરેક વ્યક્તિ માટે ફરજીયાત ગણવામાં આવતું. ઉપરાંત જૂના જમાનામાં લગ્નને પવિત્ર, ધાર્મિક સંસ્કાર, સામાજિક અનિવાર્યતા માનવામાં આવતો હોવાથી પ્રત્યેક વ્યક્તિ માટે લગ્ન કરવું આવશ્યક કર્તવ્ય ગણાતું. કેટલીક માન્યતાઓ જેવી કે, ઋણમુક્તિ, પેઢી આગળ વધારવી અને પુરુષાર્થોની પૂર્તિ માટે લગ્ન કરવું પડતું હતું. જેમ જેમ ધાર્મિક રૂઢિઓમાં શિથિલતા – સરળતા આવતી ગઈ અને લોકમાનસ શિક્ષણ-વિકાસને કારણે તથા વ્યક્તિગત સ્વતંત્રતાને પ્રાધાન્ય આપતું ગયું તેમ વ્યક્તિ એ પોતે લગ્ન કરવા કે નહિ તે જાતે નક્કી કરવા લાગ્યા છે. જેમાં વડીલો પણ સંપૂર્ણ સહકાર આપતા થયા છે. સ્ત્રી અને પુરુષોમાં અપરણિત રહેવાનું ચલણ વધવા લાગ્યુ છે. ઔદ્યોગીકરણથી સ્ત્રી ઓ પણ અર્થોપાર્જનની પ્રવૃત્તિમાં જોડાતા પરિવારને સમય ફાળવી શક્તિ નથી, લગ્ન કરવાનું ટાળે છે, અને આજીવન કુંવારા રહેવાનું પસંદ કરે છે. આમ, ભારતીય સમાજમાં લગ્નમાં અનેક પ્રકારના પરિવર્તનો આવતાં જોવા મળે છે.*

**પ્રવૃત્તિ (1)**
**લગ્ન સંસ્થામાં કેવા પરિવર્તનો આવી રહ્યાં છે? તેની યાદી બનાવો.**

...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................

**પ્રવૃત્તિ (2)**
**આપના કુટુંબમાં લગ્નમાં કેવા પ્રકારનું પરિવર્તન આવી રહ્યું છે? તે જણાવો.**

...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

## 16.3 સારાંશ

*લગ્ન સંસ્થામાં આવી રહેલ ઉપર્યુક્ત પરિવર્તન પાછળ અનેક સમાજ સુધારકો જેવા કે ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર, કેશવચંન્દ્ર સેન, વારસાલિંગમ્, પંડિત વિષ્ણુ શાસ્ત્રી , મહર્ષિ ધોંડો કેશવ કર્વે, પાન્તુલુ, મહાદેવ ગોવિંદ રાનડે, બહેરામજી મહેરવાનજી મલબારી, લોકમાન્ય ટિળક વગેરે જેવા અનેક વિચારકો વિદ્વાનોએ રૂઢિચુસ્ત ભારતીય લગ્ન પરંપરાને હળવું બનાવવા તથા કુરિવાજો દૂર કરવાના અનેક પ્રયત્નો કર્યા છે. સમાજ સેવકોએ વિવિધ સમાજોમાં લગ્ન સમયે પ્રવર્તતા કુરિવાજો દૂર કરવાનું કામ કર્યું. દાદાભાઈ નવરોજી અને બી. એમ. મલબારીએ પારસી સમાજમાં જોવા મળતા કુરિવાજો દૂર કરવાનું કામ કર્યું. સૈયદ અહમદખાં, મૌલવી ચિરાગ, અલી શાહ અબ્દુલ અઝીઝ, સૈયદ બરેલવી, શેખ કિસ્મત અલી, મિરઝા ગુલામ અલી, સૈયદ અકબર હુસેન જેવા સમાજસુધારકોએ મુસ્લિમ સમાજમાં જોવા મળતા કુરિવાજો દૂર કરીને શિક્ષણનો પ્રચાર કર્યો. પ્રાચીન પરંપરાઓ અને સિદ્ધાંતોમાં સામાજિક સુધારાની નીતિ અપનાવવાના નિયમો, ધોરણો અને રિવાજો બનાવ્યા અને તેમનો અમલ કર્યો. વિધવા વિવાહ, સ્ત્રી શિક્ષણ, બાળ લગ્ન પર પ્રતિબંધ, જાતિભેદની નાબૂદી વગેરે દ્વારા સમાજસુધારણા કરવાનું લગ્નમાં પરિવર્તન લાવવાનું મહત્ત્વનું કાર્ય કર્યું છે.*

*વિદ્યાર્થી મિત્રો, લગ્ન સંસ્થામાં આવતું પરિવર્તન આપણે આ એકમમાં જોયું. પરંતુ લગ્નમાં પરિવર્તન કયા કારણોથી આવે છે? લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવતા પરિબળો કયા છે? તે જાણવું અતિ આવશ્યક છે. આથી લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવતા પરિબળો વિશે હવે પછીનાં એકમમાં વિસ્તૃત સમજૂતી મેળવીશું.*

## 16.4 તમારી પ્રગતિ ચકાસો

### (અ) નીચે આપેલ પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર આપો.

1. *લગ્નનો અર્થ અને વ્યાખ્યા આપી, લગ્ન સંસ્થામાં આવતું પરિવર્તન સવિસ્તાર સમજાવો.*

.................................................................
.................................................................

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**નીચે આપેલ પ્રશ્નો વિશે ટૂંકનોંધ લખો.**

1. *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે એકસાથી વિવાહ વિશે ટૂંકનોંધ લખો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

2. *લગ્નને ધાર્મિક સંસ્કાર ગણવું – તેમાં પરિવર્તન વિશે ટૂંકનોંધ લખો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

3. *બાળલગ્ન ઉપર નિયંત્રણ વિશે ટૂંકનોંધ લખો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

....................................................................
....................................................................

4. *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે વિધવા પુનર્લગ્ન વિશે ટૂંકનોંધ લખો.*

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

5. *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે આંતરજ્ઞાતીય લગ્નને પ્રોત્સાહન વિશે ટૂંકનોંધ લખો.*

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

6. *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે આંતરધર્મીય લગ્નને પ્રોત્સાહન વિશે ટૂંકનોંધ લખો.*

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

7. *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે લગ્નના ક્ષેત્રનો વિસ્તાર વિશે ટૂંકનોંધ લખો.*

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

8. *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે સામાજિક ધોરણો – મૂલ્યોમાં પરિવર્તન વિશે ટૂંકનોંધ લખો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

9. *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે પારિવારિક સત્તા અને નિર્ણયોમાં પરિવર્તન વિશે ટૂંકનોંધ લખો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

10. *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે પતિ-પત્નીના અંગત સંબંધોમાં સમાનતા અને મિત્રતા વિશે ટૂંકનોંધ લખો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

11. *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે દહેજપ્રથા પ્રતિબંધ વિશે ટૂંકનોંધ લખો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

12. *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે રૂઢિગત ધાર્મિક પરંપરાઓમાં પરિવર્તન વિશે ટૂંકનોંધ લખો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

13. *લગ્ન સંસ્થામાં પરિવર્તન તરીકે અન્ય સામાજિક પરિવર્તન વિશે ટૂંકનોંધ લખો.*

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. *વિલિયમ અને અન્ય (*William; Prins; Mcbrid; Walrath*) મતે, __________ એ સ્ત્રી અને પુરુષ વચ્ચેનું સાંસ્કૃતિક અને ઘણીવાર કાયદેસર રીતે માન્યતા પ્રાપ્ત જોડાણ છે જેને જીવનસાથી કહેવાય છે.*
   *(જાતીય સંબંધ, લગ્ન, એકેય નહિ)*

2. *બંગાળના કુલીન કુટુંબમાં ઉપરાંત __________ સમાજોમાં કે રૂઢિગત પુરુષપ્રધાન સમાજોમાં વધારે પત્નીઓ કરવાનો રિવાજ હતો.*
   (*ગ્રામીણ, શહેરી, આદિવાસી*)
3. *ઈ.સ. __________ માં 'હિન્દુ મૅરેજ ઍક્ટ' અમલમાં મુકાયો.*
   (1955, 1956, 1957)
4. *બાળલગ્ન પ્રતિબંધક અધનિયમ- __________ ની કલમ* 13(4) *હેઠળ બીન સરકારી સભ્યોની સલાહકાર સમિતિની રચના મુજબ બાળ લગ્ન ગુનો બને છે.*
   (1929, 1930, 1931)
5. 16 *જુલાઈ__________ ના રોજ હિંદુ વિધવા પુનઃલગ્ન અધિનિયમ પસાર થયેલ.*
   (1854, 1855, 1856)
6. __________ *ના 'હિંદુ મેરેજ વેલિડીટી એક્ટ' હેઠળ સરકાર દલિત જ્ઞાતિ અને અન્ય જ્ઞાતિ વચ્ચે થયેલાં લગ્નને કાયદાકીય સુરક્ષા, આર્થિક સહાય અને પ્રોત્સાહન આપ્યું છે.*
   (1948, 1949, 1950)
7. *વર્ષ* __________ *માં ભારતીય ફોજદારી ધારામાં દહેજ મૃત્યુની કલમ* 304(*બી*) *નો ઉમેરો કરવામાં આવી.*
   (1986, 1987, 1988)
8. '*બાળ લગ્ન અધિનિયમ* __________ *આવ્યો અને તે તારીખ* = 10-1-2007*થી અમલમાં મુકાયો.*
   (2006, 2005, 2004)
9. *લોર્ડ વિલિયમ બેન્ટિંક દ્વારા* __________ *માં સતી પ્રથા નાબૂદ કરવામાં આવ્યો.*
   (1829, 1828, 1827)

**(ક) ખરાં-ખોટાં જણાવો.**

1. '*વિશેષ લગ્ન કાયદો,* 1954' (Special Marriage Act 1954)*દ્વારા વિભિન્ન ધર્મોના પરસ્પર લગ્નને માન્ય ગણીને આંતરધર્મીય લગ્નને પણ પ્રોત્સાહન આપ્યું છે.*
2. *આંતરજ્ઞાતીય લગ્નને પ્રોત્સાહન ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના રાજ્ય સરકારે અમલમાં મૂકી છે.*
3. *ભારતમાં આંતરધર્મી લગ્નો સ્પેશિયલ મેરેજ એક્ટ (*Special Marriage Act 1954)*હેઠળ નોંધાયેલાં છે. જે* 150-*દિવસની નોટિસ અવધિ ફરજિયાત કરે છે.*
4. "*દહેજ પ્રતિબંધક અધિનિયમ" (*Dowry Prohibition Act*) વર્ષ* – 1961*માં ઘડવામાં આવેલો.*

5. *સૈયદ અકબર હુસેન જેવા સમાજસુધારકોએ મુસ્લિમ સમાજમાં જોવા મળતા કુરિવાજો દૂર કરીને શિક્ષણનો પ્રચાર કર્યો.*
6. *આધુનિક સમયમાં સ્ત્રી અને પુરુષોમાં અપરણિત રહેવાનું ચલણ ઘટવા લાગ્યુ છે.*

## 16.5 ચાવીરૂપ શબ્દો

- **એકસાથી વિવાહ** - *જેમાં એક સમયે એક જ વ્યક્તિ સાથી સાથે લગ્ન કરવા તે.*
- **બાળલગ્ન** - *જેમાં ખૂબ જ નાની ઉંમરના બાળકોના લગ્ન થાય છે તે.*
- **વિધવા** - *જેનો પતિ મૃત્યુ પામ્યો છે તે મહિલાનો દરજ્જો.*
- **વિધવા પુનર્લગ્ન** -*જે મહિલાનો પતિ મૃત્યુ પામ્યો છે તે મહિલાનાં અન્ય પુરુષ સાથે થતા લગ્ન.*
- **દ્વિવિવાહ (Bigamy)** - *એકી વખતે બે પત્ની કે પતિઓ હોવા તે.*
- **દ્વિપક્ષીય વંશ (BilateralDescent)** - *બંને માતાપિતાના પૂર્વજોની રેખાઓ દ્વારા સગપણનું નિશાન*
- **સહવાસ (Cohabitation)** - *સાથે રહેવાની અને લગ્ન કર્યા વિના જાતીય સંબંધ રાખવાની સ્થિતિ.*
- **વધુ શુલ્ક (Bridewealth)** - *લગ્ન પહેલાં વરરાજાના પરિવાર દ્વારા કન્યાના પરિવારને ચૂકવણી કરવામાં આવે છે.*
- **દહેજ (Dowry)** - *લગ્ન પહેલાં કન્યાના પરિવાર દ્વારા વરના પરિવારને ચૂકવણી કરવામાં આવે છે.*
- **ગોત્ર વિવાહ (Endogamy)** - *એવી અપેક્ષાઓનું વર્ણન કરતો શબ્દ કે જે વ્યક્તિઓએ ચોક્કસ જૂથમાં લગ્ન કરવા જોઈએ.*
- **ગોત્રાંતર લગ્ન પ્રથા (Exogamy)** - *વ્યક્તિએ ચોક્કસ જૂથની બહાર લગ્ન કરવા જોઈએ તેવી અપેક્ષાઓનું વર્ણન કરતો શબ્દ.*

## 16.6 ઉપયોગી પુસ્તકો


1. Bourdieu, Pierre (1972). Outline of a Theory of Practice. Cambridge: Cambridge University Press. pp. 27–29.
2. Carroll, Lucy (2008). "Law, Custom, and Statutory Social Reform: The Hindu Widows' Remarriage Act of 1856
3. Chandrakala Anandrao Hate (1948). Woman and Her Future. New Book Company. p. 156
4. Eskridge, William N. (1993). "A History of Same-Sex Marriage". Virginia Law Review. 79 (7): 1453–58. doi:10.2307/1073379

5. Evans, Tanya (2005) Women, Marriage and the Family, p. 64 in Barker, Hannah, & Elaine Chalus, eds., Women's History: Britain, 1700–1850: An Introduction, Oxon/London: Routledge, ISBN 0-415-29177-1.
6. Haviland, William A.; Prins, Harald E.L.; Mcbride, Bunny; Walrath, Dana (2011). Cultural Anthropology: The Human Challenge (13th Ed.). Cengage Learning. Isbn978-0-495-81178-7.
7. Hobel (1958) 'Man In The Primitive World An Introduction To Anthropology', New York, Toronto.
8. Hobel (1972), 'Cultural And Social Anthropology', New York.
9. Levine, Nancy (1998). The Dynamics of polyandry: kinship, domesticity, and population on the Tib[a]an border. Chicago: University of Chicago Press.
10. Lévi-Strauss, Claude (1963). Structural Anthropology. New York: Basic Books. ISBN 9780465082308.
11. Lowie (1966), 'Culture And Anthropology', New York.
12. Murdock, 1949, p. 24. "group marriage or a marital union embracing at once several men and several women."
13. 13. Notes and Queries on Anthropology. Royal Anthropological Institute. 1 951. p. 110.
14. Radcliffe-BroWn (1952), 'Structure And Functions In Primitive Soceity', New York.
15. Radcliffe-Brown, A.R., Daryll Forde (1950). African Systems of Kinship and Marriage. London: KPI Limited.
16. Srinivas, Mysore Narasimhachar (1980). India: Social Structure. Delhi: Hindustan Publishing Corporation. p. 55. ISBN 978-1-4128-2619-8.
17. Westermarck, Edward (1 April 2003). History of Human Marriage 1922. Kessinger Publishing. p. 71. ISBN 978-0-7661-4618-1.
18. Westermarck, Edward (1936). The Future of Marriage in Western Civilisation. Books for Libraries Press. p. 3. ISBN 978-0-8369-5304-6.
19. Westermarck, Edward Alexander (1903). The History of Human Marriage (reprint ed.). Macmillan and Co., Ltd., London. ISBN 978-1-4021-8548-9.
20. *દવે હર્ષિદા (*2005), *'માનવશાસ્ત્ર', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.*
21. *નિયામક, સમાજ સુરક્ષા, ગુજરાત સરકાર* 2021 https://sje.gujarat.gov.in/dsd/Information/1484
22. *વાઘેલા અનિલ (*2005), *'લગ્ન, કુટુંબ અને સગાઈસંબંધો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.*

## 16.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

### વિભાગ – બ ના જવાબો

1. લગ્ન
2. આદિવાસી
3. 1955
4. 1929
5. 1856
6. 1949
7. 1986
8. 2006
9. 1829

### વિભાગ – ક ના જવાબો

1. ખરું
2. ખરું
3. ખોટું
4. ખરું
5. ખરું
6. ખોટું

એકમ 17

# લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવનારા પરિબળો

**-: રૂપરેખા :-**

**17.0 ઉદ્દેશ્યો**

**17.1 પ્રસ્તાવના**

**17.2 લગ્નનો અર્થ અને વ્યાખ્યા**

**17.3 લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવનારા પરિબળો**

**17.4 સારાંશ**

**17.5 તમારી પ્રગતિ ચકાસો**

**17.6 ચાવીરૂપ શબ્દો**

**17.7 સંદર્ભ સૂચિ**

**17.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 17.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે,*

- *લગ્નનો અર્થ અને વ્યાખ્યા સમજી શકશો.*
- *લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવતા પરિબળો કયા કયા છે? તે સમજી શકશો.*
- *લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવતા પરિબળ તરીકે ઉદ્યોગ અને ઔદ્યોગિકીકરણ તથા શહેરી વિકાસ – શહેરીકરણ વિશે માહિતી મેળવી શકશો.*
- *લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવતા પરિબળ તરીકે આધુનિકતા અને આધુનિકીકરણ તથા વિજ્ઞાન અને ટેકનોલોજી વિશે માહિતી મેળવી શકશો.*
- *લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવતા પરિબળ તરીકે સામાજિક સુધારણા, શૈક્ષણિક પરિબળ અને ભારતીય બંધારણ વિશે માહિતી મેળવી શકશો.*
- *લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવતા પરિબળ તરીકે સામાજિક કાયદા – કાનૂન વિશે માહિતી મેળવી શકશો.*

## 17.1 પ્રસ્તાવના

*લગ્ન એ સમાજની અનિવાર્ય અને પ્રાથમિક જરૂરિયાત છે. લગ્નને અંગ્રેજીમાં 'મેરેજ'* (Marriage *અથવા તો* Matrimony Or Wedlock*) તરીકે ઓળખવામાં આવે છે. વિલિયમ અને અન્ય (*William; Prins; Mcbrid; Walrath : 2011) *મુજબ, 'લગ્ન*

*એ સ્ત્રી અને પુરુષ વચ્ચેનું સાંસ્કૃતિક અને ઘણીવાર કાયદેસર રીતે માન્યતા પ્રાપ્ત જોડાણ છે જેને જીવનસાથી કહેવાય છે. તે તેમની વચ્ચે, તેમજ તેમના અને તેમના બાળકો વચ્ચે અને તેમની અને તેમના સાસરિયાઓ વચ્ચે અધિકારો અને જવાબદારીઓ સ્થાપિત કરે છે.'*

*પ્રસિદ્ધ વૈજ્ઞાનિકો વેખોફન (*Wekhofan 1815–80 Ad*), મોર્ગન (*Morgan 1818–81 Ad*) અને મેકલિનન (*Macleanan 1827–81) *એ માનવ સમાજમાં લગ્ન સંસ્થાની ઉત્પત્તિ અંગેના વિવિધ પુરાવાઓ, અભ્યાસોના આધારે આ મત રજૂ કર્યો હતો કે માનવસમાજની આદિમ સ્થિતિમાં લગ્નનું કોઈ બંધન નહોતું, દરેક સ્ત્રી -પુરુષને ઈચ્છિત આનંદ મેળવવાનો અધિકાર હતો. ઉપરાંત, લોર્ડ એવબરી (*Lord Avbury*), ફિસન (*Fisson*), હોવિટ (*Howitt*), ટેલર (*Taylor), *સ્પેન્સર (*Spencer), *ઝિલાક્રોવ લેવસ્કી (*ZilankovLevski*), લિઆર્ટ (*Liart) *અને શુર્ટ્ઝ (*Schurtz*) વગેરે જેવા પશ્ચિમી વિદ્વાનોએ લગ્નની આદિમ સ્થિતિને કામાચર* (Pramiscuiti*) ની સ્થિતિ ગણાવી હતી. ક્રોપાટિન વ્લાખ* (KropatkinVlakh*) અને વ્રફાલ્ટ (*Vrfal*) એ અનુમાન કર્યું કે બહુપત્નીત્વ, અથવા બહુવિધ પત્નીઓ રાખવાની પ્રથા, પ્રારંભિક જાતીય સંભોગની સ્થિતિ પછી વિકસિત થઈ, અને પછી એકલ સ્ત્રી સાથે એકપત્નીત્વનો નિયમ પ્રચલિત બન્યો.*

*ચાર્લ્સ ડાર્વિને (*Charles Darwin*) પ્રાણીશાસ્ત્ર (*Zoology*), વેસ્ટરમાર્ક (*Westermar*), લોંગ ગ્રાસ (*LongGrass*) અને ક્રોલી પ્રભાતિ (*CrawleyPrabhti*) ના સમાજશાસ્ત્રી ઓના આધારે લગ્નના આદિમ સ્વરૂપની આ પૂર્વધારણાને ભારપૂર્વક નકારી કાઢી હતી. પ્રાચીન સમયથી માંડી વર્તમાન સમયમાં લગ્નમાં અનેક પરિબળોને કારણે પરિવર્તન આવતું ગયું છે. માનવ સમાજે આ પરિવર્તનને સ્વીકાર્યો પણ છે. આથી લગ્નમાં આવતા પરિવર્તનો પાછળ કયા પરિબળો કાર્યરત છે, તેની પ્રસ્તુત એકમમાં ચર્ચા કરીશું.*

## 17.2 લગ્નનો અર્થ અને વ્યાખ્યા

*નૃવંશશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ તેમજ અનેક વૈજ્ઞાનિકોએ વિવિધ સંસ્કૃતિઓમાં જોવા મળતી વૈવાહિક પ્રથાઓની વિવિધતા, મૂલ્યો, ધોરણો, રીત રીવાજોને આવરી લેવાના પ્રયાસરૂપે લગ્નની ઘણી સ્પર્ધાત્મક વ્યાખ્યાઓ સૂચવી છે. જે નીચે મુજબ જોઈ શકાય છે :-*

*ધી હિસ્ટ્રી ઓફ હ્યુમન મેરેજ (*The History Of Human Marriage - 1891)*માં, એડવર્ડ વેસ્ટરમાર્ક (*Edvard Westermarck*) લગ્નને "પુરુષ અને સ્ત્રી વચ્ચેનું વધુ કે ઓછું ટકાઉ જોડાણ" તરીકે વ્યાખ્યાયિત કર્યું હતું.*

*ધ ફ્યુચર ઑફ મેરેજ ઈન વેસ્ટર્ન સિવિલાઈઝેશન* (The Future Of Marriage In Western Civilization : 1936) *એડવર્ડ વેસ્ટરમાર્ક (*Westermarck, Edward*) તેમની અગાઉની વ્યાખ્યાને ફગાવી દીધી હતી, તેના બદલે લગ્નને "એક અથવા વધુ પુરુષોનો એક અથવા વધુ સ્ત્રી ઓ સાથેનો સંબંધ કે જે રિવાજ અથવા કાયદા દ્વારા માન્ય છે" તરીકે વ્યાખ્યાયિત કરે છે.*

*એડમન્ડ લીચે (*Leach, Edmund : 1955) *માન્યતા પ્રાપ્ત કાયદેસર સંતાનોના સંદર્ભમાં ખૂબ પ્રતિબંધિત હોવા માટે ગફ (*Gough*) ની વ્યાખ્યાની ટીકા કરી હતી અને સૂચવ્યું હતું કે લગ્નને તે સ્થાપિત કરવા માટે વિવિધ પ્રકારના અધિકારોની દ્દષ્ટિએ જોવામાં આવે છે. મેન (*Man*) ના* 1955*ના લેખમાં, લીચે (*LeachEdmund*) દલીલ કરી હતી કે લગ્નની કોઈ એક વ્યાખ્યા તમામ સંસ્કૃતિઓ, તમામ સમાજો કે તમામ સમુદાયો પર લાગુ પડતી નથી. તેમણે લગ્ન સાથે સંકળાયેલા કેટલાક અધિકારોની યાદી જાહેર કરી હતી. જેમાં તેમણે લગ્નનાં અર્થને વ્યાખ્યાબદ્ધ કરવા જાતીય એકાધિકાર, બાળકોના સંદર્ભમાં અધિકારો, વિવિધ સંસ્કૃતિઓમાં વિશિષ્ટ અધિકારોનો સમાવેશ કરેલ છે. લીચે દર્શાવેલ કુલ દસ અધિકારોમાં લગ્નને વ્યાખ્યાબદ્ધ કરવાનો તેમજ સમાજમાં લગ્નની જરૂરીયાત દર્શાવવાનો પ્રયાસ કરેલ છે, જે નીચે મુજબ જોઈ શકાય છે:*

1. *મહિલાના બાળકોને કાયદેસર રીતે પિતાનો દરજ્જો સ્થાપિત કરવા માટે.*
2. *પુરુષના બાળકોને કાયદેસર રીતે માતાનો દરજ્જો સ્થાપિત કરવા માટે.*
3. *પત્નીની જાતિયતામાં પતિને એકાધિકાર આપવા.*
4. *પતિની જાતિયતામાં પત્નીને એકાધિકાર આપવા.*
5. *પત્નીની ઘરેલું અને અન્ય શ્રમ સેવાઓ માટે પતિને આંશિક અથવા એકાધિકારિક અધિકારો આપવા.*
6. *પતિની ઘરેલું અને અન્ય શ્રમ સેવાઓના પત્નીને આંશિક અથવા એકાધિકારિક અધિકારો આપવા.*
7. *પત્નીની માલિકીની અથવા સંભવિત રીતે ઉપાર્જિત મિલકત પર પતિને આંશિક અથવા સંપૂર્ણ નિયંત્રણ આપવું.*

8. પતિની માલિકીની અથવા સંભવિત રીતે ઉપાર્જિત મિલકત પર પત્નીને આંશિક અથવા સંપૂર્ણ નિયંત્રણ આપવું.
9. લગ્ન બાદ જન્મેલ બાળકોના લાભ માટે મિલકતનું સંયુક્ત ભંડોળ - ભાગીદારી - સ્થાપિત કરવા.
10. પતિ અને તેની પત્નીના ભાઈઓ વચ્ચે સામાજિક રીતે નોંધપાત્ર 'સ્નેહનો સંબંધ' સ્થાપિત કરવા.

એન્થ્રોપોલોજીકલ હેન્ડબુક નોટ્સ એન્ડ ક્વેરીઝ (Notes And Queries On Anthropology : 1951)એ લગ્નને "પુરુષ અને સ્ત્રી વચ્ચેના જોડાણ તરીકે વ્યાખ્યાયિત કર્યું છે જેથી સ્ત્રીને જન્મેલા બાળકો બંને ભાગીદારોના માન્ય કાયદેસર સંતાનો હોય."

આર્થિક નૃવંશશાસ્ત્રી ડુરન બેલે (Economicanthropologist Duran Bell : 1997) કાયદેસરતા આધારિત વ્યાખ્યાની ટીકા કરી છે કે કેટલાક સમાજોને કાયદેસરતા માટે લગ્નની જરૂર નથી. તેમણે દલીલ કરી હતી કે લગ્નની કાયદેસરતા-આધારિત વ્યાખ્યા એવા સમાજોમાં એવું ધોરણ છે જ્યાં માતા અપરિણીત હોવા સિવાયના બાળક માટે ગેરકાયદેસરતાની અન્ય કોઈ કાનૂની અથવા સામાજિક અસરો નથી.

ઉપર્યુક્ત વ્યાખ્યાઓને આધારે સમાજમાં લગ્નનું મહત્વ, જરૂરીયાતને સમજી શકાય છે. જો કે લગ્ન સંસ્થામાં અનેક પરિબળોને કારણે પરિવર્તનો આવતા હોય છે, જે સમાજશાસ્ત્રીય દ્દષ્ટિકોણથી સમજવું આવશ્યક છે.

## 17.3 લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવનારા પરિબળો

લગ્ન સંસ્થામાં અનેક પરિબળોને કારણે પરિવર્તનો આવતા હોય છે, જે નીચે મુજબ જોઈ શકાય છે :-

### 1. ઉદ્યોગ અને ઔદ્યોગીકીકરણ (Industry And Industrialization) :-

બ્રિટીશ શાસન દરમિયાન અમલી બનેલ યંત્ર વિજ્ઞાન, ટેક્નોલોજી, યંત્ર શક્તિ સંચાલિત મશીનરી ઉદ્યોગોની શરૂઆત થઈ. ફ્રાંસની રાજ્ય ક્રાંતિ અને ઔદ્યોગિક ક્રાંતિની સીધી અસર ભારતીય કુટુંબ, લગ્ન અને સગપણ સંબંધો પર થઈ. ખાસ કરીને ભારતનાં ગ્રામીણ, શહેરી વિસ્તારોમાં અનેકવિધ નાના, મધ્યમકદના તથા મોટા ઉદ્યોગો અને કારખાના વિકસવા લાગ્યા. જેના પરિણામે ઉદ્યોગો અને ઉદ્યોગીકરણની પ્રક્રિયાનું પ્રચાર પસાર થવા લાગ્યું. ઉદ્યોગો વિકસતા મોટાભાગના યુગલો પોતાના પરિવાર સાથે અથવા તો એકલા જ સ્થળાંતર કરવા લાગ્યા. સ્થળાંતર યુગલો પોતાના મૂળ કુટુંબથી

*અલગ વસવાટ કરવા લાગ્યો પરિણામે અંગત સંબંધો, કૌટુંબિક સંબંધો ઉપર અસર ઉદભવી. ગ્રામીણ કુટુંબનાં લોકો પર ઉદ્યોગ અને ઔદ્યોગિકીકરણનો ઊંડો પ્રભાવ પડવા લાગ્યો. જે પુરુષ ઉદ્યોગ કે કારખાનાના મશીનરી વ્યવસાય સાથે સંકળાયેલ હોય તેની સાથે પોતાની યુવાન દીકરીઓના લગ્ન કરવા માટે વધુ પ્રેરાયા. જેના કારણે ગ્રામીણ યુવાનો – પુરુષો પણ ખેતીનો વ્યવસાય છોડી ઉદ્યોગો તરફ વળ્યા. ઔદ્યોગિકીકરણે કુટુંબ અને લગ્નની સંસ્થાઓને સીધી અસર કરી અને બંનેમાં પરિવર્તન લાવ્યા.*

*આધુનિક ઉદ્યોગોએ પરિવારના આર્થિક કાર્યોમાં ઘટાડો કર્યો છે અને તેનું કદ ઘટાડ્યું છે. સંયુક્ત કુટુંબો યુવાન બાળકોના લગ્ન બાદ વિભક્ત કુટુંબો માં ફેરવાયું છે. લોકો રોજીરોટી કમાવવા માટે પરિવારની બહાર કામ માટે જવા લાગ્યા છે. નવા ઉદ્યોગોમાં નોકરી શોધવા, ઉદ્યોગોનો ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કરવા અને પૈસા કમાવવાની પ્રક્રિયામાં મહિલાઓ પણ પુરુષો સાથે જોડાઈ છે. તેનાથી મહિલાઓના સ્થાન, દરજ્જો, આત્મ સન્માન અને આત્મ વિશ્વાસમાં વધારો થયો છે. પુરૂષો હવે સ્ત્રી ઓ પર પોતાની પુરુષ સત્તાનો ઉપયોગ કરી પ્રભુત્વ મેળવી શકતા નથી. આજે ઔદ્યોગિકીકરણે ઉદ્યોગ ક્ષેત્રે ઉચ્ચ દરજ્જો ધરાવતી પગારદાર મહિલાઓ તેમના જીવનસાથીની પસંદગીમાં સક્રિય ભૂમિકા ભજવે છે. લગ્ન પહેલા વડીલો દ્વારા જ નક્કી થઈ જતા, જ્યારે હવે ઉદ્યોગોના કારણે યુવતીઓ ઉદ્યોગોમાં કામ કરતા યુવાનોને પસંદ કરતી થઈ છે, પ્રેમ લગ્નમાં વધારો થયો છે. એક જ ઉદ્યોગ કે ઓફિસમાં કામ કરતા યુવક-યુવતીઓ એક બીજાના સંપર્કમાં આવતા પ્રેમમાં પડે અને લગ્ન કરે તેવા કિસ્સાઓ પણ આજે વધ્યા છે. ઉપરાંત છોકરીની સુંદરતા, શિક્ષણ અને ચારિત્ર્ય માત્ર એટલી જ બાબતો નહિ અન્ય બાબતો જેમ કે, આજે યુવાનો અને પરિવારો નોકરી કરતી મહિલાઓ અને પગાર લાવતી મહિલાઓને પુત્રવધૂ તરીકે લાવવા વધુ મહત્વ આપે છે.*

*ઉદ્યોગોમાં કામ કરતી ઘણી મહિલાઓ પોતાની કમાણીથી પરિવારના કોઈ સભ્યના કે પોતાના લગ્નનો ખર્ચ ઉઠાવતી થઈ છે. તેમના માતા-પિતા, કુટુંબનો આર્થિક બોજ ઓછો થયો છે. ઉદ્યોગીકરણે પતિ પત્નીના સંબંધોમાં વ્યક્તિવાદ ને જન્મ આપ્યો છે. વ્યક્તિવાદ વ્યક્તિગત સ્વાતંત્ર્યનો ખ્યાલ વિકસાવે છે તથા ઉચ્ચ જીવનધોરણ, સંપૂર્ણ સુખ સુવિધા મેળવવાની ઝંખના જગાડે છે. આથી વ્યક્તિ પોતાની કમાણી પોતાના મોજ શોખ કે અંગત જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પોતાના પૂરતી સીમિત રાખવા પ્રેરાય છે અને કુટુંબના અન્ય સભ્યો પ્રત્યેની ખાસ તો પતિ પત્નીના સંબંધોમાં ખેંચતાણ ઉભી થાય છે, ફરજો અને જવાબદારી નિભાવી શકવા સમર્થ ન બનતા પારિવારિક સંઘર્ષ ઉભો થાય છે.*

ઉદ્યોગીકરણને લીધે યુવાનો પરંપરાગત વ્યવસાય કરતા નથી. આધુનિક ઉદ્યોગોમાં કામ કરતા પુત્રોને પિતા કે વડીલ પુરુષો ભાવિ માર્ગદર્શન કે સલાહ-સૂચન આપવા સમર્થ રહેતો નથી. ઉદ્યોગ સાથે સંકળાયેલ પુત્ર લગ્ન બાદ પિતાનું ઘર છોડી પત્ની સાથે અલગ વસવાટ કરવા જતો રહે છે, જેથી પારિવારિક વડીલોની સત્તા કે નિયંત્રણ શક્તિ નબળી બને છે. ઔદ્યોગિક વ્યવસાય સાથે સંકળાયેલ પુત્રની કમાણી પર પત્નીનું નિયંત્રણ આવી જતા પરિવારના અન્ય સભ્યો અલગતાની લાગણી અનુભવે છે, લાગણી, હૂંફ, એકતા અને સહકારની ભાવનામાં ઘટાડો થતો જણાય છે. ઉદ્યોગીકરણને લીધે કુટુંબના સભ્યો વિભિન્ન ઔદ્યોગિક વ્યવસાયોમાં જોડાય છે અને તેઓની આવકના તફાવતોની સાથે ઉદ્યોગ અને પરિવાર એમ બંને જગ્યાએ દરજ્જો ભૂમિકામાં અસમાનતા ઊભાં થાય છે. કુટુંબના સભ્યોની આવકના તફાવતો કૌટુંબિક સંબંધો, પતિ પત્નીના અંગત સંબંધો ઉપર અસર ઉપજાવે છે. આવકના તફાવતો દરજ્જા-ભૂમિકાના તફાવતો પેદા કરે છે. લગ્ન બાદ પત્ની પણ પોતાનો વ્યવસાય ચાલુ રાખતી હોવાથી સાસરીપક્ષનું નિયંત્રણ રહેતું નથી. કૌટુંબિક બંધનો નબળા પડે છે, સ્ત્રી ઓનો આધુનિક વ્યવસાયોમાં પ્રવેશ થતા સ્ત્રી  માટે ઘર પરિવારની જવાબદારી, પતિ-બાળકોની કાળજી અને વ્યવસાય કરવો વગેરે બેવડી ભૂમિકાની સમસ્યા ઊભી થવા પામી તેમજ આંતરપેઢીય અંતર ઊભું થાય છે. આમ, આ બધી જ બાબતોએ લગ્ન સંસ્થાને અસર કરી છે.

**2. શહેરી વિકાસ – શહેરીકરણ (Urban Development - Urbanization) :-**

ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણ એક સિક્કાની બે બાજુ ગણાવી શકાય છે. શહેરોનો વિકાસ અને શહેરીકરણ પછાત વિસ્તારો કે ગામડામાંથી શહેરમાં સ્થળાંતર કરી વસવાટ કરવાનો, શહેરોની સંખ્યા અને કદમાં વૃદ્ધિ-વિકાસનો નિર્દેષ કરે છે. ઉદ્યોગીકરણે ભારતમાં ઔદ્યોગિક શહેરો વિકસાવ્યા છે. શહેરો આધુનિક ઔદ્યોગિક, પશ્ચિમી સંસ્કૃતિના કેન્દ્રો બનતા જાય છે. શહેરી વ્યવસાય અને લગ્ન સંબંધો વચ્ચે વિભેદન, કુટુંબના સભ્યો વચ્ચે વ્યાવસાયિક અને આવકના,શિક્ષણના, વિચાર-વલણોમાં અને જીવનશૈલીમાં ભિન્નતા, બિનસાંપ્રદાયિકતા, વ્યક્તિવાદ વગેરે ઔદ્યોગિક શહેરીકરણની ખાસિયતો છે. આ ખાસિયતો કૌટુંબિક અને લગ્ન સંબંધો પર વિભિન્ન રીતે અસર ઉપજાવે છે. ઔદ્યોગિકીકરણ, મશીનરી, યંત્ર વિજ્ઞાન શહેરીકરણની પ્રક્રિયાને વધુ વેગ આપે છે. જેમ જેમ શહેરોના વિકાસ, પ્રાથમિક સુવિધાની સરળતા ઉપલબ્ધ બનતી જાય છે તેમ તેમ કુટુંબ અને લગ્ન સંસ્થાઓ પર ઊંડો પ્રભાવ પડે છે. શહેરની જાહોજલાલી, આકર્ષકતા વ્યક્તિને પોતાના પરંપરાગત સમુદાય, પરંપરાગત સંસ્કૃતિથી દૂર કરે છે. લગ્ન માટે જીવનસાથીની પસંદગી, લગ્નની ઉંમર, લગ્ન સમારંભ, લગ્નનો ખર્ચ વગેરે આધુનિક શહેરી વાતાવરણનો પ્રભાવ જોવા મળે છે. શહેરોનો વિકાસ અને શહેરીકરણને

*કારણે યુવાનો પોતાની પસંદગીથી લગ્ન કરવા પ્રેરાય છે. મોટેભાગે શહેરોના યુવક-યુવતીઓ પોતાના જીવનસાથીની પસંદગી જાતે જ કરવા માંગતા હોય છે. વડીલો લગ્નની બાબતમાં રોક ટોક કરતા નથી. ક્યાંક વડીલો લગ્નની બાબતમાં રોક ટોક કરે તો, યુવાનો તેઓને મનાવી લેવાની વૃત્તિ રાખે છે તો ક્યાંક વડીલો સામે સંઘર્ષમાં પણ ઉતરે છે. ગામડાની સરખામણીમાં શહેરી લોકો તેમના લગ્નમાં દેવીપૂજા કરે છે. બાળ લગ્નો શહેરોમાં પ્રતિબંધિત છે, છતાં ક્યાંક બાળ લગ્નો થતા હોઈ શકે, જે કાયદાકીય જોગવાઈઓને કારણે સામે આવતા નથી.*

*શહેરોમાં થતા લગ્નો મોટેભાગે એક બીજાનો સંપર્ક સાધવા, વ્યવહાર કરવા અથવા સંબંધ ટકાવી રાખવા લગ્ન સમારંભોમાં હાજરી આપતા હોય છે. એટલે કે શહેરોમાં લગ્નમાં આવેલ સભ્યો વચ્ચે પ્રેમ, હૂંફ, લાગણી કરતા ઔપચારિકતા વધુ જોવા મળે છે. શહેરોમાં લગ્ન સમયે વધુ ખર્ચ પ્રતિષ્ઠાનો વિષય ગણાય છે. શહેરી લગ્ન સમારંભમાં લગ્ન મંડપને સજાવવા, પંડાલ ગોઠવવા, ભવ્ય જમણવારની વ્યવસ્થા, ઘરે લઈ જવા માટે મીઠાઈઓ, સંગીત ઓર્કેસ્ટ્રા, ડીજેની રમઝટ, વીડિયો શૂટિંગ, ફોટોગ્રાફી, સરઘસ, મહેમાનોની આગતા સ્વાગતા વગેરે પાછળ લાખો રૂપિયા પણ ખર્ચવામાં આવે છે. જેના કારણે લગ્નના રિવાજો, પરંપરામાં પણ શહેરી આધુનિકતા જોવા મળે છે. પ્રાચીન સમાજમાં લગ્નો પરંપરાગત રીતે, વધુ સમય સુધી ક્યાંક તો મહિનાઓ કે દિવસો સુધીની વિધિઓ થતી હતી. જ્યારે હવે શહેરોમાં લગ્ન અમુક જ કલાકમાં આટોપાઈ જાય છે. શહેરોમાં લગ્ન પર થતા આ બધા પ્રભાવની સાથે સાથે પતિ પત્નીમાં છૂટાછેડા, લગ્નેતર સંબંધોમાં વધારો જોવા મળે છે. શહેરોમાં પતિ-પત્ની સંબંધો, સાસુ-વહુ સંબંધોમાં સત્તા-તાબેદારીના સ્થાને સમાનતા-સ્વાતંત્ર્યના સંબંધો કૌટુંબિક સંઘર્ષ પેદા કરે છે અને વિભક્ત વસવાટો અસ્તિત્વમાં આવે છે. શહેરી વિકાસ અને શહેરીકરણે લગ્ન પહેલાના જાતીય સંબંધો અને લગ્ન બાદ પતિ કે પત્ની સિવાયના અન્ય સ્ત્રી  કે પુરુષ સાથેના જાતીય સંબંધોમાં વધારો કર્યો છે.*

### 3. આધુનિકતા અને આધુનિકીકરણ (Modernism And Modernization) :-

*લગ્ન વ્યવસ્થામાં પરિવર્તન લાવનાર પ્રક્રિયા તરીકે આધુનિકતા અને આધુનીકીકરણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આધુનિકીકરણ નવા વિચારો, મૂલ્યો, ધ્યેયો, જીવનશૈલી પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે. ઉચ્ચ દરજ્જો, ઉચ્ચ મહત્ત્વાકાંક્ષા, બિનસાંપ્રદાયિક વલણ, સાધનો અને ધ્યેયો, સ્વાતંત્ર્ય, પરંપરાગત રિવાજો અને નિયંત્રણમાંથી મુક્તિની ઈચ્છા, વિશાળ જીવનદૃષ્ટિ, ઉર્ધ્વ ગતિશીલતાની તીવ્ર ઈચ્છા તેના આધુનિકતા અને આધુનિકીકરણના પાસાં છે, જેની સીધી અસર લગ્ન સંસ્થા પર પડે છે. ઉદ્યોગીકરણ,*

*શહેરીકરણ, શિક્ષણ, વાહનવ્યવહાર, સંચારસાધનોનો પ્રચાર પ્રસાર, કાનૂનીકરણ, સામુદાયિક વિકાસ કાર્યક્રમો વધવાની સાથે આધુનિકીકરણની પ્રક્રિયા વ્યાપક અને સર્વાંગી અને ઝડપી બનતી જાય છે.*

*આધુનિકીકરણની પ્રક્રિયા પરંપરાગત, સત્તાત્મક રૂઢિવાદિતાથી વિરુદ્ધની પ્રક્રિયા છે. રૂઢિ, પરંપરા, સત્તા તાબેદારીના મૂલ્યોને વળગી રહેવાનું વલણ આધુનિકીકરણના પ્રસરણમાં અવરોધ ઊભો કરે છે. પરંતુ આધુનિકતા આધુનિકીકરણની પ્રક્રિયા રૂઢિગત ધોરણો, મૂલ્યો, કુપ્રથાઓ પર પ્રહાર કરે છે. આમ છતાં આ કે પ્રક્રિયા વચ્ચે સમન્વયની પ્રક્રિયા પણ ઉદ્દભવતી જાય છે. આધુનિકતાના પરિણામે લગ્ન બાદ પતિ પત્નીની ઉચ્ચજીવનની મહત્ત્વકાંક્ષા, વ્યવસાયિક ગતિશીલતા, વડીલોના નિયંત્રણમાંથી મુક્ત થવાની ઈચ્છા વગેરે લગ્ન જીવનમાં પ્રવેશતા આધુનિકીકરણના પાસા નવી પેઢીના વિભક્ત વસવાટને પ્રોત્સાહન આપે છે. આધુનિકતા અને આધુનિકીકરણ કુટુંબના સહનિવાસ, સહભોજિતા, સંયુક્ત મિલકત, સંયુક્ત પૂજા આરાધના, સંયુક્ત આવક, વડીલોની સત્તાની ઢબ, વગેરે ઉપર અસર ઉપજાવે છે. બીજી બાજુ પ્રલોભનો આપતી ઉચ્ચ જીવનદષ્ટિ, બિનસાંપ્રદાયિકતા, સમાનતા જેવા આધુનિકીકરણના તત્ત્વો પણ કુટુંબ જીવન અને લગ્ન જીવનમાં પ્રવેશતા જાય છે. પિતા કે કુટુંબના વડીલો આધુનિકતાને અપનાવી તેમના સંતાનોને આધુનિક બનાવવા તરફ ધકેલે છે, લગ્ન, વ્યવસાય, શિક્ષણ, ધર્મ, જીવનશૈલી વગેરે ક્ષેત્રે સ્વાતંત્ર્ય અને સમાનતા ભોગવવા અનુકૂળતા આપવા લાગે છે. સંતાનોના લગ્ન બાદ વડીલો તેઓ પ્રત્યે વધુ સહિષ્ણુ અને ઉદાર વલણ દાખવતા થયા છે, ઉપરાંત તેઓ અલગ વસવાટ કરવા ઈચ્છતા હોય ત્યારે વડીલો સહમતિ દર્શાવે છે. કુટુંબ જીવન અને લગ્ન જીવનની રૂઢિવાદિતા, સંસ્કૃતિ અને આધુનિકતા વચ્ચેના સમન્વયથી આધુનિક લગ્ન કુટુંબ, પતિ પત્નીવાળું કુટુંબ ઉદ્દભવ્યું છે, જેમાં સમાનતા, સ્વતંત્રતા, સહિષ્ણુતા, ઉદારતા, આદર, એકબીજાને કામમાં મદદરૂપ, મિત્રતા જેવા મૂલ્યો વિકસ્યાં છે. આધુનિકતાની ઝડપી ગતિમાં અનુકૂલન દ્વારા લગ્નના અને રક્ત દ્વારા જોડાયેલા કૌટુંબિક સંબંધો જાળવી રાખવામાં આવતાં હોય છે. આધુનિક લગ્ન સંબંધોમાં સ્ત્રી –પુરુષના લીવ ઈન રિલેશનશીપના સંબંધો શક્ય બન્યા છે, ગે, લેસ્બિયન અથવા તો અપરિણીત રહેવાનું ચલણ વધ્યું છે.*

### 4. વિજ્ઞાન અને ટેકનોલોજી (Science And Technology) :-

*આધુનિકતાને ગતિશીલ બનાવવામાં વિજ્ઞાન અને ટેકનોલોજીની મહત્વની ભૂમિકા છે. માનવ સમાજના ઉદ્દભવથી જ માનવી વૈજ્ઞાનિક શોધો કરતો આવ્યો છે. વિભિન્ન પ્રાકૃતિક અને સામાજિક વિજ્ઞાનોના ક્ષેત્રમાં થતી શોધો અને રોજીંદા જીવનમાં*

વ્યવહારુ ઉપયોગ દ્વારા માનવ સમાજ પરિવર્તિત પામી રહ્યો છે. રોજબરોજ શોધાતા અવનવા યંત્રવિજ્ઞાન, મશીનરી, ટેક્નોલોજી એ સમગ્ર સમાજ પર ઘેરી અસર ઉપજાવી છે. ખાસ કરીને લગ્ન અને કુટુંબ સહિતની સર્વ સંસ્થાઓ ઉપર ઊંડી અસર ઉપજાવી છે. આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ ઉદ્યોગો, વ્યવસાય, સંશોધનો પૂરતો સીમિત ન રહેતાં તેનો ઉપયોગ સમાજજીવનના તમામ ક્ષેત્રોમાં થાય છે. જેમ કે, ઘરમાં નાનામાં નાના કામકાજમાં પણ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. યંત્રવિજ્ઞાનના સતત વિકાસથી ભૌતિક અને સામાજિક આંતરમાળખાનો ઉર્ધ્વગામી વિકાસ બન્યો છે. યંત્ર વિજ્ઞાન આધુનિકતાનો ફેલાવો કરતો હોવાથી સમાજનાં પરંપરાગત અને વધુ પડતા નિયંત્રિત ધોરણો, મૂલ્યો, રીત રીવાજો નબળા પડ્યા છે. યંત્ર વિજ્ઞાન સાથે અનુકૂલન સાધવાની પ્રક્રિયા અને યંત્ર વિજ્ઞાનની પ્રાથમિક જરૂરીયાતને પરિણામે નવાં ધોરણો, મૂલ્યો અને નવીન સંસ્કૃતિ વિકસવા લાગી છે. આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજી એ પરંપરા અને વડીલોનાં નિયંત્રણો ઓછા થયા છે પરંતુ ક્યાંક ને ક્યાંક અસામાજિક તત્વો, અસામાજિક મૂલ્યો, અસામાજિક ધોરણો ફેલાવા લાગ્યા છે.

આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજી યંત્ર વિજ્ઞાનની અસરોએ સંયુક્ત કુટુંબ ને વિભક્ત કુટુંબમાં પરિવર્તિત કર્યું છે, આધુનિક સમયમાં વિભક્ત કુટુંબ પણ એકલ કુટુંબ તરફ ગતિશીલ બની રહ્યો છે. સમાજમાં લગ્નના બંધનો પ્રત્યેની ગંભીરતા નષ્ટ થવા લાગી છે. પતિ પત્નીની ભૂમિકા, દરજ્જા અંગેના વિચારો, વર્તન વ્યવહારમાં પરિવર્તન નિપજાવ્યું છે. કુટુંબ ભાવના, કુટુંબની સંયુક્તતા નબળી પાડી છે. ઉપરાંત તબીબીક્ષેત્રમાં રોગનિદાન સરળ થયું પરંતુ પતિ પત્નીના સંબંધોમાં, નવા જન્મનાર બાળકોના સંદર્ભમાં નવી સામાજિક સમસ્યાઓ ઉદ્દભવી છે. પ્રાચીન સમયમાં બાળકીને દૂધપીતી કરવામાં આવતી હતી જ્યારે આજે ટેક્નોલોજીના યુગમાં સોનોગ્રાફીના દુરુપયોગથી ભ્રૂણહત્યાની સમસ્યા પણ પેદા થઈ છે. લગ્ન પહેલાં અને લગ્ન બાદ લિંગ પરિવર્તન શક્ય બનતા, પતિપત્નીના સંબંધોમાં ઊંડી અસરો ઉદ્દભવી છે.

વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસે પતિ પત્નીના જાતીય સંબંધોમાં કૃત્રિમતા લાવી દીધી છે. જાતીય આવેગો સંતોષતા સાધનો પ્રાપ્ય બનતા અપરિણીત રહેવાનું ચલણ વધવા લાગ્યું છે. ઉપરાંત સરોગસી, IVF ટેક્નોલોજીના સાધનોને કારણે સ્ત્રીના પ્રજનનકાર્ય, સંતતિનિયમન અને સંતતિ જન્મ ઉપર અસર ઉપજાવી છે. સંતતિનિયમન-કુટુંબનિયોજન અપનાવવાને લીધે કુટુંબ વધુ ને વધુ નાનું બનવા લાગ્યું છે. આ ઘટના પતિ પત્નીના અંગત સંબંધમાં, મા-બાપ સંતાનો વચ્ચેના સંબંધોમાં, ઘરના અન્ય અપરિણીત, વિધવા, વિધૂરના સંબંધોમાં, બાળઉછેરની પદ્ધતિમાં, ઘરમાં મા-બાપના સ્થાનમાં તેમજ

કુટુંબની આત્મનિર્ભરતામાં પરિવર્તન નિપજાવે છે. આમ, વિજ્ઞાન અને ટેકનોલોજી લગ્ન અને લગ્ન દ્વારા રચતા સંબંધોના સ્વરૂપમાં તેમજ પતિ પત્નીની અંગત લાગણીઓ અને ભાવનામાં આમૂલ પરિવર્તન લાવે છે.

**5. સામાજિક સુધારણા (SocialReform) :-**

ભારત દેશમાં વ્યાપેલી અનેક કુપ્રથાઓ મોટેભાગે કુટુંબ અને લગ્ન સંસ્થા સાથે સંકળાયેલી છે. જેમ જેમ સમાજસુધારકો દ્વારા ક્રાંતિ થતી ગઈ તેમ તેમ લગ્ન સંસ્થામાં રહેલી કુપ્રથાઓ નાબુદ થતી ગઈ. પ્રાચીન સમયમાં વડીલો દ્વારા જ લગ્ન નક્કી કરી દેવામાં આવતા હતા, જ્યારે અનેક સામાજિક સુધારણા થતા આજના આધુનિક સમયમાં યુવાનોની સંમતિને પ્રાધાન્ય આપવામાં આવે છે. નવી વિચારસરણી કેન્દ્રસ્થ બની છે, વ્યક્તિના વિચારો, ઈચ્છાને વધુ પ્રાધાન્ય અપાતું હોવાથી ઉદારમતવાદ કેન્દ્રસ્થાને રહ્યો. છે. સામાજિક સુધારણા દ્વારા બાળ લગ્નો અટક્યા છે, લગ્ન સમયે અપાતી દહેજ પ્રથાનો અંત આવ્યો છે, લગ્ન વયમાં વધારો થયો છે, વિધવા પુનર્લગ્ન શક્ય બન્યા છે. કાપડિયા મુજબ, વ્યક્તિનું ગૌરવ મુખ્ય છે. વ્યક્તિ પોતાના વિચારોની અભિવ્યક્તિ કરતો થયો છે, પોતાના અધિકારો પ્રત્યે જાગૃત બન્યો છે. જેના પરિણામે કૌટુંબિક, લગ્ન દરમિયાન થતા સંઘર્ષો વધ્યા છે. લગ્ન જેવી ગંભીર બાબતમાં વ્યક્તિની ઈચ્છા, સંમતિને માન આપી ઉદારમતવાદ વિકસ્યો છે. સાવિત્રીબાઈ ફૂલે, મહાત્મા જ્યોતિબા ફૂલે, ડૉ. બાબા સાહેબ આંબેડકર, રાજા રામમોહન રાયથી મહાત્મા ગાંધીજી સુધીના વિભિન્ન સુધારકોએ સમાજજીવનમાં ખાસ કરીને કુટુંબ અને લગ્નના ક્ષેત્રોમાં સુધારણા માટેના સંગઠિત પ્રયાસો કર્યા છે. બાળલગ્ન નાબૂદી, વિધવા પુનર્લગ્નને સામાજિક કાયદેસર માન્યતા, આંતરજ્ઞાતીય, આંતરધર્મીય તથા સ્વપસંદગી લગ્નો માટેના પ્રયાસો, શિક્ષણ પ્રચાર, સ્ત્રી શિક્ષણ માટેની પ્રવૃત્તિઓ, સ્ત્રી ની વ્યાવસાયિક સ્વાતંત્ર્ય, સ્ત્રીના મિકલત અધિકાર માટેના પ્રયાસો વગેરેની કુટુંબના સભ્યો અને લગ્નના સંબંધો ઉપર ઘેરી અસરો થઈ છે. સ્ત્રી શિક્ષણ, મહિલા સશક્તિકરણના પ્રસારે સ્ત્રી આત્મનિર્ભર બની છે. વડીલો અને સાસુના નિયંત્રણમાંથી મુક્તિ મેળવવાની તથા પતિ સમોવડી બનવાની તક મળી છે. સામાજિક સુધારણા દ્વારા મહિલાઓ પોતાના હક્ક અધિકારો પ્રત્યે જાગૃત બની છે. આમ, સામાજિક સુધારણાને પરિણામે કુટુંબની રચના, વડીલની સત્તા, સંયુક્ત મિલકત અને આવક, કુટુંબમાં સ્ત્રીની ગૃહિણી તરીકેની ભૂમિકા, લગ્ન વ્યવહારો, જીવનસાથી પસંદગી વગેરે ઉપર અસર ઉપજાવી છે.

### 6. શૈક્ષણિક પરીબળ (EducationalFactor) :-

*શિક્ષણને પરિણામે લગ્ન સંસ્થામાં મહત્ત્વનું પરિવર્તન આવ્યું છે. અંગ્રેજ સમયગાળા દરમિયાન શિક્ષણ સર્વ માટે અમલી બન્યું હતું. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની શરૂઆત થઈ. સ્ત્રી શિક્ષણ શરુ થતાં કુટુંબ અને લગ્નનું માળખું બદલાયું. સ્વતંત્ર ભારતમાં શિક્ષણનો વ્યાપ-વિસ્તાર વધતા, શિક્ષિત લોકોની માંગ ઊભી થઈ. દેશમાં 1951માં શિક્ષણનું પ્રમાણ લગભગ 17ટકા જેટલું હતું અને છેલ્લા કેટલાંક વર્ષોમાં નોંધપાત્ર વધારો થયો છે. લગ્ન બાદ પણ મહિલાઓ અને પુરુષો પોતાનું શિક્ષણ કાર્ય સતત ચાલુ જ રાખે છે. તેમ છતાં પુરુષ-શિક્ષણ કરતાં સ્ત્રી -શિક્ષણ પ્રમાણ ઘણું ઓછું છે. છતાં સ્ત્રી -શિક્ષણનું મહત્ત્વ અને જરૂરિયાત વધતી જાય છે. શિક્ષણ વધતા લગ્ન બાદ મહિલાઓ વ્યવસાય ચાલુ રાખે છે, કેટલીક વાર તેની ગંભીર અસરો ઉભી થાય છે. મહિલા અને પુરુષ પોતાના પરિવારમાં સમય ફાળવી શકતા નથી. શિક્ષિત યુવાનો લગ્ન દરમિયાન આખા સમાજને નિમંત્રિત કરવાનું ટાળે છે અને માત્ર પોતાના પરિવાર, ઓછા સગા સભ્યો, નજીકના મિત્રોની હાજરીમાં લગ્ન કરવાની ઈચ્છા ધરાવે છે. શિક્ષિત વ્યક્તિઓમાં લગ્ન સમયે અનેક નવા કાર્યો કરવાનું ચલણ વધ્યું છે, જેમ કે યુવાનોના લગ્ન હોય તે જ દિવસે જો પરીક્ષા આપવાની હોય તો તેઓ પરીક્ષા આપવા જવાને મહત્વ આપે છે, એવી જ રીતે ચૂંટણીનો સમયગાળો હોય ત્યારે શિક્ષિત વ્યક્તિઓ લગ્ન સમયે મત આપીને જાગૃત નાગરિક તરીકેને ફરજ નિભાવે છે. જો કે શિક્ષિત અને અશિક્ષિત પરિવારના સભ્યો વચ્ચે વિચારો, અભિવ્યક્તિ, ખોરાક, પોશાક એમ અનેક બાબતોમાં મતભેદ થતા બે પેઢીઓ વચ્ચેનું અંતર વધે છે. વ્યક્તિવાદનો વિકાસ થતા પતિ પત્નીના સંબંધો તંગ બને છે, ક્યાંક છૂટાછેડાનું પણ પ્રમાણ વધે છે. લગ્ન, કુટુંબ, બાળઉછેર અંગેના વિચારો, વ્યક્તિગત હિતોમાં પરિવર્તન આવ્યું છે. આમ, શિક્ષણ લગ્ન અને લગ્ન દ્વારા રચતા સંબંધોના સ્વરૂપમાં તેમજ પતિ પત્નીની અંગત લાગણીઓ અને ભાવનામાં આમુલ પરિવર્તન લાવે છે.*

### 7. ભારતીય બંધારણ (ConstitutionOfIndia) :-

*ભારતીય બંધારણે બધા જ નાગરિકોને સમાનતા, સ્વતંત્રતા આપી છે. સંવિધાનના આમુખમાં, મૂળભૂત અધિકારોમાં અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં આ બાબતો જોઈ શકાય છે. લગ્નના બંધનમાં પતિ પત્ની એકબીજાના જીવનસાથી બને છે પરંતુ ભારતીય સમાજમાં મહિલાને નિમ્ન સ્થાન રહ્યું છે, પુરુષ હસ્તક સત્તા, અન્ય પર આશ્રિત હોવાથી મહિલાનો દરજ્જો, ભૂમિકા ગૌણ ગણાતું હતું. પરંતુ ભારતીય બંધારણ અમલમાં આવતા અને મહિલાઓ તથા સમાજમાં જાગૃતિ ફેલાતા વ્યક્તિનું ગૌરવ*

*સ્વાતંત્ર્ય અને સમાનતા, સામાજિક ન્યાય અને બિનસાંપ્રદાયિકતાનાં મૂલ્યોને વધુ પ્રાધાન્ય મળ્યું છે. જેની કુટુંબ અને લગ્ન પર અસર થતી જોવા મળે છે. ભારતીય બંધારણે સામાજિક, કૌટુંબિક, લગ્નની અનેક સમસ્યાઓનું નિવારણ લાવી દીધું છે. જીવનસાથી પસંદગીનો અધિકાર, આંતર ધર્મીય, આંતર જ્ઞાતિય લગ્નનો અધિકાર પ્રાપ્ત થયો છે, લગ્ન બાદ પત્નીને પતિની મિલકતમાં અધિકાર પ્રાપ્ત થયો છે. આમ, ભારતીય બંધારણ અને મૂળભૂત અધિકારોએ કુટુંબ, લગ્ન અને સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન લાવવામાં એક મહત્ત્વના પરિબળ તરીકે ભાગ ભજવ્યો છે.*

**8. સામાજિક કાયદા – કાનૂન (Social Law - Regulation) :-**

*લગ્નમાં પરિવર્તન લાવવા માટેનું મહત્ત્વનું પરીબળ સામાજિક કાયદા કાનૂન છે. ભારતમાં બાળલગ્ન પ્રતિબંધક અધનિયમ*-1929*ની કલમ* 13(4)*હેઠળ બીન સરકારી સભ્યોની સલાહકાર સમિતિની રચના મુજબ બાળ લગ્ન ગુનો બને છે. બાળલગ્ન પ્રતિબંધક ધારાની જોગવાઈઓ મુજબ* 18*વર્ષથી ઓછી ઉંમરની બાળા અને* 21*વર્ષથી ઓછી ઉંમરનો યુવક ના લગ્ન  તે બાળલગ્ન ગણાય છે જે ગુન્હાને પાત્ર છે. બાળલગ્ન અટકાવતો આ કડક કાયદામાં ઘણા સુધારા થયા છે, છેલ્લે બાળ લગ્ન અટકાવવા માટે 'બાળ લગ્ન અધિનિયમ* 2006*આવ્યો અને તે તારીખ –* 10-1-2007*થી અમલમાં મુકાયો. આ કાયદો આવતા જ નાની ઉંમરના બાળકોના લગ્ન કરાવવામાં આવે તો તે પ્રતિબંધિત ગણાય છે. જેના કારણે પરંપરાગત રિવાજ બાળ લગ્ન ઘટવા લાગ્યા છે.*

*કાયદાના પ્રયાસો દ્વારા આંતરજ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહન મળ્યું છે. હિંદુ લગ્ન કાયદો,* 1955 (Hindu Marriage Act 1955)*તથા વિશેષ લગ્ન કાયદો* 1954 (Special Marriage Act 1954) *દ્વારા આંતરજ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન મળ્યું છે. આ ઉપરાંત* 1949*ના 'હિંદુ મેરેજ વેલિડિટી એક્ટ' હેઠળ સરકાર દલિત જ્ઞાતિ અને અન્ય જ્ઞાતિ વચ્ચે થયેલા લગ્નને કાયદાકીય સુરક્ષા, આર્થિક સહાય અને પ્રોત્સાહન આપ્યું છે. હિંદુઓમાં જૈન, બૌધ અને શીખોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હોવાથી તેઓ વચ્ચે થતા આંતરજ્ઞાતિય લગ્નોને બંધારણીય સ્વીકૃતિ મળી ગઈ છે. 'વિશેષ લગ્ન કાયદો,* 1954' (Special Marriage Act 1954) *દ્વારા વિભિન્ન ધર્મોના પરસ્પર લગ્નને માન્ય ગણીને આંતરધર્મીય લગ્નને પણ પ્રોત્સાહન આપ્યું છે.*

*લગ્નમાં અપાતા દહેજ ને નિવારવાના ભાગરૂપે કેટલીક જ્ઞાતિઓમાં 'સમૂહલગ્ન' ની એક નવતર યોજના સાકાર કરીને 'દહેજ નાબૂદી ઝુંબેશ' શરુ થઈ છે. ઉપરાંત કાયદાકીય રીતે* 1961*માં દહેજ આપવાની કે લેવાની સામાજિક પ્રથા પર પ્રતિબંધ મૂક્તો "દહેજ પ્રતિબંધક અધિનિયમ"* (Dowry Prohibition Act, 1961)*ઘડવામાં આવેલો.*

તે પછી વર્ષ 1984માં કાયદામાં સુધારવામાં આવ્યો અને કાયદા નીચે દહેજની માંગણી કરનાર, તે આપનાર અને લેનારને ગુનેગાર ગણાવી કડક શિક્ષાની જોગવાઈ કરવામાં આવી. વર્ષ 1986માં ભારતીય ફોજદારી ધારામાં દહેજ મૃત્યુની કલમ 304(બી) નો ઉમેરો કરવામાં આવી. આ કલમને અનુરૂપ 113(બી) નો પણ 1986માં ઉમેરો કરી આ ગુનાને સખત શિક્ષાને પાત્ર બનાવ્યો. દહેજ અધિનિયમ મુજબ, જો કોઈપણ વ્યક્તિ દહેજ આપે કે દહેજ આપવાનું કે દહેજ લેવાનું દુષ્પ્રેરણ કરે તો તેને ઓછામાં ઓછી છ માસની અને વધુમાં વધુ પાંચ વર્ષની અને પંદર હજાર રૂપિયા દંડ અથવા દહેજની કિંમત જેટલી રકમ બેમાંથી જે વધુ હોય તેટલા દંડની જોગવાઈ કરવામાં આવી છે.

કાયદાકીય દ્દષ્ટિએ જોઈએ તો, 16 જુલાઈ 1856ના રોજ પસાર થયેલ હિંદુ વિધવા પુનઃલગ્ન અધિનિયમ 1856, અધિનિયમ XV, 1856પણ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન હેઠળ ભારતના તમામ અધિકારક્ષેત્રોમાં વિધવાઓના પુનર્લગ્નને કાયદેસર બનાવ્યો હતો. આ અધિનિયમ 26જુલાઈ 1856ના રોજ ઘડવામાં આવ્યો હતો (Carroll : 2008). ઈશ્વરચંદ વિદ્યાસાગર વિધવાઓના પુનર્લગ્નનાં સૌથી અગ્રણી પ્રચારક હતા, તેમણે વિધાન પરિષદમાં અરજી કરી. લોર્ડ ડેલહાઉસીએ વિરોધ હોવા છતાં વ્યક્તિગત રીતે બિલને અંતિમ સ્વરૂપ આપ્યું હતું. તેનો મુસદ્દો લોર્ડ ડેલહાઉસીએ તૈયાર કર્યો હતો અને 1857ના ભારતીય બળવા પહેલા લોર્ડ કેનિંગ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. લોર્ડ વિલિયમ બેન્ટિક દ્વારા 1829માં સતી પ્રથા નાબૂદ કર્યા પછી તે પહેલો મોટો સામાજિક સુધારણા કાયદો હતો. આ કાયદાનો વિરોધ થયો અને પરંપરાગત સમયે પ્રચલિત રિવાજોનો સ્પષ્ટ ભંગ માનવામાં આવતો હતો (Chandrakala : 1948).

આમ, લગ્નના કાનૂનોએ વ્યક્તિને સ્વપસંદગી લગ્નનો અધિકાર, વિધવા પુનર્લગ્ન શક્ય, પિતાની મિલકતમાં પુત્રીને પણ મિલકત અધિકાર, પુત્રી, પત્ની અને માતા તરીકે સ્ત્રી ને પુરુષ સમકક્ષ અધિકારો તેમજ છૂટાછેડાના કાયદાએ દુઃખી દાપંત્ય જીવનનો અંત લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

**9. અન્ય પરિબળો :-**

લગ્નમાં પરિવર્તન લાવતા અન્ય પરિબળો જેવા કે,

- આયોજિત વિકાસ કાર્યક્રમો અને નીતિ નિર્માણના કાર્યો
  (Planned Development Programs And Policy Making Functions)
- વાહન વ્યવહારની સુવિધા (Facilitate Vehicle Transactions)

- *સંચાર માધ્યમો – મુદ્રિત માધ્યમ અને વિજાણું માધ્યમ* (Media - Printed And Electronic Media)
- *બે પેઢી વચ્ચેનું અંતર (*The Distance Between Two Generations)
- *સમાનતા, સ્વાતંત્ર્યતા અને વ્યક્તિત્વ વિકાસનાં મૂલ્યોનો વિકાસ (*Development Of Values Of Equality, Independence And Personality Development)
- *મહિલાની બેવડી ભૂમિકા (*The Dual Role Of Women)
- *વિસ્તૃત વ્યાવસાયિક સિદ્ધિ અને તકો (*Extended Professional Achievement And Opportunities)

*આમ, લગ્નમાં પરિવર્તન લાવતા અનેક પરિબળો મહત્વના છે.*

## 17.4 સારાંશ

*કોઈ પણ સમાજ પરિવર્તન વિનાનો હોઈ જ ન શકે. સમાજમાં લગ્ન ક્ષેત્રે અનેક પરિબળોનાં કારણે સતત પરિવર્તન આવતું જ રહ્યું છે, જે અનિવાર્ય છે. જેની નકારાત્મક કે હકારાત્મક અસરોએ મા-બાપ અને સંતાનો વચ્ચેના સંબંધો, પતિ પત્ની સંબંધો, ભાઈ-ભાઈ સંબંધો, સાસુ-વહુ સંબંધો ઉપર તેમજ કુટુંબના માળખા ઉપર અસર ઉપજાવી છે અને કુટુંબમાં તથા સમાજમાં સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન નીપજાવ્યું છે. પતિ પત્નીના સંબંધો ક્યાંક મિત્રતાપૂર્ણ તો ક્યાંક વિખવાદપૂર્ણ બન્યા છે. આજે લગ્ન વ્યવસ્થાના ધોરણો, મૂલ્યો, રીત રિવાજો, માન્યતાઓ, સંસ્કૃતિક જીવનશૈલી, બાળ જન્મ, બાળ ઉછેરમાં પણ પરિવર્તન આવ્યું છે. ટૂંકમાં ઉપર્યુક્ત દર્શાવેલ પરિબળોએ કૌટુંબિક સંબંધોની પરંપરાગત સત્તા-તાબેદારીની ઢબ ઉપર ઘેરી અસર ઉપજાવી છે. પરંપરાગત બંધનો તથા પારસ્પરિક ફરજો, એકબીજા પરના અધિકારો – હક્કો અને જવાબદારીની ભાવના નબળી છે. ઉપરાંત અનેક પરિબળો એ સંયુક્ત કુટુંબના સહનિવાસ, સહભોજન, સાથે મળીને આર્થિક વૃત્તિ તથા સંયુક્ત મિલકત અને આવક, સંયુક્ત પૂજા આરાધના જેવા લક્ષણો ઉપર અસર ઉપજાવી છે અને લગ્ન બાદ દંપતીઓનું વિભક્ત કુટુંબ અસ્તિત્વમાં આવ્યું છે.*

## 17.5 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલ પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર આપો.**

**1.** *લગ્નનો અર્થ અને વ્યાખ્યા આપી, લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવતા પરિબળો સવિસ્તાર સમજાવો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**(ખ) ટૂંકનોંધ લખો.**

1. *લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવતા પરિબળ તરીકે ઉદ્યોગ અને ઔદ્યોગીકીકરણ તથા શહેરી વિકાસ – શહેરીકરણ વિશે ટૂંકનોંધ લખો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

2. *લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવતા પરિબળ તરીકે આધુનિકતા અને આધુનિકીકરણ તથા વિજ્ઞાન અને ટેકનોલોજી વિશે ટૂંકનોંધ લખો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

3. *લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવતા પરિબળ તરીકે સામાજિક સુધારણા, શૈક્ષણિક પરીબળ અને ભારતીય બંધારણ વિશે ટૂંકનોંધ લખો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

4. *લગ્ન સંસ્થામાં પરિવર્તન લાવતા પરિબળ તરીકે સામાજિક કાયદા – કાનૂન વિશે ટૂંકનોંધ લખો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**(ગ) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. *ધી હિસ્ટ્રી ઓફ હ્યુમન મેરેજ (*The History Of Human Marriage - 1891) *પુસ્તક* __________ *નું છે.*
   (*એડમન્ડ લિચ, એડવર્ડ વેસ્ટરમાર્ક, મેન*)
2. *એડમન્ડ લીચે (*Leach, Edmund *)* __________ *એ માન્યતા પ્રાપ્ત કાયદેસર સંતાનોના સંદર્ભમાં ખૂબ પ્રતિબંધિત હોવા માટે ગફ (*Gough) *ની વ્યાખ્યાની ટીકા કરી હતી.*
   (*એડમન્ડ લિચ, એડવર્ડ વેસ્ટરમાર્ક, મેન*)
3. *આર્થિક નૃવંશશાસ્ત્રી (*Economic anthropologist) __________ *મુજબ, કેટલાક સમાજોને કાયદેસરતા માટે લગ્નની જરૂર નથી.*
   (*એડવર્ડ વેસ્ટર્મર્ક, મેન, દુરન બેલ*)
4. *દેશમાં* 1951 *માં શિક્ષણનું પ્રમાણ લગભગ* 17 *ટકા જેટલું હતું.*
   (1951, 1952, 1953)
5. *ઈ.સ.* __________ *માં 'હિન્દુ મૅરેજ ઍક્ટ' અમલમાં મુકાયો.*
   (1955, 1956, 1957)
6. *બાળલગ્ન પ્રતિબંધક અધનિયમ-* __________ *ની કલમ* 13(4)*હેઠળ બીન સરકારી સભ્યોની સલાહકાર સમિતિની રચના મુજબ બાળલગ્ન ગુનો બને છે.*

(1929, 1930, 1931)

7. 16 જુલાઈ__________ ના રોજ હિંદુ વિધવા પુનઃલગ્ન અધિનિયમ પસાર થયેલ.
   (1854, 1855, 1856)
8. __________ રોજ 'હિંદુ મેરેજ વેલિડિટી એક્ટ' અમલમાં આવ્યો.
   (1948, 1949, 1950)
9. વર્ષ __________ માં ભારતીય ફોજદારી ધારામાં દહેજ મૃત્યુની કલમ 304(બી) નો ઉમેરો કરવામાં આવ્યો.
   (1986, 1987, 1988)
10. 'બાળલગ્ન અધિનિયમ __________ આવ્યો અને તે તારીખ – 10-1-2007થી અમલમાં મુકાયો.
    (2006, 2005, 2004)
11. લોર્ડ વિલિયમ બેન્ટિંક દ્વારા __________ માં સતી પ્રથા નાબૂદ કરવામાં આવ્યો.
    (1829, 1828, 1827)

## 17.6 ચાવીરૂપ શબ્દો

- **એકસાથી વિવાહ** - જેમાં એક સમયે એક જ વ્યક્તિ સાથે લગ્ન કરવા તે.
- **બાળલગ્ન** - જેમાં ખૂબ જ નાની ઉંમરના બાળકોના લગ્ન થાય છે તે.
- **વિધવા** - જેનો પતિ મૃત્યુ પામ્યો છે તે મહિલાનો દરજ્જો.
- **વિધવા પુનર્લગ્ન** : જે મહિલાનો પતિ મૃત્યુ પામ્યો છે તે મહિલાનાં અન્ય પુરુષ સાથે થતા લગ્ન.
- **દ્વિવિવાહ (Bigamy)** - એકી વખતે બે પત્ની કે પતિઓ હોવા તે.
- **દ્વિપક્ષીય વંશ (Bilateral Descent)** - બંને માતાપિતાના પૂર્વજોની રેખાઓ દ્વારા સગપણનું નિશાન
- **સહવાસ (Cohabitation)** - સાથે રહેવાની અને લગ્ન કર્યા વિના જાતીય સંબંધ રાખવાની સ્થિતિ.
- **વધુ શુલ્ક (Bridewealth)** - લગ્ન પહેલાં વરરાજાના પરિવાર દ્વારા કન્યાના પરિવારને ચૂકવણી કરવામાં આવે છે.
- **દહેજ (Dowry) -** લગ્ન પહેલાં કન્યાના પરિવાર દ્વારા વરના પરિવારને ચૂકવણી કરવામાં આવે છે.
- **ગોત્ર વિવાહ (Endogamy)** - એવી અપેક્ષાઓનું વર્ણન કરતો શબ્દ કે જે વ્યક્તિઓએ ચોક્કસ જૂથમાં લગ્ન કરવા જોઈએ.

➢ **<u>ગોત્રાંતર લગ્ન પ્રથા (Exogamy)</u>** - *વ્યક્તિએ ચોક્કસ જૂથની બહાર લગ્ન કરવા જોઈએ તેવી અપેક્ષાઓનું વર્ણન કરતો શબ્દ.*

## 17.7 સંદર્ભ સૂચિ


1. Bourdieu, Pierre (1972). Outline Of A Theory Of Practice. Cambridge: Cambridge University Press. Pp. 27–29.
2. Bell, Duran (1997). "Defining Marriage and Legitimacy" (PDF). Current Anthropology. 38 (2): 237–54.
3. Carroll, Lucy (2008). "Law, Custom, And Statutory Social Reform: The Hindu Widows' Remarriage Act Of 1856
4. Chandrakala Anandrao Hate (1948). Woman And Her Future. New Book Company. P. 156
5. Eskridge, William N. (1993). "A History Of Same-Sex Marriage". Virginia Law Review. 79 (7): 1453–58. Doi:10.2307/1073379
6. Evans, Tanya (2005) Women, Marriage And The Family, P. 64 In Barker, Hannah, & Elaine Chalus, Eds., Women's History: Britain, 1700–1850: An Introduction, Oxon/London: Routledge, Isbn 0-415-29177-1.
7. Haviland, William A.; Prins, Harald E.L.; Mcbride, Bunny; Walrath, Dana (2011). Cultural Anthropology: The Human Challenge (13th Ed.). Cengage Learning. Isbn978-0-495-81178-7.
8. Hobel (1958) ‘Man In The Primitive World An Introduction To Anthropology’, New York, Toronto.
9. Hobel (1972), ‘Cultural And Social Anthropology’, New York.
10. Levine, Nancy (1998). The Dynamics Of Polyandry: Kinship, Domesticity, And Population On The Tib[a]an Border. Chicago: University Of Chicago Press.
11. Lévi-Strauss, Claude (1963). Structural Anthropology. New York: Basic Books. Isbn9780465082308.
12. Leach, Edmund (December 1955). "Polyandry, Inheritance And The Definition Of Marriage". Man. 55 (12): 183. Doi:10.2307/2795331
13. Lowie (1966), ‘Culture And Anthropology’, New York.
14. Murdock, 1949, P. 24. "Group Marriage Or A Marital Union Embracing At Once Several Men And Several Women."
15. Notes And Queries On Anthropology. Royal Anthropological Institute. 1951. P. 110.
16. Radcliffe-BroWn (1952), ‘Structure And Functions In Primitive Soceity’, New York.
17. Radcliffe-Brown, A.R., Daryll Forde (1950). African Systems Of Kinship And Marriage. London: Kpi Limited.

18. Srinivas, Mysore Narasimhachar (1980). India: Social Structure. Delhi: Hindustan Publishing Corporation. P. 55. Isbn978-1-4128-2619-8.
19. Westermarck, Edward (1 April 2003). History Of Human Marriage 1922. Kessinger Publishing. P. 71. Isbn978-0-7661-4618-1.
20. Westermarck, Edward (1936). The Future Of Marriage In Western Civilisation. Books For Libraries Press. P. 3. Isbn978-0-8369-5304-6.
21. Westermarck, Edward Alexander (1903). The History Of Human Marriage (Reprint Ed.). Macmillan And Co., Ltd., London. Isbn978-1-4021-8548-9.
22. *દવે જે. કે. (2012), 'ભારતીય સમાજમાં કુટુંબ', અનડા પ્રકાશન, અમદાવાદ*
23. *દવે જે. કે. (2015), 'કુટુંબનું સમાજશાસ્ત્ર', અનડા પ્રકાશન, અમદાવાદ*
24. *દવે હર્ષિદા (2005), 'માનવશાસ્ત્ર', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.*
25. *નિયામક, સમાજ સુરક્ષા, ગુજરાત સરકાર* 2021 Https://Sje.Gujarat.Gov.In/Dsd/Information/1484
26. *વાઘેલા અનિલ (2005), 'લગ્ન, કુટુંબ અને સગાઈસંબંધો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.*

## 17.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

### વિભાગ – (ક)

1. *એડવર્ડ વેસ્ટરમાર્ક*
2. *એડમન્ડ લિચ*
3. *દૂરન બેલ*
4. 1951
5. 1955
6. 1929
7. 1856
8. 1949
9. 1986
10. 2006
11. 1829

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**